# નિવેદન

આ પુસ્તક સંવત ૨૦૧૫માં શ્રીમદ્ ભગવદ્ગીતા પાઠશાળા માધવબાગ, મુંબઈ-૪થી પ્રસિદ્ધ થયું હતું. તેની આ નવી આવૃત્તિ આ સંસ્થા તરફથી પ્રસિદ્ધ થાય છે.

આમાં શાસ્ત્રીશ્રી પાંડુરંગ આઠવલેએ આપેલાં પ્રવચનોને સંગ્રહેલાં છે. તેમાં દશાવતાર સંબંધી મનનીય સમજણ આપવામાં આવી છે. અવતાર એટલે શું? તે માટે પ્રાથમિક ભૂમિકા કેવી હોવી જોઈએ, ઈશશક્તિ ક્યારે અને શા માટે આકાર લઈ પ્રગટે છે, એ બાબતોની સમજૂતી દશે અવતારનાં એમનાં પ્રવચનોમાં ઘણી સુંદર રીતે આપવામાં આવી છે.

આ પછીનાં પાનાંમાં પ્રસ્તાવના આપી છે, તે પછી આ વિષય વધુ સમજવા માટે શાસ્ત્રીજીનો મનનીય ઉપોદ્ઘાત પણ આપ્યો છે તે તરફ વાચકોનું ધ્યાન દોરવામાં આવે છે.

આ પુસ્તક શ્રી. લાલદાસ ત્રિભોવનદાસ શેઠ, શાસ્ત્રીજી પાંડુરંગ વૈજનાથ આઠવલે અને શ્રી. પરમાનંદ માણેકલાલ ગાંધીના સૌજન્યથી આ સંસ્થા તરફથી પ્રસિદ્ધ કરવાનું બની શક્યું છે તે બદલ તેમનો અહીં આભાર માનીએ છીએ.

આશા છે કે, આ પુસ્તક જિજ્ઞાસુઓને ઉપયોગી થઈ પડશે.

વલ્લભવિદ્યાનગર, તા. ૧-૮-'૬૦

સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટના ટ્રસ્ટીઓ વતી
એચ. એમ. પટેલ (પ્રમુખ)

# પ્રસ્તાવના

कृष्णं वन्दे जगद्गुरुम् ॥

અવતાર એટલે શું? તે માટે કેવી પાર્શ્વભૂમિ હોવી જોઈએ, ઈશશક્તિ ક્યારે અને શા માટે સાકાર થાય છે? માનવી સંસ્કૃતિની પરંપરાને અનુલક્ષી ઉત્ક્રાંત થતી રહેલી માનવસંસ્કૃતિમાં દશાવતારનું કેટલું મહત્ત્વ છે? તેની અતિ સુંદર સમજણ પૂ. શાસ્ત્રીજીએ એમનાં પ્રવચનોમાં આપી છે.

પૂ. શાસ્ત્રીજીએ આપેલાં એ પ્રવચનોને શબ્દોમાં ગૂંથી લેવાનો ભાંગ્યોતૂટ્યો પ્રયાસ કરવામાં આવ્યો છે. વિચારોની યા તો બીજી કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો તે પૂ. શાસ્ત્રીજીની નહીં પણ મારી જ ક્ષતિ છે.

ભારતીય સંસ્કૃતિ કહેતી રહી છે: પ્રભુ સૃષ્ટિ પર અવતાર લે એવી તમારી ઇચ્છા હોય તો શાંત બેસો નહીં. સ્વસ્થ બેસો નહીં. કેવળ રામનામ જપવાથી યા તો કેવળ ભજન ગાવાથી ભગવાન પધારશે નહીં. તે માટે તો ऋते श्रान्तस्य न सख्याय देवाः। અર્થાત્ 'જે માણસ થાક લાગે એટલો પરિશ્રમ કરતો નથી એના પર દેવો પણ મિત્રભાવ રાખતા નથી.' એ શ્રુતિવચન નજર સામે રાખી અવિરત પ્રભુનું કાર્ય કરતા રહીએ તો જ ભગવાન પધારશે. વસિષ્ઠનો અવિશ્રાંત પરિશ્રમ હોય તો જ પ્રભુ રામ જન્મે છે. સૃષ્ટિનિયંતા ચિત્શક્તિ પ્રભુ રામરૂપે અવતરી

અને તેણે આપણને આશીર્વાદ આપ્યા–સુખી ભવ। આપણે પણ આ આંખે ભગવાનનાં દર્શન કરી શકીએ છીએ. પરંતુ તે માટે વસિષ્ઠના જેવો અવિરત શ્રમ જીવનમાં જોઈએ. આપણામાં રહેલી બધી જ શક્તિને ભગવાનના ધ્યેય તરફ વાળીએ. નાના-મોટા, રાયરંક, સ્ત્રીપુરુષ, આબાલવૃદ્ધ, હાથમાં હાથ મિલાવી પ્રભુના કાર્ય માટે કટિબદ્ધ થાય, આપણે તન તોડી કાર્ય કરતા રહીએ તો પ્રભુ જરૂર દોડતા આવશે અને આપણને આલિંગન આપશે.

આજે જડવાદનો પ્રવાહ ખૂબ જ પ્રચંડ વેગથી ધસતો આવે છે, તેને ખાળવાની જરૂર છે. તે માટે આપણે મક્કમ દીવાલ બાંધવાની છે. હાથમાં હાથ રાખી પ્રભુકાર્ય માટે ઊભા રહેવાનું છે. ભગવાન ઉપર સાચો પ્રેમ હોય, પોતાની જાતને ભક્ત ગણતા હોઈએ, ધાર્મિક ગણતા હોઈએ, તો પ્રભુકાર્ય માટે ઊભા થઈએ. આપણે ભારતીય સંસ્કૃતિનો, ઈશ્વરવાદનો ધ્વજ લહેરાતો રાખવાનો છે. તે પ્રયાસ કરતાં જો આપણે થાકી જઈશું તો ખાતરી રાખીએ કે, નવ વાર જેમ ભગવાન આવ્યા તેમ દશમી વાર પણ ભગવાન પધારી આપણને મદદ કરશે.

અંતે શાસ્ત્રીજીનાં આ પ્રવચનો પુસ્તકરૂપે સાકાર થઈ આપણને વાંચવા મળી શકયાં એનો બધો જ જશ આપણા સ્વાધ્યાયી ભાઈ શ્રી લાલદાસ ત્રિભોવનદાસને જાય છે. એમના અથાગ ઉત્સાહને લીધે જ આ પ્રવચનો પુસ્તકરૂપે સાકાર થઈ શકયાં છે.

આ પ્રવચનો તૈયાર કરવામાં મારા નાનાભાઈ શ્રી રામદાસ ગાંધી, ભાઈશ્રી કાંતિલાલ લક્ષ્મીદાસ જોશી તથા અન્ય જે જે ભાઈઓએ સહકાર આપ્યો છે તેમનો હું હાર્દિક ઋણી છું.

પરમાનંદ માણેકલાલ ગાંધી

# ઉપોદ્ઘાત

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम्।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे॥

સૃષ્ટિનો ચાલક જગતમાં પધારે છે તે કલ્પના પ્રત્યેક ધર્મમાં છે. તમે બુદ્ધધર્મ લો, તેમનો મહાયાન સંપ્રદાય લો, તે અવતાર માટેની કલ્પના માટે અતિશય વલણવાળો દેખાય છે. આટલું જ નહિ પણ બૌદ્ધ વિહારમાં પણ અવતાર વિષેની કલ્પના અતિ સુંદર છે.

બોધિસત્ત્વ એ બુદ્ધના અવતારની જગ્યા મનાય છે. તિબેટમાં આ કલ્પના થઈ અને તે ત્યાં પળાય છે. સર્વ વિહારમાં પ્રભુ અવતાર લે છે. તે કલ્પના બુદ્ધધર્મમાં સ્પષ્ટ દેખાય છે.

ઈશશક્તિ સૃષ્ટિમાં કાંઈ કાર્ય માટે પધારે છે, તે મૂળભૂત કલ્પના બધે જ માન્ય છે. જગતમાં માનવ કર્મો અને તેનાં ફળોના ભોગ માટે આવે છે. તે કર્મ કરનાર વ્યક્તિમાં આ ઈશશક્તિ પ્રવેશ કરે છે. બુદ્ધધર્મમાં મહા લામાને તેઓ પ્રમુખ માને છે અને તે પ્રમુખમાં ઈશ્વરી તત્ત્વનું ચિરંતન તત્ત્વ સ્થાપિત કર્યું હોય છે. અને તે તત્ત્વ દલાઈ લામામાં આવે છે; આમ તેમની સમજણ છે.

પહેલો દલાઈ લામા ગેડનડપ થયો. તેણે નવી કલ્પના કાઢી કે, તત્ત્વપ્રણાલિકા જીવનમાં શાશ્વત અને ચિરંતન ટકવાવાળી કરવી હોય તો આચાર્યની કલ્પના સ્થાપિત કરવી જોઈએ. અવિચ્છિન્ન પરંપરા ચલાવવી હોય તો તે એક જ વ્યક્તિના હાથમાં સત્તા (Power) હોય તો પ્રતિસ્પર્ધીઓ જોડે લડી શકાય. તેથી તેણે લામામાં ભગવાન છે એ માન્યતા પ્રસ્થાપિત કરી અને તે હજુ પણ ચાલે છે.

અહીં એક શંકા થાય કે, એક લામા મરી જાય ત્યાર પછી બીજા લામામાં પ્રભુતત્ત્વ ક્યાંથી આવે? તો તે માટે આજુબાજુમાં જે બાળકો જન્મે તેમાંથી દિવ્ય વિચારનું બાળક શોધી કાઢી તેમાં લામા તત્ત્વ આપી દેવાનું, અને તેમાં ઈશ્વરી તત્ત્વ છે એમ સમજી તેમને લામા માનવાનું. ઈ. સ. ૧૬૬૩ પહેલાં આ કલ્પના નહોતી. પરંતુ ત્યાર પછી દૈવી પ્રયત્નોથી અને દૈવી વિચારોથી બાળકોને શોધી તેમાં લામા તત્ત્વ મૂકી તે ઈશ્વરનો અવતાર છે એમ મનાવા લાગ્યું. પણ થોડા જ દહાડામાં ગોટાળો થવા લાગ્યો. ઈશ્વરને પ્રથમ સ્થાન ન આપતાં લાગવગને પ્રથમ સ્થાન અપાવા માંડ્યું. જેમ આજે બધે ચાલે છે તેમ લાગવગનું પ્રમાણ વધી ગયું.

ઈ. સ. ૧૭૯૩માં 'अस्थि-पात्रप्रसाद' પ્રસાદની પ્રથા કાઢવામાં આવી. જે સાત્ત્વિક જીવો હોય તેમના નામની ચીઠીઓ સુવર્ણપાત્રમાં રાખવાની. તેને વૈદિક મંત્રોથી મંત્રિત કરી તેમાંથી એક ચિઠ્ઠી ઉપાડવાની અને જે બાળકનું નામ આવે તેને લામા માનવાની પ્રથા પ્રસ્થાપિત કરી અને તેને ઈશ્વરી અવતાર તરીકે માનવા લાગ્યા. આપણામાં પણ ઘણા સંપ્રદાયો હતા કે, તેમનામાં ઈશ્વરી શક્તિનો આવેશ કરવામાં આવતો. તિબેટ, ચીન, મંગોલિયા વગેરે દેશોમાં આ વિચાર ચાલે છે અને ચુંટાયેલા લામાને પ્રભુરૂપ ગણી ઈશ્વરી અવતાર સમજવામાં આવે છે.

ઇસ્લામના પરશિયન વિભાગમાં પણ અવતારની કલ્પના છે. શિયા પંથમાં પૂર્ણ રીતે આ કલ્પના માનવામાં આવી છે. શિયા પંથના લોકોનો સર્વસામાન્ય એવો મત છે કે, અલી અને તેના બે છોકરાઓ ઇમામ, તેઓ ઈશનિયુક્ત પુઢારી (સંત) છે. અને તેઓ દેવના અવતાર મનાય છે. તેમના પછી આવેલા પણ ઇમામ ગણાય છે. આ ઇમામ એટલે દૈવી ચમત્કારના નુક્ત (બિંદુ) છે. તેઓમાં બે પંથ છે. એક પંથ ૭ ઇમામ

માને છે અને બીજો પંથ ૧૨ ઇમામ માને છે. ૭ ઇમામ માનનારા અને ૧૨ ઇમામ માનનારા બન્ને પંથના લોકોનો મત છે કે, છેલ્લો ઇમામ મર્યો નથી, પરંતુ પૂર્ણ અવતાર વ્યક્ત થવાની 'રાહ જોતા' ગુપ્ત જગામાં છે. મુસ્લિમ ધર્મમાં પણ પ્રભુ ચૈતન્યની, ઈશશક્તિની સ્પષ્ટ કલ્પના છે અને તે મદદ કરવા આવે છે. આ કલ્પના સ્પષ્ટ દેખાય છે. પણ જરથોસ્ત સંપ્રદાયમાં અવતારની કલ્પના સ્પષ્ટ જણાતી નથી. પણ તેઓ માને છે કે, રાજા પવિત્ર છે અને તેનામાં દૈવી શક્તિ વાસ કરે છે. એવી આ ધર્મની કલ્પના જણાય છે. મૃતાત્મા અને દેવોને પૂજનીય બનાવનારું, સૂર્ય, ચંદ્ર અને તારાને સામર્થ્ય આપનારું એવું 'વ્હરેનાહ' અદ્ભુત તેજ છે. અને આ તેજ જરથોસ્તમાં ઘણા મોટા પ્રમાણમાં હતું એમ તેઓ માને છે. અને તેનો ઉલ્લેખ A true jerthosti guideમાં કરવામાં આવ્યો છે. ઈજીપ્શિયન સંપ્રદાયમાં 'રા'ની કલ્પના છે. જ્યારે જ્યારે સંકટ આવે ત્યારે 'રા' અગર 'એમોન' શક્તિ રાજાનું રૂપ લઈને રાણી પાસે જાય છે અને તેની સાથે સમાગમ કરી તેનામાં દૈવી અંશ મૂકે છે. સૃષ્ટિમાં રાજા ઈશ્વરનો મહાઅંશ છે તેથી રાજાને ત્યાં જ ઈશ્વરી અંશ જન્મ લે છે.

ગ્રીક વાઙ્મયમાં અવતારની કલ્પના નથી પણ મુશ્કેલી વખતે, પ્રાસંગિક અગવડો વખતે ભગવાન ગમે તે રૂપમાં, પ્રાણી કે માનવનું રૂપ લઈને આવે છે. ક્રિશ્ચિયન ધર્મમાં ૭ સદી સુધી અવતારની કલ્પના નથી; પણ ગ્રીક પૂર્વે તે કલ્પના છે કે ક્ષણિક (ટેમ્પરરી) કારણોને લીધે ઈશશક્તિ કોઈ પણ રૂપમાં બગલા-દેડકા યા તો મનુષ્ય, ગમે તે રૂપમાં સૃષ્ટિ ઉપર આવી મદદ કરે છે.

ખ્રિસ્તને અવતાર માનવો કે નહીં આ વાદગ્રસ્ત પ્રશ્ન છે. કોઈ ખ્રિસ્તને અવતાર માનતા હતા તો કોઈ સામાન્ય માણસ માનતા હતા; પરંતુ કેટલાક સમય પછી ખ્રિસ્ત એ દેવનો પુંજ

છે અને જગતનો સત્તાધીશ છે, આવી ભાષા પ્રચલિત થઈ. ખ્રિસ્તને અવતાર ન માનતાં પ્રેષિત દૂત માને છે. ભારતીય સંસ્કૃતિ સિવાય બીજા ધર્મોમાં એવી સ્પષ્ટ કલ્પના છે કે, એક અતીન્દ્રિય શક્તિ ઊભી રહે છે, કામ કરે છે, માણસોને મદદ કરે છે અને તે દરેક ધર્મમાં જુદા જુદા રૂપે દેખાય છે. પણ તેમનામાં અવતારની કલ્પના નથી. દલાઈ લામા, ઇમામ બધા ઈશ્વરી ચૈતન્ય છે, ઈશ્વરપ્રેષિત છે; પણ તેમનામાં અવતારની સ્પષ્ટ કલ્પના નથી.

ઈશ્વરી ચૈતન્ય ત્રણ જુદા જુદા રૂપે પધારે છે: ટ્રાન્સમાયગ્રેશન, પઝેશન, ઇમેનેશન. (૧) ટ્રાન્સમાયગ્રેશનમાં દેહાન્તરની પ્રાપ્તિ માને છે. એકાદ જીવ દેવ થાય છે. દૈવી વિચારોનું ચિંતન કરતા હોય છે; પરંતુ પૂર્ણ અવતારની કલ્પના આમાં નથી.

(૨) પઝેશનમાં દેહાંતરની પ્રાપ્તિની કલ્પના છે. એટલે કે જીવમાં દેવતાનો સંચાર થવો. તત્કાલીન કોઈ કાળને માટે એકાદ જીવમાં ભગવાનનો સંચાર થાય છે પણ તે તત્કાલીન હોવાથી તેને અવતાર માનવો કે નહીં એ એક સવાલ છે. આપણામાં પણ શિવાજીમાં ભવાની આવતાં હતાં એમ માન્યતા છે.

(૩) ઈમેનેશન એટલે ઈશ્વરની એકાદ જીવમાં ઉત્પત્તિ–અંશાવતાર; એમાં ઈશશક્તિની ઉત્પત્તિ છે ખરી પણ તે દિવ્ય જીવની, દૈવી જીવની, સ્વયં ઈશ્વરની નહીં.

ઉપરનાં ત્રણ કથનોમાં ઈશ્વરી ચૈતન્ય સૃષ્ટિ ઉપર કઈ કઈ રીતે આવે છે એનો સમાવેશ થાય છે. પણ એકેમાં અવતારની સ્પષ્ટ કલ્પના નથી; કારણ કે અવતાર એ સ્વતંત્ર વાત છે.

ધર્મ કે સંપ્રદાય અગવડમાં આવે ત્યારે પ્રેષિત થઈ આવવું, દૈવી ગુણો જીવનમાં આવવા કે અસાધારણ કાર્ય કર્યું તેથી ભગવાન માનવા, એક ક્ષણિક કાર્યમાં મદદ કરી જાય તેથી માનવા; ગમે તેમ હોય પણ આ બધાયમાં ઈશ્વરી ચૈતન્યનો

ઉપયોગ થયેલો છે. છતાં પણ ચૈતન્ય જ સ્વયં પધારે છે, એ કલ્પના નથી દેખાતી.

અવતાર અને આવેશમાં ફેર છે. અવતાર એટલે નીચે આવવું; પરંતુ જે નિરુપાધિક હતું તે સોપાધિક થાય છે. જ્યારે 'આવેશ' શબ્દ આ+વિશ્‌માંથી આવેલો છે. આવેશ એટલે કે અંદર પ્રવેશ. જીવ હતો જ અને તેમાં ચૈતન્યશક્તિએ પ્રવેશ કર્યો તે આવેશ. આવેશમાં ઈશશક્તિ સારા માણસમાં પોતાની શક્તિ મૂકે છે. જ્યારે અવતાર એટલે લિંગદેહમાં સ્વતંત્ર રીતે ઈશશક્તિ પોતે આવે છે.

ઇમામ, દલાઈ લામા વગેરેમાં ચૈતન્યનો જ પ્રવેશ દેખાય છે, તે આવેશ ગણાય, તેથી આવેશ અને અવતારમાં ફેર છે. અંશાવતાર એટલે દાખલા તરીકે વેદવ્યાસ, પતંજલિ, વસિષ્ઠ વગેરેને અંશાવતાર ગણી શકાય. અવતાર એટલે પૂર્ણાવતાર, દાખલો આપી સમજાવવું હોય તો એક શ્રીમંત માણસ હોય અને તેનો છોકરો ઇંગ્લેંડ, અમેરિકા ભણવા ગયો હોય અને તે છોકરો અગવડમાં છે એ બાપને ખબર પડે તો બાપ અહીંથી ત્યાં રહેતા પોતાના એકાદ ઓળખીતા ઉપર વાયર કરે અને લખે કે, એની અગવડમાં તમે પોતાને બાપ સમજીને ઊભા રહેજો. તે મુજબ જ કામ કરજો. તો અહીં જે રીતે બાપ બીજી ઓળખીતી વ્યક્તિને વાયર કરીને બાપ તરીકે ઊભા રહેવાનું કહે છે, તે જ રીતે સમાજમાં જ્યારે સાધારણ અગવડો આવે છે ત્યારે ઈશશક્તિના ચૈતન્યનો એકાદ વ્યક્તિમાં આવેશ થયેલો દેખાય છે. તે આવેશ આવેલી અગવડોને દૂર કરે છે.

પોતાનો છોકરો જો બહુ જ સંકટમાં આવી પડ્યો હોય તો તે તુરત ફોન કરે અને અહીંથી મુનીમજીને મોકલી આપે. પહેલામાં વાયર લખી દીકરાને બાપ સમજી કામ કરવું તે આવેશ; એટલે કે કોઈ સાત્ત્વિક જીવમાં ઈશ ચૈતન્યશક્તિ મૂકે તે મદદ

કરનાર પોતાનો દીકરો સમજી મદદ થોડી જ કરવાનો છે? જ્યારે બીજામાં મુનીમજીને મોકલે એટલે કે વેદવ્યાસ, પતંજલિ, વસિષ્ઠ, યાજ્ઞવલ્ક્ય આ જીવોને સૃષ્ટિમાં આવી પડેલું સંકટ દૂર કરવા મોકલે તે અંશાવતાર અને જ્યારે ઘણું જ મોટું સંકટ આવી પડે ત્યારે બાપ પોતે જાય–પૂર્ણ બ્રહ્મ કૂદકો મારી સૃષ્ટિમાં આવે.

ટ્રાન્સમાયગ્રેશન એટલે ઉત્ક્રાંતિવાદની પદ્ધતિથી વિકાસ કરતો દિવ્ય બનેલો માણસ ઉપર આવે તે. દાખલા તરીકે તુકારામ–આઠ આઠ જન્મારા લઈ પોતે વિકાસ કરતા રહ્યા; પણ ઈશચૈતન્ય પોતે દૂર ઊભું રહે.

પઝેશનમાં ક્ષણિક આવેશ હોય પણ તે પૂર્ણાવતાર ન ગણાય કે જ્યારે ઈમેનેશન એ અંશાવતાર ગણાય. જેમ શેઠે ગુમાસ્તો મોકલ્યો તેમ ઈશશક્તિ પણ વેદવ્યાસ, પતંજલિ, એ બધા ગુમાસ્તાઓને મોકલે છે અને તે વિભૂતિથી કાર્ય લે છે. જ્યારે અવતારમાં પૂર્ણ બ્રહ્મ પોતે જ કૂદકો મારી સૃષ્ટિમાં પધારે છે. ગીતામાં પણ કહ્યું છે:

> यद् यद् विभूतिमत्सत्त्वं श्रीमदूर्जितमेव वा।
> तत्तदेवावगच्छ त्वं मम तेजोंऽशसंभवम्॥

દૃષ્ટાંત તરીકે બધા દૈવી સાત્ત્વિક જીવો છે. જે સામાન્ય જીવો છે તે ઘરે ધોયેલાં સ્વચ્છ કપડાં જેવા છે; જે મહાપુરુષો દૈવી અંશો છે તે એટલે કડક ઈસ્ત્રી મારેલું લોન્ડ્રીનું ધોયેલું કપડું પહેરે અને ત્રીજો એટલે જરીનું ખાસ લગ્ન માટે જ વાપરવા કાઢેલું સેલું પહેરે અને તે એટલે પૂર્ણ અવતાર. આ પૂર્ણ અવતારનો આપણે થોડોક વિચાર કરવાનો છે.

અવતાર એ કંઈ જુદી જ શક્તિ છે. નિરુપાધિક સોપાધિક થાય છે. ભગવાન મદદ માટે આવે છે, યા તો તેનો સંચાર થાય છે, યા તો તેનો આવિષ્કાર થાય એટલે સંચાર કે આવિષ્કાર તે અવતાર નહીં પણ અવતાર એટલે સાક્ષાત્ પૂર્ણ

બ્રહ્મ કૂદકો મારી સૃષ્ટિમાં આવે અને કહે:

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम्।

હું આવું છું. તે પઝેશન નથી પણ अहं संभवामि હું પોતે આવું છું. આ પૂર્ણ અવતારનો વિચાર આપણે કરવાનો છે. પૂર્ણ બ્રહ્મ અવતાર લે એ વિચાર જ કેટલો રમણીય છે!

शृणु सखि कौतुकमेकं नंदनिकेतांगणे मया दृष्टम्।
गोधूलीधूसरांगो नृत्यति वेदांतसिद्धांतः॥

એક સખી બીજી સખીને કહેતી રહી છે કે, સાંભળો, નંદના આંગણે ગોધૂળથી ખરડાયેલો વેદાંતનો સિદ્ધાંત નાચે છે. આ કૌતુક છે. ખરેખર એક આશ્ચર્ય છે. ગીતામાં પણ કહ્યું છે.
नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातनः।

એક હિંદી ભક્ત કહે છે કે, કૃષ્ણ જ્યારે એક વાટકી છાસ માગે છે ત્યારે તે વિશ્વના ચિરંતન તત્ત્વને, વિશ્વને નચાવનારાને એક ગોપીએ નચાવ્યો છે. એ કેટલી દિવ્ય અને ભવ્ય કલ્પના હશે? આ કેટલી આનંદમય ઘટના છે કે, ચિરંતન તત્ત્વ પ્રેમને વશ થઈ છાશને માટે નાચે છે? તેઓ શું શું કરે છે તેનો વિચાર આપણે આગળ કરીશું. પરંતુ એ ખાસ ખ્યાલમાં રાખજો કે, ઈશ્વરી ચૈતન્ય ક્ષણિક રીતે દેખાય; કાં તો કોઈને સૃષ્ટિ ઉપર મોકલે તેમાં અને સાક્ષાત્ પ્રભુ પોતે આવે તેમાં ઘણો ફેર છે. સંપૂર્ણ બ્રહ્મ બીજા કોઈ પણ જીવમાં સ્પર્શ ન કરતાં પોતે સ્વતંત્ર લિંગદેહ લઈ જન્મે છે અને તે જન્મ એટલે અવતાર. પ્રારબ્ધ ભોગવતાં ભોગવતાં, કર્મફળ ભોગવતાં ભોગવતાં દૈવી કામ કરનારું તત્ત્વ તે અવતાર નહીં, પણ દૈવી કામ માટે જ આવેલું ચિરંતન તત્ત્વ એટલે અવતાર.

પૌરાણિક દૃષ્ટિએ તો બ્રહ્મા, વિષ્ણુ, મહેશ એ શક્તિ કાર્ય કરી રહ્યાં છે. આ ત્રણ નામો જુદાં છે, પણ તે એક જ ચિતશક્તિ છે અને તે સૃષ્ટિતલ ઉપર એક જ કાર્ય કરતી રહેલી છે. તેમાંની

વિષ્ણુશક્તિ તે લોકોનું પાલન કરવા વારે ઘડીએ પૃથ્વીતલ ઉપર આવે છે, શિવશક્તિ નથી આવતી–તેની જરૂર નહીં; પણ તે અંશ તરીકે રહે છે. એક જ ચૈતન્ય જુદું જુદું કાર્ય કરતું હોવાથી તેનાં જુદાં જુદાં નામ પડે છે. અને તે મુજબ વિષ્ણુ, અવતાર લે છે.

સૃષ્ટિનો કર્તા કોણ? જો વિશ્વચાલક એ ચિદ્દશક્તિ હોય તો તેને અવતાર શા માટે લેવો પડે? તેની વ્યવસ્થા તેણે પહેલેથી જ કેમ ન કરી?

આ જગતનો ચાલક એક શિલ્પી છે. તે અલૌકિક છે. શરીર બનાવનાર એ, જગતમાં ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ એન્જિનિયર છે. મનથી પણ વિચાર કરી શકતા નથી કે કઈ રીતે તેણે આ શરીર બનાવ્યું હશે?

એક જરા જેટલી લીટી દોરી અને તે ફાઈનલ થઈ ગઈ; આખું મોડલનું મોડલ બદલાઈ જાય. માણસ બદલાય પણ ફેફસાં તેનાં તે જ, હોજરી તેની તે જ, આખો પ્લાન એક જ No Change at all. તે Anatomyનો અભ્યાસ કરે તો ખબર પડે. જો આવો અલૌકિક શિલ્પી હોય તો પછી અવતાર લેવાનો પ્રસંગ જ કેમ આવે? ઉત્કૃષ્ટ એન્જિનિયર હોય અને તેના હાથ નીચે કામ કરનારા બીજા હોય તો વખતે ઊણપ રહી જાય, પણ આ સૃષ્ટિમાં આવું નથી. જેણે આ પ્લાન કર્યો, તેણે જ સૃષ્ટિ ઘડી. માટી તે જ લાવે અને ઘડે પણ તે જ. તો પછી આ પ્રસંગ કેમ આવે છે તે ખબર પડતી નથી. શું આ અગવડ આવશે તેની તેને કલ્પના નહોતી? કલ્પના હતી તો તેની ગોઠવણ કરવી જોઈતી હતી.

તેણે સૃષ્ટિ નિર્માણ કરતાં અલૌકિક બુદ્ધિ વાપરી છે. સંઘર્ષાત્મક સૃષ્ટિ નિર્માણ કરી છે. ચડતાંપડતાં વિકાસ થાય તે સંઘર્ષાત્મક વિકાસ. સાંખ્યશાસ્ત્રમાં સત્ત્વ, રજસ્, તમસ્ એ ત્રણે ગુણોનો સંઘર્ષ લીધો છે. સંઘર્ષ એટલે ઝઘડો નહીં પરંતુ

તે સહયોગાત્મક ક્રિયા છે. બે મલ્લો લડે તે સંઘર્ષ આવો નહીં; પણ માના સ્તન જોડે બચ્ચું લડે તે સહયોગાત્મક સંઘર્ષ.

આપણે ઉપનિષદમાં જોઈ ગયા કે, જીવનમાં સહયોગાત્મક સંઘર્ષ હોવો જોઈએ. જ્યારે સહયોગ ઓછો થાય, એટલે કે રજોગુણની સતત કાર્ય કરવાની પ્રવૃત્તિ અને તમોગુણની મૂઢતા - તમોગુણી હઠીલા હોય, ભગવાનનો બાપ આવે તોપણ પોતાની હઠ છોડે નહીં, તો આ બન્ને ભેગા થઈ સત્ત્વગુણની સતત સમતા અને શાંતિ રાખવાની શક્તિ ઉપર હુમલો કરે ત્યારે સત્ પરમાણુઓ ઓછા થાય અને સૃષ્ટિના ચક્રમાં રજસ્ અને તમસ્નું પ્રમાણ વધી જાય. સત્યનું સમતોલપણું ચાલી જાય. ત્યારે સહયોગાત્મક સંઘર્ષ કરવા માટે તે નિયામક તરીકે આવે છે. સરખો ભાગ કરી લડતા રહો અને વિકાસ કરો. ભગવતશક્તિ આવી કે સત્ત્વગુણને પુષ્ટિ મળે અને તે આવી કે પરમાણુ શુદ્ધ થાય છે; રહી ગયેલી ઊણપ જતી રહે છે; તે મૂર્તિમંત સત્ય આવ્યું કે તે ઊણપ નીકળી જાય છે અને સહયોગાત્મક સંઘર્ષ પાછો સ્થપાય છે.

બીજું કારણ એ કે, પ્રભુની ઇચ્છાશક્તિ મજબૂત (Powerful) છે. કુંભાર માટલાં માટે માટી લાવે, જુદી જુદી સાધન-સામગ્રી લાવે અને માટલું તૈયાર કરે, તો ભગવાને આ જગત ક્યાંથી ઉત્પન્ન કર્યું? કોઈ પણ સાધન વગર કેવળ ઇચ્છાશક્તિથી આ સૃષ્ટિની રચના કેવી રીતે કરી? એમ હેતી કહે છે. પણ ઈશ્વરની ઇચ્છાશક્તિ જબરદસ્ત શક્તિ છે. પ્રભુએ પોતાના દીકરા માનવમાં તે રાખી દીધી છે. હું પણ પ્રભુનો દીકરો છું. મારી પણ એના જેવી જબરદસ્ત શક્તિ વધવી જોઈએ તે નૈસર્ગિક ભૂખ–અસંતુષ્ટતા માણસમાં રાખી છે. આ ઊણપ જાણી જોઈને રહેવા દીધી છે.

પ્રભુએ આપેલી શક્તિથી આત્મવિકાસ થતો અટકે અને

તેના ખદલે તે શક્તિનો દુરુપયોગ થવા લાગે ત્યારે પ્રભુ આવે છે. આપણને અવતારવાદ માટે બીજી કેટલીક શંકાઓ છે કે, ભગવાનને વળી મોહ કેવા? આ જડ અને ચૈતન્યનો ફક્ત બુદ્ધિથી ઉકેલ કરવા બેસશું તો જવાબ નહીં મળે; પણ હૃદયથી ચર્ચા કરશો તો તેનો જવાબ મળશે.

કેટલાક કહે છે કે, સૃષ્ટિમાં ભગવાન આવે છે અસત્ કાઢવા માટે; શાસ્ત્રકારોએ આ અવતારવાદ કીધો છે તેથી લોકો દૈવાધીન બની ગયા છે, આળસુ થઈ ગયા છે. જગત આવું છે અને આમ કરો તેમ કરો, એ નકામી બૂમો પાડ્યા કરતાં મંદિરમાં પ્રાર્થના કરી ઘરે બેસી ૫૦ માળા ફેરવો એટલે પ્રભુ આવશે અને જગત સુધારશે આવી માન્યતા છે.

કેટલાકની બીજી વળી એવી કલ્પના છે કે, સૃષ્ટિચાલક માનવીનું રૂપ લઈ આવે તેમાં હીનપણું છે. અમારી જેમ તે સંસાર કેમ કરી શકે? આ લોકોની એવી જ એક કલ્પના છે કે, ભગવાન આકાશમાં બેઠા છે, બંગલો બાંધ્યો છે અને બંગલામાં બેઠા બેઠા બધું કરે છે. લાગવગથી જે આવે તેને સ્વર્ગમાં જગા મળે છે અને બીજા બધાને ના પાડે છે.

ખ્રિસ્તીધર્મના લોકોને એમ લાગતું રહ્યુ છે કે, ઈશ્વર ઉપર આકાશમાં છે અને બધું સંચાલન કરતો રહ્યો છે. પણ એવું હોત તો આપણે રાજાની જેમ તેને પણ બનાવી શકત. ઈશ્વર આકાશમાં જ રહેલો નથી, તે તો સર્વવ્યાપક છે—ચિદ્રૂપ છે. તેનું માનવમાં પ્રકટ થવામાં હીનત્વ છે જ નહીં. તે સર્વ-વ્યાપક હોવાથી માનવમાં પણ પ્રકટ થાય. પણ તે કયારે પ્રકટ થાય? તે કાંઈ આગંતુક નથી, તે બોલાવ્યા વગર આવતું નથી. આખો સમાજ મહેનત કરી આર્ત બની બોલાવશે ત્યારે જ તે આવશે, તે કોઈ પણ રૂપમાં, કોઈ પણ Formમાં આવશે. ભગવાન ઉપર આકાશમાં છે અને તે નીચે આવે છે એમાં

ભગવાનનું હીનત્વ જણાતું હશે, પણ એ વાત સત્ય નથી.

ત્રીજું કારણ ચિતશક્તિની મદદ લઈ ઇચ્છાશક્તિનો લોકો દુરુપયોગ કરવા લાગે ત્યારે આખું જગત આર્ત થાય છે, ત્રસ્ત થાય છે. તે બૂમ પાડે છે કે, ભગવાન તમે જેને રક્ષક નીમ્યા તે જ ભક્ષક થતા રહ્યા છે. વાડ ચીભડાં ગળે છે. તે પીડિત થઈ બૂમ પાડે છે કે, અમારે કોની પાસે જવું ? ત્યારે આ જનતાના સંરક્ષક તરીકે, માર્ગદર્શક તરીકે, નિયામક તરીકે તે આવે છે. પણ આપણે તેની ચર્ચા ન કરતાં એમ જ સમજીએ કે પ્રભુને અહીં આવવાનો મોહ છે તેથી તે અહીં આવે છે. એ કલ્પના મને મધુર લાગે છે. આ પ્રભુના જગત ઉપરના અને આપણા ઉપરના પ્રેમનું એક ચિહ્ન (Sign) છે.

તે બાબતમાં બીજી કેટલીક શંકાઓ છે, પણ એ બધાની અત્યારે ચર્ચા કરવી અસ્થાને છે. જ્યારે આ ઇચ્છાશક્તિ પધારે છે, ત્યારે બહારના વિષયો સત્ થાય છે. અસત્ પ્રવૃત્તિ, અસત્ વિચારો માણસની ઇચ્છાશક્તિને જુદા માર્ગે લઈ જાય છે. આ શક્તિ આત્મશક્તિના વિકાસને બદલે બહિર્મુખ પ્રવૃત્તિઓમાં જ પડે છે અને તેનો દુરુપયોગ થાય ત્યારે માર્ગદર્શક તરીકે પ્રભુને આવવું પડે છે અને સમાજને માર્ગદર્શન આપે છે.

આઈન્સ્ટાઈને Theory of relativity–સાપેક્ષવાદની શોધ કરી. પણ જ્યારે એટમબોમ્બ શોધાયો હશે ત્યારે તે કપાળે હાથ મૂકીને રડ્યા હશે કે, કરવા ધાર્યું હતું શું અને થયું શું ? તેવી જ રીતે પ્રભુએ આપેલી શક્તિથી વિકસિત થતા, ઉદ્ધરિત થતા, ઉત્કીત થતા જીવોને અસત્ પ્રવૃત્તિથી ગભરામણ થાય ત્યારે પ્રભુ આવે છે, અને તેમને માર્ગદર્શન કરે છે. ભગવાને આ કારખાનું આપણા હાથમાં આપી દીધું છે. આપણને આ શક્તિ વાપરતો આવડે છે, પણ કમાતાં નથી આવડતું, છોડતાં આવડે છે પણ પાછી ખેંચતાં નથી આવડતું તો ભગવાને એની

કળ પોતાના હાથમાં રાખી છે. દીકરાને બાપ કારખાનું આપે પણ તેની કળ-ચાવી તો પોતાના હાથમાં જ રાખે. તો શું પ્રભુની આવી દુર્બળ ઉપેક્ષા કે સામાન્ય બાપની જેમ તે પણ કળ હાથમાં રાખે? પણ ખરી વાત, તમને હળવે રહીને કહું કે સૃષ્ટિમાં ભગવાનને આવવાનો મોહ છે.

દીકરાનું દૃષ્ટાંત બરાબર ન હોય તો બીજું દૃષ્ટાંત આપું. નવાં પરણેલાં પતિપત્ની હોય અને પત્ની સુવાવડ માટે પિયર જતી હોય, ચાર મહિના માટે તે આવવાની નથી તો શ્રીમંત ધણી સ્ટેશન ઉપર તેને થોડાઘણા પૈસા આપે અને કહે, 'એકાદ મહિના પછી હું આવીશ અને બીજા પૈસા આપીશ હોં.' તો પૈસા આપવાને બહાને એકાદવાર મોઢું જોવા મળશે તેથી બધા પૈસા આપતો નથી. વાસ્તવિક રીતે તે શ્રીમંત છે. બધા પૈસા એકસાથે આપી શકયો હોત, પણ મોઢું જોવાને બહાને પૈસા આપતો નથી. બેંકમાં તેનું પાંચ લાખનું ખાતું છે, પણ મોઢું પાછું જોવાનું છે તેથી બધા પૈસા આપતો નથી. પૈસા આપવાને બહાને પાછું જવાશે. અરે! હમણાં જ બધા પૈસા આપી દે ને! પણ નથી આપતો. ખરું જોતાં તેને પત્નીને ફરી મળવું છે તે મોહને લીધે તે બધા પૈસા આપતો નથી. ભગવાનની પણ આ ધણીના જેવી જ ભૂમિકા છે. તેને અહીં આવવાનો મોહ છે, તેની ચર્ચા કરવાનું લોકોને કારણ નહીં. પોતાને ઘરે તે શા માટે આવ્યા? તેની ચર્ચા કરવાનું કોઈને કારણ નહીં. સૃષ્ટિના સર્જનહારે પોતાને પાછું આવવાનું છે તેથી જ ઓછા પૈસા આપ્યા છે, તે પૈસા ખૂટે એટલે આપવા દોડતા આવે.

રાવણ અતિ સમર્થ પુરુષ હતો. પ્રભુની શક્તિ તેણે દૃઢ કરી હતી, પણ બલવત્તર વાસનાએ તેને ખેંચી લીધો હતો. તેની બધી જ શક્તિ અસત્ કાર્યમાં વપરાતી હતી. ત્યારે ઈશશક્તિને

થાય કે શું આટલા માટે મેં આ બધી શક્તિ આપી હતી? આને લીધે સૃષ્ટિમાં વિસંવાદ નિર્માણ થાય અને વ્યક્તિને માર્ગ-દર્શન આપવા માટે પ્રભુ પધારે છે.

લોકો બોલાવે અને ઈશ્વર આવે એ કલ્પના બરોબર મગજમાં ઊતરશે તો જણાશે કે, અવતારને લીધે અકર્મવાદ ઊભો થાય છે એ માન્યતા ખોટી છે. અવતાર એ અંતિમ અને અટલ સત્ય છે.

દર એકાદશીને દિવસે નિષ્ક્રિય અને આળસુ લોકો ભેગા થઈ બૂમો મારે અને કહે, 'ભગવાન, અમારી શેરીમાં બહુ કચરો થયો છે, પધારો અને સાફ કરો.' તો આ બૂમો સાંભળી ભગવાન આવવાના નથી. તે શાસ્ત્રીય સિદ્ધાંત છે. પ્રભુ માટે અંતર ઝંખતું હોય, તે માટે બલિદાનની તૈયારી હોય એવા માણસો ભેગા થઈ બૂમ મારે તો ભગવાન અવતાર લે છે. પવનની શક્તિથી પવન-ચક્કી ચાલે છે તે વાત સત્ય છે, તેમાં શંકા નહીં. પણ તે માણસે ઊભી કરવી પડે છે. પવન તે ચલાવે છે, ઊભી નથી કરતો. ગીતાની ભાષામાં કહેવું હોય તો परित्राणाय साधूनाम् હોય, સાધુઓ ઈશ્વરકાર્ય કરી રહ્યા હોય તો ભગવાન આવે છે. ચોરોની લૂંટની વહેંચણીનો ઝઘડો પતાવવા તે પધારતા નથી.

તો પછી તે ક્યારે પધારે છે? લડાઈ-ઝઘડો થાય, લોકો પીડિત થાય, હરામખોરો બધા જગતને લૂંટવા ભેગા થાય તો તે આવે કે નહીં? અરે, આવી એકસો આઠ લડાઈ થશે તોપણ તે નહીં આવે; પરંતુ परित्राणाय साधूनाम्–સાધુઓના સંરક્ષણ માટે તે આવશે. સાધુ એટલે નામના સાધુ નહીં, ચંદન કરવાવાળા અને સાધુ કહેવડાવવાવાળા સાધુ નહીં, પણ સાચા સાધુ, ધાર્મિક નિષ્ઠાવાળા અને ધાર્મિક જીવન જીવવાવાળા–એવાના સંરક્ષણ માટે પ્રભુ પધારશે, માટે એવી ગાંડી કલ્પના ન રાખો કે ભગવાન આવશે અને બધું સુધારશે.

અવતારની આ પરંપરા એ પ્રયત્ન–અવિરત ઉદ્યોગ અને સતત ધડપડ(દોડધામ)ની સૂચક છે.

પ્રયત્નવાદ વગર અવતાર નહીં. પ્રયત્નશીલ માટે જ અવતાર છે. તમે ગાલે ગમે તેટલા તમાચા મારો અને બોલતા રહો पापोऽहं पापकर्माऽहम् તોપણુ તે નહીં આવે. હાથે કરી જેઓ હીનદૂબળા–લાચાર–ક્ષુદ્ર–પામર થાય તેમના માટે તે આવતા નથી. પણુ જે અવિરત ઉદ્યોગ–પરિશ્રમ કરે છે તેમના માટે તે આવે છે. હું પહેલો અને પછી અવતાર. હું બોલાવું અને પ્રભુ અવતાર લેશે એ ભાવનાથી જે કાર્ય કરતો રહ્યો છે તેને માટે અવતાર છે. પ્રભુને બોલાવવાની સખત ઇચ્છા હોય તો તે માટે માણુસે અખંડ પરિશ્રમ કરવો જોઈએ. નાના-મોટા આબાલવૃદ્ધ બધાએ અવિરત પ્રયત્ન કરવો જોઈએ અને પછી પ્રભુ પધારશે. હૃદયથી હિલચાલ રાખો તો જરૂર પ્રભુ પધારશે. જે સમાજમાં તપશ્ચર્યા હોય ત્યાં મહાપુરુષો આવે છે. જ્યાં તપ ચાલે છે, જ્યાં ધ્યેય માટે ધમશ છે, જ્યાં હૃદયથી હિલચાલ ચાલતી રહી છે, ત્યાં પ્રભુ પધારશે. અયોધ્યામાં પ્રભુ પધાર્યા. જે ભૂખંડમાં ધ્યેયનો અવિરત પ્રયત્ન ચાલતો હશે ત્યાં તપશ્ચર્યાના પરિણુામમાં ભગવાનને અવતાર લેવો પડે છે. પ્રભુને જન્મ આપનાર આપણે છીએ. રામનો જન્મ થતાં વસિષ્ઠને પુત્રજન્મનો આનંદ થાય છે.

ઇમર્સન કહે છે કે, અવતાર એ દરિયા ઉપરનું ફીણુ છે. મોજાં માઈલ અડધા માઈલથી ચડતાં, પડતાં, આખડતાં આવે અને પછી શુભ્ર ફીણુ દેખાય તે રીતે મહાપુરુષોના અવિરત પ્રયત્નને લીધે ટ્રાન્સમાયગ્રેશન, મિગ્રેશન અને પઝેશન એ મહા-પુરુષોના પ્રયત્નથી અવતાર આવે છે. અવિરત શ્રમ કરનાર માટે તે આવે છે. બીકણુ–નાલાયક–ક્ષુદ્ર–લોકો માટે અવતાર નથી. માનવી હિલચાલનું સુંદર શુભ્ર ફીણુ એટલે અવતાર.

અવતાર એ લોકોને દીનદૂબળા બનાવે છે, આવો આરોપ કરનારને અવતારની કલ્પના જ નથી. કેવળ વેદમંત્રો બોલી બેસી રહેનાર માટે અવતાર નથી. અવતાર એટલે મનુષ્યયોનિમાં જ હોવો જોઈએ કે શું ? કારણ કે તે બહુસંખ્યા( Majority )-માં છે. પણ હું તમને કહું, સૃષ્ટિમાં માણસ જેવું અલ્પસંખ્ય (Minority) પ્રાણી નથી, છતાં પણ પ્રભુ આ માનવયોનિમાં પધારે છે તેનું કારણ સંસ્કૃત માણસ માટે, સતત પરિશ્રમ કરનાર સંતો માટે તે પધારે છે. સમાજ તે માટે તપશ્ચર્યા કરતો હશે તો તે આવે છે. ટૂંકમાં કહેવું હોય તો અવતાર એટલે અવિરત પરિશ્રમ–ઉદ્યોગનો પરિપાક

રામનવમી અને જન્માષ્ટમીને દિવસે આપણે રામ અને કૃષ્ણનો જન્મ ઊજવીએ છીએ. ઉપવાસ કરીએ છીએ, અને પૂછીએ છીએ કે, પ્રભુ તમે ક્યારે પધારશો ? આ હળાહળ કળિયુગ છે. લોકો દુઃખથી પીડાય છે; હવે અમને ક્યારે બચાવશો ? પણ આવા નિષ્ક્રિય જીવોની પ્રાર્થના સાંભળવા પ્રભુને ફુરસદ નથી. પરંતુ સાત્ત્વિક વિચારના રાતદિવસ તનતોડ કામ કરનાર માટે પ્રભુ આવે છે. જેઓ કાર્ય કરતાં થાકીને પડ્યા છે, તેમને ઉપાડવા પ્રભુ નહીં આવે તો કોના માટે આવશે ? સમાજ જ્યારે અતિ પરિશ્રમ કરે છે ત્યારે જ પ્રભુ અવતાર લે છે.

બીજી શંકા થાય છે કે, સૃષ્ટિમાં એકવાર સુવ્યવસ્થા (Order) બેસાડ્યા પછી ભગવાને દસ દસ વાર અવતાર લેવાનું કારણ શું ? ટોચ ઉપર પહોંચેલો પાછો કેમ આવે છે ? કચરો થવો, સંકટ આવવું, એ નૈસર્ગિક છે. ઘરમાં ધૂળ થવી એ નૈસર્ગિક છે, પણ તે કાઢવા માટે સહેતુક પરિશ્રમ જોઈએ છે. તમે તમારે ઘેર ટોપલો ભરીને ધૂળ રાખો છો ? નથી રાખતા. રામ પછી કૃષ્ણને અવતાર લેવાનું કારણ શું ? દિવ્યમાં દિવ્ય આ અવતારો છે, પણ સંકટ એ નૈસર્ગિક હોય છે. તેનો પરિ-

હાર સહેતુક હોય છે. કચરો આવ્યા પછી તે કાઢવો પડે છે. નોકરો ખરેખર કચરો ન કાઢે તો માલિકને તે કાઢવો પડે છે. યુગે યુગે આ સમાજનો કચરો કાઢવો પડે છે, ભગવાનને સાવરણી લઈને સાફ કરવું પડે છે. સુવ્યવસ્થા( Order )ની ગેરવ્યવસ્થા ( Disorder ) થાય તે સ્વાભાવિક છે, પણ પાછો સમાજને સુવ્યવસ્થામાં ગોઠવવો પડે છે.

તમે ખ્યાલ કરો કે, એક ગાડું ચાલતું રહ્યું છે. અને ગાડાવાળો ઉપર બેઠો છે. પૈડાના આરામાં તેલ ઓછું છે એટલે પૈડું અવાજ કરવા લાગે. ગાડીવાળો એ અવાજ સાંભળે. એટલે નીચે ઊતરે અને તેમાં તેલ પૂરે. આ રીતે સૃષ્ટિનું ચક્ર પણ ફરતું રહ્યું છે. અને ફરતાં ફરતાં ઘર ઘરઘર એવો અવાજ થાય છે. પૈડું ફરતું રહ્યું છે, પણ તેમાં સ્નિગ્ધતા નથી. સ્નેહ નિર્માણ થવો જોઈએ તે નથી. સ્નેહ ચાલ્યો ગયો છે. ઘેરઘેર ઝઘડા છે. ઘેરઘેર કર કર અવાજ થયા કરે છે; તેથી આ સૃષ્ટિનું ગાડું ચલાવતા પ્રભુ નીચે ઊતરે છે. પૈડાંમાં તેલ પૂરે છે અને પછી પાછા ગાડા ઉપર બેસે છે. પૈડાંનો ઘર ઘર અવાજ અટકી જાય છે અને સ્નિગ્ધતાથી સૃષ્ટિનું ચક્ર પાછું ચાલવા લાગે છે.

અવતાર કારણ વગર થતો નથી. ऋते श्रांतस्य न सख्याय देवाः । આ વૈદિક સિદ્ધાંત છે. અગિયારશને દિવસે સો માણસો ભેગા થઈને રાડો પાડે તોપણ પ્રભુ સાંભળે એમ નથી. આ પથ્થરનો ભગવાન છે, આવી ફૂંકોથી તે પીગળે એમ નથી. ' મારે આંગણિયે આવજે ' કહેવાથી આવે એવો ગાંડો પ્રભુ નથી, અને એ ગાંડો થાય તો તો તેને પાંચ પાંચ મિનિટે આવવું પડે. બધા અવતારોમાં સ્પષ્ટ દેખાય છે કે, સમાજે સાંસ્કૃતિક અને નૈતિક મૂલ્યો ટકાવવા અવિરત પ્રયત્ન કર્યો છે અને તેને મદદ કરવા પ્રભુ પધાર્યા છે. જે ઠેકાણે સમાજે અખંડ ધ્યેયનો ધ્યાસ લીધો છે તેને મદદ કરવાને પધારે છે. અવતારવાદ એ પ્રયત્નવાદ છે,

દુર્બળપણું નથી.


અવતાર માટેની આ બધી શંકાઓથી આપણે હવે નિઃશંક થયા. તેમાં હવે શંકાને સ્થાન નથી. પ્રભુના ઉચ્ચારો સ્પષ્ટ છે, परित्राणाय साधूनाम् । અવતાર પાછળ જબરદસ્ત પરિશ્રમ છે. તમે ગમે તેટલા રડશો, ગમે તેટલી બૂમો પાડશો તો તે આવશે નહીં. રડતો માણસ તેને ગમતો નથી. પણ સાવરણી લઈ સૃષ્ટિમાંનો કચરો સાફ કરવા ઊભા થશો તો તે આવશે. રડશો તો કોઈ કાળે તે આવશે નહિ. પણ સૃષ્ટિ ડૂબશે ત્યારે તે આવશે, પણ સૃષ્ટિ ડૂબે શા માટે? અવતારનું અવતારપણું રાખીને અવતાર તરફ જુઓ એવી મારી નમ્ર વિનંતી છે અને સાથે સાથે બુદ્ધિ પણ વાપરો. સાધુસમાજ માટે એટલે ભગવાન જેને સાધુ કહે તેવા માટે, આપણે જેને સાધુ કહીએ તેવા માટે ભગવાન આવે નહીં. તે તમને ભગત કહે, અને તમે તેને ભગવાન કહો : ઊંટને ઘેર લગ્નપ્રસંગ હોય અને તેમાં ગધેડાઓ અભિનંદન આપવા આવે. ઊંટોની પ્રશંસા કરતાં ગધેડાઓ કહે કે, શું સુંદર તમારું રૂપ છે! તે વાતનો સ્વીકાર કરતાં ઊંટો પ્રત્યુત્તરમાં કહે કે, શો મધુર તમારો અવાજ છે! રુદ્રી–અભિષેક કરાવનારને આપણે ગોર કહીએ અને ગોરમહારાજ આપણને ભગત કહે એવા સાધુ નહીં. સાધુ તો દૈવી જીવન માટે અખંડ અવિરત પ્રયત્ન કરે છે, જે સજ્જનસમાજ તન તોડી મહેનત કરે છે તે સાધુસમાજ માટે પ્રભુ પધારે છે. ભીખ માગનાર માટે નહીં.

વળી ઘણા એમ કહે છે કે, અમે ઊંધુંચત્તું વર્તન કરી બધું બગાડી નાખીએ તેથી પ્રભુ ઝટ આવશે, પણ એ ગાંડી માન્યતા છે. ઉત્ક્રાન્ત જીવો માટે કે જેઓ પ્રભુશક્તિથી પોતાની આત્મિક શક્તિ ખીલવતા રહ્યા છે, તેમના પરિશ્રમની સહાય–સફળતા માટે ભગવાન આવે છે.

# દશાવતાર

## અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| મત્સ્યાવતાર ... ... | ૧ | રામ અવતાર ( પૂર્વાર્ધ ) | ૧૨૪ |
| કૂર્માવતાર ... ... | ૨૦ | રામ અવતાર (ઉત્તરાર્ધ) | ૧૫૬ |
| વરાહ અવતાર ... | ૩૨ | કૃષ્ણ અવતાર ( પૂર્વાર્ધ ) | ૧૯૪ |
| નૃસિંહ અવતાર ... | ૩૮ | કૃષ્ણ અવતાર ( ઉત્તરાર્ધ ) | ૨૨૯ |
| વામન અવતાર ... | ૫૫ | બુદ્ધ અવતાર ( પૂર્વાર્ધ ) | ૨૪૪ |
| પરશુરામ ( પૂર્વાર્ધ ) ... | ૭૭ | બુદ્ધ અવતાર (ઉત્તરાર્ધ ) | ૨૬૫ |
| પરશુરામ (ઉત્તરાર્ધ ) ... | ૯૮ | કલ્કી અવતાર અને ઉપસંહાર | ૨૮૪ |



# મત્સ્યાવતાર

આપણે બધા અવતારોનો વિચાર કરવા છેલ્લા બે-ત્રણ દિવસથી ભેગા થઈએ છીએ. અત્યાર સુધી આપણે અવતારોની પાર્શ્વભૂમિનો વિચાર કર્યો. આજથી આપણે દશાવતારની શરૂઆત કરીશું. દશાવતારની કલ્પનામાં મત્સ્ય, કૂર્મ, વરાહ, નૃસિંહ, વામન, રામ, કૃષ્ણ, બુદ્ધ, કલ્કી આ અવતારોનો વિચાર છે. આજથી એમની શરૂઆત કરીશું. મત્સ્ય, કૂર્મ, વરાહ એ ત્રણ અવતારો માનવેતર યોનિમાં થયેલા દેખાય છે. માનવ કરતાં જુદી યોનિમાંથી એ થાય છે. આવી રીતના અવતારો જોઈને આજના ભણેલાઓ મશ્કરી કરે છે, ટીખળી ઉડાડે છે: 'જોયું કેવી મૂર્ખાઈ! કેવું છોકરવાદપણું! પરબ્રહ્મ શક્તિ આવું રૂપ કદી પણ લે ખરી કે! આ ઈશશક્તિ માછલી થાય, કાચબો થાય, ભૂંડ થાય! આ વિચારમાં મૂર્ખતાની કમાલ છે અને આ મૂર્ખતાથી ભરેલાં—ગાંડપણથી ભરેલાં પુરાણો છે; તેથી પુરાણોમાં આવું બધું અસંબદ્ધ લખાણુ છે.' પાશ્ચાત્ય પંડિતો કહે છે કે, 'આ બધું લખાણુ અસંબદ્ધ છે. માનવજગતની બાલ્યાવસ્થાના સમયનું લખાણુ છે. પાશ્ચાત્ય પંડિતો બોલે તેમ બોલનારા આપણા વિદ્વાનો કહે છે કે, ઈશ્વરશક્તિ આ હીન યોનિમાં જાય જ શું કરવા? પણ આપણે આવો મત (Remark) પસાર કરવાનું જલદી સાહસ નહીં કરીએ, એવું સાહસ કરતાં પહેલાં થોડો વિચાર કરીએ.

લોકોને મત્સ્ય, કૂર્મ, વરાહ આ અવતારો હીન યોનિના લાગે છે, ત્યારે ભગવાને કઈ યોનિમાં જન્મ લેવાનો?

માણુસો એમ સમજે છે કે, ભગવાને અવતાર લેવો હોય તો માનવયોનિમાં જ લેવો જોઈએ. બીજી યોનિમાં ભગવાને લીધેલો અવતાર માણુસને અવતાર તરીકે લાગતો નથી. માણુસનો પોતાના માટેનો આ કેટલો ખોટો ઘમંડ અને મિજાજ છે! જે વૈશ્વિક શક્તિ સૃષ્ટિમાં અનંત રૂપો પ્રસ્રવે છે, અનંત યોનિઓ નિર્માણ કરે છે; જેની કેવળ ઇચ્છાશક્તિથી અનંત સૃષ્ટિ નિર્માણ થાય છે, તેણે કઈ યોનિમાં જવું, એ મને લાગે છે કે, તેનો પોતાનો વિષય છે. તેમાં બીજાએ માથું મારવાનું કારણ નથી. માણુસ કરતાં સૃષ્ટિમાં ઘણાં સુંદર પ્રાણી છે. માનવયોનિમાં જ અવતાર લેવાનો, અમુક જ આકાર ધારણ કરવાનો એવો આગ્રહ શા માટે? માનવની દૃષ્ટિએ માનવેતર યોનિના જીવો નીચ હશે, પણ ચિત્તશક્તિની દૃષ્ટિએ તો બધા જ સરખા છે. જે ચિત્તશક્તિની દૃષ્ટિથી બધું સરખું છે, તેને તમે કોણ બોલવાવાળા? માનવયોનિમાં જ ભગવાને જન્મ લેવો જોઈએ, એમ માનવું એ માનવનો જબરદસ્ત અહંકાર છે. બાપને બે દીકરા હોય. એક ઘૂંટણિયાં તાણતો હોય, જ્યારે બીજો થોડું ચાલવા લાગ્યો હોય, કાલુંકાલું બોલતાં શીખ્યો હોય. બીજા છોકરાને લાગે કે, આપણે શ્રેષ્ઠ છીએ. બા-બાપા નાનાભાઈને લાડ કરે છે એ એમની મૂર્ખાઈ છે. હજી આને તો બોલતાં આવડતું નથી, ચાલતાં આવડતું નથી અને બાપા એના ઉપર પ્રેમ રાખે છે! બાપાને કંઈ ખબર નથી પડતી. પણ પ્રેમ કોના ઉપર કરવો તે બા-બાપા પૂરું સમજે છે, એનું તેને ક્યાં ભાન છે?

ચિત્તશક્તિ બધાંની બા છે. માછલી અને માણુસ તેણે જ નિર્માણ કર્યાં છે. કોઈ પણ જીવનમાં આવી પ્રભુ પોતાનું

કાર્ય કરે તો તેને મૂર્ખાઈ માનવાનું કારણ નથી; તે બધાં ગપ્પાં છે, તે તો મૂર્ખાઈ છે એમ કહેવાનું કારણ નથી. તેનો અર્થ એટલો જ છે કે, આપણી દૃષ્ટિ આત્મકેંદ્રિત (Egocentric) છે; તેથી આપણા કરતાં વિશ્વમાં બીજું આપણને દેખાતું નથી.

ભારતીય સાંખ્યમત અને પાશ્ચાત્ય લામાર્ક ડાર્વિનની દૃષ્ટિએ જગત ઉત્ક્રાંત છે–પ્રકૃતિથી પરિણત થયેલું છે.

ઉત્ક્રાંતિવાદની દૃષ્ટિથી શરૂઆતમાં જગત જલાકાર હતું. ડાર્વિનના ઉત્ક્રાંતિવાદના (Evolution) સિદ્ધાંત મુજબ જોઈશું તો પૃથ્વીની ઉત્પત્તિ જળમાંથી થઈ છે. તે વખતે જળચરમાં શ્રેષ્ઠ શરીર એટલે માછલીનું ઉપયોગી શરીર ધારણ કરી, જલચર–મત્સ્યરૂપે ચિત્તશક્તિ આવી. આદિયુગને ભૂગર્ભશાસ્ત્રવેત્તાઓ Silurian age or of fishes–મત્સ્યયુગ એમ કહે છે. આ ઉત્ક્રાંતિવાદનું પહેલું પગથિયું જણાય છે. ઉત્ક્રાંતિવાદ મુજબ મત્સ્ય એ પહેલું પ્રાણી છે તેથી તે યોનિમાં ચિત્તશક્તિએ અવતાર લીધો તેમ માનવું ખોટું નથી.

કેટલાંક શાસ્ત્રો બે કલ્પો માને છે: (૧) મત્સ્યકલ્પ અને (૨) કૂર્મકલ્પ. મત્સ્યકલ્પમાં ઈશશક્તિ માનવીનું મૂળ રૂપ ધારણ કરે છે. આ કલ્પોની શરૂઆતમાં આજના માંસ-પિંડ કરતાં જુદા પિંડ હતા, એમ કેટલાક માને છે. મત્સ્ય-યુગમાં પરિણામવાદની દૃષ્ટિથી નિર્ગુણ–નિરાકાર, સગુણ–સાકાર થઈને માછલીના રૂપમાં અવતાર લે તે બરોબર; અને પુરાણો કહે કે, ભગવાને મત્સ્યાવતાર લીધો તે ગપ્પાં–અસંબદ્ધ વાત થઈ; એ કઈ રીતે તે તેમ કહેનારને જ ખબર. જોકે Evolutionનો સિદ્ધાંત આપણા શાસ્ત્રકારોએ તોડી

પાડ્યો છે અને આજના શાસ્ત્રકારોએ પણ તોડ્યો છે. પણ પરિણામવાદ, આરંભવાદ, વિવર્તવાદનો સિદ્ધાંત તત્ત્વજ્ઞાનની વૈચારિક પગથી છે, એમાં ના નહીં. ગીતામાં પણ સાંખ્યનો સિદ્ધાંત કહ્યો છે. સાખ્યના આ સિદ્ધાંતને શાસ્ત્રીય કહી શકાય તો પછી મત્સ્યયુગમાં ઇશ્વરશક્તિએ માછલીનો અવતાર લીધો હશે એ ખોટું છે યા ગપ્પાં છે એમ માનવામાં કાંઈ કારણ રહેતું નથી.

Evolutionનો આ શાસ્ત્રીય દૃષ્ટિકોણ થયો. વિચાર કરવા જેવો અને અભ્યાસ કરવા જેવો આ વિષય છે. ઉત્ક્રાંતિવાદની દૃષ્ટિથી Amiba અને Nebulaથી શરૂઆત કરી જગતની ઉત્પત્તિ થઈ, એમ વિચાર કરીશું તો નિર્ગુણ નિરાકાર, સગુણ સાકાર બની મત્સ્યાવતાર લે તેમાં ખોટું શું છે? આ શાસ્ત્રીય દૃષ્ટિ છે.

દશાવતારની વાતો નાનાથી માંડી ઘરડા સુધી પ્રત્યેક વ્યક્તિએ-ગામડાંની કે શહેરની દરેકે વાંચી હશે. મોટીઃ ઉંમરનાં સ્ત્રી-પુરુષો આ અવતાર વાંચે ત્યારે એ તો ભગવાનની લીલા છે, એમ સમજી છોડી દે છે. છોકરાંઓ મનોરંજનની વાતો સમજી છોડી દે છે. પંડિતો દશાવતાર એટલે અસંબદ્ધ કલ્પિત વાતો છે એમ સમજી છોડી દે છે. આ પ્રમાણે દશાવતાર બધાને જ છોડી દેવા જેવો લાગે છે; પરંતુ દશાવતાર પર જરા સૂક્ષ્મ દૃષ્ટિથી જોઈશું, વાંચીશું, તો જણાશે કે, દશાવતાર એ પ્રાચીન ભારતીય સંસ્કૃતિનુ-પ્રાચીન ભારતીય ઇતિહાસનુ ગૌરવપૂર્ણ પાનું છે. Evolutionના સિદ્ધાંતની દૃષ્ટિથી જોઈશું તો તેમાં ખોટું નથી. પણ દશાવતાર જોતી વખતે પ્રાચીન ભારતીય સંસ્કૃતિનુ એ ગૌરવપૂર્ણ પાનું છે એ ભૂલવું ન જોઈએ, તેને સામાન્ય

પાનું ન સમજો.

પુરાણો રૂપકરૂપે લખાયાં છે. પુરાણકારો કોઈ પણ તત્ત્વને એટલું ઝીણું વસ્ત્ર-બુરખો પહેરાવે છે કે, સામાન્ય દષ્ટિથી જોનારને તે દેખાશે નહીં; પણ સૂક્ષ્મ દષ્ટિથી જોનારને અંદરનું મહાન તત્ત્વ દેખાશે. ઊંડાણથી નહીં જુઓ તો તે રમ્ય, પણ સામાન્ય વાર્તા જણાશે. પુરાણો પંડિતો અને છોકરાંઓ બન્નેને આનંદ આપે તેવાં છે. પુરાણો રૂપક છે. પુરાણો વાંચવાની પણ એક પદ્ધતિ છે.

દાખલા તરીકે પુરાણોમાં સૂર્યોદયનું વર્ણન છે. 'अहल्यायै जारः' આ એક રૂપક છે. ઇંદ્ર શબ્દ કેટલીકવાર સૂર્યને ઉદ્દેશીને પણ વપરાય છે. 'अहल्यायै जारः'નો ઉપરનો અર્થ 'ઇંદ્રે અહલ્યા સાથે વ્યભિચાર કર્યો, જારકર્મ કર્યું.' એમ લાગે છે પણ એ અર્થ નથી. અરુણોદય થાય એટલે પ્રકાશ આવે, રાત ઘરડી થાય, આ પ્રમાણેનો સાંકેતિક ગૂઢાર્થ છે. પણ એ ન સમજતાં પોતાની બુદ્ધિના ગજથી માપ કાઢી શબ્દને જ પકડીને અર્થ કરવામાં આવે છે. अहः એટલે દિવસ, लुनाति એટલે તોડે છે અને जारः એટલે ઘરડી કરે છે. રાત એટલે કે ઘરડી કરે તે. અહીં ઇંદ્રની વાત નથી, પણ અરુણોદયની વાત છે. પણ તેનો અમુક અર્થ લઈ લોકો તે વાંચે અને ભગવાનના નામે અમુક વાતો ઉપજાવી આનંદ મેળવે; કારણ કે ડિટેક્ટિવ કે એવી વાર્તાઓ જેમાંથી આવો આનંદ મળવાનો હોય તે જાહેરમાં ન વાંચી શકાય. આપણાં પુરાણોનું ખૂબ સંશોધન (Research) થવું જોઈએ. કોઈ વ્યક્તિ એકાદ ખૂણામાં બેસીને મહેનત કરતી હશે, તો તેને ધન્યવાદ આપવા જેવો છે; પણ સર્વસામાન્ય તે કાર્ય તરફ કોઈનું લક્ષ્ય નથી.

વેદોમાંથી બીજું એક રૂપક લઈએ: 'પ્રજાપતિ લટ્ટુ થઈ પોતાની દુહિતા-પુત્રી પાછળ દોડ્યા અને તેના ઉપર બળાત્કાર કર્યો. આ બીભત્સ લખાણુ વેદોમાં છે અને લોકોને એવું બીભત્સ ગમે છે તેથી લખ્યું છે' એમ ડૉ. મૂર સંશોધન કરીને કહે છે. ડૉ. મૂરને કહેવું જોઈએ કે, ગૂઢાર્થથી ભરેલું લખાણુ સમજવાની અક્કલ હોવી જોઈએ. ગૂઢ અર્થ સમજવાની અક્કલ ન હોય તો આવું ઊંધું ન લખો. બાઈબલમાં પણુ કેટલીક વાતો એવી છે કે, જે વંચાય પણુ નહીં.

પ્રજાપતિ છોકરી પાછળ દોડ્યા તે દેવોને ગમ્યું નહિ. તેઓ વિચાર કરવા લાગ્યા કે, હવે શું કરવું? તો તેમણે પોતાની શક્તિ કેંદ્રીભૂત કરી, તે શક્તિ રુદ્રરૂપે નિર્માણ થઈ. આમ વાર્તા છે. તેમાં થોડા ઊંડા જશો તો જણાશે કે, તેની પાછળ રાજકારણ( Politics )થી ભરેલો અર્થ છે.

પ્રજાપતિ દુહિતા ઉપર ગુસ્સે થયા અને તેને મારવા દોડ્યા. પ્રજાપતિની દુહિતા એટલે તેમની રાજ્યસભા. દુહિતા-દૂરે હિતા એટલે સ્વગોત્રમાં નહીં, પણ પરગોત્રમાં સુખકારક તે, પોતાના ગોત્રમાં આપી ન શકાય તે. રાજ્યસભા, તે રાજાની દુહિતા છે. રાજશક્તિથી તે નિર્માણ થઈ હશે તો તે પોતાના ગોત્રમાં ન રખાય. રાજ્યશાસ્ત્રનો જ્યારે વિચાર કરીએ ત્યારે તેમાં બે જ ગોત્રો છે: એક ગોત્ર એટલે રાજાનું અને બીજું ગોત્ર એટલે પ્રજાનું; એટલે રાજાની રાજ્યસત્તા-રાજ્યસભા પ્રજાના ગોત્રમાં આપી દેવાની, પ્રજાગોત્રમાં આપી દેવાની એટલે રાજ્યસભા રાજાની છોકરી છે, પત્ની નહીં. તેનો પ્રમુખ પ્રજાપક્ષનો થાય. અધ્યક્ષ રાજ્યપક્ષનો ન રહેતાં પ્રજાપક્ષનો રહે. રાજ્યપક્ષનો પ્રમુખ,

તે રાજ્યમાંનો પ્રમુખ ન રહી શકે. તે બીજા ગોત્રનો એટલે કે પ્રજાપક્ષનો હોવો જોઈએ. આજે પણ રાજ્યકર્તાઓનો એક માણસ ધારાસભાના સ્પીકર તરીકે રહે છે; પણ તે સ્પીકર રાજ્યસત્તા પર આવેલા પક્ષનો હોય છે. વાસ્તવિક તેમ ન હોવું જોઈએ. તે સત્તા પર ન આવેલા પક્ષોમાંથી અથવા કોઈ પણ પક્ષનો ન હોવો જોઈએ. આ પ્રજાપતિનું રૂપક સુંદર છે. તે સુંદર વ્યવસ્થા બતાવે છે. એના જેટલું લોકતંત્ર રાજ્ય (Democratic State) કદાચ કોઈ ઠેકાણે નહીં હોય. સ્પીકર રાજ્યશક્તિનો નહીં, પણ પરગોત્રનો-પ્રજાપક્ષનો હોવો જોઈએ. આ સૂત્રાત્મક લખાણ છે! ઐતરેય બ્રાહ્મણ ખોલીને બરાબર વાંચશો, તો ખબર પડશે, મૂરને આ કલ્પના જ ન હતી એમ નહીં. તેમણે કોઈ કોઈ ઠેકાણે લખ્યું છે: 'This hymn preaches social spirit;' પરંતુ તેને શું પડી છે? આપણી સંસ્કૃતિ માટે તેનું આંતરડું થોડું જ તૂટે છે?

આ સમયે કેટલું નિષ્પક્ષપાતી (Impartial) કામ થતું હશે? આવા લખાણને અશ્લીલ કહેવું તે મૂર્ખાઈ જ છે. પણ તેનું સંશોધન (Research) કરવાની કોને પડી છે? વેદના બેચાર મંત્રો ગોખી કાઢેલા હોય; અને તે અગિયારશને દિવસે બોલવાના અને દક્ષિણા લેવાની. દક્ષિણા આપનાર એમ સમજતો હોય કે, પોતે મોટું પુણ્ય કરી રહ્યો છે. આ કલ્પના હોવાને લઈને આપણાં અલૌકિક શાસ્ત્રોની વાંદરાના હાથમાં રતન જાય તેના જેવી દશા થઈ છે. આ પ્રમાણે મંત્રોચ્ચાર કરી બ્રાહ્મણો સમાધાન લેતા રહ્યા છે અને कृतकृत्यश्च भारत। એમ માનતા રહ્યા છે.

પરીક્ષિત રાજાને સર્પ કરડ્યો અને રાજા મરી ગયો.

આ પ્રસંગ વ્યવસ્થિત દૃષ્ટિકોણથી વાંચશો તો ખબર પડશે કે, પરીક્ષિત રાજાને મારવા માટે એક વ્યવસ્થિત (Systematic) ષડ્યંત્ર રચવામાં આવ્યું હતું. સર્પજાતિના અરાજક યુવકોએ એમનું ખૂન કર્યું હતું. પાંડવોએ નાગકન્યા જોડે સંબંધ બાંધ્યો હતો, નાગ એટલે ફેણવાળો ફૂંફાડા મારતો નાગ નહીં. તે વખતના ક્ષત્રિયો કંઈ ગાંડા હતા કે એવી નાગકન્યા જોડે પરણે ? નાગ એક મોટી જાતિ હતી—જમાત હતી. તે જાતિના લોકો સાંસ્કૃતિક દૃષ્ટિથી હીન હતા. તેથી તે સર્પ કહેવાતા. સર્પ એટલે 'દૂર થાઓ.' એમ અર્થ થાય છે. તેથી કદાચ તે જાતિ સર્પ કહેવાતી હશે. આ સર્પજાતિના યુવકોએ ભેગા થઈ નક્કી કર્યું હતું કે, પરીક્ષિતને માર્યા વગર આપણને ઊંઘ ન આવવી જોઈએ; કારણ અર્જુને સર્પજાતિની પેઢીની પેઢી ખલાસ કરી નાખી હતી. પરીક્ષિત પાંડવકુળના હોવાથી વેરના બહાના નીચે આ લોકોએ તેમને મારી નાખ્યા. આ યુવકો સંન્યાસીનો વેષ ધારણ કરી પરીક્ષિતને બનાવીને તેના દરબારમાં ઘૂસ્યા હતા.—

> संचिंतयामास तदा मायायोगेन पार्थिवः ।
> मया वंचितव्योऽसौ क उपायो भवेदिति ।
> ततस्तात स्वरूपेण प्राहिणोत्सभुजंगमात् ॥

પણ ક્રાંતિ (Revolution) કરનાર પક્ષ (Party) એટલો ભાવનાપ્રધાન હોય છે કે, તેનું ષડ્યંત્ર ફૂટ્યા વગર રહેતું નથી. ક્રાંતિકારી લોકોનાં કાવતરાં ફૂટી ગયાના ઘણા દાખલાઓ આપણા ઇતિહાસમાં છે. તત્કાલીન ક્રાંતિવાદી યુવકોનો એક સમૂહ તૈયાર થયો હતો, પણ આ ક્રાંતિવાદીઓ ભાવનાપ્રધાન હોવાથી તેમનું કાવતરું ફૂટી ગયું હતું.

પરીક્ષિત શમીકઋષિના આશ્રમમાં ગયા હતા ત્યારે ઉન્મત્ત બની તેમણે શમીકઋષિના ગળામાં સાપ બાંધ્યો હતો. પાંડવોનો પૌત્ર હતો તેથી શું થયું? ઋષિના ગળામાં સર્પ બાંધવાનું તેને કારણ શું? આ જોઈ ઋષિનો છોકરો ચિડાઈ ગયો અને કહ્યું, 'તારા દિવસો ભરાઈ ગયા છે, આજથી સાતમે દિવસે જ સર્પજાતિના લોકો તને મારવાના છે,' ઋષિપુત્ર અને સર્પજાતિના પુત્રો ભેગા થયા હતા તે પણ ઇતિહાસ છે. નહિતર સાતમો દિવસ એમ આ ઋષિપુત્રને ખબર કેમ પડી? તેને આ ષડ્યંત્રની પૂર્ણ ખબર હતી. તેને એ પણ ખબર હતી કે, પરીક્ષિતરાજાને કયા દિવસે, કયા કલાકે આ લોકો મારવાના છે. શમીકને આની ખબર પડતાં તેણે પોતાના પુત્રને કહ્યું, 'તું મૂર્ખ છે. તેં રાજાને આ ષડ્યંત્રથી વાકેફ કેમ ન કર્યો? રાજા ભલે ઉન્મત્ત થાય; પરંતુ રાજ્યસત્તા તો ટકવી જ જોઈએ. રાજ્યસત્તા તૂટે તો અરાજકતા (Anarchy) થાય. રાજ્યસત્તા હશે તો જ નૈતિક મૂલ્યો, સામાજિક મૂલ્યો, આધ્યાત્મિક મૂલ્યો સમાજમાં ટકી શકશે. તે ટકાવવા માટે રાજ્યસત્તા પહેલી ટકવી જોઈએ. બ્રાહ્મણોએ રાજ્યસત્તા તોડવાનો વિચાર ન કરવો જોઈએ. તું જઈને પરીક્ષિતને આ ષડ્યંત્રથી વાકેફ કર.' શમીકપુત્રે પરીક્ષિતને આ ષડ્યંત્રથી વાકેફ કર્યો અને કહ્યું, 'આજથી સાતમે દિવસે તારું મૃત્યુ થશે.' પરીક્ષિતને ખબર પડતાં તે ચેતી ગયો. તેણે પોતાના સી. આઈ. ડી. ગોઠવી કડક ચોકીપહેરો ગોઠવ્યો. પરંતુ ત્યાં તેણે એક ભૂલ કરી. કડક બંદોબસ્ત હોવા છતાં દરબારમાં સંન્યાસીઓને આવવાની છૂટ આપી. રાજ્ય કરવાનું હોય તો આવી રીતનું ગાંડપણ ન ચાલે.

કૃષ્ણ હોત તો તેને તેની ભૂલ સમજાવત. સામાન્ય રીતે યુધિષ્ઠિર શ્રીકૃષ્ણને પૂછ્યા વગર કોઈ કાર્ય ન કરતા; પરંતુ જુગાર તો કૃષ્ણને પૂછ્યા વગર રમવા ગયા હતા. તેમણે યુધિષ્ઠિરને પૂછ્યું, 'જુગાર રમવા કેમ ગયા હતા?' યુધિષ્ઠિરે કહ્યું, 'કાકાએ બોલાવવા મોકલ્યું તેથી.' 'કાકાએ કહ્યું એટલે શું જુગાર રમવા જવાનું? તને ખબર છે, તારો કાકો કેવી રીતનો છે તે?' આવા પ્રકારનું ગાંડપણ રાજકારણમાં ન ચાલે. કૃષ્ણ હતા ત્યાં સુધી યુધિષ્ઠિરનું રાજ્ય શાંત, સુસંબદ્ધ અને કુશળ રીતે ચાલ્યું હતું. આ પરંપરા ધ્યાનમાં રાખી પરીક્ષિતે આટલો કડક ચોકીપહેરો રાખ્યા પછી આવી ભૂલ નહોતી કરવી જોઈતી.

રાજાના સત્કાર માટે તાપસવેશે હાથમાં ફળફૂલ લઈ પાંચ સર્પયુવકો રાજદરબારમાં ગયા. પરંતુ બહાર નીકળતી વખતે ચાર જ બહાર નીકળ્યા. ચોકીદારોને ખબર ન રહી કે, એક સંન્યાસી અંદર રહી ગયો છે. અંદર રહેલા આ તક્ષક નામના સર્પયુવકે રાજાને કેવી રીતે મારી નાખ્યો તેનું સુંદર વર્ણન પુરાણોમાં છે.

આપણને સવાલ થાય કે, આ સર્પજાતિ અર્જુનને ન કરડતાં પરીક્ષિત ઉપર શા માટે વેર લે? મૂળ વાત એમ છે કે, અર્જુનને મારી શકે એવો કોઈ બચ્ચો તે સમયે પેદા થયેલો નહિ અને થયો હોય તો તે કોઈને દાદ આપે તેવો ન હતો. તમે કર્ણપર્વ વાંચો તો ખબર પડશે, કે જ્યારે કર્ણ–અર્જુનનું યુદ્ધ થયું ત્યારે વેરથી બળતા અરાજક યુવાનો કર્ણ પાછળ આવ્યા હતા અને પાછળથી ઝેરી બાણ કર્ણના ભાથામાં મૂકી દીધું હતું. તે યુવાનો ભીષ્મ અને દ્રોણ પાસે ન ગયા; કારણ ભીષ્મ અને દ્રોણ-

ને અર્જુન માટે હાર્દિક લાગણી (Soft corner) હતી. ભાથામાં મૂકી દીધેલું ઝેરી બાણ અર્જુનને ન વાગતાં તેના મુગટને વાગ્યું હતું અને તેનો મુગટ બળી ગયો હતો. પોતાનું ધારેલું ન થતાં તેમાંના એક યુવાને કર્ણને કહ્યું, 'તમારે એના ઉપર વેર લેવું છે કે નહીં? તેને મારવાની તમારી વૃત્તિ છે કે નહીં? અમે પણ તમારા જ વિચારના છીએ. બીજું સરસ બાણ આપું છું. તેના વડે અર્જુનને મારજો.' તે વખતે કર્ણે કહ્યું છે, 'અરે મૂર્ખ! શું હું તારી મદદથી તેને મારીશ?'

કર્ણ અને આ અરાજક યુવાનનું સંભાષણ વાંચવા જેવું છે.

અર્જુન ઉપર આ સર્પોને ચિડાઈ જવાનું, વેર વાળવાનું કારણ શું? તત્કાલીન ખાંડવવનની આજુબાજુમાં જે વસ્તી હતી તે અસુરોની વસ્તી હતી. 'असुषु रमन्ते ते असुराः' તે લોકો કેવળ ભોગોમાં જ રાચવાવાળા હતા. શ્રીકૃષ્ણે અનેકવાર નમ્રતાથી આ લોકોને સમજાવ્યું કે, અમે દૈવી વિચારોનો પ્રચાર કરવા આવ્યા છીએ, અમને અટકાવો નહીં; પરંતુ શ્રીકૃષ્ણનું કહેલું માનવાની વાત તો બાજુ પર રહી, પણ કોઈએ તેમનું સાંભળ્યું સુદ્ધાં નહીં. આ વસાહતની વસ્તી હરામખોર હતી, પણ સાથે સાથે સુધરેલી (Advanced) હતી. તેમની પાસે પૈસા હતા. સંપત્તિ હતી. સત્તા હતી. બહુ પૈસાવાળા કોઈનું સાંભળે છે ખરા કે આ લોકો સાંભળે? કૃષ્ણે કહ્યું, 'હવે મને જગતમાં ઊભા રહેવાનો સમય નથી. જગતમાં ઊભો રહેવા હું આવ્યો નથી.' તત્કાલીન ભારતની દૃષ્ટિએ આ અસુરોની વસ્તી બૂજ હતી. ચાર સડેલી કેરી ફેંકી દેતાં

કરંડિયામાં રહેલી કેરીઓ બચતી હોય તો સારું. કૃષ્ણે તેમને કહ્યું, 'અમારે ઘણું કાર્ય કરવાનું છે. અમારી વાત તમે માનો.' પણ ધારેલી અસરનો પડછાયો પણ માલૂમ ન પડતાં શ્રીકૃષ્ણ અને અર્જુને આખી વસાહતની વસાહત સાફ કરી નાખી. આ લોકો આર્કિટેક્ટસ અને એન્જિનિયર્સ હતા, પણ આ લોકો ભોગવાદી આસુરી વિચારોના હતા-ખાઓ, પીઓ અને મઝા કરો( Eat, drink and be merry )માં જ માનનારા હતા. આસુરી વિચાર, ભોગવાદી વિચારસરણી, 'Eat, drink and be merry'નાં જર્મ્સ ટી. બી.નાં જર્મ્સ જેવાં હોય છે. બહુ જલદી ફેલાવો પામે છે. પાડોશીના ઘેર હશે તો તમારે ઘેર આવતાં વાર નહીં લાગે. બાપને હશે તો છોકરાને લાગતાં વાર નહીં લાગે. એકને હશે તો સમાજમાં ફેલાતાં તેને બહુ વાર લાગતી નથી તેથી તેમને મારવાં જ જોઈએ. અર્જુને તેમને માર્યાં હતા. પરંતુ તેમાંથી જે થોડાઘણા બચી ગયા હતા તેઓ અર્જુનને મારવા માટે ષડ્યંત્રો રચતા જ હતા, પણ તેમાં તેઓ ફાવ્યા નહીં. છેવટે તે ષડ્યંત્રની પરિણુતિ ત્રીજી પેઢીમાં થઈ અને આ લોકોએ પરીક્ષિતને માર્યો.

તે અસુરો બુદ્ધિશાળી ( Intellegent ) હતા અને તેમાંનો મયાસુર નામનો એક એન્જિનિયર અર્જુનને શરણે આવ્યો હતો. તેણે કહ્યું, 'અમને મારો નહીં', અમે સાંસ્કૃતિક કાર્ય કરવા માટે તૈયાર છીએ.' અસુર મોટા દાંતવાળો હોય, મોટાં શીંગડાં અને નખવાળો હોય એવી કલ્પના ન રાખો, પણ તે અસુરો સુંદર હતા.

મયાસુરે એક સુંદર મહેલ એમને બાંધી આપ્યો. બાંધવાનો બધો સામાન( Material ), મજૂરો અને કડિયા

પણ પોતાના. બીજાં સાધનો, અરે, બધું જ પોતાના દેશથી લાવ્યો હતો. એ ડરથી કે અમારી કલા કોઈ જાણી જાય તો ? આમાં આર્થિક બુદ્ધિ પણ હતી, પણ એકબીજાનો પ્રેમ વધારવા માટે તેણે અર્જુનને મફત મહેલ બાંધી આપ્યો હતો. અર્જુનના કહેવા છતાં પણ કોઈ પણ જાતની મદદ નહિ લીધેલી.

કહેવાનું તાત્પર્ય એ કે, રૂપક ઉપરનો બુરખો કાઢી નાખવો જોઈએ; બુદ્ધિની કસોટી પર એને ઘસવું જોઈએ. જો કે પુરાણોમાં તાપસવેષેણ એમ સ્પષ્ટ રીતે લખ્યું છે અને આ તાપસવેશધારીઓનાં ષડ્યંત્રોનો ભોગ પરીક્ષિત બન્યા હતા.

પાંચસો પાંચસો વર્ષ થયાં, પરંતુ સાંસ્કૃતિક દૃષ્ટિથી એક ડગલું પણ કોઈએ આગળ ભર્યું હોય તો હરામ છે. ભગવાનના નામે બધા ચરી ખાય છે. ભગવાન એક દિવસ આવશે અને બધું સાફ કરશે. ખોટું સંશોધન કરનાર મૂર સાહેબને પણ તે જવાબ આપશે. સાંસ્કૃતિક અને નૈતિક નિષ્ઠા સમાજમાં પુનર્જીવિત થાય તે માટે હરામ છે કોઈ પ્રયાસ કરતું હોય તો. પાશ્ચાત્યોને ધન્ય છે કે, ખરો-ખોટો પણ તેમણે પ્રયાસ કર્યો છે.

મૂળ વાત ઉપર આવીએ તો રાજ્યસભા રાજ્યસત્તાએ નિર્માણ કરી છે, પણ રાજ્યસભા ઉપર પ્રજાપતિનો (રાજાનો) અધિકાર નહીં. પણ પ્રજાપતિ ગુસ્સે થઈ તેનો ભંગ કરવા નીકળે છે ત્યારે તેનો સામનો કરવા શક્તિ નિર્માણ થાય છે. આમ વિશિષ્ટ દૃષ્ટિથી પુરાણો વાંચશો તો જ ખબર પડશે. પુરાણો, રાજ્યશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, નીતિશાસ્ત્ર વગેરેના ભંડારોથી ભરેલાં છે. તેમાં કેવળ ગપ્પાં નથી, મનોરંજનની વાર્તાઓ નથી. તેમાં ખૂબ વ્યવસ્થિત (Systematic) લખાણ છે. જૂનું વાઙ્મય વાંચો તો આ દૃષ્ટિથી વાંચો. તે કાળમાં જઈને

વાંચો, નહીં તો અંધારયુગ ( Dark Continent ) લાગશે. અવતારોનો પણ સાંસ્કૃતિક દષ્ટિકોણ રાખી વિચાર કરીએ.

મત્સ્ય અવતાર માટે બે માન્યતાઓ છે: એક વાત એ છે કે નદીકિનારે મનુભગવાન તપશ્ચર્યા કરતા હતા. ત્યાં તેમના આશ્ચર્યે એક માછલી આવી. મનુએ તેને એક વાડકામાં સ્થાન આપ્યું. માછલી દિવસે દિવસે મોટી થવા લાગી એટલે તેને એક હાંડામાં મૂકી. તે વધુ મોટી થઈ એટલે તેને કૂવામાં સ્થાન આપ્યું. પછી તળાવમાં અને વધુ મોટી થતાં દરિયામાં મૂકી દીધી. જતાં જતાં માછલીએ કહ્યું : ' તમે મારા આશ્રયદાતા છો, તેથી તમને જરૂર પડે ત્યારે મને બોલાવજો. તમને અગવડ પડશે ત્યારે હું તમને મદદ કરીશ. '

એક વખત સખત વરસાદ થયો. પ્રલયકાળનો વરસાદ. બધે જ પાણી પાણી! બધું જળબંબાકાર થઈ ગયું. આ વરસાદમાં મનુ ચાર શિષ્યો લઈ હોડકામાં જતા હતા અને પ્રબળ વંટોળમાં હોડકું ડૂબવાની તૈયારીમાં હતું તેટલામાં તે માછલી આવી, નીચે રહી તેણે હોડકું સંભાળી રાખ્યું, આનું નામ મત્સ્યાવતાર.

મત્સ્યાવતાર માટે બીજી આવી વાતો છે: શંખાસુર નામનો રાક્ષસ દક્ષિણ તરફ સમુદ્રમાં રહેતો હતો. સમુદ્રનો તે છોકરો હતો. તે અસુર હતો. તેણે બધા વેદો ડુબાડ્યા. શંખાસુરને મારવા ભગવાને મત્સ્યાવતાર લીધો અને વેદોને ડૂબતા બચાવ્યા. સત્યવ્રત દ્રવિડેશ્વરને રાજ્ય ઉપર બેસાડ્યા. આ મત્સ્યાવતાર લીધેલા ભગવાને જે પુરાણ સંભળાવ્યું, તેનું નામ મત્સ્યપુરાણ.

આજનો યુગ છોડી પચીસ હજાર વર્ષ પાછળ જાવ તો આની કલ્પના આવશે. હિમપુરુષના યુગ વખતની

ભૂગોળ જુઓ. તે વખતે ભારતના બે ભાગ પડી ગયા હતા. ઉપરના ભાગમાં વિંધ્યપર્વત હતો અને નીચે દક્ષિણમાં દરિયો હતો. દક્ષિણમાં કેટલાક લોકો રહેતા હતા. તે લોકો પાણીમાં જ રહેતા હતા. દરિયામાં જ ફરવાવાળા, નૌકામાં જ જીવન ગાળવાવાળા અને તરવામાં નિષ્ણાત હતા. તમે આજનું ઐતિહાસિક લખાણુ વાંચશો તો ખ્યાલ આવશે કે ફ્રેન્ચ, અંગ્રેજ વગેરે પરદેશના લોકો પહેલાં હિંદુસ્તાનમાં આવ્યા ત્યારે તે જલચર જ કહેવાતા. સતત જલમાં ફરનારા તે જલચર કહેવાતા. તેમને ઉદ્દેશીને આ લખાણુ છે. દક્ષિણમાં રહેનારા આ લોકો મત્સ્ય કહેવાતા. તે પ્રદેશમાં મત્સ્યન્યાય પ્રચલિત હતો. જેમ મોટી માછલી નાની માછલીને ખાય તેમ બળિયો નબળા ઉપર નભે. 'जीवो जीवस्य जीवनम् ।'

હિમાલયની પશ્ચિમ બાજુ કાંગડા જિલ્લામાં મનાળી ગામ છે. ત્યાં આ મનુનો આશ્રમ હતો. ત્યાં હજુ પણુ દર વર્ષે મનુનો ઉત્સવ થાય છે. મનુ મહાન તપસ્વી હતા. જ્ઞાની હતા. સમાજનું કલ્યાણુ કેમ થાય તે માટે અવિરત પ્રયત્ન કરતા હતા. ઉત્તર ભારતના બધા લોકો તેમને અતિ આદરથી જોતા હતા. તેમના આશ્રમને મહાન પુરુષના આશ્રમ તરીકે જોતા હતા. સાંસ્કૃતિક દૃષ્ટિએ આ વર્ગ અતિ ઊંચો હતો અને બધા જ તેને બહુ માનતા હતા.

ભારતની દક્ષિણુ બાજુ જોશો, તો એકંદર ચાર જાતિ રહેતી હતી. દક્ષિણુ કિનારાની પશ્ચિમ તરફ બે જાતિ રહેતી હતી; એક 'નાગ' જાતિ અને બીજી 'વાનર' જાતિ. વિંધ્યપર્વતની દક્ષિણુ ભાગની આજુબાજુમાં 'ઋક્ષ' જાતિ વસતી હતી; અને તદ્દન દક્ષિણુ તરફનો ભાગ એટલે કે આજના તામિલનાડની આજુબાજુમાં અસુરો અને રાક્ષસો

રહેતા હતા. આ બધામાં રાક્ષસો સુધરેલા હતા, ભણેલા હતા. તેઓ બુદ્ધિશાળી ( Intellegent ) હતા. તેમનો દરિયાનો વ્યવહાર બહુ મોટો હતો. તેમના દરિયાપારના સંબંધો વાંચવા જેવા છે. આફ્રિકા જોડે તેમને અતિ ગાઢો સંબંધ હતો. જેમ જેમ રાક્ષસોની વસ્તી વધવા લાગી, તેમ તેમ તેમને જગ્યાની જરૂરિયાત વધવા લાગી. તેઓ સુધરેલા હતા તેથી તેમની પાસે હથિયારો સારાં હતાં. ટૂંકમાં તેમની પાસે બધું હતું, ફક્ત દૈવી સંસ્કૃતિ ન હતી. તેમની સંસ્કૃતિ એટલે ખાવું, પીવું અને મજા કરવી. તેમની ભોગવાદી સંસ્કૃતિ હતી. દૈવી વિચારોથી હીન સંસ્કૃતિ હતી. તેમને જેમ રહેવા માટે જગ્યાની જરૂર વધવા લાગી, તેમ તેમણે ત્યાં વસવાટ કરી રહેલા અભણ લોકોને–મત્સ્યોને ભગાડ્યા.

આ રીતનો મત્સ્યો અને રાક્ષસો વચ્ચે સંઘર્ષ ચાલતો હતો. તે સમયે મત્સ્યોમાંથી એક જણ દરિયો ઓળંગી ઉત્તરમાં મનુના આશ્રમમાં જઈ પહોંચ્યો. મનુએ તે મત્સ્યને આશ્રય આપ્યો અને કહ્યું, 'તું પણ માણસ છે અને હું પણ માણસ છું. તું અહીં સુખેથી રહે.' એક 'માછલી'–મત્સ્યને આશ્રય મળતાં ઘણી માછલી–મત્સ્ય લોકો ત્યાં આવ્યા. મનુએ બધાને આશ્રય આપી તેમની વ્યવસ્થા કરી.

મનુ સંસ્કૃતિનું પુનરુત્થાન કરનારી મહાન શક્તિ હતી. માછલી અનુક્રમે વધવા માંડી એટલે શરૂઆતમાં વાટકામાં, પછી હાંડામાં, કૂવામાં, તળાવ વગેરેમાં તેને આશ્રય આપ્યો; આ શું ગપ્પાં છે? ના, તેમ નથી, પણ તે તરફ જોવાનો દૃષ્ટિકોણ જુદો છે. શરૂઆતમાં મનુના આશ્રયે એક માછલી હતી, પણ તે વધતાં વધતાં આશ્રય મળતાં અનેક મત્સ્યો ત્યાં આવ્યા. મનુ ખૂબ દયાર્દ્ર અંતઃકરણથી

જોનારા હતા. મત્સ્યોએ પણ મનુની દૈવી વિચારસૃષ્ટિ અપનાવી. તેમને લાગ્યું કે, અહીંના લોકોમાં કેટલો પ્રેમ છે! કેટલા દૈવી વિચારો છે! આપણે પણ આ રીતે સુખથી અને આનંદથી રહીશું. રાતદિવસ લડવાને બદલે આવી રીતે શા માટે ન રહીએ? ધીમે ધીમે તેમનામાં આ દૃષ્ટિકોણ આવવા લાગ્યો. મનુએ કહ્યું, 'તમે પણ દૈવી જીવન જીવો. અહીંયાંથી આ વેદો લઈ જાવ અને તેમનો અભ્યાસ કરો. તેમનો પ્રચાર કરો.' તેમણે મનુ પાસેથી દૈવી સંસ્કૃતિની દીક્ષા લીધી, તેમાંથી ઘણા લોકોને હવાપાણી માફક ન આવતાં તે લોકો દક્ષિણમાં પાછા ફર્યાં, પણ ખાલી હાથે પાછા ન ફરતાં દૈવી સંસ્કૃતિ સાથે પાછા ફર્યાં-વેદો સાથે પાછા ફર્યાં. પાછા ફરતાં ભરાઈ ગયેલા અંતઃકરણથી તેમણે મનુને કહ્યું, 'તમે અમને ઉપકૃત કર્યાં છે, અમને દૈવી જીવન આપ્યું છે. તમે જ્યારે પણ અગવડમાં આવશો ત્યારે અમે તમને મદદ કરીશું. તમે દરિયો જોયો નથી, પણ અમે તો દરિયાની માછલીઓ છીએ. અમે તમારા માટે જીવ આપવા તૈયાર છીએ.'

આ લોકો જ્યારે પાછા ફર્યાં ત્યારે પોતાની સાથે વેદો લેતો આવ્યા, દિવ્ય વિચારો લાવ્યા અને એ રીતે દૈવી જીવન જીવવા લાગ્યા. આ જોઈ ત્યાંના રાક્ષસોને ચીડ ચડી. તેઓ કહેવા લાગ્યા, 'આ શું બધી ટકટક છે? ખાવું, પીવું અને મજા કરવી તેને બદલે આ દૈવી જીવનના વિદેશી વિચારો (Foreign germs) આ લોકો ક્યાંથી લઈ આવ્યા? ખાવું, પીવું અને મઝા કરવી (Eat, drink and be merry)-ને સર્વસ્વ સમજનાર શંખાસુર નામના મહાન પ્રતિષ્ઠિત રાક્ષસે રાજસત્તાની મદદ લઈ, કાયદો કરાવી આ લોકોને

વેદો વાંચતા બંધ કર્યા. તેણે કહ્યું, 'આ બધાં તમારાં ગપ્પાં છે. કોઈ એક સૃષ્ટિનો પાલક છે–સૃષ્ટિ કોઈએ નિર્માણ કરી છે એ વાત અમારા મગજમાં જ ઊતરતી નથી. અમને તે વાતો જોઈતી નથી. તમારી બુદ્ધિનો વિકાસ ઓછો છે, માટે તમે સૃષ્ટિકર્તા( Creator )ને માનો છો. આમ થશે તો અમારી પ્રજા પુરુષાર્થહીન થશે, એમનો વિકાસ ( Development ) અટકી જશે, તેઓ પછાત રહેશે. અમે સુધરેલા છીએ. અમારું જીવન ઊર્ધ્વસ્ત થઈ જશે.'

રાજ્યસત્તા વેદોને મદદ ન કરે ત્યાં સુધી વાંધો નહિ, પણ નાશ કરવા આવે ત્યારે? શંખાસુરે અત્યાચારથી પણ સ્વાધ્યાય બંધ કર્યો. વેદમંત્રો બોલાય નહિ. બોલશે તેને મારી નાખવામાં આવશે. આથી શંખાસુરની આસુરી સંસ્કૃતિ અને મનુ પાસેથી લાવેલી માનવી–દૈવી સંસ્કૃતિ વચ્ચે લડાઈ થઈ–સંઘર્ષ થયો. મત્સ્યોના પ્રમુખ સત્યવ્રત દ્રવિડેશ્વરે કહ્યું, 'શા માટે ડરો છો? રાજસત્તાને માનો નહિ એટલું જ નહિ; પરંતુ એનું સાંભળો પણ નહિ. મનુના વિચારોને–દૈવી સંસ્કૃતિને ખૂણેખૂણામાં લઈ જાવ.' એક બાજુ રાજ્ય-સત્તા. સત્તા–સંપત્તિવાળાઓ ભેગા થઈ દૈવી વિચારોને દાબવા પ્રયત્ન કરવા લાગ્યા, બીજી બાજુ આ લોકો લોહીનું પાણી કરી રાતદિવસ દૈવી વિચારો ટકાવવા મહેનત કરવા લાગ્યા; આંતરડું તોડી કામ કરવા લાગ્યા. તેમને અનેક અગવડો નડવા લાગી. પ્રભુના કાર્યમાં જ અગવડ આવે ને? દારૂ પીવામાં અગવડ ન હોય, પણ દારૂ છોડવામાં જ અગવડ હોય. મનુએ આ લોકોને નૈતિક હિંમત આપી અને કહ્યું, 'તમે ડરો નહીં. પ્રભુના કાર્ય માટે તમે મહેનત કરતા રહો. તમે કામ કરો; પ્રભુ તમારી પાછળ ઊભા જ છે.' આ લોકોએ

ખૂબ ખૂબ મહેનત કરી, ખૂબ મંથન કર્યું. તે પછી—

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥

દ્રવિડેશ્વરને ત્યાં પ્રભુએ જન્મ લઈ શંખાસુરને માર્યો અને સત્યવ્રત દ્રવિડેશ્વરને પ્રમુખ બનાવ્યો. તેમણે મત્સ્ય-કુળમાં જન્મ લીધો તેથી તે મત્સ્યાવતાર ગણાયો. તેમણે સહેલી ભાષામાં વૈદિક સિદ્ધાંતો સમજાવ્યા. તેનું નામ મત્સ્યપુરાણ.

ઉત્તર ભારતમાં તે સમયે મોટો પ્રલય થયો. દ્રવિડેશ્વર અને તેના લોકો આ પ્રલયમાંથી મનુ અને બીજા લોકોને મદદ કરવા દોડ્યા. રાતદિવસ પાણીમાં ફરનાર આ મત્સ્યોને ખાસ મુશ્કેલી ન નડી. તેમનામાંથી કેટલાંક ટોળાં પાછાં ત્યાં જ રહી ગયાં. ખાસ કરીને હાલના રજપૂતાના અને તેની પૂર્વમાં આ લોકો રહી ગયા, ત્યાં વસવાટ કર્યો તે મત્સ્ય દેશ. વિરાટરાજાની તે નગરી હતી! હમણાં પણ લોકોએ મત્સ્ય સંઘ સ્થાપી આ વિચારને પુષ્ટિ આપી છે. તેમણે મનુના આશ્રમમાં જઈ તેમની સાથે રહી સંસ્કૃતિ-નીતિનો પ્રચાર કર્યો. લોકોને સમજાવ્યું, અમે મનુના પ્રચારકો છીએ. यद् मनुरब्रवीत् तद् भेषजम् ।

एतद्देशे प्रसूतस्य सकाशादग्रजन्मनः ।
स्वं स्वं चरित्रं शिक्षेरन् पृथिव्यां सर्वमानवाः ॥

જે જે ઠેકાણે આ લોકો ગયા ત્યાં ત્યાં બધે કહેતા ગયા: 'અમે મનુના પ્રચારકો છીએ. મનુ જ તમારા બધાની એક દવા છે.' આમ કહી મનુના આ પ્રચારકોએ રાક્ષસી સંસ્કૃતિનો નાશ કરી, માનવી સંસ્કૃતિ ઊભી કરી. આ મત્સ્યાવતારની આછી કલ્પના છે. આપણી પ્રાચીન ભારતીય સંસ્કૃતિના ઇતિહાસમાં મત્સ્યાવતાર એ ગૌરવપૂર્ણ, તેજસ્વી અને જ્વલંત પાનું છે.

# કૂર્માવતાર

ઉત્ક્રાંતિ પ્રમાણે મત્સ્યયુગનો વિચાર કરતાં આગળ જઈશું તો પાણીયુગ ખલાસ થયો અને સૃષ્ટિ–પાણીમાંથી ઉપર આવવા લાગી; તે વખતે ઉત્ક્રાંતિનો નિયમ ચાલુ રહે એટલા માટે જલચર કરતાં ભિન્ન પણ બદલાઈ ગયેલી પરિસ્થિતિને અનુકૂળ એવાં રૂપો નિર્માણ થવાં જોઈએ; અર્થાત્ મિશ્રકોટિનાં પ્રાણી થવાં જોઈએ કે જે પાણીમાં પણ રહી શકે અને જમીન ઉપર પણ રહી શકે. જમીનનો કેટલોક ભાગ સૂકો થયેલો હોય એવા સમયે યોગ્ય કોટિના પ્રાણીનો એટલે ઉગ્ર કોટિના પ્રાણીના આવિર્ભાવનો સમય આવ્યો. આવા પ્રાણીનું આદર્શ પ્રમાણ એટલે કૂર્મ. આવા ઉત્ક્રાંતિકાળમાં ઘણાં જળસ્થળવાસી પ્રાણીઓનાં ટોળાંઓ ને ટોળાંઓ નિર્માણ થયાં અને જ્યારે જમીનનું પ્રમાણ વધવા લાગ્યું ત્યારે તે પ્રાણીઓ સ્થળવાસી થવા લાગ્યાં. પ્રાણીશાસ્ત્રનો બીજો ટપ્પો એટલે કૂર્મ. ઈશ્વરે પોતે નિર્માણ થઈને જગતના ઉત્ક્રાંતિતત્ત્વને આધાર આપ્યો. ઉત્ક્રાંત થવાવાળા આ જગતમાં બે પરસ્પર વિરોધી ધનશક્તિ અને ઋણશક્તિ સુરાસુરરૂપે ઊભી થઈ અને આ રીતે ઉત્ક્રાંત પ્રતા પ્રકૃતિજલના મંથનથી અનેક રૂપો તૈયાર થયાં. એ મંથનમાંથી ઘોડો, હાથી, સ્ત્રી આ બધાં ઉત્તરોત્તર ઉત્ક્રાંત થયેલાં રૂપો બહાર આવ્યાં.

ટૂંકમાં કહેવાનું હોય તો સુર અને અસુર એટલે ઋણ અને ધનશક્તિનું સમુદ્રમંથન એટલે કે પ્રકૃતિરૂપી જલને કૂર્મની પીઠ ઉપર વલોવ્યું છે. અને તેમાંથી અનંત

પ્રાણી ઉત્પન્ન થયાં. આ રીતે સૃષ્ટિની ઉત્પત્તિ થઈ છે. આ અતિ સુંદર રૂપક છે. આ રીતે એક કાંકરે બે પક્ષી મારવાની રીત છે. આ અમારાં પુરાણોનું લખાણ છે. બાળકોને પણ આનંદ આપે અને બુદ્ધિમાનોને પણ આનંદ આપે. આ લખાણ સમજશો તો ડાહ્યા અને ન સમજશો તો મહાન ડાહ્યા બીજું શું? કોઈ ને કોઈ રૂપે વાતો વાંચવાની જ છે, તો આ દૃષ્ટિથી શા માટે ન વાંચો? નહિ તો પછી ફક્ત મનોરંજનની દૃષ્ટિ થઈ જશે. જોકે કમલા, વિમલા, સરલાની વાતો વાંચો તે કરતાં આ ભગવાનની વાતો વાંચો એટલું જ.

કૂર્માવતાર એ સાંખ્યશાસ્ત્રના ઉત્ક્રાંતિવાદની દૃષ્ટિથી–પરિણામવાદની દૃષ્ટિથી બીજો અને મહત્ત્વનો અવતાર છે. કૂર્માવતાર તરફ સાંસ્કૃતિક દૃષ્ટિકોણથી જોઈએ. ગઈ કાલે મત્સ્યાવતાર જોયો. તે વખતે જોયુ હતું કે, સત્યવ્રત દ્રવિડેશ્વરના નેતૃત્વ નીચે એક મહાન હિલચાલ ચાલતી હતી. મનુની પાસે રહી આવેલા લોકોએ મનુના આશ્રમની અતિ સુંદર વ્યવસ્થા જોઈ હતી. તેના દિવ્ય વિચારોનું મહત્ત્વ સમજ્યા હતા. ભારતીય સંસ્કૃતિને લોહીલોહીમાં લઈ જવાનો–તેને અપનાવવાનો પ્રથમ પ્રયત્ન મત્સ્યયુગમાં થયેલો દેખાય છે. ઈતિહાસનું આ એક જ્વલંત પાનું છે.

દૈવી સંસ્કૃતિ લઈ આવનાર આ યુવાનોને જોઈને શંખાસુરને લાગ્યુ હતું કે, આ ગાંડાઓ છે. તેમનું બોલવું અસંબદ્ધ છે. જે આકાશમાં પણ જોવા નથી મળતો તે ભગવાન! અને તેની સંસ્કૃતિ માનવાવાળા આ યુવાનો ગાંડા છે. આ લોકો આકાશ તરફ જોતા રહેશે તો દૈવવાદી અને પુરુષાર્થહીન બની જશે. અહીં પછી મોટા બં

(Dams) કોણ બાંધશે? નહેર બાંધકામ (Irrigation) વગેરે કોણ કરશે? અમારી શક્તિ યંત્રશક્તિ છે, બાહુશક્તિ છે. અમારી શક્તિ તલવારમાં છે. અમારી સંસ્કૃતિ ટકવી જ જોઈએ. તેણે વેદોનો નાશ કરવા પ્રયત્ન કરવા માંડ્યો. બધાને ત્રાસ આપવા માંડ્યો, પરંતુ યુવાનો પર મનુના વિચારોની-ચારિત્ર્યની અસર એટલી પ્રબળ હતી કે, સેંકડોની સંખ્યામાં લોકો ઘરતું ખાઈને ચામડી ઘસવા તૈયાર હતા. આ કટોકટીના સમયે ભગવાને મત્સ્યાવતાર લઈ શંખાસુરને મારી, સ્વલ્પ રૂપમાં વેદોનો સિદ્ધાંત સમજાવ્યો. લોકોને નિરપેક્ષ કાર્ય કરવાની પ્રેરણા આપી. 'સતત વૈદિક સંસ્કૃતિનો ઝંડો ફેલાવી લોકોને સુસંસ્કૃત કરો' વગેરે સમજાવી પોતાનું અવતારકાર્ય પૂરું કર્યું. મત્સ્યાવતારથી ઇતિહાસમાં ક્રાંતિની શરૂઆત થઈ છે. આ ઘટના વિચારણીય છે. તેથી પુનરાવર્તન કર્યું છે. અવતારો માટે એક માસ પૂરતો નથી. તે માટે તો બે વરસ જોઈએ. એક એક અવતાર માટે અઠવાડિયું અઠવાડિયું જોઈએ. પણ સમયનું બંધન આપણે માન્ય કર્યું છે. તેથી આપણે વધુ ઊંડાણમાં નહીં ઊતરીએ.

મત્સ્યાવતાર પછી પાછી ઊથલપાથલ થઈ. પુરાણમાં તમે કૂર્માવતારની કથા વાંચી હશે કે સમુદ્રમાં ડૂબેલાં રત્નો કાઢવા ભગવાન આવ્યા. મંદરાચલ પર્વત અને વાસુકી નાગની મદદથી સમુદ્રને વલોવ્યો. વલોવતાં વલોવતાં મંદરાચલ પર્વત પાણીમાં નીચે જવા લાગ્યો, ત્યારે ભગવાને કૂર્માવતાર લઈ નીચેથી પર્વતને ટેકો આપ્યો. તેને પોતાની પીઠ ઉપર ધરી રાખ્યો અને આ રીતે એ રત્નો બહાર નીકળ્યાં. જો એમ હોય તો પછી આ પૃથ્વીના લોકો માટે

અવતાર લેવાનું કારણ શું? પ્રશ્ન એમ થાય છે કે, રત્નો માટે ભગવાનને આટલું બધું કરવાનું કારણ શું? એટલા માટે પોતાને આવવાનું કાંઈ કારણ? અને એ રત્નો ક્યાં ગયાં? વાચ્યાર્થ દૃષ્ટિથી જોઈશું તો દરિયો વલોવ્યો, એ અસંભવિત લાગશે; પણ આ આખી વાત લક્ષ્યાર્થ છે.

માનવીનું મન મહાસાગર જેવું વિશાળ, અગાધ, વિવિધ, સુષ્ટ, દુષ્ટ, સંમિશ્ર ભાવનાથી ભરેલું છે. આ ભાવનાનું વિવિકબુદ્ધિથી મંથન કરીશું તો સમાજરચનાને ઉપયુક્ત અને સમાજશાશ્વતીને કારણભૂત આવો સમષ્ટીજીવનના (સહજીવનના) પરસ્પર સહકાર્ય માટે કર્તવ્યપાલનનો મહાન સિદ્ધાંત એટલે મર્ત્ય માનવને અમર કરવાવાળો સિદ્ધાંત હાથમાં આવે છે.

આ કથા વાંચતી વખતે તે સમયના ભારત તરફ નજર નાખો કે વિંધ્યની એક બાજુ મોટો દરિયો હતો. બીજી તરફ ઋક્ષ, નાગ, વાનર અને રાક્ષસોની વસ્તી હતી. એક તરફ રાક્ષસી સંસ્કૃતિ ઘણી સુધરેલી (Advance) હતી. તે લોકો પૂર્ણ ભૌતિકવાદી હતા, સુંદર, સમૃદ્ધ હતા. દેખાવડા હતા. ચારુવાક્ હતા. શોખીન હતા. ભૌતિકવાદ લોકોના મગજમાં કેમ ઊતરે તેનો જ પ્રયત્ન કરતા.

બીજી બાજુ લોકો સુધરેલા હતા. દૈવી સંસ્કૃતિ–વૈદિક સંસ્કૃતિ તેમણે અપનાવી હતી. દૈવી બનવા તેમનો સતત પ્રયત્ન ચાલુ હતો. આ બન્ને પ્રકારના લોકોની વચ્ચેથી દરિયો નિસર્ગથી ચાલ્યો ગયો. આપણને શંકા થાય છે. શું આમ દરિયો ચાલ્યો જતો હશે? ઉત્તરરામચરિતમાં સીતાત્યાગ પછી રામ જ્યારે જંગલમાં પાછા આવ્યા ત્યારે તે પોતે જ કહે છે. विपर्या ग्मां पत्र ग्र। ज्यां

નદી હતી ત્યાં આજે પર્વત છે અને પર્વત હતા ત્યાં આજે નદી છે. જો રામના ટૂંકા સમયમાં પણ આ તફાવત થઈ શકે તો સૃષ્ટિના કાળમાં તે શા માટે ન થઈ શકે? દરિયો ખસી જતાં નૈસર્ગિક રીતે આ બે દેશના લોકો ભાઈ ભાઈ બન્યા. તેમનું એકબીજાના પ્રદેશમાં જવું-આવવું વધવા લાગ્યું. ધીમે ધીમે તેમાંથી નાનામોટાનો સંઘર્ષ શરૂ થયો. તમારી સંસ્કૃતિ હલકી અને અમારી સંસ્કૃતિ શ્રેષ્ઠ એનો ઝઘડો શરૂ થયો.

સમૃદ્ધ રાક્ષસો કહેવા લાગ્યા, 'અમે શ્રેષ્ઠ છીએ, સુખી છીએ, અમારા મોટા મોટા બંગલાઓ છે. નીતિ અને ધર્મની અમને વાત પણ ન કરો.' બીજી તરફ વેદ-સંપન્ન લોકો કહે, 'જુઓ, અમારું જીવન કેટલું દિવ્ય છે! मनोरपत्यं मनुष्यः એવી પાણિનિની વ્યાખ્યા પ્રમાણે અમે મનુના અપત્ય છીએ તેની સંસ્કૃતિ અપનાવી અમે દિવ્ય જીવન જીવીએ છીએ. અમે તમારા કરતાં શ્રેષ્ઠ છીએ.' આ સંઘર્ષથી અશાંતતા, અસ્વસ્થતા નિર્માણ થઈ

પ્રભુના વિચારો ફેલાવવા કેટલાક સાત્ત્વિક જીવો રાતદિવસ પ્રયત્નો કરતા હતા, પરંતુ તેઓ તેમાં ફળીભૂત ન થયા. પ્રભાવશાળી, સમૃદ્ધ રાષ્ટ્ર તો ધ્યાન આપવાની તૈયારી બતાવતું નથી. તેને દુન્યવી આનંદો ( Worldly Pleasures ) જોઈએ. દુન્યવી સુખમાં જ તે માને છે. ભોગ-વાદ તરફ ખેંચાવું ખૂબ જ સહેલું છે, પણ અધ્યાત્મવાદ તરફ ખેંચાવું અતિ કઠણ છે.

સંપન્ન જીવન જીવવાવાળા (દૈવી જીવન જીવવાવાળા) સમૃદ્ધ જીવનના (ભોગવાદી જીવનના) નાદમાં પડ્યા. જડ-વાદ–ભોગવાદ મોહક છે. તેમને પ્રલોભનો ( Temptations )

થવા લાગ્યાં. તેઓનું સંપન્ન જીવન ઓછું થવા લાગ્યું-બંધન માનવું દુઃખકર લાગે છે, પછી ભલેને તેમાં વિકાસ થતો હોય.

સાત્ત્વિક જીવન જીવવાનો પ્રયત્ન કરનારા જીવો માટે કાર્ય કરવું કઠણ થઈ પડયું. સંપન્ન લોકોનાં મંદિરોમાં સમૃદ્ધ જીવનની વાતો થવા લાગી. તેઓ વેદોમાં પણ સમૃદ્ધિની કલ્પના જોવા લાગ્યા. તેમાંથી હથિયારની શોધ કરવા લાગ્યા. ચારે તરફથી સમૃદ્ધિ શોધો, આવું વાતાવરણ ઊભું થતાં તત્કાલીન સાત્ત્વિક બુદ્ધિથી જીવન જીવનાર અગવડમાં આવ્યા. તેઓનો સંપન્ન અને સમૃદ્ધ બન્નેને એક કરવાનો પ્રયત્ન નિષ્ફળ જવા લાગ્યો. તેઓ સમજાવવા લાગ્યા કે, તમે આત્મકેંદ્રિત (Egocentric) થશો, તો તમારી પેઢીની પેઢી નાશ પામશે. પરંતુ આ લોકોએ માન્યું નહીં, સાંભળ્યું નહિ. સાત્ત્વિક લોકોનો પ્રયત્ન નિષ્ફળ ગયો. જ્યાં સુધી અંતઃકલહ ચાલતો હોય ત્યાં સુધી અધ્યાત્મ જીવનનો વિકાસ થતો નથી.

આવા કાળમાં ચિત્શક્તિએ અવતાર લીધો અને તે અવતાર એટલે કૂર્માવતાર. તેનામાં કાચબાના બધા ગુણો હતા. કૂર્મ એટલે કાચબો, કાચબાના જેવો બુદ્ધિનો શાંત, ટોચનો આશાવાદી! પ્રસંગ જોઈ-સમજીને વર્તવાની કળા અને ચીવટવૃત્તિ જેની પાસે છે તેવો મહાપુરુષ જન્મ્યો. તે કાચબા જેવો છે એમ લોકો પ્રેમથી કહેવા લાગ્યા. પ્રભુનું કાર્ય કરનાર ટોચનો આશાવાદી જોઈએ, તે નિરાશા ન ચલાવી લે. જેને પ્રભુનું કાર્ય કરવાનું છે, તેને તો ડગલે ને પગલે નિરાશા સાંપડે, છતાં પણ જે પ્રચંડ આશાવાદી બની ટકી રહે, તો જ તે પ્રભુનું કામ કરી શકે.

કૂર્મે લોકોને સમજાવ્યું, 'તમે મનોમંથન કરો. સમૃદ્ધતા અને સંપન્નતાનો ઝઘડો શા માટે? સમૃદ્ધતાને સંપન્નતામાં જવા દો અને સંપન્નતાને સમૃદ્ધતામાં જવા દો. લક્ષ્મીને ગાળ શા માટે આપો છો? લક્ષ્મી કાંઈ આસુરી નથી. સહજીવન અને સહગૌરવ અપનાવો. મર્ત્ય માનવીની સંસ્કૃતિ અમર રહે તે પ્રમાણે રહો.'

માનવ નીચે જવા માંડ્યો હતો. એકબીજાના દોષો જોવા લાગ્યો હતો. તેથી હળાહળ ઝેર નિર્માણ થયું હતું. કૂર્મે સંપન્ન લોકોને સમજાવ્યું, 'તમે બધામાં જ સર્વ અંતર્યામી પ્રભુ માનો છો, તો સમૃદ્ધ લોકોમાં તમને પ્રભુ શા માટે નથી દેખાતો? તેમનામાં પણ પ્રભુ જ છે. જો તમને તમારી ભૂલ જણાતી હોય, તો તમે હળાહળ ઝેર પી જવાની તૈયારી બતાવો.' એમ વિનયથી તેમણે કહ્યું. સંપન્નોએ પોતાનું ઓછાપણું માન્ય કર્યું. આ ઊણપ કબૂલ કરવી તે ઝેર પીવા જેવું જ છે. નિર્ણય ઉપર આવવા આજની ભાષામાં સમૃદ્ધ અને સંપન્ન બન્ને પક્ષોની બહુ મોટી 'કોન્ફરન્સ' ભેગી થઈ અને લાંબા સમય સુધી મનોમંથન થયું.

તમે સૂક્ષ્મ દૃષ્ટિ કરી જોશો તો ખ્યાલ આવશે કે, મંદરાચલ પર્વત બિહાર નજીક ભાગલપુર છે ત્યાં હજુ પણ છે. ત્યાં માનવી સંસ્કૃતિની આ મહાન 'કોન્ફરન્સ' થઈ હોવી જોઈએ, તેને અનુકૂળ પુરાવો પણ છે. પહાડની આજુબાજુમાં કૂર્મી નામની જમાત હજુ પણ ત્યાં છે. આ કૂર્મનું તત્ત્વજ્ઞાન અપનાવ્યું તેથી તે જમાતનું નામ કૂર્મી પડયું હશે. આ 'સમૃદ્ધ' અને સંપન્ન લોકોની 'કોન્ફરન્સ'-માં અધ્યક્ષપણાનું કામ આ અવતારે કર્યું. તેણે બન્ને પક્ષોને

સમજાવ્યા અને એકબીજાની નજીક આણ્યા.

બીજી બધી સંસ્કૃતિઓ સમૃદ્ધિને શાપ તરીકે ગણે છે; પણ વૈદિક સંસ્કૃતિ સમૃદ્ધિને વરદાન ગણે છે. બાઈબલમાં લખાણુ છે કે, 'સોયના કાણામાંથી ઊંટ જશે, પણ પૈસાવાળાને સ્વર્ગ નહીં મળે.' પરંતુ આ કૂર્માવતારે માનવી સંસ્કૃતિ તરફ જોવાનો જુદો જ દષ્ટિકોણ આપ્યો. સંપન્ન લોકોને કહ્યું, 'તમે સમૃદ્ધિથી દૂર ન ભાગો. તમે અભડાઈ નહીં જાવ. દૈવી જીવન માટે સમૃદ્ધિનો ઉપયોગ કરી લો.' સમૃદ્ધ લોકોને સમજાવ્યું, 'સંપન્ન લોકોના વિચારો નહીં લો તો સંસ્કૃતિ ટકશે નહીં. મોડા વહેલા તમારી આખી જમાતનો નાશ થશે. તેને લાંબા સમય સુધી ટકાવવા તમારે દૈવી વિચારો અપનાવવા જોઈએ.' આમ કૂર્મે સર્વસમન્વય સાધી એકતા નિર્માણ કરી.

ત્યાર પછી સમુદ્રમંથનમાં દારૂ (સુરા) નીકળ્યો અને તે અસુરોએ ન લેતાં દેવોએ લીધો, એમ વર્ણન છે. પૌરાણિકો કહેશે, 'સ્વર્ગમાં તો સોમરસ ચાલે. ત્યાં સુરાનો વાંધો નહીં.' પરંતુ આ તે દારૂની વાત નથી. સભામાં જે ચર્ચા થઈ તેમાંથી સ્વાભિમાનની સુરા નિર્માણ થઈ. તે કોણ લે? દેવો પાસે સ્વાભિમાન હોવાથી તે સ્વાભિમાનની સુરા તેમણે લીધી. અસુરો પાસે તે ન હોવાથી તેમણે તે ન લીધી. જે દૈવી વિચારના થયા તેમને દેવ કહેવા લાગ્યા અને જે કેવળ પ્રાણોમાં જ રમનાર રહ્યા તેમને असुपु रमन्ते-અસુર કહેવા લાગ્યા હતા.

કૂર્માવતાર સુંદર છે. કૂર્મે સમૃદ્ધતા અને સંપન્નતા સાથે જીવી શકે છે એમ બતાવ્યું. પૈસા હોય તોપણ પ્રભુ મળી શકે છે. પૈસાની—લક્ષ્મીની ઉપેક્ષા ન કરો, એ ^.

બા છે. રાજ્યદરબારમાં સમૃદ્ધિની વચમાં બેઠેલો જનક સ્થિત-પ્રજ્ઞ રહી શકે છે એમ ભારતીઓ કહે છે. આપણા દેશમાં એકાંકી પક્ષપાતી લખાણ નથી. બંને જાતના લોકોના કાન પકડી તેમને ચીવટતાથી સહજીવન અને સહકાર્યનો સિદ્ધાંત સમજાવી માનવી સંસ્કૃતિ અમર બનાવી.

મરણકાળ નજીક પહોંચેલી માનવી સંસ્કૃતિને આ ચિત્-શક્તિએ અમર કરી અર્થાત સમાજને શાંત જીવન આપ્યું. કૂર્મને લોકો અવતાર ગણવા લાગ્યા.

અધ્યાત્મ જીવન જીવી શકાય તે માટે કૂર્માવતારે સમાજમાં શાંતિ સ્થાપી. શાંતિ એટલે સ્મશાનની શાંતિ નહીં. એવી શાંતિ એટમ બૉમ્બથી હીરોશીમા અને નાગા-શીકીમાં થઈ હતી. બીજી શાંતિ ભીતિની હોય છે. બધા દેશો શસ્ત્રાસ્ત્રથી સજ્જ હોય ત્યારે આધ્યાત્મિક જીવનનો છોડ વૃક્ષરૂપે પરિણમે નહીં, તે છોડને વૃક્ષમાં પરિણમવા તો દૈવી શાંતિ જ જોઈએ, જે કૂર્મે સ્થાપી. સર્વહિતસમ-ન્વયનું દિવ્ય તત્ત્વ કૂર્મે સમજાવ્યું. સહકાર્ય અને સહ-જીવનની કલ્પના આપી ભારતીય સંસ્કૃતિને અમર બનાવી. સંઘર્ષાત્મક સહજીવનની કલ્પના ભારતીઓને સંસ્કૃતિના પ્રભાતમાં જ મળી.

પણ સમુદ્રમંથનનું રૂપક દેવાસુરસંગ્રામમાં શા માટે? કામ અને ધર્મને સાથે અપનાવવાની દૃષ્ટિ ફક્ત ભારતીય સંસ્કૃતિમાં જ છે. કામને અપનાવવાની તાકાત બીજી કોઈ સંસ્કૃતિની નથી. બીજી સંસ્કૃતિઓએ કામને હલકો સમજી ફેંકી દીધો છે. જ્યારે કૂર્મે કહ્યું, 'આત્મનિરીક્ષણ કરો. સમૃદ્ધ જીવન નહિ અપનાવો તો શું તમારું જીવન ટકી રહેશે? કામને હલકો સમજી ફેંકી ન દો. સમૃદ્ધ જીવન

આ રાક્ષસી જીવન નથી. સમૃદ્ધ જીવનને અપનાવવું તે અતિ આવશ્યક છે. સમૃદ્ધ અને સંપન્ન બંનેના કાન પકડી બન્નેને એકબીજાનાં તત્ત્વ આપી સર્વભૂતહિત-સમન્વયની મહાન સમજણ આપી. કૂર્મપુરાણમાં તેમનાં ભાષણો છે. ટૂંકામાં અધ્યાત્મ જીવન જીવી શકાય તેવી દૈવી શાંતતા નિર્માણ કરવા જે ચૈતન્યશક્તિએ જે અવતાર લીધો તે અવતાર એટલે કૂર્માવતાર. તેણે સંપન્ન લોકોને કહ્યું, 'તમારે સમૃદ્ધ જીવનના લોકોની સમૃદ્ધતા અપનાવવી જોઈએ.' અને સમૃદ્ધ જીવનના લોકોને કહ્યું કે, 'તમારે દૈવી વિચારો અપનાવવા જોઈએ.'

મત્સ્યાવતારથી કૂર્માવતાર સુધી ત્યાગ અને ત્યાગીની ભાવના હતી. સંપત્તિ રાખે તે રાક્ષસ એમ ગણાતું. પણ કૂર્મે સમજાવ્યું, 'સંપત્તિ રાખો પણ દૈવી કાર્ય માટે તે રાખો.' તેને લઈને સમૃદ્ધિ અને સંપન્નતાથી પુષ્ટ એવી અમર ભારતીય સંસ્કૃતિ બની.

આ સહકાર્ય અને સહજીવનના સિદ્ધાંતો ઉપરના લોકોએ–દૈવી લોકોએ જેટલા અપનાવ્યા, તેટલા નીચેના લોકોએ–સમૃદ્ધ લોકોએ ન અપનાવ્યા. આત્મકેન્દ્રિત માણસો 'હું રોટલો ખાઉં તેમાં સંસ્કૃતિ નહીં', પણ બીજાને આપું તેમાં સંસ્કૃતિ છે,' એમ સંસ્કૃતિની ભાષા બોલે, પણ બીજાના જીવનમાં ભળી જવાનું તેમને માટે શક્ય નથી. સર્વહિતસમન્વય અને સહજીવનના સિદ્ધાંતોનું અમૃત દેવોએ પીધું ને તેઓ અમર થયા. રાક્ષસો તે પી શક્યા નહીં. તેમને અમર કરવા શુક્રાચાર્ય નામના વિદ્વાન થયા. તેણે બહુ સુંદર સંદેશો આપ્યો: 'રાક્ષસ શબ્દમાં હીનતા છે તે કાઢી નાખો. હિરણ્યકશ્યપુનો છોકરો પ્રહ્‌લાદ દૈવી

હતો અને પ્રહ્‌લાદનો છોકરો વિરોચન નાસ્તિક હતો. રાક્ષસ એટલે અમે અમારી બુદ્ધિથી જ અમારો વ્યવહાર ચલાવીશું. रक्षयामि એટલે રાક્ષસ. અમે જ અમારું રક્ષણ કરી લઈશું. અમને દૈવી શક્તિની જરૂર નહિ.'

પણ સર્વભૂતસમન્વયનો સિદ્ધાંત દેવોએ જેમ અપનાવ્યો તેમ રાક્ષસોએ ન અપનાવ્યો. તેથી તો ઘડિયાળના પેન્ડ્યુલમની જેમ સમાજની સ્થિતિ હંમેશાં થતી આવી છે. સમાજ કાં તો તદ્દન પ્રવૃત્તિ ઉપર જશે, કાં તો તદ્દન નિવૃત્તિ ઉપર; એ બન્નેની વચ્ચેના મધ્યબિંદુ ઉપર સમાજ રહી શકયો નથી. વચ્ચેનું મધ્યબિંદુ કાઢે તે શક્તિ એટલે પ્રભુશક્તિ. શુક્રાચાર્યે સંજીવની વિદ્યા ઊભી કરી. સમૃદ્ધ જીવનની જરૂર આ એકાંતિક લોકોને સમજાશે. કેવળ भ्रुवोर्मध्ये प्राणमावेश्य सम्यक् થઈ એકાંતિક નિવૃત્તિવાળા સંસ્કૃતિની હત્યા કરે છે. શુક્રાચાર્યે સંજીવની આપી એટલે કે મડદા જેવામાં પ્રાણ પૂર્યા. ભોગવાદી ચારે બાજુથી ડરી ગયેલા હોય છે. કેટલાક ડરાવે છે અને બીકણો ડરે છે. પ્રવૃત્તિ અને નિવૃત્તિ સંસ્કૃતિવાળા બંને ભેગા થશે અને હાથમાં હાથ મૂકશે ત્યારે જ મનુની સંસ્કૃતિ ઊભી થશે. આપણી કલ્પના જે બેસી ગઈ છે, જડ ઘાલી ગઈ છે, તે જતી નથી. પણ શુક્રાચાર્યે ખરેખર આ બંને સંસ્કૃતિને ભેગી કરવાનું મહાન કાર્ય કર્યું છે. હું રાક્ષસ બોલું એટલે ધક્કો બેસવા જેવું નથી. ટોપ કલાસના Civilized and Cultured તે રાક્ષસો જ છે. રાક્ષસની હીન કલ્પના ન લો. પરંતુ જૂની કલ્પના હોય તે જતી નથી. નાનપણમાં પડેલા સંસ્કારો જતા નથી. નાનપણમાં દાદીમાએ મને એક વખત કહ્યું હતું કે, ભાત ઉપર દૂધ લઈએ તો મીઠું ન લગાડાય.

લગાડીએ તો બા મરી જાય. મને ચોક્કસ ખબર છે કે, મીઠાને અને મારી બાને કશો જ સંબંધ નથી; પરંતુ હજુ પણ હું દૂધ ઉપર મીઠું લેતો નથી. જરા છાશ લઈ પછી મીઠું લઉં છું. કહેવાનું તાત્પર્ય એ કે, પડેલા સંસ્કારો જતા નથી. માટે ફરી ફરી કહું છું કે, રાક્ષસો માટેની ભ્રાંત કલ્પના દૂર કરો.

કૂર્મે પ્રવૃત્તિવાદ અને નિવૃત્તિવાદને હસ્તમિલાપ (Shake hand) કરવા કહ્યું. આ એક મહાન ક્રાંતિ હતી.

धर्माविरुद्धभूतेषु कामोऽस्मि भरतर्षभ ।

કામથી ભારતીય સંસ્કૃતિ ડરતી નથી. તે ભાગતી નથી. કૂર્મે સમૃદ્ધ અને સંપન્ન જીવોને એકત્ર કરી મનુની સંસ્કૃતિ ટકાવી અને અમર જીવનનો સાક્ષાત્કાર કરાવ્યો.

# વરાહ અવતાર

મત્સ્ય અને કૂર્મ એ બે અવતાર આપણે જોયા. કૂર્મનો વિચાર કરતાં લાગ્યું કે, કૂર્મ અવતારે સંસ્કૃતિનો કાયમી ફાળો Contribution આપ્યો છે. તેણે દિવ્ય દૃષ્ટિ આપી સમજાવ્યું કે, એકાકી નિવૃત્તિવાદથી અમૃતત્વ ન મળે પરંતુ પ્રવૃત્તિ અને નિવૃત્તિનો સમન્વય સાધવાથી જ સંસ્કૃતિ અમર થાય છે. સમૃદ્ધિ અને સંપન્નતાને કઈ રીતે અપનાવવી તે તેણે સમજાવ્યું.

ઉત્ક્રાંતિતત્ત્વ મુજબ પહેલાં જલચર પ્રાણી થયાં, ત્યાર પછી સ્થળજળવાસી પ્રાણી થયાં અને પછી સ્થળવાસી પ્રાણી પણ થવાં જોઈએ અને તેવાં સ્થલવાસી પ્રાણીઓ માટે સૂકી જમીન અત્યાવશ્યક છે; તેથી ઉત્ક્રાંતિતત્ત્વ મુજબ અંતઃશક્તિના જોરથી પૃથ્વી ઉપર આવી.

તમે શાસ્ત્રોમાં લેમ્યુરિયા દ્વીપ ( Lemurian Continent ) નામ વાંચ્યું હશે. અને આ દ્વીપ ઉપર સસ્તન ( Mammals ) પ્રાણી પહેલાં નિર્માણ થયાં અને તેનો પહેલો અંશ તે વરાહ. આ બારામાં અર્વાચીન શાસ્ત્રશોધકોને જે માહિતી મળી છે તે બરોબર છે. તેમની શોધો ઉપરથી એમ નક્કી થાય છે કે, લેમ્યુરિયા દ્વીપમાં અનેક પ્રાણીઓનો વધારો થઈ ગયો અને તેમાં સસ્તન પ્રાણીઓ પ્રથમ અસ્તિત્વમાં આવ્યાં.

વિકાસવાદની દૃષ્ટિથી જોઈશું તો પહેલાં જળવાસી પ્રાણી થયાં. તેનો પ્રમુખ મત્સ્ય હતો. પછી જળસ્થળવાસી પ્રાણી થયાં અને તેનો પ્રમુખ કૂર્મ હતો. અને હવે સ્થળ-

વાસી સસ્તન ( Mammals ) પ્રાણીઓ, જે લેમ્યુરિયા દ્વીપમાં થયાં તેનો મૂળ અવતાર એટલે વરાહ. જળ–સ્થળવાસી પ્રાણીમાંથી વિકસિત થયેલી–ઉત્ક્રાંત થયેલી શક્તિ તે વરાહ. પહેલાં જળચર, પછી જળ–સ્થળચર અને હવે સ્થળવાસી યા સસ્તન પ્રાણીની સૃષ્ટિ તે વરાહ. એ આપણે ઉત્ક્રાંતિશાસ્ત્ર-( Evolution )ની દૃષ્ટિથી જોયું.

હવે આપણે વરાહ અવતારની પૌરાણિક વાર્તા જોઈએ. પૃથ્વી ડૂબતી હતી ત્યારે વરાહરૂપે ભગવાન આવ્યા અને દાંત ઉપર પૃથ્વીને પકડી રાખી. તમે જો તૈતરેય સંહિતા વાંચશો, તો તેમાં આ રીતનું વર્ણન છે. પૃથ્વી પાણીમાં ડૂબતી રહી હતી; તેને પ્રભુએ ઉપર કાઢી અને પછી એમને થયું કે, આ સસ્તન પ્રાણીઓ ખાશે શું ? તો તેથી પાણીમાં ખલાસ થયેલી સૃષ્ટિ ઊભી કરી સરખી કરી આપી અને તે ઠેકાણે દેવોએ વસ્તી કરી. આમ વર્ણન છે.

આ પૌરાણિક વાતો જોતાં જોતાં હમેશ મુજબ રૂપકો-વાળું ઝીણું વસ્ત્ર દૂર કરીશું.

ભારત દેશ સાંસ્કૃતિક જીવન જીવે તે માટે કૂર્મે પ્રયત્નો કર્યા; દૈવી જીવન–સાંસ્કૃતિક જીવન શક્ય થાય તે માટે બે વિશિષ્ટ સંસ્કૃતિને એટલે કે આધ્યાત્મિક અને આધિભૌતિક સંસ્કૃતિને ભેગી કરી તે આપણે જોયું. આ ભારત દેશમાં દૈવી સંસ્કૃતિનાં કૂંડાં બનાવવાનું કાર્ય પ્રભુએ કર્યું છે કે જેથી તે કૂંડાંમાંથી જે બીજ તૈયાર થાય તે બીજે ઠેકાણે લઈ જવાય અને ત્યાં પણ સંસ્કૃતિનાં સુંદર કૂંડાં તૈયાર થાય. તેથી જ તો કહ્યું છે કે, दुर्लभं भारते जन्म। એ રીતે કૂંડું તૈયાર કરવા ભગવાન અહીં આવ્યા. એનો અર્થ એ નથી કે, ભારત માટે જ આવ્યા ને બીજા દેશો-

ની કલ્પના ન હતી. પરંતુ યોગ્ય જમીન જોઈ, ખાતર જોઈ કૂંડું તૈયાર કરવાનું હોય અને પછી બીજ બધે લઈ જઈ બધે ઠેકાણે બગીચા બનાવવાના હોય તો તે કાળે દૈવી સંસ્કૃતિનાં બીજ બધે લઈ જઈ વિશ્વમાં સુંદર સંસ્કૃતિનો બગીચો બનાવવા માટે પ્રભુના પ્રયત્નો ચાલતા હતા. માનવી સંસ્કૃતિ-પ્રભુની સંસ્કૃતિ લોહીમાં જાય એટલા માટે આ પ્રયત્નો ચાલતા હતા. લોકો દૈવી વિચારને જીવનમાં ઉતારે, દૈવી જીવન જીવે અને ક્ષુદ્ર જીવન જીવે નહીં. મનુની સંસ્કૃતિ લોહી લોહીમાં જાય તે માટેના આ પ્રયત્નો હતા. તે માટેની આ ધડપડ-દોડધામ હતી-આ સાંસ્કૃતિક ધડપડ હતી.

કેટલાંક વર્ષ ગયા પછી આ ધડપડ-દોડધામ ઠંડી પડી જાય છે. લોઢું ગરમ થયા પછી સતત ગરમ રહેતું નથી, પણ ઠંડું પડી જાય છે. उष्णत्वमग्न्यातपसंप्रयोगात् शैत्यं हि यत्सा प्रकृतिर्जलस्य। પાણીને ગરમ કર્યાં પછી તે પાછું ઠંડું પડી જાય છે, તેમ સંસ્કૃતિ જોડેનો સંબંધ છૂટતાં માનવી પાછો પાશવી બની જાય છે.

સંસ્કૃતિ માટેની, દૈવી વિચાર માટેની ધડપડ જ્યારે શાંત પડી-ઠંડી પડી, ત્યારે આજુબાજુના દેશો પણ ભારત તરફ જોવા લાગ્યા. કેટલાક ગાંડાઓ આકાશ તરફ જ જોતા બેસી રહ્યા અને કેટલાક ડાહ્યા ફક્ત વિચાર જ કરતા રહ્યા. આ જોઈ એક લૂંટારો રાક્ષસ આવ્યો. રાક્ષસ એટલે જડવાદી વિચારનો Eat, drink and be merry-ખાઓ, પીઓ ને મઝા કરો એમાં જ માનનારો.—

यावत् जीवेत् सुखं जीवेत् ऋणं कृत्वा घृतं पीबेत्।
भस्मीभूतस्य देहस्य पुनरागमनं कुतः ॥

કહેનારો તે રાક્ષસ એટલે હિરણ્યાક્ષ. હિરણ્યાક્ષ એટલે

નહીં. તે હિરણ્યાક્ષ તમારી પાસે સોનું હોય તો જ તમારી કિંમત આંકે....તેને મોટામાં મોટી શક્તિ એટલે અર્થશક્તિ જોઈએ. તેને બધે જ ઠેકાણે પૈસો જ દેખાય. સૃષ્ટિના ભોગો અને ઉપભોગો મારી સામે હાથ જોડીને ઊભા રહે એવી એ હિરણ્યાક્ષની માન્યતા હતી. તેની આંખમાં પૈસો જ દેખાતો, ગુણો દેખાતા જ નહીં અને જેને સાત્ત્વિકતા જ દેખાતી નથી તેને વળી પ્રભુ ક્યાંથી દેખાવાનો ?

હિરણ્યાક્ષ આવ્યો અને તેણે ઉપભોગથી લોકોને કબજે કર્યા–આત્મસાત્ કર્યા. જડવાદી રાજ્યસત્તા આવતાં, કેટલાક લોકો જડવાદી થયા હતા. અમારો ભારતીય સિદ્ધાંત છે કે, સમાજ નેતૃત્વ નિર્માણ નથી કરતો, પણ નેતા સમાજ નિર્માણ કરે છે.

कालो वा कारणं राज्ञ राजा वा कालकारणम् ।
इति नो संशयो मा भूत् राजा कालस्य कारणम् ॥

આ અમારા વેદવ્યાસનો સિદ્ધાંત છે–શાસ્ત્રીય સિદ્ધાંત છે. સમાજ નેતૃત્વ નિર્માણ કરે તે તદ્દન અશાસ્ત્રીય કલ્પના છે; બુદ્ધિહીન અને મૂર્ખાઈભરેલી કલ્પના છે. આ કમ્યુનિસ્ટોનો વિચાર છે, પણ નેતા સમાજ નિર્માણ કરે છે, તે જ શાસ્ત્રીય સિદ્ધાંત છે. જો પરિસ્થિતિ નેતૃત્વ નિર્માણ કરતી હોત તો ઔદ્યોગિક ક્રાંતિ તત્કાલીન ઇંગ્લૅંડ, જર્મની જેવા ઔદ્યોગિક દેશોમાં થવી જોઈતી હતી. પણ તે ત્યાં ન થતાં રશિયામાં જ શા માટે થઈ? તેનું કારણ લેનિનનું નેતૃત્વ હતું. તેની અલૌકિક બુદ્ધિમત્તાએ સમાજને ખેંચી લીધો હતો. જેવી રાજ્યસત્તા તેવો સમાજ, જેવો નેતા તેવો તેનો સમાજ. જો સમાજ હરામખોર હોય તો સમજી લો કે રાજસત્તા હરામખોર છે, એમાં વિચાર કરવાની જરૂર જ નથી. આ રીતે હિરણ્યાક્ષ આવતાં જડવાદી લોકોને

ચરવા માટે જગ્યા મળી. બધા જ જડવાદી થઈ ગયા. સમાજનો મોટો ભાગ જે અવ્યવસ્થિત રીતે રહેતો હતો તેવા લોકોને હિરણ્યાક્ષે મદદ પહોંચાડી ભોગવાદી બનાવ્યા અને સમાજમાં તેણે પાછી ભોગવાદી વિચારસરણી પ્રસ્થાપિત કરી. હિરણ્યાક્ષ આવતાં જ મનુના પ્રસ્થાપિત સિદ્ધાંત વચ્ચે ડખલગીરી થવા માંડી. પ્રભુના કાર્યમાં અગવડો આવવા માંડી. રાજસત્તા ભોગવાદી–જડવાદી થતાં જ સંપત્તિમાન અને બુદ્ધિશાળી લોકો રાજાના પૂજારી થયા. હમેશાં જગતમાં ચાલતું જ આવ્યું છે કે, ધનિકો અને બુદ્ધિશાળી સત્તાને અનુકૂળ થતા આવ્યા છે. અને આમ થાય તો પછી પ્રભુનાં સાત્ત્વિક કાર્ય કરનારને મદદ કોણ કરે ? પરિણામે સાત્ત્વિક લોકોના પરિશ્રમને મદદ કરવા ભગવાન આવ્યા છે.

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम्।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥

અને ભગવાને વરાહનું રૂપ લઈને હિરણ્યાક્ષને માર્યો.

તૈતરેય સંહિતામાં આવે છે કે, વિષ્ણુ મરી ગયો. વિષ્ણુ મર્યો એટલે કે વિષ્ણુનો વિચાર, પ્રભુનો વિચાર, વૈષ્ણવી વિચારો મરી ગયા: વધતા જતા પાપને લીધે મરી ગયા. વિષ્ણુ ભગવાન કાંઈ થોડા જ મરી જાય છે ? वरान् आहंति इति वराहः । વરાન્ એટલે શ્રેષ્ઠ અને શ્રેષ્ઠને મારવાવાળો તે વરાહ. તત્કાલીન જડવાદી સમાજને હિરણ્યાક્ષ શ્રેષ્ઠ લાગતો હતો, શૂર લાગતો હતો અને એ શ્રેષ્ઠને માર્યો તેથી તેનું નામ વરાહ રાખ્યું અને તેણે દૈવી સંસ્કૃતિ પાછી ઊભી કરી.

વરાહને લાગ્યું કે, આ સંસ્કૃતિ ઊભી કરી એ બધી વાત ખરી, પણ આ લોકો ફૂટ દઈને ગમે ત્યાંથી આવે છે ને સંસ્કૃતિનો કબજો લઈ લે છે; જડવાદનાં ઝેર ફેલાવી સમાજને ઝેરી બનાવે છે; તો આ ભારતીય સંસ્કૃતિ શાશ્વત

ટકે તે માટે શું કરવું? શાશ્વત સંસ્કૃતિ ટકાવવા માટે શાશ્વત જીવિકાની જરૂર છે અને શાશ્વત જીવિકા ન હોય તો શાશ્વત સંસ્કૃતિ ટકે નહીં. પેટ ભરેલું હોય તો જ બધી વાત સૂઝે. અધ્યાત્મ પણ પેટ ભરેલું હોય તો જ સૂઝે છે. સંસ્કૃતિના વિચારને માટે ભૂખ્યું પેટ ચાલે નહિ. Bread and Butterથી ભરેલું હોવું જોઈએ. રોટલો પેટમાં ગયો હોવો જોઈએ. શાશ્વત જીવિકા હોય તો જ શાશ્વત સંસ્કૃતિ ટકે અને શાશ્વત જીવિકા માટે વનસ્પત્યાહાર થવો જોઈએ. તે વખતે મોટો ભાગ માંસાહારી હતો. માંસાહાર તો બધા જ કરી શકતા હતા, પણ વનસ્પત્યાહાર માટે જમીન ખેડવી જોઈએ. જમીન ખેડવાની હોય તો ખાડા–ખાબોચિયાં સાફ કરી, તે ખાડા પૂરી જમીન ઉપર લાવવી જોઈએ અને આવી પૂરેલી જમીન લોકોને મોટી સંખ્યામાં મળી શકે તે માટે પ્રભુએ પ્રયત્ન કર્યો. આવી જમીન નિર્માણ કરી અને તેવી જમીન નિર્માણ કરનાર એટલે વરાહ અવતાર.

'રાજસ્થાન' નામના ઐતિહાસિક ગ્રંથમાં જેસલમીર નામનું પ્રકરણ છે; તેમાં કર્નલ ટોડે લખ્યું છે કે, બાબર પોતાની રોજનીશી લખતો હતો. તેના આત્મવૃત્તાંતથી કર્નલ ટોડને જણાયું કે, સિંધ અને બલુચિસ્તાનમાં વરાહ નામની ધર્મનિષ્ઠ અને સ્વાભિમાની રજપૂત જમાત હતી–ક્ષત્રિયોની ન્યાત હતી. પ્રભુએ મોટે ભાગે ક્ષત્રિય કુળમાં જ અવતાર લીધો છે. બ્રાહ્મણ કુળ કેમ નહીં? અરે! બ્રાહ્મણ તો પોતે જ અવતારરૂપે છે. તો પ્રભુએ આ વરાહ અવતાર લઈ શાશ્વત જીવિકાની વ્યવસ્થા કરી, હિરણ્યાક્ષને ભગાડ્યો અને આ અવતાર પછી તુરત બીજો તો તે નૃસિંહ અવતાર થયો છે.

# નૃસિંહ અવતાર

ઉત્ક્રાંતિવાદની દૃષ્ટિથી જોશો તો તે કાળે અનંત જાતનાં પ્રાણીઓ હતાં. અને વરાહ અવતાર સુધી ઉત્ક્રાંતિવાદની દૃષ્ટિ ઠીક છે. પણ નૃસિંહ અવતાર એ અર્ધું પ્રાણી અને અર્ધો માણસનો અવતાર છે. તેને ઉત્ક્રાંતિવાદની દૃષ્ટિએ કેટલું ખેંચવાનું, કેટલા દરજ્જે ખેંચવાનું તેનો વિચાર હમણાં છોડી દઈએ. તે કાળે વિશિષ્ટ સસ્તન પ્રાણી તૈયાર થતાં હતાં અને તેમાંનો અવતાર એટલે નૃસિંહ અવતાર. વરાહ અવતાર પછી તુરત નૃસિંહ અવતાર આવે છે. તમને શંકા થશે, અરે શાસ્ત્રીજી, નૃસિંહ અવતાર તુરત જ કેમ આવ્યો? અહીં તો વર્ષોનાં વર્ષો થયાં અવતારનું ઠેકાણું નથી, કંઈક ગરબડ લાગે છે; પરંતુ એમ નથી. હું તમને કહું: એકાદ ઘરામાં એકાદ કારખાનાનું જ્યારે Erectionનું કામ ચાલતું હોય—નવું મશીન બેસાડવાનું કામ ચાલતું હોય ત્યારે એકાદ એંજિનિયરને તે સ્થળે રોજ જવું પડે. ત્યાં જઈ કામ કરનારા માણસોને ભૂલો બતાવે, એમની ભૂલ સુધારે, મશીન બેસાડતી વખતે આગળ પાછળ તો બેસતું નથી ને વગેરે ધ્યાન રાખે. પરંતુ એક વખત તે મશીન બરાબર ફીટ થઈ ગયું અને બરાબર થઈ ગયું કે, તે મુંબઈ ઑફિસમાં આરામથી બેઠો હોય. પછી રોજ કારખાના(Factory)માં તેને જવાની જરૂર નહીં. પછી નૈસર્ગિક જ તેના આંટાફેરા ઓછા થઈ જાય છે. મિકેનિક પૃછવા કરવા આવે કે મશીનમાં અમુક અમુક અગવડ છે તો શું કરવું? તો ત્યાં ઑફિસમાં બેઠાં બેઠાં

જ સૂચના( Instructions ) આપે કે, ઝડપ (Speed) વધારો, તેલ (Oil) ગાળી નાખો વગેરે. સ્ક્રૂટકો ન હોય તો ચાર છ મહિને પાછો એકાદ આંટો મારી આવે. આવી રીતે અવતારનું પણ છે. માનવજાતની સંસ્કૃતિના ચણતર-ની શરૂઆતમાં ભગવાન વારંવાર આવ્યા તો તે દોષનું કારણ નથી અને હજુ સુધી આવ્યા નથી તો આવવાની જરૂર નહિ હોય, માટે નહિ આવ્યા હોય. જે વખતે Erection work ચાલતું હોય ત્યારે વારંવાર એંજિનિયર આવે, તેમ શરૂમાં વારંવાર પ્રભુ આવ્યા છે. પણ હવે આપણને ઇતિહાસમાંથી અનુભવનું પોટલું મળ્યું છે. ભગવાને આપણને વેદો આપ્યા છે. શ્રદ્ધા અને કર્તૃત્વ આપ્યાં છે; એટલે ભગવાનને વારંવાર આવવાની જરૂર નહીં. તમને કર્તૃત્વશક્તિ આપી છે. તમે તમારું કાર્ય કર્યે જાવ. એને આવવું હશે ત્યારે આવશે.

ડૉકટરને ત્યાં દર્દી આવે એટલે તેને બરોબર તપાસી જોઈ ચાર ટીકડી આપે અને પછી પેશંટને કાંઈ મુશ્કેલી લાગે તો દવાખાનામાંથી સૂચના કરે કે, રાત્રે દૂધપાક, શ્રીખંડ જમતા નહીં વગેરે. તેથી ભગવાન માનવ સંસ્કૃતિ-ના ચણતરની શરૂઆતમાં જ જલદી જલદી આવ્યા છે અને આપણને સૂચના આપી ગયા છે. આપણે પણ તે કાળે હોઈશું જ ને! કોને ખબર કયા રૂપે? એટલે હવે તેમને જલદી જલદી આવવાનું કારણ નહીં. કહેવાનું તાત્પર્ય એ કે, વરાહ અવતાર થયા પછી તુરત જ નૃસિંહ અવતાર થયો છે.

પુરાણમાં વાર્તા છે કે, હિરણ્યકશ્યપુ નામનો રાક્ષસ હતો અને તેનો છોકરો પ્રહ્લાદ રાતદિવસ પ્રભુનું નામ લેતો હતો. હિરણ્યકશ્યપુએ કહ્યું, 'મારા રાજ્યમાં આ ન

જોઈએ.' પણ તેણે માન્યું નહિ તેથી હિરણ્યકશ્યપુએ તેને મારી નંખાવવા ખૂબ પ્રયત્ન કર્યો, છતાં પણ તે ખૂબ નિષ્ઠાથી-મક્કમતાથી પ્રભુનું નામ લેતો રહ્યો. પ્રભુના વિચારો તેણે છોડ્યા નહિ. તેને મારવા ખૂબ પ્રયત્ન કર્યો પણ તે મર્યો નહીં. તેને ઊંચે પહાડ ઉપરથી ફેંક્યો, ઝેરી સર્પો કરડે એવી જગ્યાએ રાખ્યો, ઊકળતા તેલમાં ફેંકી દીધો, પણ તે મરતો નથી. પ્રત્યેક વખતે તે બચી ગયો. તેના બાપે ચિડાઈને તેને પૂછ્યું, 'તને કોણ બચાવે છે?' તો તેણે કહ્યું કે, 'ભગવાન મને બચાવે છે. મારા સર્વવ્યાપક પ્રભુએ મને બચાવ્યો છે.' તેણે પૂછ્યું, 'ક્યાં છે તારા ભગવાન?' ત્યારે પ્રહ્‌લાદે કહ્યું, 'સર્વત્ર છે, સર્વવ્યાપક છે.' 'આ થાંભલામાં પણ છે?' તો પ્રહ્‌લાદે કહ્યું, 'હા.' હિરણ્યકશ્યપુ ખૂબ ચિડાઈ ગયો અને થાંભલાને એક લાત મારી અને ક્રોધથી ભરેલું વિકરાળ રૂપ લઈ ભગવાન આવ્યા. તે એટલે નૃસિંહઅવતાર અને તેમણે હિરણ્યકશ્યપુને મારી નાખ્યો.

નૃસિંહનું રૂપ જોઈ કોઈ સામો આવવા તૈયાર થયો નહિ. કોઈની તાકાત નહિ કે તે નૃસિંહની પાસે આવે. પછી પ્રહ્‌લાદે સ્તુતિ કરી. ભગવાનનો દીકરો સામે આવતાં જ પ્રભુનું ક્રૂર રૂપ શાંત થયું. નૃસિંહ અવતારની ભાગવતમાં આવી કલ્પના છે.

થાંભલામાંથી ભગવાન નીકળ્યા એ શું સાચું છે? નિર્જીવમાં પણ પ્રભુ છે તેથી ભગવાને આ રીતે અવતાર લીધો. એમાં મને તો કશું ખોટું લાગતું નથી. હિરણ્યકશ્યપુને વરદાન હતું કે, 'તને કોઈ મારશે નહિ. પશુ પણ નહિ, માનવ પણ નહિ, દેવ પણ નહિ અને દાનવ પણ

નહિ. તને કોઈ મારશે નહિ. રાતે પણ તને કોઈ મારશે નહિ, દિવસે પણ મારશે નહિ. તું કોઈ પણ હથિયારથી પણ મરીશ નહિ.' તેથી ભગવાને સાંજના સમયે નૃસિંહનું રૂપ લીધું અને પોતાના નખોથી તેને માર્યો.

હિરણ્યકશ્યપુ અને તે વખતના બીજા રાક્ષસો સેવા પણ કરતા હતા, પણ તે ફક્ત ભૌતિક ફાયદા ( Material gain ) માટે; આધ્યાત્મિક વિકાસ માટે નહિ. પૈસો મળે માટે યજ્ઞો કરતા અને પૈસા ભેગા કરતા.–

नेकटाइ कोलराणीति जेन्टलमेन विराजते।

૫૦૦૦ વર્ષ પહેલાંના આ રાક્ષસો યજ્ઞો પણ કરતા હતા. પણ આજે આ નેકટાઈ પહેરેલા જેન્ટલમેનો ચડિયાતા રાક્ષસો નીકળ્યા. 'પહેલાં પૈસા આપો અને પછી સત્યનારાયણની કથા કરીએ' એમ કહેનારા.

હિરણ્યકશ્યપુને વરદાન હતું તેથી ભગવાને થાંભલામાંથી નીકળી તેને માર્યો, તેમાં અવિશ્વાસ રાખવા જેવું મને લાગતું નથી. અરે! જ્ઞાનેશ્વર ભગવાને ઓટલાને પણ ચલાવ્યો હતો. આ તો સર્વવ્યાપક ચૈતન્ય છે. પ્રત્યેક અણુ( Atom )માં શક્તિ છે. શક્તિ એટલે ક્રિયા કરવાની પાત્રતા અને તેનાથી આખું જગત ચાલે છે. તે નિગ્રહાનુગ્રહ સમર્થ છે. આજના વૈજ્ઞાનિકો ( Scientists ) પણ માને છે કે, અણુ ચેતન છે, પણ તેમાં ચૈતન્ય છે એમ માનતા નથી. ધીમે ધીમે તે પણ માનતા થશે. અરે! પ્રત્યેક અણુમાં ચૈતન્ય છે. આ વાત યુક્ત જ છે. ન માનવાનું કશું કારણ નથી.

સાંસ્કૃતિક દૃષ્ટિકોણથી વિચારીશું તો આની પાછળ

રહેલા આખા ઇતિહાસની ખબર પડશે. દરેક સરદાર વખતે જે હિરણ્યાક્ષ હતો તેનો હિરણ્યકશ્યપ સગો ભાઈ હતો. કાં તો એકાદ પેઢીનો ફેર હશે. હિરણ્યકશ્યપને તેનો ભાઈ મરાયો છે તે ખબર પડતાં જ તે અને તેના ચતુરંગીઓ ઈબરખીજમાંથી ભારતમાં આવ્યા અને દક્ષ સીંધનો ભાગ જીતીને મુલતાનમાં પોતાની રાજધાની કરાવી. મુલતાનનું જુનું નામ પ્રહ્‌લાદપુરી હતું. કેટલાક સુધી લોકોને તે જ્ઞાત હતું, પણ તે બહારથી આવ્યો કે અહીંનો હતો તે એક ચર્ચાનો સવાલ છે. પણ એ વાત તો ચોક્કસ હતી કે, તે શસ્ત્રી વિચારનો હતો, લોભવાદી હતો. જડ વાદી હતો. તેને ફક્ત પૈસો જ દેખાતો. લોક જ દેખાતો.

બેઠા છે. ભગવાન વળી કોણ છે? અરે ખાઓ, પીઓ અને મઝા કરો. આકાશમાં શું જોઈ રહ્યા છો? મર્યા પછી કોને જવાબ આપવાનો છે? મને જવાબ આપવાનો છે. ઉપર જવાબ નથી આપવાનો. જેટલી મઝા લૂંટાય તેટલી લૂંટી લો. ભગવદ્દશક્તિ જેવું કશું છે જ નહીં.' તેની કલ્પના હતી કે, સૃષ્ટિના બધા ભોગો પગ ઉપર નાચવા જોઈએ અને તે ભોગવતાં ભોગવતાં જીવન જીવવું જોઈએ. લોકોના મગજમાં તેણે આ વાત ઠોકી બેસાડી. લોકો જડવાદી થવા લાગ્યા, બુદ્ધિમાન વર્ગ જલદી જડવાદી થયો; કારણ કે એમને સાંભળવા કોઈ જોઈએ ને! પ્રભુનો આશ્રય ન લીધો તેથી એ દૂબળા થયા. લોકોએ પ્રભુનો આશ્રય ન લેતાં જડવાદી ભોગલંપટ રાજાનો આશ્રય લીધો અને તે નિસ્તેજ થયા. કોઈએ લખ્યુ છે ને,

विनाश्रया न शोभन्ते पंडिता वनिता लताः।

આશ્રય વગરના પંડિતો, વનિતા અને લતા શોભતાં નથી. વનિતા અને લતાની લાઈનમાં બેસવાવાળા આ પંડિતો જગતને શું સુધારવાના હતા? સુધારવાની તેમની તાકાત શું? મને રાજ્યસત્તાનો આશ્રય હોય, ધનિકોનો આશ્રય હોય, તો જ મારું જીવન ચાલશે, ત્યારે જ મારું કામ થશે. આ માન્યતાવાળો, આટલો નબળો, દૂબળો પંડિત, રોટલી માટે-ભાખરી માટે ભીખ માગતો ફરે છે. દક્ષિણ દેશમાં કોઈ સંતે કહ્યું છે:

झाले लोभाचे मांजर भीकं मांगे दारोदार।

તેની જેમ ભીખ માગવા લાગ્યા-રાજ્યાશ્રય ઉપર નભવા લાગ્યા. ધનિકો ભયભીત થઈ દૂબળા થવા લાગ્યા. જ્યાં રાજ્યસત્તા જડવાદી હોય ત્યાં નિરંકુશપણું આવવાનું જ.

રહેલા સાચા ઈતિહાસની ખબર પડશે. વરાહ અવતાર વખતે જે હિરણ્યાક્ષ હતો તેનો હિરણ્યકશ્યપુ સગો ભાઈ હતો. કાં તો એકાદ પેઢીનો ફેર હશે. હિરણ્યકશ્યપુને તેનો ભાઈ મરાયો છે તે ખબર પડતાં જ તે અને તેના અનુયાયીઓ ખૈબરખીણમાંથી ભારતમાં આવ્યા અને વાયવ્ય સીમાનો ભાગ જીતીને મુલતાનમાં પોતાની રાજધાની સ્થાપી. મુલતાનનું જૂનું નામ પ્રહ્‌લાદપુરી હતું. ઠેઠ અત્યાર સુધી લોકોને તે જ્ઞાત હતું, પણ તે બહારથી આવ્યો કે અહીંનો હતો તે એક ચર્ચાનો સવાલ છે. પણ એ વાત તો ચોક્કસ હતી કે, તે રાક્ષસી વિચારનો હતો, ભોગવાદી હતો, જડવાદી હતો. તેને ફક્ત પૈસો જ દેખાતો. ભોગ જ દેખાતો. તેને ફક્ત ત્રણ ડબલ્યુ Three Ws એટલે Wealth, woman and wine દેખાતા. તેને જગતનો ફક્ત પૈસો દેખાય, સ્રી દેખાય અને દારૂ દેખાય. અને Wealth, woman અને wine મળ્યું એટલે જીવનનું સર્વસ્વ મળ્યું એમ તે સમજતો.

હિરણ્યકશ્યપુની કલ્પના હતી કે, આ જાગ્રત લોકોએ કોઈક શક્તિની મદદથી આપણા ભાઈને મારી નાખ્યો છે, તો ફૂરતાથી આ દેવવાદ દાબી નાખવો જોઈએ. જેમ ઈશ્વરવાદી લોકો આગ્રહી હોય છે તેમ નિરીશ્વરવાદી પણ આગ્રહી હોય છે. ભોગવાદી લોકો જબરા આગ્રહી હતા. આ ભોગવાદીઓના તત્ત્વજ્ઞાનમાં બંધન જ ન હોય. મગજમાં ન ઊતરે તેવી વાત જ ન હોય. અને રાજા ભોગવાદી તત્ત્વજ્ઞાન અપનાવે એટલે પ્રજા અપનાવે જ. નીચે વહેવું એ પાણીનો સ્વભાવ છે ને! હિરણ્યકશ્યપુ પણ આ જ વિચારતો. તે કહેતો, આ ગાંડા માણસો ભગવાન ભગવાન કરતા

બેઠા છે. ભગવાન વળી કોણ છે? અરે ખાઓ, પીઓ અને મઝા કરો. આકાશમાં શું જોઈ રહ્યા છો? મર્યા પછી કોને જવાબ આપવાનો છે? મને જવાબ આપવાનો છે. ઉપર જવાબ નથી આપવાનો. જેટલી મઝા લૂંટાય તેટલી લૂંટી લો. ભગવદ્‌શક્તિ જેવું કશું છે જ નહીં.' તેની કલ્પના હતી કે, સૃષ્ટિના બધા ભોગો પગ ઉપર નાચવા જોઈએ અને તે ભોગવતાં ભોગવતાં જીવન જીવવું જોઈએ. લોકોના મગજમાં તેણે આ વાત ઠોકી બેસાડી. લોકો જડવાદી થવા લાગ્યા, બુદ્ધિમાન વર્ગ જલદી જડવાદી થયો; કારણ કે એમને સાંભળવા કોઈ જોઈએ ને! પ્રભુનો આશ્રય ન લીધો તેથી એ દૂબળા થયા. લોકોએ પ્રભુનો આશ્રય ન લેતાં જડવાદી ભોગલંપટ રાજાનો આશ્રય લીધો અને તે નિસ્તેજ થયા. કોઈએ લખ્યું છે ને,

विनाश्रया न शोभन्ते पंडिता वनिता लताः ।

આશ્રય વગરના પંડિતો, વનિતા અને લતા શોભતાં નથી. વનિતા અને લતાની લાઈનમાં બેસવાવાળા આ પંડિતો જગતને શું સુધારવાના હતા? સુધારવાની તેમની તાકાત શું? મને રાજ્યસત્તાનો આશ્રય હોય, ધનિકોનો આશ્રય હોય, તો જ મારું જીવન ચાલશે, ત્યારે જ મારું કામ થશે. આ માન્યતાવાળો, આટલો નબળો, દૂબળો પંડિત, રોટલી માટે-ભાખરી માટે ભીખ માગતો ફરે છે. દક્ષિણ દેશમાં કોઈ સંતે કહ્યું છે:

झाले लोमाचे मांजर भीकं मांगे दारोदार।

તેની જેમ ભીખ માગવા લાગ્યા—રાજ્યાશ્રય ઉપર નભવા લાગ્યા. ધનિકો ભયભીત થઈ દૂબળા થવા લાગ્યા. જ્યાં રાજ્યસત્તા જડવાદી હોય ત્યાં નિરંકુશપણું આવવાનું જ.

કલબમાં જાઓ, દારૂ પીઓ, સિગારેટ પીઓ, તમે નાહશો તો વાંધો નહીં અને નહીં નહાઓ તો તો વળી મહાભાગ્યશાળી ગણાવ. રોજ નાહવાની જરૂર શું? જડવાદ સાથે આવું અવ્યવસ્થિતપણું આવે એ નૈસર્ગિક જ છે. વ્યવસ્થિતપણું એ આપણી પ્રકૃતિ છે અને અવ્યવસ્થિતપણું એ આપણી વિકૃતિ છે. શાસ્ત્રીજી! મુંબઈ શહેર માટે આમ ન કહો. પણ મુંબઈમાં લોકો થોડાઘણા વ્યવસ્થિત દેખાય છે તેનું કારણ એમનું યાંત્રિક જીવન છે. વ્યવસ્થિત ન રહે તો તેમના ભોગવાદી જીવનને ધોખો (ભય) છે. તેથી થોડા વ્યવસ્થિત રહે છે, છતાં રવિવારે જુઓ. ઓફિસે જવાનું હોતું નથી એટલે ૮॥ વાગે ઊઠે છે. જે બંધનરહિત થાય, જેને છૂટછાટ મળે તે નૈસર્ગિક જડવાદી વિચારો તરફ ઝૂકવાનો.

તત્કાલીન શ્રદ્ધાવાળા અને ઈશ્વરવાદી લોકો આ જડવાદને લીધે અંદર અંદર ખૂબ ચિડાઈ ગયા અને તે અરસામાં જ આ પ્રહ્‌લાદનો જન્મ થયો.

તમે પુરાણ વાંચશો તો જણાશે કે, પ્રહ્‌લાદની મા જ્યારે ગર્ભવતી હતી ત્યારે નારદના આશ્રમમાં હતી અને ત્યાં તેણે નારદના મોઢામાંથી દૈવી વિચારો સાંભળ્યા હતા. પ્રહ્‌લાદ જડવાદી રાક્ષસનો પુત્ર હોવા છતાં પણ ગર્ભવાસમાં દૈવી વિચારો સાંભળ્યા હોવાથી તે દૈવી વિચારનો થયો, મહાન તેજસ્વી થયો.

નાનપણથી જ તે ઈશ્વરવાદી હતો. તેણે ખૂબ મહેનત કરી, અભ્યાસ કરી, ભારતીય સંસ્કૃતિ અપનાવી. મનુની સંસ્કૃતિથી જ માનવનો વિકાસ છે અને તે જ સંસ્કૃતિ ટોચની ▒ અને કાયમની છે, એમ સમજતાં તે તેનો પૂજક બન્યો હતો. તત્કાલીન રાજસત્તા સામે બંડનો ઝંડો તેણે લીધો.

ઐતિહાસિક દૃષ્ટિથી અહીંની ભારતીય સંસ્કૃતિનો અભ્યાસ કરશો તો જણાશે કે, અહીંની સંસ્કૃતિ અતિ સુંદર છે, ટોચની છે. તેથી કેટલાક વિદેશીઓ તેમાં ભળી ગયેલા દેખાય છે, અરે! કૉંગ્રેસના નિર્માણ કરનારે અહીંની સંસ્કૃતિથી પ્રભાવિત થઈ કૉંગ્રેસ નિર્માણ કરી હતી. ડૉ. હ્યુન નામના યુરોપીયને તે નિર્માણ કરી હતી. તે જાતે અંગ્રેજ હતો.

રાજ્યસત્તાનું જડવાદી આચરણ જોઈ ચિડાઈ ને તેની સામે અંતરમાં રહેલી ચીડને પદ્ધતિસર બળવાનું રૂપ આપનાર કોઈ હશે તો તે પ્રહ્‌લાદ. પ્રહ્‌લાદે પદ્ધતિસર કાર્યની શરૂઆત કરી. પરંતુ પ્રહ્‌લાદ દૈવી વિચારો તરફ ઢળે નહીં અને જડવાદી બને તેટલા માટે હિરણ્યકશ્યપુએ શુંડા–અમર્ક નામના બે મહાન જડવાદી અધ્યાપકો રાખ્યા. તેમને સૂચના અપાઈ કે, તેમણે ભગવાનનું નામ ભણાવવું નહીં. ભગવાનનું નામ ભણાવવાનું જ હોય તો એવું ભણાવવાનું કે દેવોને અને રાક્ષસોને લડાઈ થઈ. કોઈ કોઈ વાર દેવો જીત્યા હતા અને કોઈ કોઈ વાર રાક્ષસો જીત્યા હતા. તેમને ભણાવવાનું કે, દેવો તદ્દન સાધારણ હતા અને રાક્ષસોથી મોટા ભાગે પરાજિત થતા. તેમણે પ્રહ્‌લાદને જડવાદી વિચારોનો બનાવવા ખૂબ પ્રયત્ન કર્યો; પણ તે માને તો પ્રહ્‌લાદ શાનો! તેણે છોકરાઓમાં બંડ કર્યું. થાકીને શુંડા–અમર્ક હિરણ્યકશ્યપુ પાસે અરજી લઈ ગયા ને કહ્યું, 'રાજપુત્રને કેમ ભણાવવું તે જ સમજ પડતી નથી. તે તો લોકોમાં નવીન જ કલ્પના આપે છે. તો હવે અમારે શું કરવું?' ચિડાઈ ગયેલો હિરણ્યકશ્યપુ પ્રહ્‌લાદ પાસે આવ્યો અને પ્રહ્‌લાદને કહ્યું, 'ગાંડા તું! દૈવી સંસ્કૃતિમાં શું વિશેષ છે? એ દુર્બળની સંસ્કૃતિ છે. આકાશ તરફ

તને જોવાનું કોણે કીધું ? જેના હાથમાં તાકાત ન હોય તે ઉપર તાકી રહે, જેની નસમાં લોહી ન ફરતું હોય તે આકાશ તરફ જુએ, ધન ન હોય તે આકાશ તરફ જુએ, દૂબળો હોય તે આકાશ તરફ જુએ. સુંદર સ્ત્રી પાસે આવે તે ભોગવવાની, સત્તા ભોગવવાની, સંપત્તિ ભોગવવાની: એ બધું ભોગવવાનું છોડી તું ઉપર શું જુએ છે? મારો દીકરો આમ દૂબળો થાય એ મને લાંછનાસ્પદ છે. તને શરમ નથી આવતી કે શું ? ઈશ્વરવાદી, આકાશ તરફ જોનારા લોકોની દૂબળી નબળી વાતોને માને છે!' પ્રહ્લાદે કહ્યું, 'આ નારાયણની સંસ્કૃતિ છે. આ દિવ્ય સંસ્કૃતિ છે. આ સંસ્કૃતિ અપનાવવામાં જ જીવનની માધુરી છે. આ સંસ્કૃતિ જીવન જીવવાની હિંમત આપે છે. આ સંસ્કૃતિમાં માણસને વિકસિત કરવાની તાકાત છે. આ જ દિવ્ય સંસ્કૃતિ છે.' 'તું નાલાયક છે મારા વંશમાં શોભતો નથી,' એમ કહી હિરણ્યકશ્યપુ તેને મારવા તૈયાર થયો હતો.

રાજ્યસત્તાના ભોગવાદી વિચારો લોકો ન લે અને નારાયણી સંસ્કૃતિના વિચારો લોકો લે તે માટે પ્રહ્લાદે ખૂબ મોટા કાર્યની શરૂઆત કરી. પરંતુ તે દૈવી સંસ્કૃતિના વિચારો લોકો નહિ લે તો? તો શું કરવું? માણસ પાસે કાર્ય કરાવવાની પણ એક પદ્ધતિ છે. તેણે એક રસ્તો શોધી કાઢ્યો. નાના છોકરાને તમે કહેશો કે, ગુંદર બનાવ, તો તે પૂછશે કેવી રીતે બનાવવાનો? ગુંદર ક્યાં છે? પાણી ક્યાં છે? બાપુજી! આપણાથી તે ન બને વગેરે. પણ જો બાપ કહે, 'ચાલ આપણે પતંગ બનાવીએ પણ તે માટે ગુંદર જોઈશે ને!' તો છોકરો તુરત પડોશી પાસે જશે, નીચે જશે, ગુંદર બનાવવાની બધી સામગ્રી ભેગી કરશે અને તે

સુંદર બનાવશે. અરે! તમે કહેશો તે કરવા તૈયાર થશે.

પ્રહલાદે પણ લોકોને શિક્ષણ આપવા આ રીત અખત્યાર કરી. તેણે ભગવાનનું અને ધર્મનું મોટું મોટું શિક્ષણ ન આપતાં લોકોમાં ભગવાનનો પ્રેમ વધારવાની શરૂઆત કરી; અને એ પ્રેમ વધ્યા પછી લોકો પોતાની મેળે શિક્ષણ લેશે તેની તેને ખાતરી થઈ ગઈ.

હિરણ્યકશ્યપુએ વરદાન મેળવ્યું હતું કે, એને મનુષ્ય મારી શકે નહીં, પશુ મારે નહીં; સૃષ્ટિમાં કોઈ એવું પ્રાણી ન હોય કે, તેને મારી શકે. દિવસે નહીં અને રાત્રે પણ નહીં, ઘરમાં નહીં ને બહાર પણ કોઈ પણ તેને મારી શકે નહીં, આવું તેને વરદાન હતું એમ પુરાણોમાં વાત છે. તો આનું મૃત્યુ સંભવિત નથી, આ આપણને અસંભવિત લાગે. પણ તમે ઘણી વખત વાંચ્યું હશે, ઘણીવાર સાંભળ્યું હશે કે, અંગ્રેજોના રાજ્ય ઉપર સૂર્ય આથમતો નથી. કહેવાની મતલબ એ કે, બ્રિટિશ રાજ્ય એટલું બધું વિસ્તૃત હતું કે, એક પ્રદેશમાં દિવસ હોય તો બીજા સંસ્થાનમાં રાત્રિ હોય. અહીં દિવસ થાય તો તે પ્રદેશમાં રાત્રિ થાય. આ રીતે સામ્રાજ્યમાં સૂર્ય અસ્ત જ પામતો ન હતો. આ કથન વાંચી જો બસો વર્ષ પછીની તમારી પ્રજા જ્યારે સંશોધન (Research) કરશે ત્યારે કહેશે કે, ભારત ઉપર અંગ્રેજોનું રાજ્ય હતું અને ત્યાં સૂર્ય આથમતો ન હતો. ૪૦૦ વર્ષ પછી આ વાંચી કોઈ હસશે કે, આ વર્ણન સામ્રાજ્યવિસ્તારનું વર્ણન છે. જો અહીં સંત હશે તો બીજે દા'ડો. આ જેમ સામ્રાજ્યવિસ્તાર સમજાવે છે, તેમ હિરણ્યકશ્યપુના આ વરદાનનું વાક્ય તેના સામ્રાજ્યનો વિસ્તાર સમજાવે છે. તેનો ચોકીપહેરો એટલો કડક હતો

કે કોઈ માણસ કે કોઈ પશુ તેને મારી શકે નહીં. રાત્રે મારે નહીં, દા'ડે મારે નહીં. કોઈ તેને મારી શકે નહીં. આમ પોતાને બચાવવાની આટલી કડક તેણે વ્યવસ્થા કરી હતી તેમ દેખાય છે. ચોકીપહેરો કડક હતો એમ આ વિચાર બતાવે છે.

અત્યાચારી માણસોએ સેંકડોને માર્યા હોય તેથી તેઓ હમેશાં બીકણ હોય છે. એમના જીવનમાં નિર્ભયતા આવી જ શકવાની નહીં તેની ખાતરી રાખો. હિરણ્યકશ્યપુએ પણ સેંકડોને માર્યા હતા; તે આટલો બીકણ હતો તેથી તેણે આટલો કડક ચોકીપહેરો રાખ્યો હતો. હિરણ્યકશ્યપુ મહાન, શૂરવીર, જડવાદી, સંસ્કૃતિનો આદ્યપ્રવર્તક હોવા છતાં પણ લોકોથી ડરી ગયેલો હતો. સિંહ ડરીને ચાલતો હોય છે. ચાર પગલાં ચાલી પાછળ જોતો જાય છે. તેને ડર હોય છે કે, કોઈ પાછળથી મારશે તો નહીં ને? હિરણ્યકશ્યપુનું આ વરદાન એ રૂપકાત્મક વર્ણન છે.

હિરણ્યકશ્યપુએ પ્રહ્લાદને પોતાના માર્ગે વાળવા–સુધારવા (!) ખૂબ પ્રયત્ન કર્યો. પણ તેને લાગ્યું કે, તેનો છોકરો બગડી ગયો છે–ઉન્માદી થઈ ગયો છે. જડવાદી હમેશાં એમ જ સમજે છે કે, તેનો જ રસ્તો સાચો છે. ચોર એમ જ સમજે કે, પોતાનો રસ્તો સાચો છે અને પોતાના છોકરાને તે જ ભણાવે છે. વેશ્યા પોતાની છોકરીને વેશ્યા કેમ બનવાનું તે જ ભણાવે છે. તે કહે કે, એકની સાથે પરણીને શું ફાયદો? હું જડવાદી વિચાર લે, નબળી દૂબળી સંસ્કૃતિ અપનાવે શું ફાયદો?

પ્રહ્લાદને મારવા હિરણ્યકશ્યપુએ ખૂબ પ્રયત્ન કર્યો, પણ પ્રહ્લાદ અતિ શાંત હતો. તેને અતિ શાંત વર્ણવ્યો

છે. તેને મારવાના આટલા પ્રયત્નો જોઈ લોકો ચિડાઈ ગયા. લોકોને થયું કે, આના દિવસો હવે ભરાઈ ગયા છે, પણ કોઈની હિંમત ન હતી કે, હિરણ્યકશ્યપુને બે શબ્દો કહે. તેમાંના બુદ્ધિમાનો અને ધનિકો તો જડવાદી થઈ જ ગયા હતા–હિરણ્યકશ્યપુના ગુલામ બન્યા હતા અને વ્યાવહારિક ભૌતિક દૃષ્ટિથી નબળી જનતા ભલે પારમાર્થિક હોય તોપણ શું કહે ?

એક દિવસ સભામાં લોકો ભેગા થયા હતા, ત્યારે હિરણ્યકશ્યપુએ જાહેર કર્યું કે, પોતાના છોકરાને પણ સજા કરવામાં હિરણ્યકશ્યપુ પાછું વાળીને જોતો નથીઃ 'લોકોને સમજાવી દેવવાદી બનાવવા પ્રયત્ન થતા હશે, ઈશ્વરવાદના મૂર્ખાઈભરેલા વિચારો પ્રજા અપનાવતી હશે અને પ્રજા દૂબળી બનતી હશે, તો પ્રજાના રક્ષણાર્થે, જનતાના કલ્યાણ માટે હું મારા છોકરાને પણ સજા કરીશ. આ પુરુષાર્થહીન ભક્તોએ–દૂબળા લોકોએ સમાજની પ્રગતિ અટકાવી નાખી છે. દેવવાદી જંતુઓ છોડવાવાળો પ્રહ્લાદ હશે તો તેને પણ સજા કરવામા પાછી પાની નહીં કરું.'

પ્રહ્લાદને બંદીવાન માણસની માફક સભામાં લઈ આવવામાં આવ્યો. તે વખતે હિરણ્યકશ્યપુએ પૂછ્યું, 'બોલ હજુ તું મારું માને છે? તારા આકાશમાંના ભગવાનને તેં જોયો છે કોઈ દા'ડા? તે તને મળ્યો છે? તેણે તને શું આપ્યુ? તું દૂબળો થાય છે. પ્રજાને બગાડે છે. અરે! પૈસો મળ્યા પછી ભોગવવો નહિ, સ્ત્રી મળ્યા પછી તે ભોગવવાની નહિ તે વળી કઈ જાતની સંસ્કૃતિ? અરે! ऋणं कृत्वा सुरां पीबेत् । भस्मीभूतस्य देहस्य पुनरागमनं कुतः । દેવું કરીને પણ સુરા પીવી જોઈએ. આવું સુંદર આન

જીવન જીવવાને બદલે રડતું, દૂબળું જીવન જીવો છો, મર્યા પછી ભગવાન શું કહેશે એમ બોલી રડતા રહ્યા છો અને કોઈએ ન જોયેલા તે તારા ભગવાન તે વળી શું કરવાના હતા? તું મારા વિચારને અપનાવ.'

પ્રહ્લાદે કહ્યું, 'તમે એક જાતની સુરા પી ઉન્મત્ત થયા છો, તમે ભૂંડનું જીવન જીવો છો. ભૂંડ અને કૂતરા પણ આ રીતે જ જીવે છે.' હિરણ્યકશ્યપુ અને ભૂંડનું જીવન એક જ હોય તો ભગવાને તને ભૂંડનો છોકરો કેમ ન કર્યો?' 'બાપુજી! આ દૈવી ઉત્સાહ, મસ્તી અને આનંદ કાંઈ જુદી જ વાત છે! આ તમે અનુભવો નહિ ત્યાં સુધી ખબર ન પડે. ગોળ ખાધા વગર તેના ગળપણની ખબર ન પડે. આ આનંદ લૂંટ્યા વગર તેની ખબર નહિ પડે. દારૂની મસ્તી બે કલાક ટકતી હશે, પણ પ્રભુભક્તિનો નશો તો કાયમનો છે. તમારે દારૂ પીવાનો હોય તો તે પીઓ, હું તો પ્રભુના નામની મસ્તી લૂંટું છું. તેના નામનો દારૂ પીઉં છું કે, જેનો નશો જીવન સુધી ઊતરતો નથી. તમારો દારૂનો નશો તો બે કલાકમાં ઊતરી જશે: મારો પ્રભુભક્તિનો નશો જીવનભર ટકશે.'

આ સાંભળી બાપ ચિડાઈ ગયો અને રાડ પાડી કહ્યું: 'ક્યાં છે તારો ભગવાન? કેવા સામાન્ય લોકોમાં જઈને તું બેસે છે તેનું તને ભાન છે? એ લોકો શું બુદ્ધિશાળી છે? અધિકારી છે? ધનવાન છે? તો તું ક્ષુદ્ર-હલકા લોકો વચ્ચે જઈ બેસે અને તે બધા મૂર્ખાઓ તને ચડાવે છે તેમ તું ચડે છે, તું ફુલાય છે; પણ કોઈ પણ બુદ્ધિમાનને પૂછી જો કે, તને કોઈ ડાહ્યો કહેવા તૈયાર છે?'

પ્રહ્લાદે કહ્યું: 'જે બુદ્ધિમાન અંતરમુખ થયા વિના

જીવતો હોય, તેની સાથે મારી બોલવાની તૈયારી નથી. અને તે અંતરમુખ થતો હશે તો તે મારી પાસે ચર્ચા કરવા માટે આવશે જ નહિ.'

હિરણ્યકશ્યપુ ચિડાઈ ગયો. બરાડો પાડી કહ્યું: 'હું કહું છું કે, તે વિચાર છોડી દે.'

પ્રહ્લાદે કહ્યું, 'બાપા, તે હું માનવાનો નથી.'

'હમણાં ને હમણાં તને મારી નાખીશ. કોઈ તને બચાવવાનો નથી.' હિરણ્યકશ્યપુ બોલ્યો.

પ્રહ્લાદે કહ્યું: 'કોઈને જન્મ આપી કોઈ વ્યક્તિને મોટો કરવાની મા–બાપમાં હિંમત નથી. આ પ્રભુશક્તિ સિવાય કોઈનામાં જન્મ આપવાની શક્તિ નથી અને જન્મીને બચાવવાની પણ શક્તિ નથી. આ પ્રભુશક્તિએ જ મને પ્રત્યેક આપત્તિમાંથી બચાવ્યો છે, તે તમે જોયુ અને મેં અનુભવ્યુ છે. પણ તમે દુરાગ્રહી છો. Conditioned mindના હોવાથી તમે સમજી શકતા નથી. તમારી આંખે મોહનું પડળ ચડી ગયું છે. આ બધા ક્ષુદ્ર–હલકા નથી, પણ બધા ભગવાનના દીકરા છે. આ બધામા પ્રભુનું ચૈતન્ય છે અને તેથી તો તેમની વચ્ચે હું બેસું છું.'

હિરણ્યકશ્યપુએ ચિડાઈ જઈ કહ્યું: 'જેને કપડું પહેરવાની અક્કલ નથી, જેનામાં ચાર આના કમાવાની અક્કલ નથી, એ નબળા જીવોમાં તારો પ્રભુ રહેતો હશે તો તારો પ્રભુ પણ નબળો–દૂબળો, ગાંડો જ છે. તેવા દૂબળા-ને હિરણ્યકશ્યપુ પગે લાગવા તૈયાર નથી. ક્યાં છે તારો એ ભગવાન?' પ્રહ્લાદે કહ્યું, 'બાપા! બધે જ છે.' સત્તા-સંપત્તિને સ્વાધીન થયેલા હિરણ્યકશ્યપુએ કહ્યું: 'આ નિર્જીવ થાંભલા જેવા બેઠેલા લોકોમા તે છે? એમનામાં

શું એ તેજ (Spark) છે? એ નિર્જીવ થાંભલામાં?'

પ્રહ્લાદ કહે છે, 'હા, એ નિર્જીવ થાંભલામાં તે શક્તિ છે.'

હિરણ્યકશ્યપુએ ચિડાઈ જઈ કહ્યું, 'અરે જા! કોની તાકાત છે કે, મારી સામે આવી ઊભો રહે, હું આ થાંભલાને લાત મારું છું.'

આ સંવાદ ચાલે છે એટલામાં ભગવાનના વિચારોથી પ્રેરાઈને એ નિર્જીવ થાંભલા જેવા લોકોમાંથી, સિંહ જેવું શૌર્ય જેની પાસે છે તેવો એક નરવીર સિંહ જેવો ઘુરઘુરાટ કરી સભામાંથી ઊભો થયો અને ચિડાઈને બોલ્યો, 'લાત માર, તારી ગરદન ખલાસ થશે, શું સમજ્યો તું?'

આખા દૈવી સમાજમાંથી આ સિંહ જેવો વીર ઊભો થાય છે અને તેના બોલવાથી આખા સમાજમાં એક જાતનો ઉશ્કેરાટ ફેલાય છે અને સેંકડોની સંખ્યામાં લોકો તેની પાછળ ઊભા રહ્યા છે. સિંહ જેવા ક્રૂર, અવિચારી અને અંધ બનેલા, યશઅપયશનો વિચાર ન કરતાં આ લોકો હિરણ્યકશ્યપુ ઉપર તૂટી પડ્યા અને આ અવિવેકી અસંગઠિત સમાજે હિરણ્યકશ્યપુને મારી નાખ્યો. નરનો પ્રેમ અને સિંહનું અવિવેકી કાર્ય નર અને સિંહના બંને ગુણો ભેગા થયા પછી હિરણ્યકશ્યપુ મરાયો છે.

અસંગઠિત અને અવિવેકી ઉશ્કેરાટના પરિણામે ઘરડાં, નાનાં, મોટાં, સ્ત્રીપુરુષ પ્રત્યેકને તકલીફ થવા લાગી અને આવું અવિવેકીપણું થાય તો સમાજ ટકે નહીં. હમણાંના ઇતિહાસમાં મહારાષ્ટ્રમાં તે અસંગઠિત સમાજે બ્રાહ્મણોનાં ઘરોનાં ઘરો બાળી નાખ્યાં છે. નરના સત્યના પ્રેમે અને સિંહના ક્રૂર અવિવેકે હિરણ્યકશ્યપુને માર્યો, પણ તે ક્રૂરતાએ

સમાજમાં બીજાને પણ ત્રાસ આપ્યો, તેમના વિવેકે માઝા મૂકી દીધી, તેની સામે કોઈ ઊભું રહી શકતું નથી. ત્યારે પ્રહ્લાદે તેમની પાસે આવી લોકોને કહ્યું, 'તમારો મારા પર સાચો પ્રેમ હોય તો તમે મારા માટે શાંત થાવ' અને બધા શાંત થયા. આમ થતાં જ પ્રહ્લાદને લાગ્યું, 'આ ભગવાન ખરેખર કૃપાળુ છે. નરસિંહે જ મારી લાજ રાખી, નહીં તો મારી લાજ કોણ રાખત? બાપા જેમને થાંભલા કહેતા હતા તેમાંથી જ એક થાંભલાનું ચૈતન્ય ઊકળ્યું. તેનામાં વીરરસ જાગૃત થયો અને તેનાથી હું બચ્યો છું. તે પ્રભુ જ છે. તેના વિચારમાં જ મસ્ત રહેવું. પૂર્ણાનંદ લેતા રહેવું.' અને તેનું ધ્યાન ધરતાં ધરતાં તે સમાધિસ્થ થયો છે. આ રાજ્ય, આ સમાજ જોઈએ શા માટે? ભગવાનનો આપણા ઉપર આત્યંતિક પ્રેમ છે. પ્રત્યેક અગવડમાં ભગવાન મદદ કરે છે. આપણે નામસ્મરણમાં તલ્લીન રહીશું. તેનો જ આનંદ લૂંટતા રહીશું. તમે પુરાણો ખોલશો તો આ સમાધિની વાત જણાશે.

તે વખતે નરસિંહે પાંચજન્ય શંખથી તેને ઉઠાડ્યો. તેણે કહ્યું, 'ઊઠ, ઊભો થા, હું આવ્યો છું. વિશિષ્ટ જાતની કેંદ્રીભૂત શક્તિ કાર્ય કરી શકે તે દેખાડવા માટે હું આવ્યો છું. જો તું આમ બેસી રહીશ તો હિરણ્યકશ્યપુની વાત સાચી ઠરશે કે, ઈશ્વરવાદ દૂબળો છે. હું પ્રહ્લાદનું ખોખું સંભાળવા નથી આવ્યો, પણ આ ખોખામાંથી માનવી સંસ્કૃતિ ચિરંતન થાય એટલા માટે આવ્યો છું. ઊઠ અને આ દૈવી સત્તાના વિચારો બધે ફેલાવ.' અને પ્રહ્લાદને રાજ્ય ઉપર બેસાડી રાજ્ય કઈ રીતે કરવાનું તે સમજાવી નૃસિંહ ઉપદેશ આપી ચાલ્યા ગયા.

પ્રહ્‌લાદે સુંદર રીતે રાજ્ય કર્યું છે.

ઈશ્વરવાદ અને જડવાદનો ઝઘડો અનાદિ છે. આ લડાઈ અટલ છે. તે ચાલ્યા જ કરવાની છે, તો કયા પક્ષમાં સૈનિક થવું તે તમે નક્કી કરો. પ્રહ્‌લાદની નિષ્ઠા જોઈ તેના જેવા થવું હોય તો પ્રભુમાં તેવી નિષ્ઠા જોઈએ અને હિરણ્યકશ્યપુ થવું હોય તોપણ 'नास्ति भगवान्' એમ કહેવાની હિંમત જોઈએ છે. અરે, લોકોને ગ્રહની એકાદ લપડાક પડે તો શનિ તરફ જોતા રહે છે, તો પછી ચિરંતન સત્યને શરણે છીએ, એમ બોલી આશ્રયે શા માટે ન જવું?

આ બન્ને પાસે પાસેના અવતાર હોવાથી આજે બે અવતાર લીધા. આવતી કાલે વામન અવતાર જોઈશું.

# વામન અવતાર

આપણે ચાર અવતારનો થોડો વિચાર કર્યો: મત્સ્ય, કૂર્મ, વરાહ અને નૃસિંહ અવતાર. હવે આજે વામન અવતારનો વિચાર કરીશું.

વામન અવતારની પુરાણની વાત બધાને જ ખબર છે. પૌરાણિક કલ્પના એવી છે કે, બલિરાજા અતિ ધાર્મિક અને સાત્ત્વિક હતો અને મોટા મોટા યજ્ઞો કરતો. તે બલિરાજાનો ઇંદ્ર જોડે વિરોધ હતો અને કદાચ તે ઇંદ્રનું પદ લેશે તો! તે ડરથી વિષ્ણુ ભગવાને ઇંદ્રને સંભાળવાનું માથે લીધું અને યજ્ઞમાં વિષ્ણુ ભગવાન વામનનું રૂપ લઈને ગયા. તેમણે બટુકનું રૂપ લીધું અને લંગોટી પહેરી તેઓ યજ્ઞમાં આવ્યા. આ બટુકને જોઈને બલિએ કીધું, 'તારે જે માગવાનું હોય તે માગ.' તેણે કહ્યું, 'મને ત્રણ પગલાં ભૂમિ જોઈએ.' તે કહે, 'આપીશ.' શુક્રાચાર્યે કહ્યું, 'મૂર્ખા! તું આમ કર નહિ. આ તારી મૂર્ખાઈ છે. બટુકના રૂપમાં આ સાક્ષાત્ વિષ્ણુ છે, ખબર છે તને? તને મારી નાખશે.' બલિએ કહ્યું, 'વાંધો નહિ. વિષ્ણુના હાથથી મરણ શું ખોટું? તે મારી પાસે માગવા આવ્યા છે ને? તો તે માગે તે આપવા હું તૈયાર છું.' વામને ભૂમિ લેવા માંડી. એક પગલામાં ભૂમિ લીધી, બીજા પગલામાં ત્રિભુવન લીધું અને પૂછ્યું કે, 'ત્રીજું પગલું ક્યાં મૂકું?' આપેલું વચન તો પાળવું જ જોઈએ! તેથી બલિએ કહ્યું, 'મારે માથે મૂકો.' અને ત્રીજું પગલું તેને માથે મૂકતાં જ તે પાતાળમાં ધકેલાઈ ગયો. બલિ પાતાળમાં જતાં, વામને કહ્યું, 'હું તારું

ત્યાં પોષણ કરીશ. તારા પુત્રપૌત્રનું રક્ષણ કરીશ. તું ત્યાં સુખેથી રહેજે.' બલિ પરમ ભક્ત હતો તેથી તેનું રક્ષણ કરવાનું કહ્યું હતું. આ આપણી પૌરાણિક કથા.

તો પછી પ્રશ્ન થાય કે, આ પરમ ભક્ત હતો, તો આમ તેને દાટવાનું કારણ શું? ઇંદ્રનો પક્ષ લઈ, વિષ્ણુ ભગવાને વામન અવતાર લઈ, તેને મારવાનું કારણ શું? Merits હોય, પુણ્યસંચય હોય તો તે પણ ઇંદ્ર થાય! સરસ કથા છે. કથાકાર સુંદર રીતે કહી શકે છે. છોકરાંઓ સાંભળતાં સાંભળતાં તલ્લીન થઈ જાય છે અને કથાકાર હાથ ઊંચા કરીને કહેતો હોય, 'ખબર છે ભગવાન કેટલા મોટા થયા તે?' જેને મનોરંજન જોઈએ તેને માટે મનોરંજન મળી રહે છે. અને બીજું કાંઈ જોઈએ તેને બીજું કાંઈ મળી રહે છે.

વસ્તુસ્થિતિ જોતાં વામન અવતાર એ રૂપકાત્મક લખાણ છે. જરા ઊંડા જઈશું તો જણાશે કે, બલિ વિરોચનનો છોકરો અને વિરોચન પ્રહ્લાદનો છોકરો હતો. આવો ઇતિહાસ છે.

હિરણ્યકશ્યપુનો છોકરો પ્રહ્લાદ જ્યારે રાજ્ય છોડી બ્રહ્માનંદમાં લીન થવા લાગ્યો, ત્યારે ભગવાને તેને ઢંઢોળ્યો અને કહ્યું, 'તું આમ ન કર, આ સૃષ્ટિમાં ભારતીય સંસ્કૃતિ–દૈવી સંસ્કૃતિ–માનવી સભ્યતા ટકે, તે માટે હું રાતદિવસ મહેનત કરું અને તારા જેવા રાજ્યો છોડી દે તે કેમ ચાલે? રાજ્ય ઉપર બેસ અને કર્મયોગ કર, નદી ઉપર જઈ ત્યાં બેસી કેવળ भ्रुवोर्मध्ये प्राणमावेश्य सम्यक्। કરવાથી તું કર્મચ્યુત થાય છે, તેથી મુક્તિ નથી મળવાની.' આમ કહી પ્રહ્લાદને રાજ્ય ઉપર બેસાડ્યો.

પ્રહ્લાદે સરસ રાજ્ય કર્યું. તેના ઉપર ભારતીય સંસ્કૃતિની–વૈદિક વિચારોની બહુ મોટી અસર હતી. તેનું રાજ્ય ભગવદીય હતું. ભારતીય સંસ્કૃતિના પ્રચાર માટે તેણે ખૂબ ખૂબ પ્રયત્નો કર્યા હતા.

ત્યાર પછી પ્રહ્લાદનો પુત્ર વિરોચન નાસ્તિક નીકળ્યો. પિતાના સંસ્કાર જો તે સ્વસંપાદિત ગુણો (Acquired qualities) હોય, તો સંતતિમાં જતા નથી. એમ આજનું સમાજશાસ્ત્રનું સંશોધન કહે છે. એકાદ માણસ દિવ્ય ગુણો મેળવી શકે, પણ તે ગુણો તેના છોકરામાં ન ઊતરે. તે જે વર્ણનો હોય, તે વર્ણના સંસ્કાર તેનામાં આવે છે. આજનું Heridity and Hugenicesનું વિજ્ઞાનશાસ્ત્ર પણ તેને ટેકો આપે છે કે, આપણા કરતાં દાદાના સંસ્કાર પૌત્રમાં વધુ આવે છે. જતાં જતાં વિનોદમાં કહું કે, સ્મૃતિશાસ્ત્ર મુજબ દાદાની જાયદાત (Estate) ઉપર પૌત્રનો હક્ક છે, પણ બાપની જાયદાત (Estate) ઉપર છોકરાનો હક્ક નહીં, એમ આજનો કાયદો પણ કહે છે. ટૂંકમાં કહેલું હોય તો બાપના સ્વસંપાદિત ગુણો પુત્રમાં ઊતરે જ એવું નથી.

પ્રહ્લાદના છોકરા વિરોચનમાં બાપના ગુણો–Qualities ન હોવાથી તે રાજ્ય કરવામાં અસફળ થયો. તે પ્રભુના વિચારો સમજ્યો નહીં. ભગવાનને જાણવા માટે તેણે ઘણો પ્રયત્ન કર્યો, પણ તે અયોગ્ય હતો.

વિરોચનનો છોકરો બલિ, બુદ્ધિશાળી અને રાજનિપુણ હતો, તેણે પોતાના કુટુંબના ઇતિહાસ(History)નો બરોબર અભ્યાસ કર્યો હતો. તેને ખબર હતી કે, સામર્થ્યના જોરથી અને જબરદસ્તીથી હિરણ્યકશ્યપુ લોકો પર રાજ્ય કરતો હતો તેથી તે અસફળ નીવડ્યો. તેને મરી જવું

પડ્યું. પ્રહ્લાદ જેટલી ભક્તિ અને સંસ્કારો બલિમાં ન હતા; કારણ કે તે આસુરી સંસ્કૃતિનો હતો. અને જરા જુદા દૃષ્ટિકોણથી જોશો તો જણાશે કે, વિરોચનના નાસ્તિકતાના વિચારોની અસર તેના ઉપર થઈ હતી. આમ હિરણ્યકશ્યપુ, પ્રહ્લાદ અને વિરોચન, એ ત્રણેનાં રસાયણોનું મિશ્રણ એટલે બલિ.

બલિ રાજનીતિજ્ઞ હતો, તેણે રાજ્યની લગામ પોતાના હાથમાં લીધી. જડવાદી વિચાર–આસુરી વિચાર–રાક્ષસોના વિચાર–ખાવું પીવું અને મજા કરવી એને જ જીવનનું સર્વસ્વ માનનાર બલિ સમજી ગયો હતો કે, સામર્થ્યના જોરથી, જબરદસ્તીથી લોકો માનશે નહીં; ઊલટું પાછો એકાદ નૃસિંહ તૈયાર થશે તેથી તેણે એ વિચારો સમજાવવાનું છોડી દીધું. તેણે મોટા મોટા યજ્ઞો કરવાની શરૂઆત કરી. તે લુચ્ચો હતો તેથી તેણે સામર્થ્યનો ઉપયોગ યજ્ઞો કરવામાં વાપર્યો.

यज्–देवपूजासंगतिकरणप्रदानेषु । એટલે પૂજા–મૈત્રીકરણ, સંગતિકરણ આ અર્થમાં એ ધાતુ છે. જે અડચણમાં હશે તેને મદદ કરી પોતાના તરફ ખેંચી લેવાનો, તેમ જ જે લોકોમાં કાંઈ ગુણો હોય તેમને માન–સન્માન આપી તેમનું કૌતુક કરી–પૂજા કરી, તેમને પોતાના કરી લેવાની–આત્મસાત્ કરી લેવાની બલિ પાસે મોટામાં મોટી કલા હતી.

તેથી તેણે ઠેકઠેકાણેથી સારા લોકોને–સદ્‌ગુણી હતા તેમને, માન આપીને પોતાના બનાવ્યા. આર્ત–પીડિતોને મદદ કરી પોતાના કર્યા. કર્મકાંડી બ્રાહ્મણોને ખુશ કર્યા. મોટી મોટી દક્ષિણા આપી, તેમને પ્રસન્ન કરી, યજ્ઞોમાં જ રોકી રાખ્યા.

બલિ હિરણ્યકશ્યપુથી પણ ભયંકર હતો. હિરણ્યકશ્યપુ તો રોકડું કહેતો હતો કે, ભગવાન નથી પણ બલિએ એમ કોઈ દિવસ કહ્યું નથી. તે પ્રખર મુત્સદ્દી (Intellegent statesman) હતો. આર્ત લોકોને તેણે ખુશ કર્યા તેથી લોકો કહે, 'બલિ મોટો છે. બલિ મહાન છે. આપણો સંરક્ષક છે.' લોકોમાં તેણે પોતા માટે સહૃદયતા (Soft corner) નિર્માણ કર્યો, તેણે લોકોનું કૌતુક કર્યું. માન સન્માન આપી વર્ષાસનો આપ્યાં અને ધીમે ધીમે રાજ્ય દરબારની મહત્ત્વની જગ્યાઓ ઉપર અસુરોને-જડવાદીઓને મૂક્યા અને ઈશ્વરવાદી ક્ષત્રિય કોમને રાજ્યકારોબારમાંથી ફેંકી દીધી અને તેથી ઈશ્વરવાદી બ્રાહ્મણો પણ રાજ્યમાંથી નીકળી ગયા. બાકીના બ્રાહ્મણોને જડવાદી બનાવી યજ્ઞમાં જ રોકી રાખ્યા કે જેથી વૈદિક સંસ્કૃતિનો-ભારતીય સંસ્કૃતિનો પ્રચાર થઈ શકે નહીં. સાંસ્કૃતિક પ્રચાર અને સાંસ્કૃતિક વિકાસના (Cultural developement) કાર્યમાંથી બ્રાહ્મણોને દૂર કર્યા અને તેમને ખોટે રસ્તે રોકી રાખ્યા. પરિણામે બ્રાહ્મણો પણ ખોટાં ખોટાં દાન લેતા અને પેટ પંપાળી બેઠી રહેતા થયા. બલિએ તેમને આ ટેવ પાડી. બ્રાહ્મણોને કર્મમાંથી ચ્યુત કર્યા. સંસ્કૃતિ શું? નિષ્ઠા શું? લોકોને ભણાવવાનું શું? લોકોને સમજાવવાનું શું? એ માથાકૂટમાં બ્રાહ્મણો પડ્યા જ નહીં. તે જાણવાની તેમને શક્યતા રહી નહીં. પોતે કાંઈ સમજી શકે નહીં અને બીજાને સમજાવી શકે નહીં. ફક્ત દક્ષિણાના ઓડકાર લેતા રહ્યા અને શરમિંદા થતા ગયા. દશ વર્ષમાં તો આખું વાતાવરણ બદલાઈ ગયું. ક્ષત્રિયો ગયા, ઈશ્વરવાદી વૈશ્યો ગયા અને મોટી મોટી દક્ષિણા લેવાની ટેવ પાડી, બ્રાહ્મણો-

ને દૂબળા, લાચાર, દીનહીન બનાવી તેમનું બ્રાહ્મણત્વ હણી નાખ્યુ. આ ત્રણે વર્ણોને તેણે કર કર્યા. ત્રણે વર્ણોને ખલાસ કરી નાખ્યા અને ચાતુર્વર્ણ્ય-વ્યવસ્થાની સંસ્કૃતિ તોડી નાખી. પરિણામે નીતિ અને સંસ્કૃતિને બદલે સત્તા અને વિલાસિતા-આ જ જીવનનું સર્વસ્વ છે, એમ તત્કાલીન સામાન્ય માનવી સમજવા લાગ્યો. બલિની શિક્ષણ પ્રણાલિકાથી વિષયભોગ ભરેલા જીવનની લાલસા નિર્માણ થવા લાગી. જીવન-કર્તવ્ય બીજું કાંઈ હોઈ શકે-આ કલ્પના જ ચાલી ગઈ અને કેવળ ખાવું, પીવું, અને ભોગ ભોગવવા એ જ જીવનનું સર્વસ્વ બનાવા લાગ્યુ. લોકોને તે પ્રણાલિકા રોચક લાગવા માંડી; તેથી લોકો પણ તે જલદી અપનાવવા લાગ્યા.

આ વિરોચનની શિક્ષણપ્રણાલિકાના પ્રમુખ શુક્રાચાર્ય હતા. આ પદ્ધતિ શરૂ કરી, તેણે લોકોને કહ્યું, 'અમે તમને સુધારવાના છીએ, શિક્ષણ આપીને ભણાવવાના છીએ. અમે તમને શિક્ષણ આપીશું.' શિક્ષણ સ્વતંત્ર રહેવું જોઈએ તેને બદલે રાજ્યસત્તાએ તે હાથમાં લીધું અને બલિએ મોટામાં મોટો આ સુધારો કર્યો. ભારતીય સંસ્કૃતિ મુજબ શિક્ષણનો રાજ્ય સાથે સંબંધ ન હોવો જોઈએ; પણ શિક્ષણતંત્ર સ્વતંત્ર રહેવું જોઈએ. જો રાજા જડવાદી વિચારનો હોય તો શિક્ષણતંત્ર પણ તેવું થાય, શિક્ષણ પણ તેવું જ મળે. ભારતીય સંસ્કૃતિ માટે આ એક ભયંકર વાત (Dangerous) છે કે રાજ્યસત્તા પોતાના હાથમાં આ તંત્ર લે. ઈશ્વરતત્ત્વને માન્ય રાખી બ્રાહ્મણોએ શિક્ષણ આપવું જોઈએ, અરે, જરા વધુ પડતું કહું કે, શિક્ષણ નાસ્તિક હોય તો ચાલે, પણ રાજ્યસત્તાથી તો સ્વતંત્ર હોવું જોઈએ. સમાજમાં જેણે જે વિષયનો અભ્યાસ કરવાનો હોય, તેને

તેનો અભ્યાસ કરવા મળવો જોઈએ. તેને શાંકરભાષ્ય વાંચવું હોય તો વાંચે અને ન વાંચવું હોય તો તે છોડી પણ દે. ટૂંકમાં શિક્ષણ બંધિયાર ન હોવું જોઈએ.

બલિએ બ્રાહ્મણોના હાથમાંથી શિક્ષણતંત્ર ખેંચી લીધું અને રાજ્યસત્તાના હાથમાં આપ્યું. અને રાજ્યસત્તાએ પોતાના હાથમાં શિક્ષણતંત્ર લેવું એ ભયંકર વાત (Dangerous) છે. રાજ્યસત્તાના હાથમાં શિક્ષણ આપવું એટલે તે ક્ષુદ્ર, હલકું, દૂબળું જ રહેવાનું, ભલેને પછી બધાં દર્શનો અને ઉપનિષદો જ વાંચતા ન હોય! રાજ્યસત્તાના હાથમાં શિક્ષણતંત્ર આવ્યું, એટલે પચીસ રૂપરડીનો પગારદાર જે લખે, તે કરોડો લોકોએ વાંચવું રહ્યું. આ સમાજ ઉપર થતો રહેલો બહુ મોટો અત્યાચાર છે. આ વાદ બહુ ભયંકર છે. સિંહના દાંત જેવો છે. સિંહના દાંત દેખાતા નથી, પણ માણસને આખો ને આખો ખાઈ જાય છે.

બ્રાહ્મણો પછેડી સંભાળતા સંભાળતા યજ્ઞમાં જ પડી રહ્યા. 'અમને શું? લીલાલહેર છે. રાજા મોટા મોટા યજ્ઞો કરે છે અને અમને મોટી મોટી દક્ષિણા મળતી રહે છે.' વેદ કોઈ ભણે નહીં અને કોઈને ભણાવે નહીં, આમ સંસ્કૃતિનો વિકાસ રુંધાઈ ગયો, અટકી ગયો. વિશિષ્ટ પદ્ધતિથી અપાતું શિક્ષણ બંધ થયું. અને આ નવી શિક્ષણ પદ્ધતિને લીધે બધો ગોટાળો થઈ ગયો. બ્રાહ્મણો ખલાસ થયા. ક્ષત્રિયો ખલાસ થયા. વૈશ્યો ખલાસ થયા. બલિએ ત્રિવર્ણને ખલાસ કર્યો, બલિ વિરુદ્ધ ક્ષત્રિયોએ થોડી બૂમાબૂમ કરી દેખાય છે; પણ લોકોએ તે ક્ષત્રિયોને સ્વાર્થી ગણ્યા હતા. લોકોને લાગતું હતું કે, આ ક્ષત્રિયોને રાજ્યસત્તા જોઈએ છે, તેથી બૂમાબૂમ કરે છે. તેથી તેમને

લોકોનું પીઠબળ મળ્યું નહીં. આમ બલિ તેના રાજ્યમાંથી કાયદો ન કરતાં–અત્યાચાર ન કરતાં, ભગવાનનું અને વૈદિક સંસ્કૃતિનું નામ કાઢી નાખ્યું. લોકોમાંથી ભગવાન ઉપરનો પ્રેમ ચાલ્યો ગયો. દૈવી સંસ્કૃતિ નષ્ટ થઈ ને બાકી ઈશ્વરનું નામ રહ્યું તે પૈસા માટે, ભોગો માટે. તેમના જીવનમાં ભોગવિલાસ જ પ્રમુખ બન્યા–ઈશ્વર નહીં. તેથી સમાજમાંથી ભગવદ્નિષ્ઠા અને પ્રભુપ્રેમ ચાલ્યાં ગયાં. પૈસો જ પ્રમુખ બન્યો. જડ પ્રમુખ ગણાવા લાગ્યો. ઈશ્વરોપાસના ચાલી ગઈ અને જડની ઉપાસના–ભોગોપાસના આવી. બુદ્ધિમાનો રાજ્યાશ્રિત થયા. સમાજમાં શિક્ષણ હતું જ પણ તે રાજ્યસત્તાનું અને આ પદ્ધતિથી જે શિક્ષણ લે તેને જ જીવિકા મળે અને જીવિકા માટે પ્રત્યેકે આ જ શિક્ષણ લેવું જ પડતું. ઈશ્વરવાદી અને વૈદિક સંસ્કૃતિ માનનાર લોકોમાં એ વખતે મોટો સવાલ આવી પડ્યો કે, પાછું એ વૈદિક શિક્ષણ નિર્માણ કઈ રીતે કરવું? સંસ્કૃતિ અને નીતિમત્તા પાછી ઊભી કરવા માટે શું કરવું? મંદિરોમાં અને ઠેકઠેકાણે સાંસ્કૃતિક નિષ્ઠા નિર્માણ કઈ રીતે કરવી? સાંસ્કૃતિક નિષ્ઠા કોઈ ઊભી કરે, તો બલિ ના ન પાડતો. પણ બ્રાહ્મણો જ દક્ષિણા ખાઈ ઓડકાર લેતા થયા હતા તેથી તે નિષ્ઠા ટકાવનાર કોઈ ન મળતું. બ્રાહ્મણો દૂબળા-લાચાર બન્યા હતા. ક્ષત્રિઓ નબળા થયા હતા. વૈશ્યો નબળા થયા હતા. સમાજમાં જીવિકાનું શિક્ષણ મળતું હતું; જીવનનું નહીં તેથી તે નિષ્ઠા ટકવી નહીં.

આ સમાજવ્યવસ્થા અવ્યવસ્થિત થયેલી જોઈ તે વખતે સ્ત્રીઓને ભગવદ્પ્રેમને લીધે ચીડ ચડી; પણ સ્ત્રીઓ એકલી શું કરી શકે?

ભણવાનું, રોટલો કમાવાનો, ખાવાનું, જીવવાનું, ભોગો ભોગવવાના અને મરી જવાનું—આ જ જીવનનો અર્થ, એમ લોકોને લાગવા માંડયું. આ જોઈ એક આદર્શ સ્ત્રીને ચીડ ચડી. તેણે ભગવાનને કહ્યું. 'મને છોકરો નથી જોઈતો. આ રીતનો, ભૂંડની જેમ, ગધેડાની જેમ છોકરો જીવતો હોય એના કરતાં છોકરો ન હોય તે સારું.' આવી માગણી કરનાર સ્ત્રી મળશે નહીં.

आहारनिद्राभयमैथुनं च सामान्यमेतत्पशुभिर्नराणाम् ।
धर्मो हि तेषामधिको विशेषो धर्मेण हीनाः पशुभिः समानाः ॥

એની આ નકારાત્મક માગણીમાં હકાર છે—માગણી છે. 'તમારે છોકરો આપવાનો હોય તો એવો આપો કે, જે દૈવી નિષ્ઠા અને સાંસ્કૃતિક જીવન ટકાવવા માટે પોતાનું જીવન આપે. એ છોકરો શા કામનો જે દિવ્ય કાર્યમાં જીવન ન આપે?' કોઈમાં દિવ્યતા નથી. પ્રભુપ્રેમ નથી. પ્રભુ-પ્રેમના બદલે પ્રભુ વેચવાની વાતો થાય, એ શું જીવન છે? રોટલો કમાવાનો, ખાવાનો અને મડદાની પેઠે જીવ-વાનું આ કાંઈ જીવન છે? કાગડાનું જીવન છે. काकोऽपि जीवति चिराय बलिं च भुंक्ते । અરે, કાગડો પણ ઘણાં વર્ષો જીવે છે.

આ એક જ સ્ત્રીમાં જીવંત ચૈતન્ય હતું. તેના તેજને પ્રભુએ ઓળખ્યું. આ સ્ત્રીનું નામ અદિતિ હતું. તે કહેતી, 'આ જ પ્રણાલિકાથી જીવવાનું હોય અને આ જ ભણતર મારા છોકરાને ભણવાનું હોય તો મારે પુત્ર નથી જોઈતો, આ સૃષ્ટિમાં આવી જ રીતની પેદાશ હોય તેમાં એકનો ઉમેરો કરવાનું કારણ શું? નથી જોઈતી આવી પેદાશ!'

ભગવાન સમજી ગયા કે, આપણને જન્મ લેવા માટે

આ જ યોગ્ય ક્ષેત્ર છે અને આ તેજસ્વી ક્ષેત્રમાં અદિતિના પેટે ભગવાન વિષ્ણુએ જન્મ લીધો. ભગવાન જે બાઈના પેટે જન્મે, તે કેટલી તેજસ્વી બાઈ હશે! અદિતિની નિષ્ઠા અને કશ્યપની તપશ્ચર્યાને લીધે ભગવાને અદિતિના પેટે જન્મ લીધો અને તેનું નામ વામન.

વામન નાનપણથી જ કલ્પબુદ્ધિનો અને સાહસિક હતો, પ્રભાવશાળી હતો, અતિબુદ્ધિશાળી હતો. તેને સતત લાગવા માંડ્યું કે, ભગવાનની નિષ્ઠા અને સાત્ત્વિકતા પાછી ઊભી કરવી જ જોઈએ.

તે બુદ્ધિશાળી હતો. તેણે જોયું કે, પ્રભુની નિષ્ઠા પાછી ઊભી કરવી એ મુશ્કેલ છે; કારણ કે બલિ સાત્ત્વિકતાનો પ્રચાર ન કરો એમ કહેતો પણ નથી અને તે પ્રચાર કરતો પણ નથી. લોકો જડવાદી થયા હતા. અને બલિની શિક્ષણ-પ્રણાલિકા પ્રમાણે ન ભણે તો સમાજમાં મોભો ( Status ) મળે નહીં. સમાજની આ પરિસ્થિતિ હતી. તેણે આ શિક્ષણપ્રણાલિકાના મૂળમાં જ કુટકો મારવાનો વિચાર કર્યો. તેણે અભિનવ શિક્ષણપ્રણાલિકા શરૂ કરી. તેણે કહ્યું, 'ગોખેલું તે કાંઈ શિક્ષણ છે? ભણતર ( Education ) એટલે તો વ્યક્તિમાં રહેલા સુપ્ત ગુણોને વ્યક્ત કરવા( To draw out the virtues ) અવ્યક્ત ગુણો વ્યક્ત કરવા. એણે શાળાઓ ( School ) કાઢી નહીં. શાળા કાઢે તો બલિ કાંઈ ચલાવવા દે ખરો કે? કાઢે તેથી તો બલિ ચિડાય. વામન ભણાવે તો તો તેના ભણતરને સમાજમાં કોઈ કિંમત ન આપે. ત્યારે તેણે કર્યું શું? તેણે અક્કલ દોડાવી પોતાની ઉંમર-ના છોકરાઓને ભેગા કરી [illegible] શરૂ.

'તમે ક્યાં ગયા હતા?' તો કહે, 'ફરવા ગયા હતા, રમવા ગયા હતા.' ત્યાં તે પોતાના વિચારો સમજાવે અને આ રીતે તે બાળકોને ભણાવતો રહ્યો. આમાં ઘણું ભણવાનું મળે છે. આજે આ ભારતીય શિક્ષણની યોગ્ય કલ્પના રહી નથી, તેથી આશ્ચર્ય લાગે; પણ આ ભારતીય શિક્ષણ-પ્રણાલિકા પ્રમાણે, ભણવાની કામનાથી જે જાય, તેને શિક્ષણ મળતું નથી. તે શિક્ષણ થઈ જ શકતું નથી. કામનાથી ભણવા ગયા તો બુદ્ધિનો વિકાસ નહીં.

મારે ભણવા જવાનું છે, એ કામનાથી વિદ્યાપીઠમાં જાવ તો તે પણ ભણતર ન થાય. જ્યાં બુદ્ધિનો વિકાસ જ ન થાય ત્યાં ભણતર ક્યાંથી થાય?

પ્રાચીન કાળમાં ભણવાની આ કલ્પના જ ન હતી; પણ ગુરુસેવાની કલ્પના હતી. સવારે વહેલા ઊઠી, વાતો કરતા કરતા ગુરુ-શિષ્ય નાહવા જતા. નાહતાં નાહતાં, કપડાં ધોતાં ધોતાં, જે વાતો થાય તેમાંથી જ્ઞાન મળતું. કામના રાખી ભણવા જાય તે ભણતર નહીં. જૂના કાળમાં ભણવાની કામનાથી જતા નહીં, તેથી તે ભણતા અને અમે કામના રાખી યુનિવર્સિટીમાં જઈએ છીએ તેથી ભણતા નથી. તેથી જ વિશ્વામિત્ર દશરથ રાજા પાસે ગયા ત્યારે તેમણે કહ્યું, 'તારા છોકરાઓ મારે જોઈએ છે.' તેમણે કહ્યું નહિ કે મેં કૉલેજ ખોલી છે. તેમાં તેમને દાખલ કર, મારે તેમને ભણાવવા છે વગેરે. પણ તેમણે કહ્યું, 'યજ્ઞોના રક્ષણ માટે મારે તારા છોકરા જોઈએ છે. તે યજ્ઞો જોશે, ત્યાંનું વાતાવરણ જોશે, યજ્ઞનું રક્ષણ કરશે અને અગવડ સગવડે છૂટું છવાયું કામકાજ કરશે. ક્ષત્રિયોના છોકરા છે, મને આપી દે.' જેને ધનુષ્ય પકડતાં આવડતું નથી

તે યજ્ઞનું રક્ષણ શું કરવાના હતા? પણ બોલવાની ભાષા જ એ રીતની. ત્યારે દશરથે કહ્યું, 'એ બને જ નહીં.

उनषोडशवर्षीयः रामो राजीवलोचनः ।

સોળ વર્ષની અંદરનો આ મારો છોકરો કુમળી વયનો રાજીવલોચન રામ. એને કેમ મોકલું? તેની બુદ્ધિ કુમળી છે. તેને લડવાની અક્કલ નથી.' ત્યારે વસિષ્ઠે કહ્યું, 'તેને શીખવા માટે આ વિશ્વામિત્રનું જ એક વિશ્વવિદ્યાલય છે; માટે ત્યાં તેને મોકલો.' તેથી દશરથે પોતાના છોકરાઓ મોકલ્યા છે. વિશ્વામિત્રે કોઈ દિવસ કહ્યું નથી કે, 'મારી કોલેજમાં ભણવા આવ.' ભણાવવા કરાવવાની વાત નથી કરતા, પણ તે કહેતા, 'મારી જોડે ફરવા આવો.' ખરેખર, ખૂબ બુદ્ધિગમ્ય વાત છે. માનસશાસ્ત્ર( Psychology )નો કેટલો ઊંડો અર્થ છે! અહીં શિક્ષણશાસ્ત્રીઓ બેઠા હશે તેમને ખબર પડશે. ફરવા નીકળે છે ત્યારે સાંજ થઈ છે. સંધ્યા કરવાની છે. વિશ્વામિત્ર પૂછે છે, 'રામ, તને ખબર છે, સંધ્યા શા માટે કરવાની?' તે સમજાવે છે. જ્ઞાનચર્ચા કરે છે. પછી જમવા બેઠા ત્યારે કેમ જમવાનું તે શીખવ્યું. અને પછી રામલક્ષ્મણ વિશ્વામિત્રની વાતો સાંભળતા સાંભળતા સૂઈ જાય છે. વાલ્મીકિએ સુંદર વર્ણન કર્યું છે. આવું શિક્ષણ જોઈએ. આનુ નામ તે ભણતર. સવારે ચાર વાગે વિશ્વામિત્ર તેને ઉઠાડે છે. 'ઊઠ!' આમ કહીને નહીં તો, માથે પ્રેમથી હાથ ફેરવી કહે છે:

रामेति मधुरां वाणीं विश्वामित्रोऽभ्यभाषत ।
उत्तिष्ठ नरशार्दूल पूर्वा संध्या प्रवर्तते ॥

જીવનનો હેતુ શું? સૂઈ રહેવું તે કાંઈ જીવનનો હેતુ છે? જાગ્રત થવું, ઊઠવું એ જીવનનો હેતુ છે. 'રામ!'

એમ મધુર વાણીથી વિશ્વામિત્ર હાક મારે છે, 'હે કૌશલ્યાના સુપુત્ર રામ! હવે પૂર્વમાં સંધ્યા થઈ ચૂકી છે. હે નરશાર્દૂલ! ઊઠ અને દૈવ આહ્નિક કર્તવ્ય કર.' પછી તે નાહવા લઈ જાય છે. વિશ્વામિત્ર પૂછે છે, 'આ શું છે? ખબર છે?' અને ઇતિહાસના ભણતરની શરૂઆત. અરે, ઇતિહાસ-ભૂગોળ (History–Geography) બધું જ ભણાવે છે અને ભણતાં ભણતાં રામ દૈવી વિચારોથી તૈયાર થયા છે.

ભણાવવાવાળાને 'હું આપું છું' તેમ લાગે નહીં અને ભણવાવાળાને 'હું લઉં છું' એમ લાગે નહીં. આ સ્થિતિ એનું નામ ભણતર. આ જ ઉત્કૃષ્ટ ટોચનું ભણતર. આવી રીતે વાતચીત કરતાં કરતાં રામલક્ષ્મણ ભણ્યા છે અને વિશ્વામિત્ર એટલે ચાલતો જ્ઞાનકોષ. આવી રીતે વાતોની આપલે થતાં કોઈ ઝાડ જોઈ તે વિષે પૂછે, એટલે વિશ્વામિત્ર ઝાડ જોઈ વનસ્પતિશાસ્ત્રનું (Botany) જ્ઞાન આપે. શિક્ષણની અતિ ઉચ્ચ પ્રણાલિકા હતી. ભણવા જવું એ ભાષા જ ન હતી. રાત્રે વાતો કરતાં કરતાં વિશ્વામિત્ર સહેજ પૂછે, 'રામ! આ આકાશમાં શું છે, ખબર છે?' ને ખગોળશાસ્ત્ર(Astronomy)ની શરૂઆત. સવારે ઉઠાડતાં કહે, 'જીવન શા માટે છે? ઊંઘવા માટે?' उत्तिष्ठ नरशार्दूल અને આમ આપેલું જ્ઞાન, જ્ઞાન મટી જઈ અંદર ઊતરી જાય છે, પચી જાય છે.

આપણા ભણતરની જૂની પ્રણાલિકા જ આવી છે.

यास्तेषां स्वैरकथाः ताः उपदेशरूपा भवन्ति।

ઋષિ જોડે રહેવું, ફરવું, ઋષિની વાર્તાઓ સાંભળવી અને ઋષિ સાથે રહીને જ્ઞાન મળે તે પાકું જ્ઞાન. જીવંત

ચરિત્ર (Character) સાથે ચાલતી તે જ્ઞાનગોષ્ઠિ હતી. છોકરાને દેખાડવાનું એક અને ઘરે કરવાનું જુદું, એવું ચરિત્ર (Character) ન હતું. આ નવીન પદ્ધતિ નથી, પણ યોગ્ય પ્રાચીન પદ્ધતિનું શિક્ષણ છે.

ગુરુ સહેજ ખાતાં ખાતાં વાતો કરે, તે જ્ઞાન. તે જ્ઞાન સ્થિર રહે, મક્કમ રહે, સુસંસ્કારી અને સારું રહે. જે ક્ષણે બાળક આશ્રમમાં આવ્યો, ગુરુના તાબામાં આવ્યો તે જ ક્ષણથી ભણતરની શરૂઆત. જેણે ગુરુ મહારાજને જીવન આપી દીધું તે જ યોગ્ય જ્ઞાન મેળવી શકે. રાત્રે સૂતાં સૂતાં આકાશમાંનાં નક્ષત્રોની વાત ખગોળશાસ્ત્ર અને જ્યોતિષ-શાસ્ત્ર (Astronomy) અને (Astrology) બધું ભણાવે. સવારે ઉઠાડવાનું શા માટે? તારે જીવંત જીવન જીવવાનું છે તે ખબર છે? હજુ સુધી સૂતો છે? ઊઠ! અને કાર્ય કરવા લાગ, આ સમજાવવા માટે-જીવનનું મહત્ત્વ સમજાવવા માટે. આમ શિક્ષણની દેવી અને ઉચ્ચ ભારતીય પ્રણાલિકા છે. 'ભણવા જાઉં છું,' એના કરતાં 'ગુરુસેવા કરવા જાઉં છું' એમ કહે તે જ ભણે, તે ભણતર દૃઢ અને મક્કમ હોય.

આજે તો પાંત્રીસ મિનિટનો પિરિયડ હોય અને તેના બદલે છત્રીસ મિનિટ લે, તો છોકરાઓ 'સ્ટેમ્પિંગ' કરે, બૂમરાણ મચાવે. આ કંઈ શિક્ષણ છે? અરે! જેણે જીવન ગુરુને આપી દીધું છે, ચાલતાં, ઊઠતાં, બેસતાં, હરતાંફરતાં બધે જ જ્ઞાન-જ્ઞાનામૃતં ભોજનં બધે જ મળે તે જ્ઞાન-તે જ શિક્ષણ.

કલ્પક બુદ્ધિના વામને આ પદ્ધતિ (System) અપનાવી. વામને છોકરાઓને ભેગા કરવાની શરૂઆત કરી. મા-બાપ પૂછે, 'શું કરે છે?' તો કહે, 'ભેગા થઈએ છીએ, જંગલ-

માં જઈએ છીએ, નદીકિનારે જઈએ છીએ, નાહીએ છીએ, વાતો કરીએ છીએ, રમીએ છીએ,' અને વામન છોકરાઓ સાથે સાત્ત્વિક વિચારોની ચર્ચા કરતો. વામનનું ખેંચાણ જબરદસ્ત હતું, તેથી ઘણાં મોટાં ટોળાંઓનાં ટોળાં તેની સાથે આવતાં. તે પૂછતો : 'સાત્ત્વિકતા એ શું તમને ખબર છે ?' 'ચાર ચાર પેઢીથી ચાલતી આવેલી આ સાત્ત્વિકતા ક્યાં ગઈ ?'

વામન છોકરાઓને ફરવા લઈ જતો અને આવી વાતો કરતો. લોકોની આંખમાં આંસુ આવે તેવું ભાષણ આપતો. તે કહેતો, 'દૈવી વિચારો અને આસુરી વિચારોની લડાઈમાં આસુરી સંસ્કૃતિનો વિજય થાય અને દૈવી વિચારવાળા તેમના ઉપર જીવે ! એ સારી વાત નથી, ખરાબ વાત છે–દુઃખની વાત છે. આસુરી વિચારવાળા દૈવી વિચારનો બુરખો ઓઢી લે અને લોકો, દૈવી સંસ્કૃતિના સમજી તેમને પૂજે તે એનાથી પણ વધુ ખરાબ છે.' આમ પ્રચંડ સમુદાય ભેગો થતો રહ્યો અને વામન એમને સમજાવતો રહ્યો.

થોડા જ દહાડામાં વામન મોટો થયો. શુક્રાચાર્યે તે તરફ આંગળી ચીંધી કહ્યું, 'આ મોટો થતો જાય છે.' આ ઉત્પાત આપણા રાજ્યમાં આવ્યો છે. રાજ્યનું નિકંદન કાઢશે.'

તમે વાંચશો તો ખબર પડશે કે વામનનો જન્મ થતાં જ શુક્રાચાર્યે ભવિષ્ય ભાખ્યું હતું અને બલિને કહ્યું હતું, 'આ તને મારશે.' બલિ કહે : 'આ ખૂણામાં બેસનાર ! બટકો છે–ક્ષુદ્ર–છે–વામન છે, તે મને શું કરવાનો હતો ? ક્યાં હિમાલય જેવો હું અને ક્યાં આ ક્ષુદ્ર !' આ અર્થમાં એને બટુક કહેવામાં આવ્યો છે. શુક્રાચાર્ય દીર્ઘદૃષ્ટિ હતા, રાજનિપુણ હતા. તેમણે કહ્યું : 'આ વામન જ તને રાજ્યભ્રષ્ટ

કરશે.' પણ બલિએ તેની ઉપેક્ષા કરી.

થોડા જ દહાડામાં આ બટકા વામને પ્રચંડ કાર્ય કર્યું. પ્રત્યેકમાં રહેલા ભગવાનને જાગ્રત કર્યો. વામન મોટો થવા લાગ્યો—વ્યાપક થવા લાગ્યો. વામન હવે આપણી છાતી ઉપર બેસશે, એમ બલિને લાગવા માંડ્યું. વામન કહેતો તે કરવા લોકો તૈયાર થતા, ઠેકઠેકાણેથી ઉચ્ચાર સંભળાતોઃ 'અમને કહો, હવે આગળ શું કરવાનું છે?'

લોકોમાં ભગવાનનો પ્રેમ વધવા લાગ્યો, એટલું જ નહીં, લોકો તેજસ્વી અને દિવ્ય જીવન જીવવા લાગ્યા. મડદા જેવાઓમાં પણ જીવંત તેજસ્વીપણું આવ્યું. આ બધું જોઈ બલિ ગભરાઈ ગયો. તેને લાગ્યું, 'આપણા દા'ડા ભરાઈ ગયા. હવે શું કરીશું?' એમ શુક્રાચાર્ય સાથેના સંવાદમાં એ કહે છે. એ સમજી ચૂક્યો હતો કે, જડવાદનો હવે મૃત્યુઘંટ વાગી રહ્યો છે.

વામન પ્રભુ ઉપર ભરોસો રાખી કાર્ય કરતો. તે રાજ્ય-સત્તાને મળ્યો નહીં. તેને બલિને મળવાનું કારણ પણ હતું નહીં. અને તેણે પ્રચંડ કાર્ય કર્યું. રાજ્યસત્તાને ડર લાગ્યો. બલિને આસુરી સંસ્કૃતિ ગમતી હતી, તે તેમાં જન્મ્યો તેથી તેને તે ગમે, તેથી વામને તેના માથા ઉપર પગ મૂકી તેને દાટી દીધો; સાંસ્કૃતિક દૃષ્ટિથી જોતાં બલિ એ સંસ્કૃતિનો બુરખો પહેરેલો એક લુચ્ચો માણસ હતો. પણ તે હિરણ્ય-કશ્યપુ જેટલો નાલાયક ન હતો. તેથી આ ઉત્પાત જોઈ બલિને લાગ્યું: 'બધા વામનને શ્રેષ્ઠ કહે છે તો તેને બોલાવીએ.' 'મેં આ ચાતુર્વર્ણ્યની વ્યવસ્થા (Frame) તો તોડી, તે મહેનત નકામી ગઈ. પણ મારી આ આસુરી વ્યવસ્થા (Frame) તોડતાં વામનને કેટલી વાર? લોકો

અહીંનું ભણતર લે અને શુક્રાચાર્ય સાથે રોજની તકરાર કરે. વિદ્યાલયમાંથી બહાર નીકળ્યા કે નીકળ્યા, તેવા જ ભગવાનનું નામ લેવા માંડે, તેના જ વિચારો અપનાવે. તેથી વામનને બલિએ બોલાવ્યો, વાતોચીતો કરી. એમનો સંવાદ ખરેખર વાંચવા જેવો છે. તે વખતે બલિને થાય છે: 'વામન જોડે સંધિ (Compromise) કરીએ.'

શુક્રાચાર્યને આ વાત જણાવતાં શુક્રાચાર્યે કહ્યું, 'આ તારી મૂર્ખાઈ જ છે, આ વામન વામન નથી. આ બટકો-ખૂણામાં બેઠેલો નથી, આ સાક્ષાત્ વિષ્ણુ છે. વિષ્ણુ,' વિશતિ-વ્યાપક બનેલો. गृहे गृहे विशति इति विष्णुः। 'માટે હવે બીજી કાંઈ વાતચીત ન કરતાં તેને મારી જ નાખ.' પણ બલિએ માન્યું નહીં. તેણે કહ્યું: 'એમ તે કાંઈ ચાલે?' અહીં તેની સાત્ત્વિકતા દેખાય છે. પ્રહ્લાદના સંસ્કારની અસર જણાઈ આવે છે. તેણે કહ્યું: 'તમે જ કહો છો કે, તે વ્યાપક છે, તો પછી બળથી તેને મારી શકીશું કે? કળથી તેની સાથે કામ લેવું જોઈએ.' આમ તે બે વચ્ચે મતભેદ થયો.

ગુરુ શુક્રાચાર્ય એકાક્ષી હતા. તે મહા રાજનીતિજ્ઞ હતા. એકાક્ષી એટલે એક જ પક્ષનો વિચાર કરે તે, સ્વપક્ષનું જ હિત જુએ, બીજા પક્ષનો વિચાર જ ન કરે. ઉત્કૃષ્ટ મુત્સદ્દી (Statesman) તે જ, કે જે તેના જ પક્ષને ઉપર લાવે-તેના જ પક્ષનું કલ્યાણ જુએ; તેને એક જ આંખ હોય, બીજી આંખ જ નહીં ને!-બીજો વિચાર જ નહીં ને! આપણો પક્ષ મજબૂત થવો જોઈએ, એ જ એક ભાવના. એકાંતિક પક્ષ સત્તા રાખનાર હોય છે. તે પોતાનું જ પેટ કેમ ભરાય તેનો જ વિચાર કરે. બીજાનું

શું થાય તેનો વિચાર કરવા જાય નહીં અને તે જ ખરો રાજનીતિજ્ઞ. શુક્રાચાર્યની એક આંખ હતી એમ ન સમજો. તે કાંઈક કાણો હતો. પરંતુ તેણે આસુરી વિચારવાળાઓનો જ પક્ષ લીધો હતો. અને નૈસર્ગિક આ પક્ષનું કલ્યાણ વામનને મારવામાં જ છે એમ તેને સતત લાગતું હતું.

શુક્રાચાર્યે ના પાડી. ગુરુ નારાજ થયા, ત્યારે હવે શું કરવું? એમ બલિએ વિચાર કર્યો. તેણે વામન માટે ઘણી બધી સંપત્તિ મોકલી. એને થયું કે, બ્રાહ્મણનો છોકરો છે, કશ્યપનો દીકરો છે, તેને વૈભવ આપીએ ને જોઈએ તો ખરા કે બામણભાઈ શું કરે છે! વામને કહ્યું, 'તમારો વૈભવ સારો છે, પણ અમે જે કામ કરવાના છીએ એમાં તે વૈભવ વાપરવાની છૂટ આપો તો તે લઉં, વૈયક્તિક સ્વાર્થને માટે મારે કાંઈ જોઈતું નથી. બલિને થયું, કમાલનો અપરિગ્રહી છે.' 'મારા કાર્ય માટે મેં સંપત્તિ મોકલી આપી પણ આ તો બીજું જ થાય છે.' તેણે શુક્રાચાર્યને પૂછયું, 'આ સંપત્તિ વામન એના કાર્ય માટે વાપરે તો શું થાય?' શુક્રાચાર્યે કહ્યું, 'તું અક્કર્મી છે, તારા દહાડા ભરાઈ ગયા છે.' ચિડાઈને ગુરુએ શાપ આપ્યો, 'તું રાજ્યભ્રષ્ટ થઈશ, જા. તું ખલાસ થઈશ.'

જ્યારે ઠેકઠેકાણેથી વામન વામન એ જ સંભળાવા લાગ્યું, લોકો વામનને પૂજવા લાગ્યા, તેનો પડ્યો બોલ ઝીલવા તૈયાર થયા; અરે, જડવાદીઓ પણ વામન પાછળ ખેંચાવા લાગ્યા. નાનાંમોટાં બધાં જ વામનનું નામ લેવા લાગ્યાં અને રાજ્યસત્તા વિરુદ્ધ લોકો બૂમો પાડવા લાગ્યા, ત્યારે બલિને લાગ્યું કે, આપણે વામન સાથે સુલેહ (Compromise) કરવી જ જોઈએ. અને એ ભાવનાથી તેણે

ખૂબ મોટો યજ્ઞ કર્યો અને વામનને યજ્ઞમાં આવવા આમંત્રણ મોકલ્યું. એક બાજુ યજ્ઞ ચાલે અને બીજી બાજુ વામન અને બલિની બેઠક (Meeting) શરૂ થઈ. ખૂબ ચર્ચા થઈ. આખરે બલિ સુલેહ કરવા તૈયાર થયો અને તે માટે વામને પોતાની ત્રણ શરતો (Conditions) મૂકી. 'ચાતુર્વર્ણ્ય કે જે તમે તોડી નાખ્યા છે, તે પાછા ઊભા થાય એવી મારી ઇચ્છા છે.' આ જરા મોહક પણ સામાન્ય માગણી હતી, તેથી બલિ તરત જ કબૂલ થયો. શુક્રાચાર્ય ચિડાઈ ગયા અને કમંડલ લઈ ચાલ્યા ગયા. તે બહુ ડાહ્યા હતા. તે સમજી ગયા કે, આ ત્રણ પગલાં ભૂમિ માગે છે, એનો અર્થ એ કે, આ ત્રણ વર્ણો–બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય પાછા ઊભા થશે અને ઊભા થતાં જ આ બલિ હતો ન હતો થઈ જશે. અને બલિને લાગતું હતું: 'આ બ્રાહ્મણો અને ક્ષત્રિયો તો મારા ખરીદેલા ગુલામ છે, મારી સંપત્તિ એમને મારા તરફ ખેંચી રાખશે. એ ક્યાં જવાના હતા ?'

પહેલી માગણીમાં વામને કહ્યું, 'યજ્ઞો બંધ કરો.' આ માગણી પાછળની ભૂમિકા ધ્યાનમાં લો. યજ્ઞ અને કર્મકાંડમાં જ બ્રાહ્મણો રોકાયેલા હોવાથી તેમની તેજસ્વિતા ચાલી ગઈ હતી. ખરું બ્રાહ્મણકર્તવ્ય બ્રાહ્મણો ભૂલી ગયા હતા. તેથી તેણે કહ્યું, 'સમાજમાં સાંસ્કૃતિક અને નૈતિક જીવન નિર્માણ કરવાનું આ બ્રાહ્મણોનું કામ, તારા યજ્ઞોને લીધે બ્રાહ્મણો ભૂલી જાય છે; તેથી આ યજ્ઞો બંધ કર. અને પાછી બ્રાહ્મણસત્તા યોગ્ય અર્થમાં ઊભી કર. શુક્રાચાર્યની શિક્ષણપદ્ધતિને રાજ્યાશ્રય ન આપો. આ તમારી પદ્ધતિ ભૂલભરેલી છે. શિક્ષણતંત્ર બ્રાહ્મણોને આપો. એમને રાજ્યાશ્રય આપી શરમિંદા ન કરો.' અને બલિએ તે કબૂલ કર્યું.

બીજી માગણી: 'ઠેકઠેકાણે રાજ્યકારભાર કરતા ક્ષત્રિયો જડવાદી નહીં, પણ ઈશ્વરવાદી હોવા જોઈએ. ઈશ્વરવાદથી ખણુખણતા રૂપિયાના જ હાથમાં રાજ્યાધિકાર હોવો જોઈએ, જડવાદી બોદા રૂપિયાના હાથમાં નહીં.' બલિએ તે પણ માન્ય કર્યું.

ત્રીજી માગણી: 'આ રાજ્યમાં ફક્ત ઈશ્વરને જ માનવાવાળા-ઈશ્વરના કાર્ય માટે જ હું જન્મ્યો છું, એમ માનવાવાળા સાત્ત્વિક વિચારના હોય તે જ ધંધો કરી શકે.' અને આમ વૈશ્યો પણ ઊભા કર્યા.

આ ત્રીજું પગલું માગતાં જ બલિ ગભરાઈ ગયો. તેણે કહ્યું: 'તો પછી મારા અસુરો ક્યાં જાય? આનો અર્થ તો એ થયો કે, હું મરી ગયો-મારું અસ્તિત્વ જ નહીં, હું ક્યાં જાઉં?'

વામને કહ્યું: 'તમારે રહેવાની હું સુંદર વ્યવસ્થા કરું છું. સાત પેઢી સુધી ન ખૂટે એટલું ધન અને સંપત્તિ આપું છું અને ધન, વૈભવ અને સંપત્તિ ભોગવતા તમે દક્ષિણમાં-સુતલમાં રહો. હું તમારો દ્વારરક્ષક થઈશ.' એટલે કે તેને રાજકેદી(State Prisoner) તરીકે નજરકેદ-(Protective Custody)માં રાખ્યો.

આમ પાછી ચાતુર્વર્ણ્યની વ્યવસ્થા (Frame) ઊભી થઈ, દૈવવાદી સંસ્કૃતિ ઊભી થઈ. ઈશ્વર માટે ઈશ્વર, પૈસા માટે ઈશ્વર નહીં, આ સમજણ દૃઢ થઈ. આથી લોકોને ખૂબ જ આનંદ થયો, બધું જ વામનના હાથમાં આવવાથી લોકોએ ત્યારે દીપોત્સવ કર્યો. ઘેર ઘેર દીવા (Lights) કર્યા. તે જોવા લોકો આખી રાત દોડતા હશે. તે વખતે

વામને કહ્યું: 'તમારો ઉત્સવ મૂર્ખતા ભરેલો ન હોવો જોઈએ. ઉત્સવમાં પણ શિક્ષણ હોવું જોઈએ.'

તે દીપોત્સવના પહેલે દિવસે તેણે કહ્યું: 'કનક અને કાંતાના લીધે માણસો અસુર થાય છે. સુંદર સ્ત્રી જોઈ કે ધર્મનાં બંધનો તોડી હાથ પકડવા દોડવું તે માનવસ્વભાવ છે.'

वेधा द्वेधा भ्रमंचक्रे कान्तासु कनकेषु च ।
तासु तेष्वप्यनासक्तः साक्षाद्भर्गो निराकृतिः ॥

'બ્રહ્માએ કનક અને કાંતામાં ભ્રમ રાખ્યો છે. સંપત્તિ, તે ભોગવવાની નથી—તે ભોગદાસી નથી—પણ તે આપણી 'બા' છે. એ બાના ખોળામાં માથું મૂકી સૂઈ જાવ—તે બાનું પૂજન કરો' અને તે પૂજન એટલે લક્ષ્મીપૂજન.

'સ્ત્રી તરફ બહેનની દૃષ્ટિથી જુઓ: સ્ત્રી એ બહેન છે. આ દૃષ્ટિથી જુઓ. સ્ત્રીજાત એ બહેન છે. બહેન સુંદર હોય તોપણ તેનો હાથ પકડવાનુ મન થાય છે? આમ સમજી આગળ ચાલીશું, તો આસુરી સંસ્કૃતિ ચાલી જશે.' તેથી એક દા'ડો બાની પૂજા માટે રાખ્યો. તે પૂજા એટલે લક્ષ્મીપૂજન અને બીજો દિવસ રાખી દીધો સ્ત્રીજાતને બહેન સમજવા—એનુ સતત ભાન રહે તે માટે અને તે દિવસ એટલે ભાઈબીજ.

લોકોએ કહ્યું, 'બલિ બહુ સારો હતો, તેનામાં ઘણી સારી વાતો હતી.'

વામને કહ્યું 'બરાબર છે. તેના સારા ગુણો લેવા જ જોઈએ, એના નામે પણ એક દા'ડો રાખી દઈશું. તે દિવસ બલિપ્રતિપદાનો.

એક દિવસ લક્ષ્મીને બા સમજવાનો—તેનુ પૂજન કરવાનુ,

તે લક્ષ્મીપૂજનનો દિવસ. બીજો દિવસ રાખ્યો તે બલિપ્રતિપદાનો એટલે તે બેસતું વરસ અને ત્રીજો દિવસ સ્ત્રીજાતને બહેન સમજો, એટલે તે ભાઈબીજ.

આ ત્રણ દિવસ એટલે દીપોત્સવ. તેમાં આનંદ કરીશું, આસુરી સંસ્કૃતિથી દૂર રહેવા કનક અને કાંતા તરફ જોવાનો દષ્ટિકોણ બદલીશું, બા અને બહેનની દૃષ્ટિથી જોઈશું અને લક્ષ્મીપૂજન અને ભાઈબીજ, આ બેની વચ્ચે બલિપ્રતિપદા. આ થઈ આપણી દિવાળી.

કૃષ્ણે નરકાસુરને મારી હજારો સ્ત્રીઓને છોડાવી અને તે દિવસ એટલે નરકચતુર્દશી—તેથી ચાર દિવસ દિવાળીના. પણ આપણી દિવાળી એટલે ખબર છે ? આપણી દિવાળી એટલે બધું જ બંધ. ઘેર ઘેર સાફસફ થતું હોય, ઘેરાં ફરસાણ–મીઠાઈ તળતાં હોય અને પુરુષો ખાતા હોય, આ સિવાય બીજો કોઈ દષ્ટિકોણ સમજતા જ નથી ને ! તો તેની પાછળનો દષ્ટિકોણ સમજો. તે ઉત્સવ ઊજવતાં વિશિષ્ટ દષ્ટિકોણ રાખો. લક્ષ્મી–સંપત્તિને બા સમજો. શત્રુ છતાં તેના ગુણો લો, અને સ્ત્રીજાતને બહેન સમજો. આસુરી વિચારો ઠેકઠેકાણે બાણુ મારશે, પણ તેના લક્ષ ન થયું હોય તો સ્ત્રીને બહેન સમજો અને પૈસાને બા સમજી આ ઉત્સવ ઊજવો.

આમ આખા જગતને નૈતિક અને સાત્ત્વિક બનાવી, જગતનું સાંસ્કૃતિક અને નૈતિક પુનરુત્થાન કરી વામન ભગવાન ચાલ્યા ગયા અને હવે પછી ભાર્ગવ રામ–પરશુરામ જે તેજસ્વી છે, જ્વલંત છે તેમના વિષે વિચાર કરીશું.

# ૬ : પરશુરામ (પૂર્વાર્ધ)

## [ ૧ ]

આજે છઠ્ઠો અવતાર જોઈશું. પરશુરામ અવતારના બારામાં ઘણી પૌરાણિક વાતો છે. તેમનું ચરિત્ર રામ અને કૃષ્ણના જેવું સુસંબદ્ધ ન હોવાથી જુદા જુદા ગ્રંથો અને પુરાણોનો આધાર લેવો પડે છે. પરંતુ સર્વસામાન્ય આટલું તો માન્ય છે કે, પરશુરામ જમદગ્નિના પુત્ર હતા. તે અતિશય તેજસ્વી, બુદ્ધિશાળી અને ક્ષાત્રતેજસંપન્ન હતા.

अग्रतः चतुरो वेदाः पृष्ठतः सशरं धनुः।
इदं ब्राह्मं इदं क्षात्रं शापादपि शरादपि॥

બ્રાહ્મતેજ અને ક્ષાત્રતેજનું સુંદર મિશ્રણ તેમનામાં હતું. પરશુરામ અતિ આજ્ઞાધારક અને પિતાના લાડીલા પુત્ર હતા. કાર્તવીર્ય જમદગ્નિના આશ્રમમાંથી ગાય ચોરી ગયો. પરશુરામને ખબર પડતાં જ તેમણે કાર્તવીર્યને મારી નાખ્યો. પિતાએ તેમને કહ્યું: 'તને ક્ષત્રિયહત્યાનું પાપ લાગ્યું છે. તું તપશ્ચર્યા કર.' પરશુરામ તપ કરવા ગયા. તેમના ગયા પછી કાર્તવીર્યના છોકરાઓ વેરની ભાવનાથી આશ્રમમાં આવ્યા અને આશ્રમને તોડીફોડી નાખી, જમદગ્નિને મારી નાખ્યા. પરશુરામ જ્યારે તપ કરીને પાછા આવ્યા, ત્યારે તેમની બાએ રડતાં રડતાં બધી હકીકત જણાવી. તેમણે કહ્યું: 'આ લોકોએ તારા પિતાશ્રી પર એકવીસ વખત ઘા કરી તેમને હણી નાખ્યા. તારા જેવો પુત્ર હોવા છતાં મારી આ દશા!' એમ કલ્પાંત કરતાં કરતાં તે ત્યાં જ મરણ પામી.

ભરતભૂમિમાં ભાર્ગવ રામ, રાઘવ રામ અને યાદવ રામ

આ ત્રણ રામ પ્રસિદ્ધ છે. તેમાંના ભાર્ગવ રામ એટલે કે પરશુરામ, તેઓ પરશુધારી હતા. આ પરશુ અતિશય પ્રજ્વલિત અને તીક્ષ્ણ હતું. તેના વડે આ ભાર્ગવ રામે એકવીસ વાર ક્ષત્રિયોનો સંહાર કર્યો અને તેમના લોહીની ડોલમાં પિતૃતર્પણ કર્યું. તર્પણ કર્યા પછી બધી પૃથ્વી કશ્યપને દાનમાં આપી દઈને તીર્થયાત્રા કરવા ચાલ્યા ગયા. આ વાતો આપણને પુરાણોમાં વાંચવા મળે છે.

તેમની માતા રેણુકા એક વખત આશ્રમ તરફ પાછી ફરતી હતી, તે સમયે તેણે ગાંધર્વરાજ ચિત્રાંગદ અને ચિત્રરથને તેમનાં પત્ની જોડે જલક્રીડા કરતાં જોયા. તે જોઈ તેના મનમાં વિચાર આવ્યો: 'કેટલી સુંદર જલક્રીડા કરે છે!' તેને પણ જલક્રીડા કરવાની લાલસા ઉત્પન્ન થઈ. જમદગ્નિને આ ખબર પડતાં જ તેઓ અતિ ગુસ્સે થયા. બ્રાહ્મણની પત્ની અને તેના મનમાં આવા કામુક વિચાર! તેમણે પોતાના બીજા પુત્રોને આજ્ઞા કરી: 'તમારી બાને મારી નાખો.' પણ કોઈ છોકરો પોતાની બાને મારવા તૈયાર ન થયો. છેવટે તેમણે પરશુરામને આજ્ઞા કરી. આજ્ઞા થતાં જ તેમણે પિતાની આજ્ઞા માથે ચડાવી અને પોતાની બાને મારી નાખી. પાછળથી વરદાન મેળવી તેમણે તેને જીવંત પણ કરાવી.

આ તેજસ્વી પરશુરામનો રામે રામાવતાર દરમ્યાન પરાભવ કર્યો છે. ત્યાર પછી તેમણે પોતાનું છેલ્લું આયુષ્ય તપસ્વી તરીકે ગુજાર્યું. પોતાની પાસે જે કંઈ હોય તે બીજાને આપી દેતા. એક વખત તેમણે આપવાની શરૂઆત કરી કે, પછી તેઓ આપતાં અટક્યા નથી. દ્રોણાચાર્ય તેમની પાસે આવ્યા, અને કહ્યું કે, 'મારે વિદ્યા જોઈએ છે.' પરશુરામે કહ્યું: 'મારી પાસે હવે આપવા જેવું કંઈ રહ્યું

નથી.' દ્રોણ કહે: 'તમારી પાસે ત્રણ શસ્ત્રો બાકી રહ્યાં છે તે ભણાવો.' તેમણે કહ્યું: 'લે ભણી લે.' એમ દ્રોણે તેમની પાસેથી ત્રણે શસ્ત્રો મેળવી લીધાં. ભીષ્મ પણ તેમની પાસે ભણી ગયા હતા તેવો ઉલ્લેખ છે. કર્ણ પણ તેમને બનાવીને શસ્ત્રવિદ્યા ભણી ગયાનો ઉલ્લેખ વાંચવા મળે છે. છેલ્લે છેલ્લે યાદવ રામ અને કૃષ્ણે પણ જ્યારે જરાસંધે મથુરા પર હુમલાઓ કર્યા ત્યારે તેમની સલાહ પૂછી હતી. જરાસંધના મથુરા પર વારંવાર હુમલાઓ થયા, ત્યારે કૃષ્ણ પોતાની આખી વસાહતની વસાહત લઈ ભાગ્યા અને પરશુરામની સલાહ પૂછી. તેમણે પરશુરામને કહ્યું: 'મથુરાના લોકો ત્રસ્ત થઈ ગયા છે. વારંવારની જરાસંધની ચઢાઈઓને લીધે મથુરાની સ્થિતિ ખરાબ થઈ છે, તો હવે કયો માર્ગ લેવો?'

ભાર્ગવ રામે ગોમાંતક પર્વત તરફ જવાની સલાહ આપી અને તે તરફ કેમ જવું તેનું સુંદર વર્ણન કર્યું. ક્ષત્રિય લોકો જોડે તેમનો પાસેમાં પાસેનો સંબંધ હોય, તો આ લોકો સાથેનો હતો. ખરેખર, કૃષ્ણના પ્રશ્નનો ભાર્ગવ રામે સુંદર જવાબ આપ્યો છે. સંસ્કૃત વાઙ્મયની દૃષ્ટિથી વિવિધતાથી છલકાતા તે પર્વતના સૌંદર્યનું અતિશય સુંદર અને અલૌકિક વર્ણન છે. તેમાં સંસ્કૃત વાઙ્મયની સુંદરતાની પરાકાષ્ઠા દેખાડી છે. શાંત, શુભ્ર દાઢીવાળા, તપસ્વીનું જીવન જીવતા ભાર્ગવ રામે વર્ણન કરતાં કરતાં કૃષ્ણને વસાહત કરવા યોગ્ય જગ્યા બતાવી. કૃષ્ણે કહ્યું: 'ભગવાન, ખરી વાત છે; પણ તમે જોડે આવો તો સારું.' કૃષ્ણ એમ કહી તેમને પોતાની સાથે લઈ ગયા. ત્યાર પછી રસ્તામાં છૂટા પડતાં તેમણે કૃષ્ણને વરદાન આપ્યું કે, 'જગતની કોઈ શક્તિ તને મારી નહિ શકે.'

ભાર્ગવરામ ક્યારે થઈ ગયા છે તે પૌરાણિક વાર્તાઓ-માંથી જાણવા મળે છે. આ વાર્તાઓ સંકલિત કરીએ તો આટલું કહી શકાય કે, તે ભીષ્મ જોડે લડ્યા છે. ભીષ્મ, અંબા, અંબિકા અને અંબાલિકાને હરણ કરીને લઈને આવ્યા ત્યારે, અંબાએ કહ્યું કે, 'હું મનથી શાલ્વને પરણી ચૂકી છું.' તેથી ભીષ્મ તેને શાલ્વ પાસે લઈ ગયા. શાલ્વે કહ્યું: 'ભગાડીને લઈ જવાયેલી સ્ત્રીને કોણ પરણે?' અને તેનો અસ્વીકાર કર્યો. તેથી અંબા પરશુરામના આશ્રમમાં ગઈ અને પરશુરામને આ બધી હકીકતથી વાકેફ કર્યા. પરશુરામે અંબાનો સ્વીકાર કરવા ભીષ્મને કહ્યું; પરંતુ ભીષ્મે ના પાડી અને પરિણામે પરશુરામ સાથે યુદ્ધ થયું અને તેમાં પરશુરામ હાર્યા. ત્યાર પછી પરશુરામ પરાજિત જ થતા આવ્યા છે. જ્યારે જુઓ ત્યારે પરાજય, પરાજય અને પરાજય.

એકંદરે અવતાર થવાની પરિસ્થિતિ જોઈએ તો જણાશે કે, અવતાર સંસ્કૃતિના પુનરુત્થાન માટે થાય છે. સમાજમાં વિશિષ્ટ જાતની ગોઠવણ કરવા અથવા કરેલી ગોઠવણ-(Order)ને ટકાવી રાખવા ભગવાન અવતાર ધારણ કરે છે.

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम्॥
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम्।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे॥

અવતાર લઈને ભગવાન એક વિશિષ્ટ જાતની ગોઠવણ, સાંસ્કૃતિક અને દૈવીનિષ્ઠા નિર્માણ કરી ચાલ્યા જાય છે.

પરશુરામ વિષે બોલતાં પહેલાં તેમના પિતા અને જમદગ્નિના પિતા ઋચિકના સમયનું અથવા તેનાથી પણ

થોડાક વધારે આગળના સમયનું વિહંગાવલોકન કરીશું, તો આપણને ખબર પડશે કે, પરશુરામે અવતાર લીધો તે સમયે પરિસ્થિતિ કેવી હતી. અવતાર થાય તે પહેલાં આગળની ૧૦૦ વર્ષની પરિસ્થિતિ-સંજોગો જોવા જોઈએ, તો જ અવતારની મહત્તા સમજાશે.

ઋચિક ભાર્ગવ વંશના હતા. તેમના સમયમાં ક્ષત્રિયોના હાથમાં સત્તા અને સંપત્તિ હતી. પરિણામે ક્ષત્રિયો ભોગવાદી બન્યા હતા. તેઓ બ્રાહ્મણોને જાતજાતની તકલીફો આપતા. ઋચિકને થયું, બ્રાહ્મણો આમ હેરાન થાય તે ઠીક નહિ. ભોગવાદી વિચારોને બદલે દૈવી વિચારો પાછા ઊભા થવા જ જોઈએ. તેના માટે તેમણે કાર્ય કરવાની શરૂઆત કરી. તેમણે મોટું તપ કર્યું. કોઈ પણ રાજ્યસત્તાથી ન ડરતાં નીડરતાથી તે બધે ફર્યા અને સદ્વિચારોનો પ્રચાર કર્યો. ઋચિક તેમની તપશ્ચર્યાને લીધે, વિદ્વત્તાને લીધે, લોકસંગ્રહને લીધે ખૂબ પ્રસિદ્ધ થયા. એક વખત ફરતાં ફરતાં તેઓ વિશ્વામિત્રઋષિના આશ્રમ પાસે આવી પહોંચ્યા. રસ્તામાં નદીમાં તેમણે ગાધિરાજની પુત્રી સત્યવતીને નહાતી જોઈ. સત્યવતીએ ઋચિકનો જોયા. આ પહેલાં ઋચિક વિષે સત્યવતીએ ઘણું સાંભળ્યું હતું. તેને માટે સત્યવતીને અતિ આદર હતો, તેથી એકબીજાની દૃષ્ટિ મળતાં બન્નેને થયું કે તેમણે પરણવું જોઈએ. ગાધિરાજને ખબર પડતાં તેમણે તપાસ કરાવી અને જ્યારે જાણ્યું કે, આ તો ઋચિક ઋષિ છે, ત્યારે તેમને અનહદ આનંદ થયો. ઋચિક માટે ગાધિરાજને અતિશય આદર હતો. આ ગાધિવંશી રાજા બ્રાહ્મણપક્ષી ( Probrahmins ) હતા. તેથી સત્યવતીને આપાની અનુજ્ઞા મળે કે નહીં તે સવાલ જ ન હતો.

ઋચિકને પણ લાગ્યુ કે, આ સંબંધથી ક્ષત્રિયો સાથેનો વેરભાવ ભુલાશે અને દિવસે દિવસે ભોગવાદ તરફ ઘસડાતી જતી ક્ષત્રિય સત્તા દેવી સત્તા નીચે આવશે. લગ્ન કરવાથી પોતાનુ પણ કાર્ય થશે એમ સમજી ઋચિક સત્યવતી જોડે પરણ્યા.

તત્ત્વનિષ્ઠ લોકો સાંસારિક જીવનમાં ડૂબેલા ન રહેતાં હમેશાં કાર્યવ્યાપૃત રહે છે. તેવી જ રીતે ઋચિક તત્ત્વ નિષ્ઠ હોવાથી નૈસર્ગિક રીતે સાંસારિક જીવનમાં ડૂબેલા ન રહેતાં તેઓ તત્ત્વમા રચ્યાપચ્યા રહેતા. સત્યવતીને પુત્રની ઇચ્છા થઈ. સત્યવતીએ પોતાની ઇચ્છા વ્યક્ત કરતાં ઋચિકે 'ઠીક છે' એમ કહી એક પાયસ તૈયાર કર્યું અને મંત્ર-શક્તિથી તેમાં બ્રહ્મતેજ મૂક્યુ. આ પાયસ તેમણે સત્યવતીને આપ્યુ અને પીવા માટે કહ્યું. સત્યવતીએ કહ્યું, 'પુત્રની જ્યારે ઇચ્છા થશે ત્યારે તે લઈશ.' અને તે પાયસ રાખી મૂક્યુ. થોડા જ દિવસમાં સત્યવતીએ ઋચિકને કહ્યું, 'જેમ મને પુત્ર નથી તેમ ભાઈ પણ નથી, તો મારે ભાઈ જોઈએ.' ઋચિકે ક્ષાત્રતેજથી ભરપૂર એવું બીજું પાયસ બનાવ્યુ. સત્યવતી પાયસ ભરેલાં બન્ને પાત્રો લઈ પોતાની બા પાસે ગઈ. બાએ વિચાર કર્યો, આમાંનું પહેલું પાયસ હું લઉં. પોતાનો પુત્ર મારો થાય એવી દરેક માની ઇચ્છા હોય. તેને લાગ્યુ કે, પહેલુ પાયસ ઋચિકે પોતાના માટે બનાવ્યુ છે તેથી તે ચોક્કસ સારું હોવું જોઈએ, બીજું પાયસ એટલુ સારું નહિ હોય; તેથી તેણે સત્યવતીને આમતેમ સમજાવી કે, તારો ભાઈ તો રાજ્યગાદી પર બેસશે તેથી આ પાયસ હુ લઉં છું. ઋચિક આવો તેજસ્વી છે, તેથી તારો છોકરો તો તેજસ્વી થશે જ, તેથી આ બીજું પાયસ તું લે. આમ

કહી પોતે બ્રાહ્મતેજવાળું પાયસ પી લીધું અને સત્યવતીને ક્ષાત્રતેજવાળું પાયસ પાયું. સત્યવતીએ ઋચિકના કહેવા કરતાં ઊલટું વર્તન કર્યું. ઋચિકને તેના ચહેરા ઉપરથી જ ખબર પડી ગઈ. તેમણે કહ્યું કે, 'તેં આ ખોટું કર્યું છે. તને ક્ષત્રિય તેજવાળો–કર્મવાળો પુત્ર થશે.'

સત્યવતી પોતાની ભૂલ સમજી ગઈ. તેણે કહ્યું: 'મારાથી ભૂલ થઈ ગઈ છે. મને ક્ષમા કરશો. પણ આ ક્ષાત્ર ગુણો મારા પુત્રમાં ન આવતાં પૌત્રમાં આવે તેમ કરો; કારણ કે પૌત્ર કેવો થશે તે જોવા આપણે ક્યાં હોઈશું?' આ બહુ શાસ્ત્રીય (Scientific) વાત છે. અનુવંશ Heridity and Eugenics મુજબ દાદાના ગુણો પૌત્રમાં આવે છે; પણ બાપના ગુણો દીકરામાં આવે જ એવું નથી. સત્યવતીનો આ પુત્ર તે જમદગ્નિ. જન્મથી જ તે ધનુર્વિદ્યા જાણવાવાળા હતા, પણ સ્વભાવથી તામસ હતા. નર્મદાકિનારે સુંદર આશ્રમ બાંધી ત્યાં તે રહેવા લાગ્યા. તેનું તપસ્વી જીવન જોઈ લોકો તેના તરફ આકર્ષાયા અને ત્યાં આવીને રહેવા લાગ્યા. ધીમે ધીમે નર્મદાકિનારે લોકોની મોટી વસાહત (Colony) થઈ. ત્યાં લોકો શાંતિથી, સાત્ત્વિકતાથી રહેતા, પ્રેમથી અને સંતોષથી પોતાનું જીવન ગુજારતા.

જમદગ્નિનો સંસાર ફળીફૂલી ઊઠ્યો. તેમને પાંચ પુત્રો થયા. તેમનો છેલ્લો પુત્ર તે પરશુરામ. તે જન્મતઃ શૂર, ધનુર્વિદ્યા જાણવાવાળો, સુંદર અને તીક્ષ્ણ બુદ્ધિવાળો હતો. તે એટલો બધો તેજસ્વી હતો કે, વસાહત(Colony)ના બધા જ લોકો તેના તરફ માનની દૃષ્ટિથી જોતા હતા. આશ્રમમાં જ જ્યાં બેત્રણ પેઢીથી- વિશિષ્ટ વિચાર અને

વિશિષ્ટ દષ્ટિકોણથી કાર્ય ચાલતું હતું ત્યાં તે નાનાથી મોટો થયો.

આ નર્મદાતીરેથી થોડે દૂર હૈહય વંશના રાજા કાર્તવીર્યની રાજધાની હતી. કૃતવીર્યનો છોકરો કાર્તવીર્ય પ્રાતઃસ્મરણીય હતો. તેના માટે એમ કહેવાતું કે, તેના સ્મરણમાત્રથી ખોવાયેલી વસ્તુ પાછી મળતી.

कार्तवीर्यार्जुनो नाम राजा बाहुप्रतापवान्।
यस्य स्मरणमात्रेण गतं नष्टं च लभ्यते॥

આ પ્રાતઃસ્મરણીય કેમ થયો અને તે પ્રાતઃસ્મરણીય હતો તો પરશુરામે તેને શા માટે માર્યો તે જાણવું જરૂરી છે.

કૃતવીર્ય અતિ શૂર હતો, નામ પ્રમાણે ગુણોવાળો હતો. પણ શક્તિ આવી એટલે મસ્તી આવે જ છે. શક્તિની મસ્તી અવિવેકી હોય છે. જ્ઞાનની મસ્તી તીખી પણ વિવેકી હોય છે. ભક્તિની મસ્તી તો મધુર જ હોય છે. કૃતવીર્ય અવિવેકી બન્યો હતો.

એક વખત તે અત્રિઋષિના આશ્રમમાં ગયો અને તેમની મશ્કરી કરી તેમને અપમાનિત કર્યા. જેની પાસે પૈસો હોય, સત્તા હોય, તેને બીજાની શું પડી હોય? તે બીજાનું સાંભળે શાનો? તે કહેતો : 'આ બ્રાહ્મણો એટલે કોણ વળી? જેમની પાસે પૈસો નથી, અધિકાર નથી, અક્કલ નથી, એવા બામણો અમારા ઉપર શું સત્તા ચલાવવાના હતા? અમને શું સલાહ આપવાના હતા?' કાર્તવીર્યે અત્રિની નિર્ભર્ત્સના કરી. પરંતુ શાંત પ્રકૃતિવાળા અત્રિ જેમણે સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણે ગુણો જીતી લીધા હતા, એવા તેમણે તેને મૂર્ખ સમજીને ક્ષમા આપી, પરંતુ અત્રિના પુત્ર દુર્વાસાથી તે સહન ન થયું; દુર્વાસાએ કૃત-

વીર્યને બ્રાહ્મતેજનું પાણી બતાવ્યું. કાર્તવીર્યને તેણે ખૂબ પજવ્યો. તેથી કાર્તવીર્ય સમજી ચૂકયો- કે, બ્રાહ્મણતેજ પણ કાંઈક છે.

धिक् बलं क्षत्रियबलं ब्रह्मतेजो बलं बलम्।

બ્રહ્મતેજમાં પણ બળ છે, તેજ ( Spark ) છે, એમ સમજી તેણે દુર્વાસા સાથે સંબંધ બાંધ્યો. બન્ને વચ્ચે સંબંધ ખૂબ નિકટનો થતો ગયો. દુર્વાસાની પણ તેને ત્યાં આવજા થવા માંડી. અત્રિ પણ ત્યાં જવા–આવવા લાગ્યા. આ રીતે અંદર અંદર અવરજવર વધવા માંડી. આ કૃતવીર્યના પુત્ર કાર્તવીર્યનું બીજું નામ હતું અર્જુન. તે અત્રિઋષિના પુત્ર દત્તનો ઉપાસક હતો. આપણે દત્ત ભગવાન કહીએ છીએ તે દત્ત. દત્ત કહે તેમ કરે તેથી દત્તે તેને આશીર્વાદ આપ્યો. અર્જુને દત્ત પાસે વરદાન માગ્યું, 'લડાઈના સમયે મને હજાર હાથ થાય.' અને દત્તે તેને તે પ્રમાણે વરદાન પણ આપ્યું. આ હજાર હાથનું પણ એક મહત્ત્વ છે. દત્તે તેને સંઘટનાનું કૌશલ્ય ભણાવ્યું, 'અરે ગાંડા તું! ખાલી સત્તા અને સંપત્તિની કિંમત નથી. પણ તારી પાસે હજારો લોકો હોય તો તેની કિંમત છે.' આમ સંઘટનાનું શિક્ષણ તેને આપ્યું, એટલે લડતી વખતે હજારો હાથ પણ જમતી વખતે બે હાથ. આ એક ખૂબી ( Tact ) છે. હજારો હાથ એટલે કે હજારો લોકોનું પીઠબળ તેની પાછળ હતું. પોતાના વર્તનથી તેણે લોકોને આત્મસાત્ કરી લીધા હતા. તેના સૈનિકો કેવળ વેતનભોગી અને ભાડૂતી સૈનિકો ન રહેતાં, તેના માટે પ્રાણ આપવા તૈયાર હતા. કાર્તવીર્ય અને તેના સૈનિકોનો સંબંધ આટલો અભેદ હતો. આમ બુદ્ધિ અને

કૌશલ્યને લીધે પોતાના વર્તનથી તેણે બધાને આત્મસાત કરી લીધા હતા.

તેના આ બુદ્ધિકૌશલ્યથી તે પ્રાતઃસ્મરણીય થયો છે. તેણે સેંકડો લોકો ભેગા કર્યા એટલે કે હજારો હાથ ભેગા કર્યા. તેના આ બધા ખાંધિયાઓને કંઈ ચરવા જોઈએ, તેથી તે જુદા જુદા દેશો પર હુમલો કરી તેમને ત્યાં ચરવા છોડી દેતો. જીતી લીધેલા રાજ્યના પ્રજાજનોને તે કહેતો:

'તમારે લડવાની શું જરૂર છે? મારે હજાર હાથ છે. તમારે હાથમાં શસ્ત્ર લેવાની જરૂર નથી! હું તમારું રક્ષણ કરીશ.' આમ ધીમે ધીમે તેણે લોકોને નિઃશસ્ત્ર બનાવી દીધા. તેનું આ સંગઠન કોઈ તત્ત્વને માટે કે કોઈ દિવ્ય કાર્ય માટે ન હતું; પણ વ્યક્તિનિષ્ઠ સંઘટનાનો એક પ્રયોગ હતો. ટૂંકમાં કહેવાનું હોય તો, આ પ્રયોગથી સામ્રાજ્યવાદી વિચારસરણીનું તેણે એક મોટું ટોળું તૈયાર કર્યું. ગામઠી ભાષામાં કહેવું હોય તો લૂંટારાઓનું ટોળું તૈયાર કર્યું. જીવનમાં કોઈ તત્ત્વ નહિ, કોઈ નિષ્ઠા નહિ, કોઈ વિચાર નહિ, કોઈ કામ કરવું નહિ; માત્ર લૂંટફાટ કરવાની. કાર્તવીર્યે બધાને કાં તો પ્રેમથી, કાં તો પોતાની પ્રતિભા-(Personality)થી આકર્ષ્યા હતા. ધીમે ધીમે આ ટોળું બધાંને તકલીફ આપવા લાગ્યું. માણસ પાસે તત્ત્વ ન હોય, નિષ્ઠા ન હોય, પણ માત્ર શક્તિ હોય તો તે શા કામની? નિષ્ઠા અને તત્ત્વ વગરની શક્તિ ભયંકર બને છે, અંતે મારક નીવડે છે.

પ્રજાજનોને આ ટોળાએ જે અગવડ આપી છે તેનું વર્ણન ભયંકર છે. કોઈને સીધી રીતે રહેવા ન દે, ખાવા ન દે, પીવા ન દે, વ્યવહાર કરવા ન દે. અરે! જાતજાત-

ની તકલીફ આપી છે! અથર્વવેદમા-પણ આનુ વર્ણન છે તે જ્યા ગયો ત્યા લડ્યો છે. કાર્તવીર્ય સમુદ્ર જોડે લડવા ગયો છે અને સમુદ્રને પણ હઠાવ્યો છે, આમ વર્ણન છે. સમુદ્ર ઉપર એટલે કે, ત્યાના માછીમારો જોડે પણ તે લડ્યો. માછીમારોએ તેને કહ્યુ 'અમારી જોડે શુ લડે છે? તાકાત હોય તો પરશુરામ જોડે લડ.' જ્યા જ્યા તે જતો, ત્યાં ત્યાં ચારે બાજુ તેને પરશુરામનુ જ નામ સંભળાતું. બધા તેને કહેતા: 'પરશુરામ જોડે લડવા જા.'

પરશુરામને લોકોના ત્રાસથી અતિ દુ:ખ થયેલુ ઉન્મત્ત થયેલા ક્ષત્રિયોને જોઈ તેને ચીડ ચડી. તેને થયુ, આ રાક્ષસો ના હાથમાં રાજ્યસત્તા આવતા આ લોકો રક્ષણને બદલે ભક્ષણ કરે છે. પરિત્રાણને બદલે પીડન કરે છે. લોકો પણ પરશુરામ પાસે જઈ પોતાનુ દુ:ખ રડવા લાગ્યા. આ ક્ષત્રિયો એમને ગમે ત્યાથી ટપલી મારે, હેરાન કરે, લૂંટે; અરે! પૈસા આપે તોપણ તેમના કલ્યાણ માટે કોઈ કામ ન કરે, ઊલટું સમાજના નામે પોતાનુ કલ્યાણ કરે.

પરશુરામે રડતા રહેલા લોકોને હિંમત આપી અને કહ્યું: 'તમે મૂર્ખ છો. તમારે બીજાનુ રક્ષણ જોઈએ જ શા માટે? આ કલ્પના જ ભૂલ ભરેલી છે. આ કલ્પના તમારામા ઘૂસી ગઈ હોવાને લીધે તમે લાચાર બન્યા છો. તમારા રક્ષણ માટે સૈન્ય રાખવુ, એટલે તેની માવજત કરવી પડે અને સૈન્ય અમારું રક્ષણ કરે એમ માનવું એ સૈનિકો ની ગુલામી કરવા જેવું છે. પ્રત્યેકે પોતાનુ રક્ષણ કરવા તૈયાર રહેવું જોઈએ. તે માટે ભાડૂતી સૈન્ય શા માટે જોઈએ?' અરે! સૈન્ય રાખીએ તો તેને કેટલા લાડ લડાવવા પડે! બીજે બધે દારૂબંધી, પણ સૈન્યમાં દારૂ પીવાની છૂટ શા

માટે? કારણ કે તે તમારે માટે લડવાના છે. સૈનિકો (Soldiers) જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં તેમને માટે અનીતિ લઈ જવી પડે. તેમને માટે છોકરીઓ (War-Babies) લઈ જવી પડે, આ 'વૉર-બેબીઝ' આવી ક્યાંથી? આ સૈનિકો (Soldiers) આવ્યા એટલે તે આવવાની જ વળી. તેમના જીવનમાં તત્ત્વ નહિ, નિષ્ઠા નહિ, સંસ્કૃતિ માટે આંતરડું તૂટવાનું નહિ, એવા આ ભાડૂતી સૈન્યને, ઓહો! કેટલું પંપાળવું પડે! કેવી કેવી છૂટછાટ આપવી પડે!

હનુમાનને ઢીલા રાખવા પડ્યા નહોતા. તેમને માટે દારૂ પીવાની છૂટ રાખવી પડી ન હતી. તેઓ તો C. In C.-Commander in chief હતા. રામનું સૈન્ય હતું. તત્ત્વ માટે નિષ્ઠા રાખી આંતરડું તોડી તે લડતું હતું. તત્ત્વ-નિષ્ઠાથી થયેલું કાર્ય જુદું હોય છે અને વેતનના માટે થયેલું કાર્ય જુદું હોય છે. આજે સ્વયંસેવકો(Volunteers)ને કેટલા પંપાળવા પડે છે! ખવડાવવું પડે છે, ચાપાણી પાવાં પડે છે વગેરે કેટલુંયે કરવું પડે છે. પણ તત્ત્વનિષ્ઠ સ્વયંસેવક હોય તો તેનો કોઈ દિવસ વિચાર જ ન કરવો પડે. ઘરની રોટલી ખાશે અને તત્ત્વનું, સંસ્કૃતિનું, ભગવાન-નું કાર્ય કરશે. તે ગમે તેવું કામ કરશે,× અરે! અહીં ભેગા થયેલા તમારા બધાના ચંપલ પણ આ તત્ત્વનિષ્ઠ સ્વયંસેવકો સંભાળે છે. બદલામાં કંઈ મળવાની વાત તો બાજુ પર રહી, પણ ઊલટું તમારું ઘણીવાર સાંભળવું પડે છે. જાણે તમારા નોકર ન હોય! છતાં કેટલા પ્રેમથી ચંપલ સંભાળે છે! આ લોકો કૃતિશીલ ભગવાન છે. ચાનો કપ

× પાઠશાળામાં ચંપલ અને બૂટ સાચવવાની પણ વ્યવસ્થા રાખેલી છે, તો તેને ઉદ્દેશીને પૂ. શાસ્ત્રીજીએ કહ્યું હતું.

માગતા નથી, ચેવડાનો વિચાર નહિ, આભારવિધિ (Thank you) સુદ્ધાંની અપેક્ષા નહિ. આજે સ્વયંસેવક(Volunteer)-ની વ્યાખ્યા બદલાઈ છે. જે કામ ન કરતાં ફોટો લેવાના સમયે અચૂક હાજર થઈ જાય તે સ્વયંસેવક; કહેવાનું તાત્પર્ય એ કે વેતનભોગી–નિષ્ઠા વગરનાં લોકો જુદા અને આંતરહું તોડી તત્ત્વનિષ્ઠાથી કામ કરનારા લોકો જુદા. પરશુરામે લોકોને સમજાવ્યા કે, આવા વેતનભોગીઓનું રક્ષણ તમારે શા માટે જોઈએ ? તે તમારું રક્ષણ શા માટે કરે ? જો તેમનું રક્ષણ તમારે જોઈતું હોય તો તમારે તેમનાં લાડ પૂરાં કરવાં પડશે. દારૂ આપવો પડશે. 'વૉર–બેબીઝ પૂરી પાડવી પડશે. તમારી ઇચ્છા થાય તો લાડ લડાવો, પણ પરિણામ માટે તૈયાર રહો (Be prepared for the consequences).

ભાર્ગવ રામે આમ લોકોને સમજાવીને તત્ત્વનિષ્ઠ સંગઠન તૈયાર કર્યું. આમ બે સંગઠનો તૈયાર થયાં. એક વ્યક્તિ-નિષ્ઠ સંગઠન અને બીજું તત્ત્વનિષ્ઠ સંગઠન. કાર્તવીર્યનું વ્યક્તિનિષ્ઠાથી તૈયાર થયેલું સંગઠન અને પરશુરામનું તત્ત્વ-નિષ્ઠાથી તૈયાર થયેલું સૈન્ય. વ્યક્તિનિષ્ઠ સૈન્યને સામ્રાજ્યનો વિસ્તાર કરવો રહ્યો. તેની ચરવા માટે વ્યવસ્થા કરવી રહી, તેમના માટે ક્ષેત્ર તૈયાર કરવું રહ્યું. વ્યક્તિનિષ્ઠ હું હલકા અર્થમાં નથી વાપરતો. વસિષ્ઠનો પણ વ્યક્તિનિષ્ઠ સંઘ હતો જ ને ? પણ આ સંઘમાં શું થાય છે ? તત્ત્વ વ્યક્તિના આકાર( Form )માં જાય છે. કેવળ તત્ત્વ તમને સૃષ્ટિમાં કોઈ દિવસ મળશે નહિ. વ્યક્તિનો આકાર લઈને જ તે તત્ત્વ આવે છે. તત્ત્વો પોતે જ પોતા માટે લડતાં નથી, પણ કોઈની મારફત તે લડે છે. તત્ત્વો કોઈ માનવી જીવનમાં

જઈને લડે છે.

કાર્તવીર્યના વૈયક્તિક મોહક વર્તનને લીધે–તેના વૈયક્તિક ખેંચાણને લીધે–બધા જોડે ફાયદાવાદી દષ્ટિકોણથી સારો સંબંધ રાખવાની આવડતને લીધે લોકો તેની આજુબાજુ ભેગા થતા હતા. આ દૃષ્ટિથી હું વ્યક્તિનિષ્ઠ સંગઠન શબ્દ અહીં વાપરું છું. કોઈ ઊંધો અર્થ ન લે.

'અમને કોઈના રક્ષણની જરૂર નહીં, અમે અમારું રક્ષણ કરીશું.' આવો તત્ત્વનિષ્ઠ સંઘ ઊભો કરતાં પરશુરામને ઘણી તકલીફ પડી છે. ઘણાં કષ્ઠ વેઠવાં પડ્યાં. તત્ત્વો વ્યક્તિનો આકાર લે છે. તેઓ જ માનવી જીવનમાં પ્રવેશ કરીને લડે છે. તે વખતે બ્રાહ્મણો ન હતા એમ નહીં. પરંતુ 'આપણાથી શું થાય? આપણે તો દુર્બળ છીએ, થોડા છીએ અને એ લોકો તો કેટલા બધા છે! તેઓ બહુ શક્તિશાળી છે.' એમ બોલીને બેસી રહ્યા હતા. રડતા રહ્યા હતા. મડદા જેવા માણસોને હમેશાં પ્રેરક શક્તિ જોઈએ છે. જાપાનીસ રમકડાની સ્પ્રિંગ (Spring) ફેરવી કે તે ચાલે, પણ એ સ્પ્રિંગ ફેરવનાર કોઈ જોઈએ. માણસનું પણ તેવું જ છે. પ્રેરક શક્તિ હોય તો જ માણસ દોડે, નહિતર મડદા જેમ અચેતન પડી રહે. કાર્તવીર્યના માણસો ભેગા થતા હતા, દોડતા હતા; કારણ કે તેમને લૂંટવા પૈસા મળતા–ધન મળતું, એશઆરામ મળતો, આ તેની પાછળનાં બળો હતાં.

લોકોને સમજાવતાં સમજાવતાં પરશુરામને વર્ષોનાં વર્ષો કાઢવાં પડ્યાં છે. તેમને ખૂબ તકલીફ પડી, પણ તેમનુ સંગઠન તત્ત્વનિષ્ઠ હતું.

એક વખત કાર્તવીર્ય વસિષ્ઠનો આશ્રમ બાળવા

ગયો. તે વખતે તેણે વસિષ્ઠની મશ્કરી કરી. વસિષ્ઠે તેને કહ્યું: 'તારા મરવાના કોડ જાગ્યા છે. પરશુરામ સાથે તારો ભેટો થશે અને તે તને જરૂર મારશે.'

રાતદિવસ પરશુરામ, પરશુરામ ને પરશુરામ–પરશુરામનું નામ સાંભળતાં જ તે ચિડાઈ ગયો અને પોતાના બધા માણસોને એકઠા કર્યા. વ્યક્તિનિષ્ઠાનો દેખાવ બહુ મોટો, પણ તત્ત્વનિષ્ઠ લોકો થોડો જ કાંઈ દેખાવ (*Show*) કરે છે? કાર્તવીર્યના ભેગા થયેલા બધા માણસોને લાગવા માંડ્યું કે, જમદગ્નિના આશ્રમના બ્રાહ્મણો તેમને શું કરી શકવાના હતા? તેઓ કહેવા લાગ્યા: 'આ બ્રાહ્મણો! એમનું બિચારાનું ગજું કેટલું? બહુ બહુ તો રુદ્રીનો મંત્ર બોલે. दृढा दे वहुर्मनुर्यंज्ञनी शरीर। એમ બોલીને ગોર મા'રાજનાં કૃત્યો કરે અને પૈસા ફેંકી દઈએ તે કેડે બાંધે. આટલી જેની લાયકાત, આટલી જેની યોગ્યતા અને આટલો જેનો પુરુષાર્થ–એ અમને શું કરવાના હતા? અને છતાં એમનો આટલો મિજાજ!' કાર્તવીર્યના ખાંધિયા કહે: 'આપણે એમનો આશ્રમ લૂંટી લઈએ.' કાર્તવીર્ય કહે: 'બરોબર છે, પણ પરશુરામ ન હોય ત્યારે.'

પરશુરામ જ્યારે આશ્રમની બહાર ગયા ત્યારે, આ બધા ખાંધિયાઓ લૂંટવાની દૃષ્ટિથી આશ્રમમાં ગયા અને આ કર્તવ્યનિષ્ઠ બ્રાહ્મણોનો આશ્રમ લૂંટી લીધો અને

ભારતીય સંસ્કૃતિની ઉપેક્ષા થતી હતી. આ લોકો ભારતીય સંસ્કૃતિના બંધારણ (Constitution) મુજબ રાજ્ય ન કરતાં ભોગવાદી અને આસુરી વિચારોનો ફેલાવો કરતા. તેમણે દૈવી જીવન ખલાસ કરી નાખેલું, વેદો ભણાવવા બંધ કરેલા, વૈદિક વાઙ્મયની ઉપેક્ષા કરેલી. આવા ઉન્મત્ત થયેલા એકવીસ રાજાઓને તેમણે કંઠસ્નાન આપ્યું. આ રાજાઓમાં અંગ, બંગ, કલિંગ વગેરે દેશોના રાજાઓ હતા. સત્તા અને સંપત્તિથી દુનિયાને લૂંટવાવાળા રાજાઓનાં નામો થોડાં જ ગોખી રખાય છે? એમનાં નામો ગોખવાની કાંઈ જરૂર? છતાં જેમને એ નામોની જરૂર હોય, તે મારી પાસે આવીને લઈ જાય, પણ તેમણે એકવીસ વખત પૃથ્વી નિઃક્ષત્રિય કરી એવું કંઈ નથી.

આટલું બધું કર્યા પછી પણ પરશુરામે એ બધાં એકવીસ રાજ્યો પોતાના માટે ન રાખ્યાં. તેમણે એક મોટી સોનાની વેદી તૈયાર કરી, દસ હાથ પહોળી તથા દસ હાથ ઊંચી. તેમાં તેમણે મોટો યજ્ઞ કર્યો અને અતિ નિસ્પૃહી વૃત્તિથી પોતે જીતેલાં બધાં રાજ્યો પોતાના ગુરુ કશ્યપને દાનમાં આપી દીધાં.

શા માટે તેમણે દાન આપ્યું અને કશ્યપે શા માટે તે સ્વીકાર્યું, એ પણ એક વિચાર કરવા જેવી ઘટના છે. તે પૌરાણિક વાતનું રહસ્ય જોવા જેવું છે. પૌરાણિક વાત અને પરિસ્થિતિ બંને સાથે લઈએ તો જ ઘટનાનો સચોટ ખ્યાલ આવે; તેથી પૌરાણિક વાત પણ હું ઘણી વાર સાથે સાથે લઉં છું.

પરશુરામે આખી પૃથ્વી કશ્યપને દાનમાં આપી એનું

પણ કારણ છે. પણ ગુરુ બહુ પાકા હતા. તેમણે પરશુરામને કહ્યું : 'તું અહીંથી ચાલ્યો જાય તો જ હું તારું દાન સ્વીકારું. તું અહીં રહેવાનો હોય તો આ લેવા હું તૈયાર નથી.' પરશુરામે કહ્યું : 'કબૂલ.' ગુરુની આજ્ઞા શિરસાવંદ્ય ગણી તેઓ ચાલ્યા ગયા.

અને ગુરુ પણ કેવા? કશ્યપે રાજ્ય લઈ વિચાર કર્યો કે, ક્ષત્રિયોને શાસનની જરૂર છે. તેમણે વસિષ્ઠને બોલાવ્યા. વસિષ્ઠ અને કશ્યપે સાથે બેસી વિચાર કર્યો : 'આ રાજ્ય આપણા હાથમાં રાખી દીધું છે; પણ બ્રાહ્મણો રાજ્ય કરી શકે કે? અને રાજ્ય કરે તો તેમનું બ્રાહ્મણત્વ રહે કે?' રાજ્યવૈભવ એવો મોહક છે—એ ખુરશી જ એવી છે કે, ખુરશીમાં બેસતાં જ તેનો મોહ ચડે છે. વળી નરમાશથી તે કંઈ રાજ્ય ચાલે? આપણામાં કહેવત છે ને 'હકમી ગરમાઈકા ઔર વેપાર નરમાઈકા.' આ બધા બ્રાહ્મણોનો આપણા પર પ્રેમ છે, પણ તેઓ રહ્યા નરમ તેથી તેઓ રાજ્ય કરી શકશે નહિ. જેમ બ્રાહ્મણો રાજ્ય કરી શકશે નહિ, તેમ વણિકો પણ રાજ્ય નહિ કરી શકે. વાણિયાના હાથમાં રાજ્ય આવ્યું કે, તે સ્વાર્થ જ જોતો બેસશે. તેને રાષ્ટ્રીય માનબિંદુનો ખ્યાલ નહિ રહેવાનો. તે બધે નફો–નુકસાની, સરવાળો–બાદબાકી જ કરવાનો. રાજ્ય ચલાવવાની એમની શક્તિ પણ નહીં અને યોગ્યતા પણ નહીં. તે તો સલાહકાર ( Consultant ) તરીકે જ સારા. બ્રાહ્મણશક્તિની પણ રાજ્ય ચલાવવાની યોગ્યતા નહીં. એમ વિચારી છેવટે કશ્યપે આ આખી પૃથ્વી ક્ષત્રિયોને પાછી આપી દીધી.

પૃથ્વી કશ્યપની હતી, પણ તેણે તેનું દાન કર્યું તેથી

તે ક્ષત્રિયોની થઈ. દાન આપનારની આપણે વાતો ઘણી કરીએ છીએ. પણ એકાદ નાનકડું કંપાઉન્ડ (Compound) પણ મળ્યું હોય, તો સ્વપ્નમાં પણ તે આપવાની આપણે વાત નથી કરતા. અહીં ભાર્ગવ રામે આખી પૃથ્વી દાનમાં આપી દીધી હતી. તે કાળમાં બ્રાહ્મણો સત્તા અને વૈભવ માટે જીવતા ન હતા, પણ તત્ત્વ અને નિષ્ઠા માટે જીવતા હતા; તેથી તો તેમણે રાજ્યોનાં રાજ્યો દાનમાં આપી દીધાં. આજનો કયો બ્રાહ્મણ આવું દાન આપવા નીકળશે ?

છેવટે એકાદ બે પ્રશ્નો ઊભા થશે કે, એક ગાય ચોરાઈ ગઈ. એટલા માટે પરશુરામે આટલા બધા ક્ષત્રિયોનો સંહાર શા માટે કર્યો ? પરશુરામ એક ગાયને કારણે આખા ક્ષત્રિયકુળનો સંહાર કરવા જેટલો અવિવેકી હતો ? અને એક ગાયની શું એટલી મહત્તા હતી કે, એને લીધે સમસ્ત ભારતમાં વર્ણયુદ્ધ થાય ? અને બીજો સવાલ કદાચ એ ઊભો થશે કે, ભિક્ષુક બ્રાહ્મણની ગાય રાજાએ ચોરવાનું કારણ શું ? એક બ્રાહ્મણ ચિડાઈ લડવા ઊભો થાય; લડે અને આખી ક્ષત્રિય સત્તાને ઉડાવી નાખે એ શું શક્ય છે ? વળી એક જ પરશુરામ રામાવતારમાં, કૃષ્ણાવતારમાં અને પોતાના અવતારમાં દેખાય છે તે શું ગડબડ છે ?

સત્ય હકીકત શું છે ? ક્ષત્રિયો પાસે ગાયો ન હતી કે એક બ્રાહ્મણની ગાય ચોરવા ગયા ? અથવા તો લોકો એટલા જંગલી હતા કે ગાયને માટે આટલો મોટો સંહાર ચલાવ્યો ?

આ બધું સંકેતાત્મક લખાણ છે. જે કાળમાં પરશુ-રામ થઈ ગયા તે કાળથી લોકો અજ્ઞાત છે તેથી પરશુરામ-

કાળની સ્થિતિ તેમના ધ્યાનમાં આવતી નથી. આપણે રામકાલીન સામાજિક પરિસ્થિતિથી પરિચિત છીએ, પણ પરશુરામકાલીન સામાજિક પરિસ્થિતિ શું હતી તેની આપણને કલ્પના નથી. પાશ્ચાત્ય લોકોએ આ બાબતમાં શોધ કરી છે કે, તે કાળની સંસ્કૃતિ ટોળાંની (Tribal) સંસ્કૃતિ હતી. લોકો ટોળાંઓમાં રહેતા હતા, અને પરશુરામનાં ટોળાંની કાર્તવીર્યનાં ટોળાં સાથે લડાઈ થઈ હતી. પ્રત્યેક વ્યક્તિ પોતાના ગજથી જ બીજાનું માપ કાઢે છે. પોતાની દૃષ્ટિથી જ બીજા તરફ જુએ છે, છતાં પણ આ પાશ્ચાત્ય લોકોનું કૌતુક કરવા જેવું છે. આપણે જેનો વિચાર કરવો જોઈતો હતો તે ન કર્યો, જ્યારે આ લોકોએ એ ઉપર સંશોધન (Research) પણ કર્યું છે!

તો આ ટોળાંની (Tribal) સંસ્કૃતિ એટલે શું? કયા કારણે આ લડાઈ થઈ હતી? એવો તે કયો પ્રશ્ન (Problem) હતો કે, જેના લીધે આ સંઘર્ષ નિર્માણ થયો?

બીજું, પરશુરામ અવતાર રામકાળના આગળથી શરૂઆત કરી કૃષ્ણકાળમાં પણ જણાય છે. આપણા શાસ્ત્રકારો આપણી કાળ ગણવાની પદ્ધતિ મુજબ આટલો કાળ સાત હજાર વર્ષનો ગણે છે. રામનાં છ હજાર વર્ષ પહેલાં પરશુરામ થયા અને પછી હજાર વર્ષ સુધી આ પરશુરામ રહ્યા! રામ ચાલ્યા જાય, કૃષ્ણ ચાલ્યા જાય અને [illegible]

શું? ગાયનો પ્રસંગ, લડાઈ, એ વિશે પાશ્ચાત્યો શું કહે છે? એ પરમ દિવસે જોઈશું. વરાહ અવતારે સમૃદ્ધિ અપનાવવાનું શિક્ષણ આપ્યુ. પ્રભુનું ભજન કરવાવાળા અને પૈસા–સમૃદ્ધિથી અભડાઈ જનારાઓને વિશિષ્ટ માર્ગદર્શન આપ્યુ, પણ માનવી–સંસ્કૃતિનું મોટામાં મોટું કાર્ય જો કોઈએ કર્યું હશે તો તે પરશુરામે. તેને નમસ્કાર કર્યા વગર આપણે આગળ જઈ શકતા નથી, પણ તેટલો જ તેમને ભૂલી જવામાં માનવી–સંસ્કૃતિનો વિકાસ છે. આ શું? એને નમસ્કાર કરવાના અને પાછા ભૂલી પણ જવાના? તો તે કઈ રીતે? આ બધા પ્રશ્નો પરમ દિવસે જોઈશું.

# પરશુરામ (ઉત્તરાર્ધ)

ગઈ કાલે, આપણે ઊઠતાં ઊઠતાં એક બે વિચાર કર્યા હતા કે, પરશુરામ પોતાના અવતારમાં તો દેખાય છે પણ રામાવતારમા અને કૃષ્ણાવતારમાં પણ દેખાય છે. આ શું છે? તે એક કોયડા તરીકે આપણે રાખ્યુ હતું. બીજી વાત એ કે, કાર્તવીર્યે એક ધેનુનું અપહરણ કર્યું અને તેમ થતાં જ એક મોટું અખિલ ભારતીય સ્વરૂપનું ક્ષત્રિયો, બ્રાહ્મણો વચ્ચે યુદ્ધ થયુ. આ વાત શક્ય લાગતી નથી. તેવી જ રીતે એક રાજા આર્થિક દૃષ્ટિએ કંગાલ એવા આશ્રમ માંથી એક ગાય ચોરે તે પણ સંભવતું નથી. એક પરશુ-રામ, હાથમાં પરશુ લઈ લાખો અને હજારોના સૈન્યને મારે, એ ફક્ત સિનેમામાં જ શક્ય છે, ત્યારે આ બધી વાતોનો વિચાર કરવા જેવો છે.

હવે ત્રીજી વાત: આ જે પરશુરામ છે, તેના માટે એક જાતનો સંકેત છે. દિવ્ય અને મોટા લોકોને માટે સંકેત હોય છે તે આપણે આગળ જોઈશું. આ બધા પ્રશ્નોનો આજે થોડોઘણો વિચાર આપણે કરવાનો છે.

આજના ઐતિહાસિક લોકો પરશુરામના સંઘર્ષ તરફ એક જુદા દૃષ્ટિકોણથી જુએ છે. પાશ્ચાત્ય લોકોએ એના ઉપર સંશોધન કર્યું છે. જો કે અમને તો પરશુરામના અવતાર તરફ જોવાની જરૂર જ લાગતી નથી, અમારામાં અને પાશ્ચાત્યોમાં આટલો ફરક છે. કદાચ પાશ્ચાત્યો રજો ગુણી હશે, પણ અમે સત્ત્વગુણી નથી–તમોગુણી છીએ.

प्रमादालस्यनिद्राभिः तन्निवध्नाति भारत ।

પ્રમાદ, આળસ અને ઊંઘ એમાં જ અમારા દિવસો વીતે છે. અમારો પરશુરામ છે અને તે આવશે, આ વિશ્વાસથી અમે બેઠા છીએ.

જે લોકોએ સંશોધન કર્યું છે તેમની દિવસો ગણવાની પદ્ધતિ પ્રમાણે પરશુરામનો અવતાર ૭૦૦૦ વર્ષ પહેલાં થયો હોવો જોઈએ—રામ કરતાં ૧૫૦૦ વર્ષ પહેલાં. આ સિદ્ધ કરવા માટે આ લોકોએ બે પ્રમાણ લીધાં છે. એક પરશુ–પ્રમાણ અને બીજું સમાજ–પ્રમાણ. તે વખતનું હથિયાર પરશુ હતું અને તેની ઉત્ક્રાંતિ થતાં થતાં સુસંબદ્ધ ધનુષ્ય ઉપર આવતાં કેટલાં વર્ષ લાગ્યાં હશે તેની ગણતરી કરતાં આ લોકોએ પંદરસો વર્ષનો કાળ નક્કી કર્યો છે. તેવી જ રીતે સમાજ–પ્રમાણનું છે. તે વખતના અવ્યવસ્થિત સમાજ કરતાં રામકાલીન સમાજ વ્યવસ્થિત દેખાય છે, તો તે વ્યવસ્થિત સમાજનું રૂપ આવતાં કેટલો સમય લાગે? આમ ગણતરી કરી આ લોકોએ નિર્ણય લીધો છે કે પરશુરામ રામથી પંદરસો વર્ષ પહેલાં થયા હતા.

ઇતિહાસ–સંશોધકો અને માનવવંશનો અભ્યાસ કરનારાઓ માને છે કે, સાત હજાર વર્ષ પહેલાં આ લોકોનાં જે ટોળાંઓ ફરતાં હતાં, એમાંનાં બે ટોળાંઓનો સંઘર્ષ એટલે પરશુરામ અવતારની કથા. પૃથ્વીતલ ઉપર ભ્રમણ કરતાં આવી રીતનાં ટોળાંઓમાં સંસ્કૃતિ–નીતિની કલ્પના ન હતી. તેમનું દિલ વિશાળ ન હતું. વાઙ્મય, કાં તો કલાવિકાસ ન હતો. તેઓને સૌંદર્યનો ખ્યાલ ન હતો. સ્ત્રી એ પુરુષની અર્ધાંગી ન સમજતાં એક સાથે ભટકનાર પ્રાણી (Creature) છે, એમ સમજતા. પ્રાણી જેટલું જ

ઓનું મહત્ત્વ હતું. આ જે સંસ્કૃતિ હતી તે ટોળાંઓની સંસ્કૃતિ કહેવાતી અને આવાં એ ટોળાંને 'ટ્રાઇબ' કહે છે. આપણા દેશમાં પણ એક સમયે પ્રીમિટિક, ચીની, મેંગોલિયન, કોસ્કેશિયન, ગોલ્ફ, વગેરે લોકોનાં ટોળાં ફરતાં. આજે પણ કેટલાંક ટોળાં છે, જે તમારા ગામની બહાર ઉનાળામાં રહી જાય છે. ગામમાં કામ મળે તે કરે છે અને ગામ બહાર તંબૂ બાંધી રહે છે. રોટલી પકાવે છે અને ખાય છે.

આ ટ્રાઇબ્સ વચ્ચે મોટો સંઘર્ષ ચાલતો હતો; એટલે તે સમયનો માનવ જંગલી (Primitive) હતો, તેને માનવ પણ કહી ન શકાય. મનુની કલ્પના નહીં, નીતિ-સંસ્કૃતિનો વિચાર નહીં, ઈશ્વરની જાણ નહીં, એવો અસંસ્કૃત હતો. આવા માનવોનાં બે ટોળાંઓનો સંઘર્ષ એટલે પરશુરામનો ઇતિહાસ એમ પાશ્ચાત્ય સંશોધકોનો મત છે. આ ટ્રાઇબ્સની અંદર એવી ભાવના નૈસર્ગિક હોય છે કે, અમારાં ટોળાંની સંખ્યા વધારે રહે. આ ભાવનાને લીધે નૈસર્ગિક રીતે અપહરણ કરવાની વૃત્તિ વધે. જો કે આજે ટોળું શબ્દ ન રહેતાં ધર્મ શબ્દ પ્રચલિત થયો છે અને અપહરણ શબ્દ ન રહેતાં (Convert) શબ્દ પ્રચલિત થયો છે. શબ્દ બદલાય એટલે તેની પાછળનો હેતુ બદલાય તેમ નથી. હેતુ તે જ છે. અમારા ધર્મનું પણ એક ટોળું છે.

કેટલાક માણસોને વટલાવી અમારા ટોળામાં, ધર્મમાં લેવાના અને અમારા ધર્મની સંખ્યા મોટી કરવાની; જેટલા પ્રમાણમાં અમારા ધર્મની સંખ્યા મોટી તેટલા પ્રમાણમાં અમારો ધર્મ મોટો.

અપહરણમાં માણસનો માણસ ઉપાડી જાય. અપહરણ

કરનાર સમાજ આનંદિત થાય અને અપહૃત થનારનો સમાજ ચિડાઈ જાય. અપહરણ ( Kidnapping ) અતિશય ચીડ નિર્માણ કરે છે. આ પ્રમાણે ટોળાંઓ એકબીજાંના ટોળામાંથી મોટી સંખ્યામાં અપહરણ કરતાં અને ઝઘડતાં. આ અપહરણ બંધ કરવા પરશુરામ લડ્યા હતા, એવું આ લોકો કહે છે.

વાસ્તવિક રીતે આપણા ઇતિહાસો, પુરાણો અને વૈદિક ગ્રંથનો અભ્યાસ કરતાં આવી રીતનું કાંઈ જણાતું નથી. પહેલું તો તે કાળમાં ટ્રાઈબલ સંસ્કૃતિ હતી એ મગજમાં ન બેસે એવી વાત છે. ટ્રાઇબ્સમાં બધાનું નિષ્ઠાસ્થાન એક ( Common ) રહે અને તે એટલે રોટલી. જો રોટલી એ સુધરેલા ( Advanced ) માણસનું ખાદ્ય હોય તો મારેલું પશુ અથવા મળી ગયેલું ફળ એ ટ્રાઇબ્સનું નિષ્ઠાસ્થાન રહે છે, જ્યારે આવું નિષ્ઠાસ્થાન હોય ત્યારે ટોળાંની સંસ્કૃતિને ટ્રાઈબલ સંસ્કૃતિ કહે છે.

પહેલો તો સવાલ એ ઊભો થાય છે કે, જે વખતે પરશુરામનો સંઘર્ષ થયો તે વખતે ટ્રાઇબ્સ હતા કે નહીં ? ટ્રાઇબ્સ હતા એમ માનવું એ અમારી સંસ્કૃતિમાં બેસતું નથી; કારણ ટ્રાઇબ્સને રોટલી સિવાય નિષ્ઠાકેંદ્ર એકે હોઈ શકતું નથી; જ્યારે પરશુરામ સમયના બન્ને સમાજ એક નિષ્ઠાકેંદ્રના એક વેદગ્રંથને માનવાવાળા, એક તત્ત્વને સમજવાવાળા હતા. થોડા સમય પહેલાં થઈ ગયેલા વામન અવતારથી ડહોળાયેલા ( Shuffle ) સમાજનાં પત્તાં ચીપીને યોગ્ય રીતે સુવ્યવસ્થિત કરવામાં આવ્યાં હતાં. આવો સમાજ કે જેનું નિષ્ઠાકેંદ્ર એક છે, નિષ્ઠાઓ એક છે, ઈશ્વર પ્રત્યેની કલ્પના એક છે, વેદો એક છે, એમાં બે ટ્રાઇબ્સ રહી જ

શકતા નથી. પાશ્ચાત્ય લોકોની 'ટ્રાઇબ્ઝ'ની વ્યાખ્યા મુજબ આ અશક્ય વાત છે. પરશુરામના કાળનો ઝઘડો હતો તે, બે અસંસ્કૃત ભ્રમણ કરવાવાળાં ટોળાંઓ વચ્ચેનો સંઘર્ષ ન હતો, પણ બે સુસંબદ્ધ એવા વર્ગો હતા. આ વર્ગો સમાજની બે પાંખ હતા, બે હાથ હતા. આવા એ બે સુવ્યવસ્થિત વર્ગો એટલે બ્રાહ્મણ અને ક્ષત્રિય. આ બે વર્ગો વચ્ચે સંઘર્ષ થયો હતો. આ બે વર્ગો સ્પષ્ટ રીતે સંસ્કૃત (Cultured) હતા. વગર સંસ્કૃતિના અથવા તો જંગલી અવસ્થાના ન હતા. વામન અવતારમાં સુવ્યવસ્થિત થયેલા આ વર્ગોને સમય જતાં પોતપોતાના વર્ગને પકડીને રહેવાની ટેવ પડી ગઈ. પરિણામે મારી જ જાત શ્રેષ્ઠ, મારી ન્યાત શ્રેષ્ઠ, મારી જ જમાત શ્રેષ્ઠ એમ આ વર્ગો માનવા લાગ્યા. જેમ જેમ આ માન્યતા વધતી ગઈ તેમ તેમ બ્રાહ્મણો અને ક્ષત્રિયો વચ્ચે અંતર વધવા લાગ્યું.

ક્ષત્રિયો સત્તા-સંપત્તિથી ભરેલા હોવાથી તેમને સત્તા-સંપત્તિનો મદ જલદી ચડે છે. સત્તા-સંપત્તિથી કંગાલ અને દર્ભ હાથમાં લઈ ફરવાવાળા અને વેદની ઋચાઓ બોલાવવા-વાળા બ્રાહ્મણોનું નિયંત્રણ માનવું, એ આ સત્તાધીશો અને ધનિકોને માન્ય હોતું નથી. ધનિકોને બ્રાહ્મણ જોઈએ, પણ પોતાના ગજવામાં બેસવાવાળો; રાજાઓને પંડિત જોઈએ, પણ રાજાનો આશ્રય માનવાવાળો. 'હું તમારો આશ્રિત છું' એમ કહી હાથ જોડી ઊભો રહેનારો અને આવી રીતનો જો બ્રાહ્મણ ન હોય તો તેની જોડે સંઘર્ષની શરૂઆત.

પરશુરામના કાળની બ્રાહ્મણસત્તાને ક્ષત્રિયોએ સત્તા અને સંપત્તિના જોરથી નબળી પાડવા માંડી, તેની ટીખળી ઉડાવવાની શરૂઆત કરી, મશ્કરી ઉડાવવાની શરૂઆત કરી,

એટલું જ નહીં, પણ બ્રાહ્મણની ગણતરી વિદૂષકમાં કરવા લાગ્યા. તેને હાસ્ય-પાત્ર વ્યક્તિ બનાવવા લાગ્યા. સત્તા-સંપત્તિવાળાને કાન પકડીને બે શબ્દો સમજાવવાની હિંમત ફક્ત બ્રાહ્મણ પાસે જ રહી શકે છે. 'મને પૈસા નહિ મળશે તો ચાલશે-અડધા રોટલા ઉપર જીવીશ-પ્રભુપ્રેમમાં બોળીને ખાઈશ. મને તારી જરૂર નથી.' આટલા મિજાજથી લાત મારી ખુમારીથી રહેવાની હિંમત બ્રાહ્મણ લોહીમાં છે. બ્રાહ્મણ લોહીમાં આવી રીતની હિંમત હોવાથી એ બ્રાહ્મણો તેમની આંખમાં આવી ગયા. એ બ્રાહ્મણો એમને સહન થયા નહીં. અને નૈસર્ગિક સત્તા અને સંપત્તિવાળા ક્ષત્રિયોએ બ્રાહ્મણોને તોડી પાડવાની, હલકા કરવાની, તેમને ઉતારી પાડવાની શરૂઆત કરી, તેથી બે વર્ગ વચ્ચે લડાઈ શરૂ થઈ; બે ટોળાં વચ્ચે નહીં. આ લોકો ટોળું (Tribe) શબ્દ કાઢી નાખે તો ઝાઝો વાંધો ન આવે. પણ એમનો ટ્રાઇબલ સંસ્કૃતિનો વિચાર મૂળમાંથી ખોટો છે. થોડાઘણો વેદ વાંચશો તો ખબર પડશે કે, તે વખતે આ ટ્રાઇબ્સ ન હતા, પણ વર્ગ વચ્ચે લડાઈ થઈ હતી.

તમે જૂનાં નાટકો વાંચો. તેમાં એક બ્રાહ્મણ હોય, તેને વિદૂષક તરીકે રાખી દીધો હોય. આજે પણ બધા બ્રાહ્મણો વિદૂષક જેવા જ થતા જાય છે. વારે ઘડીએ બ્રાહ્મણની આ દશા થઈ છે અને વારે ઘડીએ ભગવાનને અવતાર લેવો પડ્યો છે. બ્રાહ્મણો સત્તા અને સંપત્તિના મોહમાં લલચાઈ સત્તા-સંપત્તિવાળા લોકોના આશ્રિત થવા લાગ્યા કે, થોડા જ દિવસમાં તેઓ વિદૂષક થઈ જાય છે અને વિદૂષક બનેલા બ્રાહ્મણો જ સત્તા-સંપત્તિવાળાને ગમે છે. બ્રાહ્મણત્વ સંભાળવાવાળા બ્રાહ્મણો તેમની આંખમાં કણાની

જેમ ખૂંચે છે; કારણ સત્તા અને વૈભવથી ઉન્મત્ત થયેલા આ લોકોને સ્પષ્ટ કહેવાની હિંમત આવા બ્રાહ્મણોમાં જ હોય છે તેથી તે ગમતા નથી. આવા બ્રાહ્મણો લોકોનો, અંદરથી પ્રેમ જાગ્રત કરવાનું, સંસ્કૃતિ ટકાવવાનું, ઈશ્વરપ્રેમ નિર્માણ કરવાનું કાર્ય કરે છે.

જેમના પર સંસ્કૃતિનો, ભારતીય ગૌરવ, ભારતીય સભ્યતા–માનવી સભ્યતાનો બહુ મોટો આધાર છે, તેવા બ્રાહ્મણોને સત્તા અને સંપત્તિના જોરે લોકો હાસ્યપાત્ર કરવા લાગે ત્યારે, કોઈ મહાન શક્તિ આવી યોગ્ય ઉપાય, યોગ્ય યોજના કરે, તો તેમાં નવાઈ પામવાનું કારણ નથી. સત્તા અને સંપત્તિનું જોર આ સૃષ્ટિમાં એટલું શક્તિશાળી છે કે, બધા જ તે જોર સામે વાંકા વળે છે. તે સમયે જો સત્તા અને સંપત્તિ સામે વાંકો ન વળવાવાળો, સત્તા સામે આવે તો સિંહાસનને નમસ્કાર કરી દૂર રહેવાવાળો, કાં તો સંપત્તિથી કોઈ વેચાતો લેવા આવે તો તેને લાત મારવાવાળો માનવ ગલી ગલીમાં, મહોલ્લા મહોલ્લામાં, પોળ પોળમાં કે ઓરડી ઓરડીમાં પાકતો નથી. આવા મહા–માનવો બહુ ઓછા પાકે છે. એટલે આ જે લડાઈ થઈ તે બે વર્ગો વચ્ચે થઈ. એક ગાયના હરણથી અખિલ ભારતીય સ્વરૂપનું યુદ્ધ થયું અથવા એક ગાય લઈ જતાં પરશુરામ ચિડાઈ ગયો, એ તદ્દન ભ્રાન્ત કલ્પના છે. કાર્તવીર્ય કંગાલ ન હતો કે જેના ઘરે હજારો ગાયો હોય તે આશ્રમમાંથી એક ગાય ચોરીને લઈ જાય ! વસ્તુસ્થિતિ એ હતી કે, તત્કાલીન ક્ષત્રિય સમાજે સત્તા અને સંપત્તિના જોરથી બીજા લોકોને ખરીદી લીધા હતા. વૈશ્યો અને શૂદ્રોને પોતાના વૈભવ અને સત્તાથી આંજી નાખ્યા હતા. સત્તા અને સંપત્તિ એટલી મોહક

છે કે, ભલભલાને ગજવામાં લઈ શકે એમ છે. વૈશ્યો અને શૂદ્રો અંજાઈ ગયા એટલે બાકી રહેલા બ્રાહ્મણ વર્ગને આ લોકોએ ગમે તે માર્ગે નષ્ટ કરવાની શરૂઆત કરી. ભોગ-લંપટ ક્ષત્રિયોએ તેમની ધેનુનું અપહરણ કર્યું, એટલું જ નહીં, પણ તેમની સ્ત્રીઓનું પણ અપહરણ કર્યું. ભોગ પછવાડે લટ્ટુ બનેલા ક્ષત્રિયો આશ્રમની જુવાન કે સુંદર સ્ત્રીઓ અથવા છોકરીઓ પર નજર પડતાં તેમને હેરાન કરતા–ઉપાડી જતા. બ્રાહ્મણ સ્ત્રીઓના અપહરણના પેટમાં ભોગ-લંપટતા અને વાસનાની ઉદ્દીપ્તતા તો હતી જ, પણ જોડે જોડે એક બીજી મોટી ભાવના હતી અને તે એટલે બ્રાહ્મણ વર્ગને સમાજમાંથી નામશેષ કરવાની-જગતમાંથી કાઢી નાખવાની. આ વર્ગને જો કચડી નાખીશું તો જ અમારો મિજાજ, રૂઆબ અને સમાજ પરનું વર્ચસ્વ કાયમ ટકશે. આ વર્ગને કાયમનો સૃષ્ટિમાંથી કાઢી નાખવાનો વિચાર તે વખતના સત્તાવાન અને સંપત્તિનો કેફ જેમના મગજમાં છે તેવા કાર્તવીર્ય જેવા લોકો, કાં તો તે વખતના એકવીસ સત્તાધિકારી રાજાઓના મનમાં હતો. બ્રાહ્મણોમાંથી બ્રાહ્મણત્વ કાઢ્યા પછી, આવો તેજસ્વી વર્ગ ઉડાવી દીધા પછી, બ્રાહ્મણ રહેશે તો વાંધો નહીં, 'અમારે ત્યાં રસોઇયા તરીકે, ઢોકળાં કરનાર બ્રાહ્મણ હોય તો તેવો બ્રાહ્મણ અમારે જોઈએ.' સત્યનારાયણની કથા કરી 'કેમ છો શેઠ? સારું છે ને?' એમ પૂછનાર બ્રાહ્મણ રહે તો અમારી ના નથી. અમારો નોકર બની અમારા ઘરે ઠાકોરજીની સેવા કરવા બ્રાહ્મણ આવતો હશે તો તે અમારી આંખમાં આવવાનું કારણ નથી. બ્રાહ્મણ અમારા ગજવામાં રહી અમે કહીએ તે સિદ્ધાંતોનાં પુસ્તકો અને ચોપડામાંથી ઉતારા કરી આપતો હશે તો તે

બ્રાહ્મણ અમને પ્રતિકૂળ નથી. બ્રાહ્મણને આવો નિસ્તેજ અને ઉત્સાહશૂન્ય બનાવવો હોય તો પહેલાં બ્રાહ્મણ સ્ત્રી બગાડવી જોઈએ. કોઈ પણ દેશમાં, કોઈ પણ રાષ્ટ્રમાં કોઈ પણ સમાજમાં સ્ત્રી–પાવિત્ર્ય બગડ્યું, ગંદું થયું, એટલે ઉત્સાહ-શક્તિ ચાલી ગઈ, જીવનતેજ ચાલી ગયું, જીવનનું તત્ત્વ ચાલી ગયું, એમ સમજી ચાલો. એકવાર સમાજની આ દશા થઈ કે, પછી મડદાં જીવશે, મડદાં ખાશે, મડદાં છોકરાં પેદા કરશે અને મડદાં છોકરાંઓને પરણાવશે. એમનામાં જીવંત-પણું રહેવાનું નથી.

ભારતીય યુદ્ધમાં જે પ્રશ્ન અર્જુને ઊભો કર્યો હતો તે જ સ્ત્રી–પાવિત્ર્યનો પ્રશ્ન હતો તેથી તો સ્ત્રી–પાવિત્ર્ય પર અમારા શાસ્ત્રકારો બહુ મોટો મદાર બાંધે છે. તેઓ કહે છે કે, ' સ્ત્રીનું પાવિત્ર્ય ટકાવી રાખો, સ્ત્રીનું પાવિત્ર્ય સંભાળી રાખો.' જે જે ઠેકાણે સ્ત્રી ભોગપ્રધાન બની છે, સ્ત્રી પાવિત્ર્ય ગુમાવી બેઠી છે, તે તે ઠેકાણે સમાજ ઉત્સાહ, શક્તિ અને તેજસ્વિતા ગુમાવી બેઠો છે. આવી રીતની એંસી સંસ્કૃતિ-ઓનો અભ્યાસ કરીને એક પુસ્તક લખવામાં આવ્યું છે. 'Sex regulation and social behaviour' by J. D. Unvin–તેનું આ જાણીતું પુસ્તક વાંચો, તેણે એંસી સંસ્કૃતિઓનો વ્યવસ્થિત અભ્યાસ કરી સિદ્ધ કરી બતાવ્યું છે કે, સંસ્કૃતિમાં જ્યાં સુધી સ્ત્રીનું પાવિત્ર્ય હતું, ત્યાં સુધી સમાજમાં તેજ હતું, ચૈતન્ય હતું, નિષ્ઠા હતી, ઉત્સાહશક્તિ હતી. પણ સ્ત્રીનું પાવિત્ર્ય ઘટી જતાં જ, ઉત્સાહશક્તિ ઘટી ગઈ. સ્ત્રી ભોગ-લંપટ થતાં જ સમાજનું ચૈતન્ય ચાલી ગયું. કોઈ પણ સમાજની સ્ત્રી બગડી કે માણસ બગડ્યો. એ બગડ્યો એટલે શું? તે જીવશે, મોટો થશે, સરસ વાળ રાખશે, રોટલી

બનાવશે, ખાશે, છોકરાંઓ પેદા કરશે, તેમને પરણાવશે, બધું કરશે પણ એ જીવતાં મડદામાં; એનામાં તેજ (Spark) નહીં, ચૈતન્ય નહીં અને આવી જાતના પિશાચો–તેજ વગરના પિશાચો ગમે તેટલી સંખ્યામાં હોય તોપણ ક્ષત્રિયો થોડા જ ડરે છે? ક્ષત્રિયોને આવો તેજહીન બ્રાહ્મણ જોઈતો હતો તેથી તેમણે પદ્ધતિસર કેવળ ધેનુનું નહીં, પણ સ્ત્રીનુ પણ અપહરણ કરવા માંડ્યું.

સ્ત્રીના અપહરણની આ લોકોએ શરૂઆત કરી. બ્રાહ્મણ સમાજમાંના સ્ત્રી–પાવિત્ર્ય પર ઘા કર્યો. ભોગલાલસાથી સ્ત્રી જેવી પવિત્રમાં પવિત્ર શક્તિનુ ચારિત્ર્ય નષ્ટ કરવા પ્રયત્ન કરવા લાગ્યા, તેને વટલાવવા લાગ્યા, તેમની તેજસ્વિતા પર, ઉત્સાહશક્તિ પર હુમલો કરવા લાગ્યા. પ્રાણ કરતાં પણ જેના ઉપર વધુ પ્રેમ છે એવા વેદોનો તિરસ્કાર કરવા લાગ્યા. આ બધું થતાં ચિડાઈને બ્રાહ્મણોનુ પાછું એક તત્ત્વનિષ્ઠ અને વ્યક્તિનિષ્ઠ સંગઠન પરશુરામના હાથ નીચે ઊભું થયુ અને આ સંગઠને ક્ષત્રિયોને ત્રાહી ત્રાહી કરી નાખ્યા. ઘણા લોકોને લાગશે કે, સ્ત્રીનુ અપહરણ વગેરે વાતો મારા ગજવામાંની છે. તેઓ કહેશે કે, 'અમે અનેક પુરાણો વાંચીએ છીએ, છતાં અમને કાંઈ જડતું નથી અને તમે આ ક્યાંથી કાઢ્યું?' મારા ગજવામાંનુ કહેવાનો મને હક્ક નહિ. વ્યાસપીઠ પરથી આટલા લોકોની સામે ગજવામાંથી કહેવાનુ હોય નહીં. અહીં તો એ કહેવાનું હોય કે, જે કાયમનુ–ચિરંતન હોય, તમે કદાચ થોડા સમયમાં ભૂલી જશો, પણ એક ભાઈએ મારી સામે 'રેકોર્ડિંગ મશીન' બેસાડ્યું છે. અને તમે અથર્વવેદ ખોલો, પુરાણો હમણાં રહેવા દો. અથર્વવેદનો પાંચમો કાંડ કાઢો, તેનો ચોથો અધ્યાય કાઢો, તેમાંનાં ૧૭,

૧૮ અને ૧૯ એ ત્રણ સૂક્તો વાંચો એટલે તમને ખબર પડશે કે, સ્ત્રીનું અપહરણ કરવામાં આવ્યું હતું અને તેમ કરી આખી બ્રાહ્મણ કોમને ઉડાવવાને પદ્ધતિસર પ્રયાસ કરવામાં આવ્યો હતો. આનું કારણ ? 'બ્રાહ્મણ અમારો કાન પકડે છે, આ બ્રાહ્મણો મિજાજખોર થાય છે, અમારી આંખની શરમ રાખતા નથી, અમારી પાસે આટલી સંપત્તિ હોવા છતાં મોઢા ઉપર બોલવાવાળો આ વર્ગ ટકાવશું તો અમારું વર્ચસ્વ આ સમાજમાં રહેશે નહીં. અમારી ન્યાતને પણ પછી કદાચ કોઈ સામે નમવું પડશે.' આ વિચારના આ લોકોએ જાણી જોઈ ને પદ્ધતિસર આ કોમને ખલાસ કરવાનો પ્રયત્ન કર્યો અને એ પ્રયત્ન વિરુદ્ધ તત્કાલીન લોકો ઊભા થયા. વેદભ્રષ્ટતા અને ધેનુનું અપહરણ તો માત્ર નિમિત્ત જેવાં છે. વળી કોઈ કહેશે, 'શાસ્ત્રીજી ! આવી રીતનું મહાભારતમાં પણ દેખાતું નથી.' ખરી વાત છે, ગો–શબ્દના ઘણા અર્થ છે. ધેનુ છે, સ્ત્રી છે અને ગોનો અર્થ વેદ પણ થાય છે. છતાં પણ આ મહાભારતમાં ન લખાયું તેમાં વેદવ્યાસનું કૌતુક કરીએ તેટલું ઓછું છે; કારણ કે કાળ જતાં આ બન્ને વર્ગો પોતપોતાના વેરભાવ ભૂલી જઈ ને એક થયા. બંને વર્ગો સ્પષ્ટ સમજી ગયા હતા કે, બંનેને એકબીજા વગર ચાલે તેમ નથી. આમ બંનેએ પાછળથી શેકહેન્ડ (Shake hand) કર્યું છે. એટલું જ નહીં, પણ બંને સમાજ એકબીજાને ભેટ્યા છે, આલિંગન આપ્યું છે. આવી રીતનાં વર્ષોનાં વર્ષોનો કાળ વીતી ગયા પછી પાછું આવું સંતાપકારક યુદ્ધનું જે કારણ છે તે નાના છોકરાથી માંડીને મોટા બધાને સમજાવવા બેસવું તે अव्यापारेषु व्यापारः જેવું છે. અને પાછો નકામો વેરભાવ

નિર્માણ કરવાનો પ્રયત્ન કરવા જેવું થશે. વેદવ્યાસે જાણી જોઈને સ્ત્રીના અપહરણની વાત બહાર પાડી નથી એમ લાગે છે. સમજે તે ડાહ્યા અને ન સમજે તે પણ ડાહ્યા, કારણ કે તેમને સમજવાની જરૂર નહીં. કહેવાનું તાત્પર્ય એ કે, બંને સમાજ વિશિષ્ટ પદ્ધતિથી લડ્યા હતા અને ક્ષત્રિય સમાજનું પરશુરામે નિકંદન કર્યું હતું. એ નિકંદન કર્યા પછી બંને સમાજો સમજી ચૂક્યા હતા કે, આપણે જે લડતા હતા તે મોટી ભૂલ હતી. ક્ષત્રિયો સમજી ગયા હતા કે, જીવનોપયોગી શાશ્વત મૂલ્ય અને શાશ્વત માનવવંશ ટકાવવા જેવા ગુણો કેટલાક અમારામાં છે અને કેટલાક આ બ્રાહ્મણ વર્ગમાં છે. અમે બંને ભેગા થઈએ તો જ માનવી મૂલ્યો, માનવી સભ્યતા અને માનવી સંસ્કૃતિ આ સૃષ્ટિમાં ચિરંતન કરી શકાય. તેમના મેળાપ પછી ઘણાં વર્ષે મહાભારત લખાયું છે. એ ઉદ્વેગજનક વાતની નોંધ રાખવી વેદવ્યાસજીને અપ્રસ્તુત લાગી હશે અથવા આ નોંધ બળતરા રાખીને તેનો ઉપયોગ પણ શું છે? એમ લાગ્યું હશે. ગૌનું અપહરણ કર્યું એટલું લખ્યું. સમજો તો સમજો અને ન સમજો તો કાંઈ નહીં. વાસ્તવિક આ ગાયના અપહરણ માટેની લડાઈ ન હતી. પરશુરામ એકલો લડતો ન હતો, તેમ જ એક રાજાને ઘરે ગાય ન હતી તેથી કંગાળ બ્રાહ્મણના ઘરની ગાય ચોરી ગયો હતો એમ નહીં, પણ વ્યવસ્થિત (Systematic) રીતે એક વર્ગને આ સૃષ્ટિમાંથી ખલાસ કરવાનો ક્ષત્રિયોએ કરેલો પ્રયત્ન એનું નામ અપહરણ અને આ વર્ગ વગર સંસ્કૃતિ અને નીતિ ટકવાની નહીં, આવી રીતનું કહીને આ વર્ગ ઊભો રાખવાનો પ્રયત્ન કોઈએ કર્યો હશે અને તેમાં જો સફળ (Succe-

થયા હશે તો તે પરશુરામ છે. આવી રીતનું પરશુરામનું છે. આ દૃષ્ટિથી તમે આપણી કથા તરફ જોશો ત્યારે ખરી હકીકત તમારા ધ્યાનમાં આવશે કે, એ પોતાના અવતારમાં તો દેખાય છે પણ રામાવતાર અને કૃષ્ણાવતારમાં પણ દેખાય છે! આપણી મુશ્કેલી એ છે કે, આવા મહાપુરુષો ક્યારે ચાલ્યા જાય છે તેની ખબર પડતી નથી.

હવે ત્રીજી વાત: પરશુરામ શું ચિરંજીવ છે? અનેક મહાપુરુષો સૃષ્ટિમાં એવા છે કે, તેમનો શો અંત આવ્યો એ જાણવાની લોકોની જબરદસ્ત ઉત્કંઠા હોય છે, પણ તે ઉત્કંઠા અને જિજ્ઞાસાની ઘણીવાર તૃપ્તિ થતી નથી; કારણ ઘણીવાર મહાપુરુષોનો અંત જાણવા મળતો નથી. તેમના માટે પૌરાણિકો લખે છે કે, તેઓ ચિરંજીવ છે; કારણ આવા મહાપુરુષોએ મહાન કર્તૃત્વ કરી દેખાડ્યું હોય છે, તેનો આ ચિરંજીવ શબ્દ એ સંકેત છે. રામાયણકાલીન સંકેત, મહાભારતકાલીન સંકેત એમ એક એક સંકેત હોય છે. દાખલા તરીકે પત્રલેખનનો સંકેત તમારા ધ્યાનમાં હશે. એક કાળ એવી રીતનો હતો કે, જે કાળે પત્રલેખનની પદ્ધતિ જુદી હતી. જૂના કાળમાં કોઈ પત્રનો જવાબ આપતાં પહેલાં લોકો પત્રમાં આવેલી વિગતને ચાર લીટીમાં પહેલાં ઉતારતા: 'તમારો પત્ર મળ્યો, તેમાં આમ આમ હતું, આમ આમ તમે લખ્યું હતું, તે બધું જાણી લીધું છે.' આ પ્રમાણે શરૂઆત કર્યા પછી પોતાનું બધું લખતા. આ એક પત્ર લખવાનો સંકેત હતો. આજના યુવાનોના હાથમાં તે પત્ર જાય તો કહેશે કે, આ લોકોનું લખાણ અપદ્ધતિસરનું છે. થઈ ગયેલી વાતનું રીપીટેશન કરવાનું કારણ શું? તે જ પ્રમાણે પુરાણોમાં જે મહાપુરુષોનો અંત

ખબર ન પડે તેમને માટે ચિરંજીવ શબ્દ વાપરવાનો સંકેત હતો. ભાષામાં પણ સંકેત હોય છે. સૌભાગ્યવતી સ્ત્રી જો બંગડી ફૂટી જાય તો, બંગડી ફૂટી ગઈ એમ બોલતી નથી, પણ બંગડી વધી ગઈ એમ કહે છે. આ સંકેત છે. કંકુ એ એમનું સૌભાગ્યચિહ્ન છે. તે હાથમાંથી પડી જાય તો પડી ગયું-છાંડયું તે શબ્દ વાપરવો તેમને ભારે આકરો લાગે છે. તેમને કંકુ પર બહુ મોટી નિષ્ઠા છે. કંકુ એટલે ધણી. તેથી કહે, કંકુ વધી ગયું. આ સંકેત છે.

अश्वत्थामा बलिर्व्यासो हनुमांश्च विभीषणः ।
कृपः परशुरामश्च सप्तैते चिरजीविनः ॥

આ સાત ચિરંજીવી છે. હું પૂછું કે, ભીષ્મ અને કૃષ્ણ ચિરંજીવ નહિ અને કૃપ ચિરંજીવ. રામનું છેલ્લે શું થયું તે વાલ્મીકિ રામાયણમાં જોવા મળે છે. કૃષ્ણને વ્યાધે બાણ માર્યું અને તેણે દેહ છોડ્યો તે પુરાણોમાં ગ્રથિત છે. કૃપનું પછી શું થયું? અશ્વત્થામાનું પછી શું થયું? હનુમાનનું છેવટે શું થયું? આ આપણને ગ્રંથોમાં મળતું નથી એમ પ્રાંજલપણે અને પ્રામાણિકતાથી કબૂલ કરવું એટલે તે ચિરંજીવ છે એમ કહેવું; નહિતર રામ ચિરંજીવ નહિ અને હનુમાન ચિરંજીવ એ કેટલું વિચિત્ર લાગે છે? પણ એનું કારણ રામનો સરયૂનદીમાં અંત અમને જ્ઞાત છે. હનુમાનનું છેવટ અમને ખબર નથી તેથી હનુમાન હજુ છે અને રામકથા ચાલતી હોય ત્યાં તે આવી બેસે છે. આવતી કાલે આપણે રામકથા લઈશું તો હનુમાન અહીંયાં આવશે, કેમ કે તે ચિરંજીવ છે. ત્યારે ચિરંજીવ શબ્દ એ સંકેતાર્થ છે. ખરેખર પૌરાણિક લોકો કમાલ છે. હું તો તેમના દિલનું ગૌરવ સમજું છું. આ લોકોની

કબૂલાત છે કે, આ લોકોનો અંત ક્યાં થયો તેની તેમને ખબર નથી. આ બધા મહાન હતા. અશ્વત્થામાએ તે વખતે જગત ધ્રુજાવ્યુ હતું, કૃપે જગત ધ્રુજાવ્યું હતું, હનુમાને જગત હલાવ્યુ હતું. આ લોકો ક્યાં ચાલ્યા ગયા? તેમનું છેવટ શું થયુ? આવી રીતનું જિજ્ઞાસાથી પૂછવામાં આવે ત્યારે કહી શકતા નથી. આવી રીતનું કહેવાનું હોય ત્યારે તે માટે ચિરંજીવ પ્રૌઢ થયેલો શબ્દ છે. આપણે સમજીએ છીએ કે ચિરંજીવ એટલે હજુ કાયમ છે, તેથી પરશુરામ પોતાના અવતારમાં પણ મળ્યા, રામાવતારમાં મળ્યા, કૃષ્ણાવતારમાં પણ મળ્યા અને હજુ પણ મળશે કે કેમ એની કોને ખબર? લોકો કહે છે કે, એ હજુ પણ ફરતા રહ્યા છે; એમ! ક્યાં દેખાય છે? શાસ્ત્રીજી! તે, તે સાઈડ તરફ જરા ભાર્ગવતીર તરફ જશો, તો હજી પણ દેખાય છે. કોઈ કોઈ વખત રાતના દેખાય છે. એમ! કોને ખબર ભાઈ! જોવાવાળાનું ભાગ્ય, પણ જેને મળ્યો તે હજુ માનવરૂપે રહ્યો શા માટે? પરશુરામ જેવી અલૌકિક શક્તિ મળી છતાં તે હજુ મુક્ત કેમ થયો નહીં? પૌરાણિક લોકોએ સ્પષ્ટતાથી જવાબ આપ્યો છે કે, 'તમને જાણવા ની હોંશ છે, ઉત્કંઠા છે, પણ અમે કહી શકતા નથી. અમને ખબર નથી.' આ કહેવાની પ્રૌઢ રીત એટલે ચિરંજીવ બોલવાનું.

હવે આ પરશુરામનું અવતારકૃત્ય શું? પરશુરામે જીવન માં આવીને શું કર્યું? તેમણે શું બ્રાહ્મણને જીવતો રાખ્યો? બ્રાહ્મણ એટલે ગૌરીશંકર, જટાશંકર જીવતો રાખ્યો નહીં, પણ બ્રાહ્મણત્વ જીવતું રાખ્યુ. પરશુરામે એક ખૂબ મહાન કાર્ય કરીને સમાજમાંનો એક મોટો કર્તૃત્વવાન માનવવંશ ટકાવ્યો, પરશુરામના અવતારનું એ મહાન કાર્ય છે. આખો સમાજ

તે પરશુરામને લીધે એકરૂપ થયો. જેટલા પ્રમાણમાં લોકો પરશુરામને ભૂલવા લાગ્યા, તેટલા પ્રમાણમાં બ્રાહ્મણ ક્ષત્રિય એક થવા લાગ્યા.

આ કર્તૃત્વવાન અને તત્ત્વનિષ્ઠાવાળા પરશુરામની એક પીઠિકા તૈયાર થઈ–પરંપરા તૈયાર થઈ. આ પરંપરાનું સાતત્ય પીઠિકાનું સાતત્ય જે જે વંશોએ ટકાવ્યું તે વંશ પરશુ ામના નામે પ્રસિદ્ધ થયો. આ પરશુરામની પીઠિકા થઈ, રંપરા થઈ, તેમનો એક સંપ્રદાય થયો. પણ સંપ્રદાય શબ્દ હું વાપરતો નથી; કારણ તે શબ્દ જરા સંકુચિત અર્થમા ાપરવામાં આવે છે. પરશુરામે પોતાનો સંપ્રદાય કોઈ દિવસ રેલો નહીં. પરંપરા અથવા પીઠિકા એ શબ્દો ધ્યાનમા ા આવે તે માટે સંપ્રદાય શબ્દ વાપરું છું. વાસ્તવિક રીતે રશુરામની એક પીઠિકા શરૂ થઈ. અલૌકિક કર્તૃત્વવાન ચક્તિ જ્યારે નિર્માણ થાય છે, ત્યારે તેની પાછળ તેની રંપરા નિર્માણ થાય છે અને આ રીતે પરંપરા નિર્માણ વી તે માનવસમાજનો અભ્યાસ કરતાં સહજ વાત જણાય . આ રીતે તત્કાલીન તેની પરંપરા માન્ય કરનારો એક ોટો વર્ગ હતો, જેનું નામ તેમની પીઠિકાના સાતત્યને ીધે પરશુરામ તરીકે જ ચાલુ રહી ગયું.

પરશુરામ જ્યારે રામને મળ્યા અને રામે તેમનો રાભવ કર્યો એમ વર્ણન છે અને એમ બોલતાં ભાવિકોને ંકા લાગતી નથી. તેમને એમ લાગે કે, આ વાત બરાબર . આનું કારણ–

कृप. परशुरामश्च सप्तैते चिरजीविनः ।

તમને–અમને કદાચ શંકા આવશે, પણ ભાવિકોને મલકુલ શંકા નહીં આવે. છેવટે જિજ્ઞાસુઓને ગળે એ

વાત ઊતરે તેવી નથી. ઊલટું ભાવિકોને એક દૃષ્ટાંત આપીશ તો તેમને પણ આ વાત ખ્યાલમાં આવશે. મહાભારત ખોલો, તેમાં દ્રોણપર્વમાં ૧૭મો અધ્યાય કાઢો, તે ઠેકાણે નારદ સ્પષ્ટ ભાષામાં સમજાવે છે કે, આ પરશુરામ જેવા મહાન દેદીપ્યમાન અને महान्तम् रूपम् । મહાન રૂપ લઈને આવેલી શક્તિ તેનું પણ મૃત્યુ છે. નારદજી તે ઠેકાણે સમજાવે છે કે, તેનુ પણ મૃત્યુ છે; એટલે તેઓ માને છે તેમ પરશુરામ ચિરંજીવ નથી.

તેમણે એક વિશિષ્ટ જાતની વિચારસરણી અને વિશિષ્ટ જાતની શક્તિ સમાજમાં ટકાવવાનો પ્રયત્ન કર્યો, પણ તે વિચારસરણી ટકાવવાનો પ્રયત્ન કરવાવાળી તેમની પીઠિકાએ ક્ષત્રિયોનો વેરભાવ મનમાંથી ઓછો ન કર્યો, ઊલટો તેને ટકાવી રાખ્યો. મહાપુરુષ પરશુરામના આ જગત છોડ્યા પછી તે નિર્માણ થયો અને ટકી રહ્યો. એ ટકી રહેવાનું કારણ છે ક્ષત્રિયો અને બ્રાહ્મણોનો એકદિલથી થયેલો મનનો મેળાપ. ક્ષત્રિય અને બ્રાહ્મણનો મનનો મેળાપ એટલે સંસ્કૃતિની પહેલી પગથી. પણ એ પાછળનો પિશાચ ક્યારે ફૂદકો મારી પાછો આવશે અને પાછળનું આ ઝેર ક્યારે પાછું ઊભું થશે તે કોને ખબર છે? તો તેના ઉપર સતત નજર રાખવા, તે ઉપર દૃષ્ટિ રાખવા માટે ચીવટ વૃત્તિના–તીવ્ર વૃત્તિના શ્રદ્ધાળુ લોકો પરંપરારૂપે, પીઠિકારૂપે ટકી, સાતત્યથી રહેવા લાગ્યા. માનવી સંસ્કૃતિ માટે આ આવશ્યક વાત હતી. અને તેથી જેટલા પ્રમાણમાં બ્રાહ્મણો અને ક્ષત્રિયોના સંબંધો પ્રેમના થવા લાગ્યા, તેટલા પ્રમાણમાં પીઠિકાના લોકોનું મહત્ત્વ (Importance) ઓછું થવા લાગ્યું. પરશુરામની પીઠિકા હતી, કાં તો તેનું સાતત્ય હતું તે ચાલી

ગયું. જે રીતે વ્યાસની પીઠિકા ચલાવવાવાળા વ્યાસ, વસિષ્ઠની પીઠિકા ચલાવવાવાળા વસિષ્ઠ તેમ પરશુરામની પીઠિકા ચલાવવાવાળા પરશુરામ. વ્યાસને માટે આજે પણ આપણે પૂછીએ છીએ, કેમ ભાઈ! તમારે ત્યાં ભાગવતની કથા છે? વ્યાસ કોણ છે? વ્યાસ એટલે વેદવ્યાસ નહિ, વેદવ્યાસની પીઠિકા ચલાવવાવાળા.

પરશુરામની પીઠિકા પણ અમુક કાળ પર્યંત ટકી રહી–તેનું સાતત્ય ટકી રહ્યું. શા માટે? થઈ ગયેલી સુધારણામાં જૂનું ઝેર પાછું કૂદકો મારે છે કે શું, તેના તરફ રાત્રિદિવસ દૃષ્ટિ રાખવાવાળું, ઘસાવાવાળું, ચીવટવૃત્તિનું, ક્ષાત્ર અને બ્રાહ્મણતેજથી યુક્ત એવી રીતનું એક ગ્રુપ આવશ્યક હતું અને તે ગ્રુપની ટ્રાન્ઝીશન પિરિયડમાં હમેશાં જરૂર હોય છે; તેથી તે પીઠિકા પણ ટકી રહી. પણ જેટલા પ્રમાણમાં ક્ષત્રિયો ને બ્રાહ્મણો એક થવા લાગ્યા તેટલા પ્રમાણમાં આ લોકોનું મહત્ત્વ ઘટતું ચાલ્યું. પાછળથી એ લોકોની અવહેલના પણ થવા લાગી. તમે જોશો તો એક વિશિષ્ટ કાળ થયા પછી પરશુરામનો પ્રત્યેક વખત પરાભવ છે. છેલ્લો પરાભવ ભીષ્મે કર્યો. એનું કારણ પરશુરામ પીઠિકા અને પરશુરામ પરંપરાનું સાતત્ય નિસ્તેજ બન્યું હતું. કાં તો તેની જરૂરિયાત રહી નહીં. બ્રાહ્મણ અને ક્ષત્રિયો એકબીજાના ખભા ઉપર હાથ મૂકી ફરવા લાગ્યા. આટલું જ નહીં પણ એકબીજાનું મહત્ત્વ સમજી એકબીજાના હાથમાં હાથ મૂકી ચાલવા લાગ્યા. આવું હોય ત્યારે પરશુરામની જરૂર રહે નહીં. એ તદ્દન સ્વાભાવિક છે. તેથી તે નિષ્પ્રાણ બન્યા હશે, તો ખોટું નહીં. ક્ષત્રિયો જેટલા પ્રમાણમાં બ્રાહ્મણ જોડે ભળી ગયા તેટલા પ્રમાણ-

માં પરશુરામ નિસ્તેજ થવા લાગ્યા. રામકાળમાં તો સાવ નિસ્તેજ થઈ ગયા. પરશુરામ પરંપરાની જરૂર રહી નહીં; કેમ કે રામે પોતે વસિષ્ઠ પાસે જીવનનું શિક્ષણ લીધું, વિશ્વામિત્ર પાસે ધનુર્વિદ્યાનું શિક્ષણ લીધું અને આ બંનેના પગ પાસે બેસી જીવનના પાઠ (Lessons) લેવાવાળો અને બ્રાહ્મણ જીવનમાં આવશ્યક છે એમ એવો જેનો દૃષ્ટિકોણ થઈ ગયો છે, તે રામને આ પરશુરામની પરંપરા-ની જરૂરિયાત રહી નહીં.

સમયના પ્રવાહે આ વેર તદ્દન ખલાસ થઈ ગયું. બ્રાહ્મણો કહેવા લાગ્યા, 'આ રાજાઓ અમારા દીકરાઓ છે, મોટા ભાઈઓ છે.' વસિષ્ઠ કહેવા લાગ્યા, 'રામના વાળને પણ ધક્કો બેસશે તો મારી આંખમાં આંસુ આવશે.' એકબીજાનો એકબીજા માટે પ્રેમ વધવા લાગ્યો, ત્યારે પરંપરાનું માતત્ય ટકાવવાની જરૂર જ પડી નહીં અને આ અવતારકૃત્ય પૂરું થયું.

સ્ત્રી તરફ જોતાં જ લટ્ટુ બનવાવાળો ક્ષત્રિય, સ્ત્રીનો શિકાર કરવાને ઊભો થયેલો ક્ષત્રિય, તેને મારવા માટે પરશુરામ તૈયાર થયા હતા. તેની સામે એકપત્નીનો આદર્શ જીવનમાં રાખનાર રામે તેમનો પરાભવ કર્યો એમાં કાંઈ ખોટું નથી; નવાઈ નથી. બ્રાહ્મણના રક્ષણ માટે પરશુરામના અવતારની જરૂર હતી અને ક્ષત્રિયો જ્યારે બ્રાહ્મણના પગ ઉપર માથું મૂકવા લાગ્યા, ત્યારે પરશુરામના અવતારની સમાપ્તિ થઈ હશે, તે કહેવાની જરૂરિયાત રહી નહીં. ભોગવિલાસ ભોગવવાવાળા અને બીજાને ચૂસવાવાળા આ ક્ષત્રિયોનું આવું રૂપ ચાલી જઈ તે ઠેકાણે ધર્મ-સંસ્કૃતિની સંભાળ રાખવાવાળા અને દૈવી જીવન માટે

સર્વસ્વ અર્પણ કરવાવાળા ક્ષત્રિયો થયા. બ્રાહ્મણો અને ક્ષત્રિયોને ધન્યવાદ છે કે, ઉદાર અંતઃકરણથી જૂનાં વેરો સાવ ભૂલી ગયા અને ખાસ કરીને રામકાળથી જોઈશું તો ઉદાર અંતઃકરણથી વેરો ભૂલી જઈ એકબીજામાં ભળી ગયા છે. એકબીજાના હાથમાં હાથ મૂકીને કહ્યું છે, 'આર્ય ધર્મ, આર્ય સંસ્કૃતિ, માનવી સભ્યતા સૃષ્ટિમાં ટકાવવા માટે તમારી શક્તિ અને અમારી બુદ્ધિ બે ભેગાં થશે, તો જ આ કામ થવું શક્ય છે. અને આપણે બંને એક છીએ.' આવી રીતે સમજીને એકરૂપ થઈને તે બે વર્ગો રહેવા લાગ્યા. એકબીજાના દોષ કાઢવાનું તો બાજુ રહી ગયું. એના વગર આનું જીવન ચાલે નહીં અને આના વગર એનું ચાલે નહીં. આવું દૃશ્ય જ્યારે જોઈએ ત્યારે આ બંને સમાજના ઉદાર અંતઃકરણનું કૌતુક કરવાનું મન થાય છે.

પરશુરામની પીઠિકાને રામે પહેલું વંદન કર્યું હતું, એવું વર્ણન છે. તમે જો વાંચ્યું હશે તો જણાશે કે, રામ પરશુરામને જ્યારે મળ્યા ત્યારે પહેલું તેમને વંદન કર્યું અને પછી તેમનો પરાભવ કર્યો, એમ લખ્યું છે. ધનુષ્ય-બાણ લઈને રામે આવી રીતનો પરાભવ કર્યો છે, વગેરે પછી ઉમેરવાનું; અદ્‌ભુત લખ્યા વગર ચાલતું જ નથી. કોઈ મહાપુરુષ મરી જાય તો તુરત અદ્‌ભુતતા આવી જાય. અરે ભાઈ! તમને ખબર નહીં? અમારા પરદાદા કહેતા હતા કે, એ માણસ તો સ્થિતપ્રજ્ઞ હતો. આ ઘરે બેસે અને સાત ઘર આગળ રહેલી વસ્તુ ત્યાંથી જ હાથ લાંબો કરીને લઈ લે એવી તેમની સિદ્ધિ હતી. અરે ગાંડાઓ! આ કાંઈ પિશાચ હતો કે શું? સ્થિતપ્રજ્ઞને વળી આ ચમત્કાર કરવાનું કારણ શું? મને પગે પડો, આવી રીતની

જ્યાં સુધી અપેક્ષા રાખે છે, ત્યાં સુધી એ સ્થિતપ્રજ્ઞ નહીં. પણ હંમેશાં મહાન વ્યક્તિ પાછળ તેના સંપ્રદાયના લોકો પ્રેમને લીધે, ભોળપણને લીધે, એનાં કાર્યોમાં અદ્‌ભુતતા ઘુસાડે છે. અમે જેને મહાન સમજીએ છીએ તેનું મહત્ત્વ વધારવા માટે અદ્‌ભુતતા એક ઉપાય છે.

એટલું ખરું કે, રામે પરશુરામને પહેલું વંદન કર્યું. હવે આપણે જોયું કે, પરશુરામનો પરાભવ એટલે તેમની પીઠિકાનો પરાભવ. પરશુરામની પીઠિકા જે ટકી રહી હતી–પરંપરા ને સાતત્ય જે સંભાળી રાખ્યું હતું, તેની હવે જરૂર રહી નહીં. તે કામ વગરની થઈ. એકાદ ડીપાર્ટમેન્ટ કામ વગરનું થયું, એટલે તે મરી ગયું. રેશનિંગ જ ખલાસ થાય પછી રેશનિંગ ડીપાર્ટમેન્ટ રહે ક્યાંથી? તેની જરૂર નહીં. એટલે અવતારકૃત્ય ખલાસ થઈ ગયું. આ પીઠિકા, આ પરંપરા જે જે બ્રાહ્મણવંશે ટકાવી રાખી, તે તે બ્રાહ્મણવંશ નિસ્તેજ થયો. એટલું જ નહીં, પણ જ્યારે તે વેરની ભાષા બોલે ત્યારે આખો સમાજ તેની અવહેલના કરે–ઉપેક્ષા કરે.

તમે પરશુરામનું ચરિત્ર પુરાણોમાં વાંચશો તો તેની અંદર તમને વાંચવા મળશે કે, થોડા સમય પછી રસ્તે રસ્તે, ગામે ગામે લોકો તેમની ઉપેક્ષા કરતા હતા. તેમાં પરશુરામની ઉપેક્ષા નહીં, પણ આ જે પીઠિકાના લોકો હતા તે જ આગ્રહ પકડીને તેવી જ રીતનો ભેદભાવ પાછો ચાલુ રાખવાનો પ્રયત્ન કરતા અને પરિણામે તેમની ટીખળી–મશ્કરી ઉડાવવામાં આવતી. રામે પરશુરામને પહેલું વંદન કર્યું, તેમાં રામની મોટાઈ હતી. વંદન કર્યું એટલે પરશુરામનું જીવનતત્ત્વ જીવનમાં લઈ જઈ બ્રાહ્મણ-તેજ અને ક્ષાત્રતેજ એક કરીને ચીવટતાથી એકાદ

વૃત્તિને પકડી લેવાની હિંમત બતાવનાર આ વર્ગને એક વિધાયક કાર્યમાં એટલે આજની ભાષામાં બોલવાનું હોય તો Constructive workમાં રામે તેનો ઉપયોગ કરી લીધો. નમસ્કાર કર્યો એટલે તમારી અમને જરૂર છે; પણ તમારા આ વર્ગની નહિ. ક્ષત્રિય અને બ્રાહ્મણ એક થયા પછી હવે ડિટેક્ટિવ કાં તો સી. આઈ. ડી. જેવા આ વર્ગની જરૂર નહીં. તમારી ચીવટતાને લીધે તમારામાં જે ક્ષાત્ર-તેજ અને બ્રાહ્મણતેજ ભેગું થયું છે, તેની આર્યધર્મ અને સંસ્કૃતિના પ્રચાર માટે અમને આવશ્યકતા છે. ભારતમાંનો મોટો ભાગ જંગલમાં છે, ત્યાં ક્ષત્રિયો ધનુષબાણના જોરથી જઈ શકે છે, પણ તેમની પાસે સંસ્કૃતિ આપવાની શક્તિ નથી. બહુ બહુ તો તેઓ ત્યાં જશે, તેમને લૂંટશે અને પાછા આવશે. જ્યારે બ્રાહ્મણો બીકણ હોવાથી જંગલમાં જવા તૈયાર નહિ થાય. ઝાડની છાયા જોઈ ડરનાર બ્રાહ્મણ જંગલમાં જઈને કરવાનો શું? ત્યારે આ કાર્ય બ્રાહ્મણ અને ક્ષત્રિયો બન્નેએ સાથે કરવું જોઈએ. ચીવટવૃત્તિના આ ક્ષાત્રતેજ અને બ્રાહ્મણતેજથી યુક્ત આ વર્ગને રામે આર્યધર્મના સંસ્કૃતિના પ્રસરણના ઉપયોગમાં લઈ લીધો. રામે તેમને નમ્રતાથી કહ્યું, 'સંસ્કૃતિના પ્રચાર માટે તમારી ખૂબ જરૂર છે. હું પણ તમારી સાથે ઊભો છું.' અને આ વર્ગે પોતાના કાર્યની શરૂઆત કરી. પશ્ચિમ કિનારાના કાંઠા ઉપર જંગલી વસાહત હતી, તેમાં સંસ્કૃતિના પ્રચારનું કાર્ય આ બ્રાહ્મણોએ હાથમાં લીધું. તેમણે વસાહતને પ્રેમથી અપનાવી. આ વર્ગમાં ક્ષાત્રતેજ હતું, બ્રાહ્મણતેજ પણ હતું, ચીવટવૃત્તિ પણ હતી. ત્યાર પછી ક્ષત્રિયો પશ્ચિમ કાંઠા પર ગયા, તેમના પછી વૈશ્યો ગયા અને ત્યાંની સમૃદ્ધિ

વધારી. તમે હજુ પણ દક્ષિણ તરફના બ્રાહ્મણોને પૂછશો, 'તમે ક્યાંથી આવ્યા?' તો તમને જવાબ મળશે કે, 'કૃષ્ણા નદીના કાંઠેથી અમે આવ્યા છીએ.' કૃષ્ણાકાંઠાના બ્રાહ્મણોને પૂછશો કે, 'તમે ક્યાંથી આવ્યા?' તો કહેશે, 'અમે ગોદાવરી કાંઠેથી આવ્યા.' ગોદાવરીકાંઠાના બ્રાહ્મણોને પૂછશો, 'તમે ક્યાંથી આવ્યા?' તો કહેશે કે, 'નર્મદા-કાંઠેથી આવ્યા.' આવી રીતે ઊતરતો આવેલો બ્રાહ્મણ તે ઊતરતાં ઊતરતાં આવેલો નથી, પણ આર્યસંસ્કૃતિની તેણે પ્રસરણક્રિયા ઊભી કરી છે. રામે પરશુરામ પીઠિકા પાસેથી મહદ્ કાર્ય કરાવી લીધું તેમાં તેમની બુદ્ધિનું જેટલું કૌતુક કરીએ તેટલું ઓછું છે, પણ રામ તો સાક્ષાત્ ભગવાન હતા, તેમનું કૌતુક કોણ કરે?

આ રીતે ભારતખંડમાં વ્યાપક રૂપમાં ભારતીય નિષ્ઠા, ભારતીય ગૌરવ અને ભારતીય સભ્યતાથી ભરેલું મહદ્ કાર્ય અને તેના અગ્રભાગના લડવૈયા કોઈ થયા હશે તો તે આ પરશુરામ પીઠિકાના લોકો. આખો પશ્ચિમ કાંઠો આ પરશુ-રામ પીઠિકાના લોકોએ તૈયાર કર્યો છે. અને તેથી આજે પણ તે પરશુરામ ભૂમિ છે એમ કહેવામાં આવે છે. સંસ્કૃતિના માટે આંતરડું તોડી આ લોકોએ કેટલી મહેનત કરી છે; તેના ઉદ્ધાર માટે કેવો અહર્નિશ–રાતદિવસ આ લોકોએ પ્રયત્ન કર્યો છે! તેમનું આ ઉદાત્ત કાર્ય જોઈને દિલ ભરાઈ આવે છે.

ત્યારે પરશુરામના અવતારનું રહસ્ય શું? પરશુરામે અવતાર લઈને કર્યું શું? પરશુરામે અવતાર લઈને બ્રાહ્મણને જીવતો રાખ્યો. સમાજમાં બ્રાહ્મણ મરી ગયો, તો સમજો કે સમાજની નીતિ મરી ગઈ. બ્રેડ એન્ડ બટર, કરતાં

બીજું કાંઈ રહેશે નહીં. પરશુરામ ન હોત તો બ્રાહ્મણ રહેત કે નહીં? કદાચ રહેત પણ કેવી રીતનો, તે ખબર છે? આજે આપણે કહીએ છીએ કે, બ્રાહ્મણનાં ચાર કામ, પીર, બબરચી, ભિસ્તી અને ખર. અમને એક બ્રાહ્મણ જોઈએ. કોઈ તીર્થયાત્રા કરવા શેઠ સાહેબ જાય ત્યારે શેઠ ફર્સ્ટક્લાસમાં બેસે અને સરવન્ટસની ટિકિટ કાઢી એક ગૌરીશંકરને પોતાની જોડે લઈ લે. શા માટે? મુહૂર્ત જોવા માટે પીર જોઈએ કે નહીં? ગોદાવરી નદીમાં સંકલ્પ કરવો છે, તે પુણ્ય કરવા ઉપયોગી થાય તે પીર. હવે શેઠ ધર્મશાળામાં આવ્યા, રસોઈ કોણ કરે? મા'રાજ છે કે નહીં આપણો? મહારાજ રસોઈ કરવા લાગે. પીર તે જ, બબરચી પણ તે જ. મા'રાજ! જરા પાણી લઈ આવો તો, ભિસ્તી પણ તે જ. હવે શેઠ સ્ટેશન ઉપર ઊતર્યા. સામાન ઊંચકવા કોઈ મળે તો ઠીક નહીં, તો 'મા'રાજ! જરા સામાન ઉપાડોને!' તે પછી મા'રાજ જરા સામાન ઊંચકે અને ટાંગામાં મૂકી દે. પીર, બબરચી, ભિસ્તી અને ખર. આવી રીતનો સસ્તો માણસ શેઠને મળે છે. આવી રીતનો બ્રાહ્મણ આજે જીવે છે તેવો જીવત.

પરશુરામે જીવંત બ્રાહ્મણને પાછો ઊભો કર્યો, તેની જગતમાં જરૂરિયાત નિર્માણ કરી. પરશુરામે ભાર મૂક્યો કે, સત્તા–સંપત્તિ સામે વાંકો ન નમવાવાળો, કેવળ પ્રભુનિષ્ઠા અને પ્રભુશક્તિ પર ભરોસો રાખી જીવન ગાળવાવાળો, જ્ઞાનનો ઉપાસક અને સંસ્કૃતિનો પૂજક, તેના માટે પોતાનું જીવન બાળવાની તૈયારી રાખવાવાળો એક વર્ગ સમાજમાં હમેશાં રહેવો જોઈએ, ટકવો જોઈએ અને જો તે ટકાવશો નહિ તો સંસ્કૃતિ રહેશે નહીં. માનવ ચાર પગનો પશુ થશે–

आहारनिद्राभयमैथुनं च सामान्यमेतत् पशुभिर्नराणाम्।
धर्मो हि तेषामधिको विशेषो धर्मेण हीनाः पशुभिः समानाः॥

આવી રીતનું થશે. પરશુરામે જેમ બ્રાહ્મણનું બ્રાહ્મણ્ય ટકાવ્યું તેમ ક્ષત્રિયનું મહત્ત્વ સમજાવ્યું અને બ્રાહ્મણક્ષત્રિયનો મનોમિલાપ કરાવ્યો.

ब्राह्मणत्वस्यैः रक्षितेन रक्षितस्याद् वैदिकोऽधर्मः।

એ પ્રભાવશાળી વિચાર પરશુરામે આપ્યો. ક્ષત્રિય-સત્તાનો વિનાશ કર્યો, પણ તે સત્તા જો સાવ મરી જશે, દૂબળી થઈ જશે, તો રાક્ષસો વધશે અને સંસ્કૃતિ મરી જશે એમ પાછળથી પરશુરામે પોતાના જ અવતારમાં સમજાવ્યું. એટલે એક જ અવતાર લઈને બ્રાહ્મણ–ક્ષત્રિયોનું મહત્ત્વ જો કોઈએ સમજાવ્યું હશે તો તે પરશુરામે સમજાવ્યું.

જો તમે તે સમયનો ઇતિહાસ જોશો તો ખબર પડશે કે, ક્ષત્રિયોના ગયા પછી થોડા સમયમાં જ શૂરવીરતા (Chivalry) ચાલી ગઈ અને The age of chivalry has gone એમ થયા પછી વૈશ્યો પણ બધે પૈસો જ જોવા-વાળા, માનબિંદુ વગરના, નિષ્ઠા ખાતર–ધ્યેય ખાતર મરવા-ની તૈયારી વિનાના રોતલ બન્યા. વૈશ્યો પણ ભોગલંપટ અને ક્ષત્રિયો પણ ભોગલંપટ. તેમાંથી અસુરોની શક્તિ પેદા થઈ. ઠેકઠેકાણે ઘરે ઘરે અસુરો થયા. તે એટલે સુધી કે, માણસોનાં હાડકાંના મોટા મોટા ઢગલાઓ જોવા મળવા લાગ્યા. રામાવતારમાં વિશ્વામિત્રે રામને આ ઢગલાઓ બતાવ્યા. રામને તેમણે સમજાવ્યું. 'આ બધાં હાડકાં માણસોનાં છે. અસુરો વધ્યા તેનું આ પરિણામ છે. અને અસુરો વધવાનું કારણ અંકુશ રાખવાવાળો ક્ષત્રિય વર્ગ

ચાલ્યો ગયો તે છે.' જેટલી બ્રાહ્મણવર્ગની જરૂર છે તેટલી જ ક્ષત્રિયવર્ગની પણ છે, એમ પરશુરામે સમજાવ્યું. આ સમજાવી પરશુરામ અવતાર પૂરો થયો.

પરશુરામ અવતારનું પ્રકરણ અતિ તેજસ્વી છે. પરશુરામનું જીવન વિશિષ્ટ દૃષ્ટિકોણથી વાંચવામાં આવે તો મડદું પણ ચાલવા લાગે એટલી દિવ્યતા તેનામાં છે.

પરશુરામના અવતાર પછી ક્ષત્રિયો પોતાની ભૂલ સમજી ગયા. તેઓ સુધરી ગયા. તેઓ રાક્ષસ, ભોગલંપટ, મિજાજખોર ન બનતાં દેવ, રાજર્ષિ, ઋષિ તુલ્ય બન્યા. તેમના પૂંજીભૂત પાવિત્ર્ય અને પૂંજીભૂત પ્રતીક તરીકે એક મહાન અવતાર આ સૃષ્ટિમાં આવ્યો. તે અવતાર એટલે રામાવતાર. તેનો વિચાર આપણે આવતી કાલે કરીશું.

# રામ અવતાર (પૂર્વાર્ધ)

મત્સ્ય, કૂર્મ, વરાહ, નૃસિંહ, વામન અને પરશુરામ એ અવતાર આપણે જોયા, આજે હવે રામાવતાર જોઈશું. વાસ્તવિક રામાવતાર પર આપણે આખો શ્રાવણ મહિનો બોલ્યા છીએ; અને રામનું જીવન, રામકાલીન લોકોનું જીવન કેવું હતું તે આપણે જોઈ ગયા છીએ. તેના ઉપર આપણે ૧૯–૨૦ પ્રવચનો કર્યાં છે. રામ ઉપર બોલવાનું કે નહીં એ વિચાર મનમાં ચાલતો હતો, પણ મંદિર પાસે આવતાં ભગવાનને કેવળ નમસ્કાર કરી આપણે જઈ શકતા નથી. અમારી આવી રીતની ભારતીય સભ્યતા છે કે, મંદિરમાં નમસ્કાર કર્યા પછી બે ક્ષણ મંદિરમાં ઊભા રહેવાનું.

देवाची ये द्वारी उभा क्षण भरी।
तेने मुक्तिचारी साधी येल्या।

રામ ભગવાનનું ચરિત્ર એટલું મનોહારી છે, એટલું હૃદયંગમ છે કે વર્ણન જ ન થઈ શકે. રામ આપણા હૃદયના સમ્રાટ છે. વર્ષોનાં વર્ષો વીતી ગયાં, હજારો વર્ષો ચાલી ગયાં, પણ રામના ચરિત્ર પરનો રંગ જરાય પણ ઊડી ગયેલો દેખાતો નથી. બાકી પ્રત્યેકના ચરિત્ર પરનો રંગ ઊડી ગયેલો દેખાય છે. છેલ્લાં ૧૦૦–૧૫૦ વર્ષોમાં અનેક મહાપુરુષો થયા, પણ તેમનાં ચરિત્રો પરનો રંગ ઊડી ગયો છે, પણ રામનું ૫૦૦૦ વર્ષ પછી પણ જીવનવસ્ત્ર એમનું એમ રહ્યું છે; તેનો રંગ એટલો જ ચળકતો રહ્યો છે. અંશ માત્ર ફિક્કો પડ્યો નથી; એટલું જ નહીં, આજના માનવસમાજને તે નામનો, તે જીવનવ્યવહારનો એટલો જ મોહ છે. રામના

જીવનમાં ચોક્કસ કાંઈ જબરદસ્ત આકર્ષણ હોવું જોઈએ, તેમાં શંકા નહીં.

આપણી ભારતીય સંસ્કૃતિમાં ત્રણ રામ પ્રસિદ્ધ છે. એક ભાર્ગવ રામ, એક રાઘવ રામ અને એક યાદવ રામ. આ ત્રણ રામમાં ભાર્ગવ રામનું જીવન અતિશય કડક, તીક્ષ્ણ, તરવારની ધાર જેવું છે. એવી રીતનું જીવન પચાવવું તો બાજુએ રહ્યું, પણ તે જોવું પણ અતિ કઠણ છે. આવી રીતનું આ જીવન હોવાથી તે રામના આગળ શબ્દ લગાડવાનો હશે તો સૂર્ય લગાડી શકાય. ભાર્ગવ રામ સૂર્ય જેવા હતા. યાદવ રામ હાથમાં સતત મુસળ રાખી દ્વારકાને, હસ્તિનાપુરને ઉડાવી દેવાની ભાષા બોલવાવાળા બળશાળી હોવાથી એ બલરામ થઈ ગયા. પણ બધાને શાંતિ આપવાવાળા, બધાને આહ્લાદ આપવાવાળા, પ્રત્યેકનાં–નાનો હોય, મોટો હોય, જુવાન હોય, વિદ્વાન હોય, અવિદ્વાન હોય, સદ્ગુણી હોય, દુર્ગુણી હોય–અંતઃકરણો ખેંચી રહેવાવાળા હોવાથી રામ રામચંદ્ર બન્યા. આમ ત્રણ રામ છે : રામસૂર્ય, બલરામ અને રામચંદ્ર.

આ રામચંદ્ર નામ એમની ફોઈએ પાડેલું નથી. ફોઈએ પાડેલું નામ રામ છે, તો આ ચંદ્ર કોણે આગળ લગાડ્યો ? આ ત્રણ રામનો વિચાર કરતાં લોકોને લાગ્યું કે, આ રામ ચંદ્ર જેવા છે, તેથી લોકોએ ચંદ્રની ઉપાધિ આપી છે; અને રામનુ રામચંદ્રમાં પરિવર્તન થઈ ગયું, કોઈ પણ વ્યક્તિ તેમના જીવન તરફ જુએ તેને શાંતિ, શીતળતા, સ્વસ્થતા મળે એવું એમનું જીવન છે.

રામચંદ્રના ચરિત્રનો મોહ બધાને જ છે. જડવાદી દેશોમાં પણ રામચંદ્રની ચર્ચા ચાલતી રહી છે. જડવાદી

દેશોમાં રામ ઉપર Reserches ચાલતા રહેલા છે—સંશોધનો ચાલતાં રહ્યાં છે. રામચરિત્ર પર સંશોધન કરવાનું આ જડવાદી લોકો ગૌરવ માને છે. We are craving for Rama -Rajya અમને રામરાજ્ય જોઈએ છે, માટે તો તેના જન્મની રજા લઈએ છીએ. પણ તે રજામાં રામ એટલે કોણ? રામનું જીવન એટલે શું? એનો કોઈ દિવસ વિચાર કર્યો છે ખરો? રામ શબ્દ આવી રીતનો છે કે, જેમાં યોગીઓ રમમાણ થાય, જેમાંથી યોગીઓને જીવનસંદેશ મળે તે રામ, रमन्ते योगिनः अस्मिन् इति रामः।

રામના જીવનની પાર્શ્વભૂમિ જોવાની હોય તો રામના જીવન પહેલાં ઘણી મોટી ઐતિહાસિક ઘટનાઓ થઈ ગયેલી છે તે જોવી પડશે. ખાસ કરીને વસિષ્ઠનો અને વિશ્વામિત્રનો રાજ્યપ્રયોગ જોવો પડશે. વસિષ્ઠે એક મહાન રાજ્યપ્રયોગ કર્યો હતો. તે પ્રયોગ એટલે શાસનાભાવવાદ અથવા તો સ્વયંશાસિત સમાજ. વસિષ્ઠે વિચાર કર્યો, સતત ક્ષત્રિયોનું જ વર્ચસ્વ ચાલી રહ્યું છે. જોઈએ તો ખરા કે ક્ષત્રિયસત્તા વગર રાજ્ય ચાલી શકે કે નહીં. એકાદ વ્યક્તિનું શૌર્ય જોઈ તેના હાથમાં સત્તા આપી દીધી, પણ પછી તે ઉન્મત્ત થાય છે. તેના કરતાં સત્તા જ ન સોંપીએ તો? ચાલી શકે કે? પ્રત્યેક જણ ભેગા થઈએ. આપણી પાસે સમૂહશક્તિ છે, તેમાંથી પ્રત્યેકનું રક્ષણ થઈ શકશે. સ્વયંશાસિત સમાજને અંગ્રેજીમાં 'ઍનાર્કી' (Anarchy) કહે છે, Anarchy વ્યવહારુ અર્થમાં અંધાધૂંધી—ગરબડને માટે વપરાય છે: પણ અહીં એ અર્થ નથી. Anarchyમાં માનવાવાળા મોટા રાજનીતિજ્ઞો(Politicians) છે. Anarchismએ સુવ્યવસ્થિત ઘટના છે. Anarchism એટલે પ્રત્યેક વ્યક્તિ

કાયદા વગર સુવ્યવસ્થિત જીવી શકે તેવી વ્યવસ્થા, આ અર્થમાં હું વાપરું છું. Anarchism એટલે સ્વયંશાસિત સમાજ–Self Governed Society. સમાજ પર નિયમનની જરૂર નહીં. તેના માટે કાયદાની જરૂર નહીં. પ્રત્યેક પોતપોતાની જવાબદારી (Responsibility) સમજે અને તે મુજબ કાર્ય કરે. આવી રીતનો જે સમાજ હોય તેને સ્વયંશાસિત સમાજ કહેવામાં આવે છે. આ અર્થમાં Anarchy છે. આપણે જે વ્યાવહારિક અર્થમાં Anarchy, Anarchism શબ્દ વાપરીએ છીએ તે અર્થમાં આ Anarchy નથી.

સવાલ એમ ઊભો થાય છે કે, રાજ્યસત્તાની જરૂર જ શી છે? જીવનમાં આવી રીતનું માનીને રાજ્યસત્તા ઉડાવી શકાય કે? સત્તા-સંપત્તિથી માણસો ઉન્મત્ત બની જાય છે. તેના લીધે જીવનનાં સારાં સારાં મૂલ્યો, શાશ્વત મૂલ્યોને કોઈ કોઈ વખતે ફટકો બેસવાનો સંભવ આવી જાય છે, તો રાજ્યસત્તાને જ બંધ કરીશું તો? આવી રીતનો એક પ્રયોગ વસિષ્ઠ ભગવાને કરી જોયો. વસિષ્ઠ ભગવાને એક નાના ભાગ પર આવી રીતનો પ્રયોગ કર્યો અને તેમાં યશસ્વી પણ થયા.

न राज्यं न च राजासीन्न दंड्यो न च दांडिकः।
स्वधर्मेण प्रजास्तावत् रक्षन्ति स्म परस्परम्॥

દરેક પોતાનો ધર્મ, પોતાનું કર્તવ્ય સમજી પોતપોતાનુ વર્તન કરે. તેમને કહેવાની શી જરૂર? કાયદા-કાનૂન શા માટે? બંધારણ (Constitution) શા માટે? રાજસત્તા આવી કે બંધારણ આવવાનું જ. કુટુંબમાં Constitution ક્યાં હોય છે? છતાં કુટુંબ ચાલે છે કે નહીં? ચાલે છે.

બધા આવી રીતનું એક મોટું કુટુંબ ( Family ) સમજીને રહેશે તો બંધારણની જરૂર નહિ. માણસનું આટલું સાંસ્કૃતિક (Cultural) ધોરણ વધારશું, તો બંધારણો અને કાયદા-કાનૂનોની જરૂર રહેશે નહીં. આવી રીતનો વિચાર કરીને તેમણે એક સ્વયંશાસિત સમાજ નિર્માણ કર્યો. આના આગળની ભૂમિકા વિસ્તારથી અહીંયાં કહેતો નથી; કારણ કે તે રામાયણ પ્રવચનો દરમ્યાન આપણે જોઈ હતી. વસિષ્ઠની આ ભૂમિકા વિષે થોડુંઘણું માર્ગદર્શન મેં કર્યું હતું.

વસિષ્ઠ અને વિશ્વામિત્રનો રાજકીય ઝઘડો થયો હતો. વસિષ્ઠ કોણ ? તેણે શું કર્યું હતું ? વિશ્વામિત્ર કોણ ? વસિષ્ઠ-વિશ્વામિત્રનો ઝઘડો શા માટે હતો ? આ વિચારવા જેવી બાબત છે. વસિષ્ઠ-વિશ્વામિત્રનો ઝઘડો આટલી ક્ષુલ્લક વાત માટે ન હતો. વસિષ્ઠ-વિશ્વામિત્રને આપણા જેવા વેંતિયા ( Pigmies ) સમજો નહિ. વસિષ્ઠ-વિશ્વામિત્ર જીવન તરફ વિશિષ્ટ દૃષ્ટિકોણથી જોવાવાળા મહાપુરુષો હતા. પણ વિશ્વામિત્ર દંડશાસન ઉપર વિશ્વાસ રાખવાવાળા સમાજમાં નાનાના મોટા થયા હતા. તેમનો તેના પર વધારે વિશ્વાસ હતો, જ્યારે વસિષ્ઠ દંડશાસન વગર સમાજ રહી શકે કે નહીં તેનો અખતરો કરી રહ્યા હતા. આના માટે બન્નેનો ઝઘડો હતો. ‘ મને બ્રહ્મર્ષિ કહેતા નથી તેથી હું વસિષ્ઠને મારીશ, તેના માથે પથ્થર મૂકી દઈશ. તેના સો છોકરાને કાપી નાખીશ. મને બ્રહ્મર્ષિ કહે. ’ આવી રીતનો આ ઝઘડો નથી. આપણાં પુરાણોનું, આપણા ગ્રંથોનું યોગ્ય વાંચન ન કરવાને લીધે આપણે આપણા મહાપુરુષોનાં જીવનો સમજી શકતા નથી. વસિષ્ઠ અને વિશ્વામિત્ર આ મહાપુરુષોનાં જીવનો જુદાં છે. છેવટે જે કાંઈ સમજવાનું હતું તે બન્ને સમજી

ગયા હતા. શું સમજ્યા તેનો અહીં વિસ્તાર કરતો નથી. આપણે ફક્ત વસિષ્ઠની ભૂમિકા જોઈ લઈએ. તેમના પ્રયોગ પછી વસિષ્ઠ એ મત પર આવ્યા હતા કે, રાજસત્તા હોવી જોઈએ, પણ તે મર્યાદિત રાજસત્તા હોવી જોઈએ, અંકુશિત રાજસત્તા હોવી જોઈએ. નિરંકુશ ક્ષત્રિય બગડી જાય છે, પણ અંકુશિત ક્ષત્રિય આખા જગતને સમજાવી શકશે, સંભાળી શકશે, આખા જગતનો ઉદ્ધાર કરશે. પણ તે ક્ષત્રિય રહેવો જોઈએ. આ દૃષ્ટિથી અયોધ્યાની આજુબાજુ એક ક્ષત્રિય રાજ્ય દિવ્ય બને તે હેતુથી તેમણે મહેનત કરી અને તે સફળ (Successful) થઈ. અયોધ્યાની આજુબાજુમાં ચાલતી રહેલી આ મહેનતના પરિપાક તરીકે, તે મહેનતના પૂંજીભૂત પાવિત્ર્ય તરીકે તે મહેનતના પરિણામે ચિત્તશક્તિએ નીચે આવી તેને માર્ગદર્શન કરવાનું નક્કી કર્યું. ચિત્તશક્તિએ રામનો અવતાર લીધો. રામ પૃથ્વીતળ પર અવતીર્ણ થયા. ભારતખંડમાં રામના પિતા કોણ, કાકા કોણ, એ વિષે કહેવાની જરૂર નથી.

ભારતીય વિચારસરણી અને ભારતીય દૃષ્ટિકોણ ધ્યાનમાં રાખીને જીવનવ્યવહાર કરવાવાળા, ભારતીય દૃષ્ટિકોણ અને દૈવીજીવન સમાજના લોહી લોહીમાં જાય તેટલા માટે રાત્રિદિવસ પ્રયત્ન કરવાવાળા વસિષ્ઠે વિચાર કર્યો કે, રામ ભગવાનના જીવન મારફત બધા લોકોને માનવી જીવન કેવી રીતનું હોવું જોઈએ એ સમજાવવાનું છે. તે સમજાવવાનું હોય તો તેમના બચપણથી જ તે સમજાવવું જોઈએ. આ રાજપુત્રોને પ્રણાલિકા મુજબ શિક્ષણ આપવાનો આ બધો ઢોંગ જ હતો. ભગવાન નીચે આવ્યા અને નીચે આવ્યા પછી ઢોંગ કરવો જોઈએ કે, આ મારા બાપા, આ મારી

આ વગેરે. બાકી ભગવાનની આ કોણ અને બાપા કોણ? ગમે તેવો મોટો નટ (Actor) હશે તોપણ નાટક કર્યા પછી નાટકમાં બધું જ માનવું પડે છે. આ નાના છોકરાઓને ભણતર કઈ રીતે ભણાવવાનુ એ વસિષ્ઠની સામે પ્રશ્ન આવ્યો. તમે વસિષ્ઠ તરફ જુદા દૃષ્ટિકોણથી જોશો તો ખબર પડશે કે આ એક રાજગોર ન હતા. રાજદરબારમાં મળતા રહેલા સીધા ઉપર જીવન ચલાવવાવાળા એક બ્રાહ્મણ, અથવા મુહૂર્ત કાઢવાવાળા એક જ્યોતિષીબાવા, કાં તો કર્મકાંડમાં 'इन्द्राय स्वाहा' એમ બોલતા કર્મકાંડી, કાં તો શ્રાદ્ધ સરાવવાવાળા 'तर्पयामि तर्पयामि' એમ કહેવાવાળા ભિક્ષુક ન હતા. પરંતુ તેમની ભૂમિકા તદ્દન જુદી છે. તેમણે એક રાજ્ય તૈયાર કર્યું છે. તેઓ રાજ્યવ્યવસ્થાના ગુરુ—રાજ્યવ્યવસ્થાના જનક છે. વસિષ્ઠ એ શબ્દનું શું વજન છે, વસિષ્ઠ એ શબ્દની શું કિંમત છે તે વસિષ્ઠની ભૂમિકા જોયા પછી ખબર પડે. કોઈ સિનેમા—નાટકવાળાને ખબર પડવાની નહિ. સિનેમાવાળા તો વસિષ્ઠને એક ગોર ચીતરે છે. વસિષ્ઠ એટલે તેને પાઘડી પહેરાવવાની નહીં, પણ જટા રાખવાની એટલે બસ વસિષ્ઠ થઈ ગયા. તે લોકો સમજ્યા જ નહીં કે વસિષ્ઠ એટલે કોણ?

વસિષ્ઠ એટલે રાજગાદીનો ઉત્પાદક. અરે! વસિષ્ઠની શક્તિને લીધે તો આ રાજગાદી ઊભી રહી શકી હતી. આ રાજગાદીને માર્ગદર્શન કેવી રીતનું આપવાનું અને આખા માનવસમાજને કયા રસ્તે લઈ જવાનો આવી રીતનો માનવતાનો અને રાજ્યના ભવિતવ્યનો રાત્રિ–દિવસ વિચાર કરવાવાળા મહાપુરુષ એટલે વસિષ્ઠ.

આ વસિષ્ઠને એમ લાગ્યું કે, માનવને સંસ્કૃતિ અને

શિક્ષણની નહેરમાંથી જવાનું હોય તો આ રાજપુત્રોને રાજનીતિશાસ્ત્ર—નીતિશાસ્ત્ર વગેરેનું શિક્ષણ કોણ આપશે? ક્ષાત્રવિદ્યા કોણ ભણાવશે? કોણ ભણાવશે તેનો વિચાર કરતાં તેમને વિશ્વામિત્ર યાદ આવ્યા. અહીં રાજકીય ઝઘડામાંથી પોતપોતાની ભૂલો સમજી વસિષ્ઠ અને વિશ્વામિત્ર એક થયેલા દેખાય છે. અને તેથી વસિષ્ઠે વિશ્વામિત્રના હાથમાં રાજપુત્રો સોંપવાનું નક્કી કર્યું. રામ સાંસ્કૃતિક કલ્પના મનમાં રાખી વિશ્વામિત્ર સાથે ભણવા ગયા છે. દશરથ મોકલવાની ના પાડતા હતા—

ऊनषोडशवर्षोयो रामो राजीवलोचनः ।

રામને હજી સોળ વરસ પણ થયાં નથી. તેને તમે ક્યાં લઈ જાઓ છો? પણ વસિષ્ઠે તેમને સમજાવ્યા. રામને વિશ્વામિત્ર જોડે મોકલી દો. અરે! પણ એનું ભણતર બગડશે. વિશ્વામિત્ર તો તેને બધે ફેરવશે. વિશ્વામિત્ર કંઈ તેને સ્કૂલમાં દાખલ (Admit) કરવાના નથી. વસિષ્ઠે કહ્યું, 'વિશ્વામિત્ર જોડે ફરીને જે શિક્ષણ મળશે તે શિક્ષણ કોઈ સંસ્થાની અંદર બાર બાર વરસ માથું ફોડીને પણ મળશે નહીં.' શિક્ષણની પ્રાચીન ભારતીય પ્રણાલિકા કંઈ જુદી જ હતી. સમાજજીવનનું યોગ્ય દર્શન તે જ ઠેકાણે મળશે. રાજાનો દીકરો હશે તોપણ માબાપથી તેણે છૂટા રહેવું જ જોઈએ. છોકરો નાનપણથી જ માબાપ જોડે રહે તો છોકરાના જીવનનો વિકાસ થાય નહીં. માબાપની ઓરડીમાં રહી છોકરો અભ્યાસ કરવાનો નહીં; અને 'ઇંડસ્ટ્રિયલ સીવીલીઝેશન'ની અંદર તો તે શક્ય છે જ નહીં. માબાપ છોકરાનો મોહ ઓછો કરે. ભલે પછી તે રાજાનો છોકરો હોય, પણ તેને જંગલમાં મોકલી દેવો જોઈએ. તેને ગુરુ-

સાંનિધ્યમાં મોકલવાની આ એક ભારતીય પરંપરા છે. આ ભારતીય શિક્ષણની કેવળ ભારતીય પરંપરા છે તેથી નહીં; પણ આ એક દૈવી આદર્શની પરંપરા છે. ભારતીય શબ્દ હું જ્યારે જ્યારે વાપરું છું ત્યારે ત્યારે ભૌગોલિક અર્થમાં વાપરતો નથી. હું જરા સ્પષ્ટીકરણ કરી લઉં કે, ભારતીય શબ્દનો અર્થ આ ભારતદેશમાંની જે સંસ્કૃતિ તે ભારતીય સંસ્કૃતિ આ અર્થમાં વાપરતો નથી. અહીંયાંના પથ્થરોને ઉદ્દેશીને આ શબ્દ વાપરતો નથી. અહીંયાં ઘણા પથ્થરો પણ થયા છે. ઘણા રાક્ષસો પણ થયા છે. ભારતે માન્ય કરેલી જે સંસ્કૃતિ, શ્રીકૃષ્ણ ભગવાને મહાભારતમાં માન્ય કરેલી જે સંસ્કૃતિ, તે આ સંસ્કૃતિ; કાં તો વેદોએ માન્ય કરેલી સંસ્કૃતિ તે ભારતીય સંસ્કૃતિ એ અર્થમાં હું વાપરતો રહ્યો છું.

ત્યારે આ ભારતીય સંસ્કૃતિ મુજબ શિક્ષણ ભણવા જવાનું હોતું નથી, પણ ગુરુસેવા કરવા જવાનું હોય છે. ગુરુસેવા કરતાં કરતાં બાર વરસ તેમની જોડે ફરતાં તેમને ઘેર બેસીને તેમનાં કામો કરતાં કરતાં તેમની વાતો સાંભળતાં સાંભળતાં જે જ્ઞાન મળે તે જ્ઞાનનો સંચય એટલે અમારું શિક્ષણ. આવી રીતના જ્ઞાનનો સંચય દિવ્ય હતો. હૃદયથી તે જ્ઞાન મળતું હતું, यास्तेपाम् स्वैरकथा–દિવ્યકથા હું ભણાવું છું, આ કલ્પનાથી ભણાવવાવાળો ભણાવતો નથી, અને હું ભણું છું આ કલ્પનાથી ભણવાવાળો ભણતો નથી. ભારતીય શિક્ષણ પ્રણાલિકામાં આપલે થાય તેમાં હું આપું છું એ આપવાવાળાને કલ્પના નહીં અને હું લઉં છું તે લેવાવાળાને કલ્પના નહીં અને આ રીતે સંચય થયેલું જ્ઞાન દિવ્ય છે.

વિશ્વામિત્ર રામને લઈ ગયા અને પહેલેથી જ જુદી પદ્ધતિથી શિક્ષણ આપ્યું. રાત્રે બેઠા બેઠા વાતો કરે, ચર્ચાઓ કરે, પ્રશ્નો પૂછે : રામ, જીવન કેવી રીતનું છે ? જીવનનો અર્થ શું ? તે સમજાવે. શાંતિથી આકાશ તરફ જોઈને બેઠા કે જગત કેવડું મોટું છે; તે જગતનો નાનકડો કટકો એટલે આ પૃથ્વી છે. આ પૃથ્વી ઉપર શું શું વિચારો આજે આવતા રહ્યા છે ? શું શું વિચારો થઈ ગયા ? માનવવંશને ઉપર લાવવાને કેટલા અખતરા થઈ ગયા ? ક્યાં ક્યાં સફળ થયા અને ક્યાં ક્યાં તેમનામાં દોષ હતો તેથી તે સફળ થયા નહીં વગેરે. માનવવંશને ઉપર લાવવા માટે સાંસ્કૃતિક દૃષ્ટિથી અને નૈતિક દૃષ્ટિથી માનવને ભગવાન બનાવવાને માટે માનવ-સંસ્કૃતિના પૂજારીઓએ જે જે પ્રયત્ન કર્યો તે બધાનો ઇતિહાસ દિલ તોડીને અંતઃકરણપૂર્વક એક અંતઃકરણ બીજા અંતઃકરણ પાસે બોલે તેમ વિશ્વામિત્ર રામ પાસે બોલતા. ફરતાં ફરતાં વિશ્વામિત્ર રામને પૂછતા : રામ ! તને આ જગતની અંદર શું દેખાય છે ? વેદઘોષ બંધ થયા તે કેવી રીતે થયા ? તે બંધ થવાનું શું કારણ ? વેદની સંસ્કૃતિ લોકોને જોઈતી નથી તેનુ શું કારણ ? વગેરે પર ચર્ચા કરતા.

કુટુંબમાં વેદ નથી જોઈતા, ઉપનિષદ નથી જોઈતું, સ્વાધ્યાય નથી જોઈતો, સંસ્કૃતિનું ભણતર નથી જોઈતું એમ ક્યારે થાય છે ? સંસ્કૃતિ રોટલો આપે છે ? ના. સંસ્કૃતિ ભોગ આપે છે ? ના. સંસ્કૃતિ તો ભોગની મર્યાદા રાખવાનું કહે છે. પણ આજે સંસ્કૃતિનું વાઙ્મય વાંચીને માણસ માણસને મારે છે. સંસ્કૃતિનું મહત્ત્વ સમજવા કોઈ તસ્દી જ લેતું નથી. અને સંસ્કૃતિ સંસ્કૃતિ કૂટ્યા કરે છે, પરમાર્થ એટલે 'આપવાનું' શિક્ષણ. આ 'આપવાનું' શિક્ષણ લેવાની માણસની

આજે તૈયારી નથી; કારણ કે આપીને મારું ખૂટી જાય તો? આ દૃષ્ટિથી ભોગવાદી માણસો હમેશાં સંસ્કૃતિ તરફ જોતા રહ્યા છે. ફક્ત બીજાનું લેતા રહેવાને જ સમજ્યા છે. આ વૈદિક સંસ્કૃતિ-વૈદિક વિચારથી દૂર થતા રહ્યા છે.

વિશ્વામિત્રે રામને કહ્યું, રામ! આજે વેદનિષ્ઠા ચાલી ગઈ છે. શું કારણ એનું? વેદવાદ ચાલ્યો ગયો એનું એકમેવ કારણ એટલે ભોગવાદ વધી ગયો. ખાવું, પીવું અને મઝા કરવી એના બદલે વેદ બીજું કહે છે, તેથી વેદનિષ્ઠા લોકોને જોઈતી નથી. ઘરોમાં વેદઘોષ બંધ થઈ ગયા. આશ્રમોમાં વેદઘોષ બંધ થઈ ગયા, શું કારણ એનું?

આજે શિક્ષણશાળાઓ છે, પણ એમાંથી રાવણિયા વૃત્તિ નિર્માણ થાય છે. શિક્ષણની શાળાઓ નથી એમ નહીં, તેમાં બધું જાણવા મળે; પણ જીવનનું ભણતર ભણવા નથી મળતું. આ રાવણની શિક્ષણ પ્રણાલિકા માન્ય કરે છે. રાવણને ત્યાં એન્જિનિયર ન હતા, રાવણને ત્યાં આર્કીટેક્ટ ન હતા એમ નહીં, એ બધા હતા; પણ રાવણને ત્યાં જીવન જીવવાનો દૃષ્ટિકોણ ન હતો. રાવણને ત્યાં જીવિકા હતી, પણ જીવનનો વિચાર ન હતો. જીવનનો વિચાર કરવાવાળો રામ આ જગતમાં મૂર્ખ ઠરે છે; પણ જીવિકાનો વિચાર કરવાવાળો આજે શ્રેષ્ઠ ગણાય છે. કેવળ જીવિકાનો વિચાર જ એમ લોકો માને છે, તેથી શિક્ષણ પણ જીવિકાનું જ આપવાનું. કેવળ જીવિકાનું શિક્ષણ એટલે આજની શિક્ષણ સંસ્થા. આ શિક્ષણ સંસ્થાઓ ઘણી છે, પણ જ્યાં જીવિકા જોડે જીવનનું શિક્ષણ મળે એવા આશ્રમો ચાલ્યા ગયા, આશ્રમો જવાનું કારણ શું? સમાજમાં અસુરો વધ્યા-આસુરી વૃત્તિ વધી તેનો સામનો કરવા લોકોને જીવન આપો-જીવંત કરો.

મડદા છે તેને જીવતા કરો અરધો રોટલો મળશે તો ચાલશે, મજૂરી કરીને રોટલો ખાઈશુ, પણ જીવતપણાથી રોટલો ખાઈશું એ ભાવના નિર્માણ કરો, તેજસ્વિતા આપો જીવન નો દૃષ્ટિકોણ આપવાવાળા લોકો નથી ગતાનુગતિક થઈને બુદ્ધિમાન માણસો—સારા સારા કર્તૃત્વવાન માણસો પણ આસુરી સત્તાને આધીન થઈ 'ખાઓ, પીઓ, મઝા કરો'મા પડ્યા છે માત્ર જીવિકાનો વિચાર કરવાવાળી ભૌતિક દૃષ્ટિકોણની સત્તા છે તેથી આશ્રમ દેખાતો નથી અને વેદઘોષ સભળાતો નથી માણસ આટલો આસુરી બની ગયો તેનુ કારણ શુ?

વિશ્વામિત્ર રામને સમજાવતા રામ, આ માણસોના હાડકાના ઢગલા, અસુરો વધ્યા છે તેથી થયા છે અસુરો વધે એટલે ભોગોની કિંમત રહે, જીવનની કિંમત રહેતી નથી બીજો મરી જાય તો વાધો નહી, પણ મારા ભોગો વધે છે કે નહી, એટલુ જોવાનુ વિશ્વામિત્રે રામને સમજાવ્યુ છે કે, 'તારા જેવા કર્તૃત્વવાન ક્ષત્રિયકુલાવત સ લોકોએ પોતાની ફરજ બજાવી નહી તેનુ આ પરિણામ છે રામની આખમા આસુ આવી ગયા તેમણે કહ્યુ, 'આજથી હુ પ્રતિજ્ઞા કરુ છુ, મારુ જીવન સંસ્કૃતિ માટે આપી દઉં છુ' રામ મહાન વ્યક્તિ, મહાન શક્તિ હતી તેણે જ્યારે સોગદ ખાધા ત્યારે વિશ્વામિત્રને આનદ થયો

થોડા સમયમા રામ-લક્ષ્મણ શૂરવીર થયા તત્ત્વનિષ્ઠ બની ગયા વિશ્વામિત્રે તેમનામા જ્ઞાન ભર્યુ, અસ્ત્રવિદ્યા ભણાવી શસ્ત્રવિદ્યા પછી રામ-લક્ષ્મણને વિશ્વામિત્ર જનક રાજાને ત્યા સીતાના સ્વયવરમા લઈ ગયા પણ રામે કહ્યુ, 'સસ્કૃતિના માટે મે જીવન આપી દીધુ છે સસ્કૃતિ માટે જીવન આપી મારે ત્યા નથી આવવુ પરણવા બરણવાની

ભાષા મને ખબર નથી.' ત્યારે વિશ્વામિત્રે કહ્યું, 'ગાંડો તું! જીવનમાંથી ભાગવાવાળો માણસ સંસ્કૃતિનું કામ કરી શકતો નથી. જરૂર તું તેજસ્વિતાથી આ વાત કહેતો રહેલો છે, એમાં શંકા નથી. તારું કૌતુક કરવું જોઈએ. પણ તું આ રસ્તો છોડીને અમર્યાદિત રીતે સંસ્કૃતિનું કામ કરશે તો થશે નહીં. કદાચ સંસ્કૃતિના નામે રાક્ષસી કાર્ય થશે. તેના ઉપર પણ અંકુશ હોવો જોઈએ. તેના ઉપર પણ જીવનનો ભાર હોવો જોઈએ. ચાલ મારી જોડે.' વિશ્વામિત્ર જનક રાજાના દરબારમાં રામને લઈ ગયા.

પરણવાની બહુ સરસ રામકાલીન વ્યવસ્થા હતી. સીતા કોની જોડે પરણશે? પૈસો હશે તેની જોડે પરણશે? આ વિચાર જ નહીં. શક્તિ હશે તેની જોડે પરણશે? બુદ્ધિ હશે તેની જોડે પરણશે? ના, જીવંત હશે તેની જોડે પરણશે. જીવંત માણસો જોડે પરણવા સ્ત્રી તૈયાર હોય છે. મળે ન મળે તે ભાગ્યની વાત, પણ સ્ત્રીની હમેશાં એક મૂક ભાવના હોય કે, એવી રીતનો ધણી હોવો જોઈએ કે જેની સામે મસ્તક નમે. મારું સર્વસ્વ ધણીના પગ ઉપર રાખું એમ તેને લાગતું હોય, હિમાલય જેવો ભવ્ય ચરિત્રનો ધણી મને મળવો જોઈએ. पतिरेको गुरुः स्त्रीणाम् । તે ગુરુ હોવો જોઈએ, હલકો રહેવો ન જોઈએ, એમ સ્ત્રીને લાગે છે. આવો પુરુષ જો પોતાનો ધણી ન હોય તો સ્ત્રીઓ બીજા કોઈની સાથે રખડે છે, પછી કોઈ ધર્મના નામે કે બીજા કોઈના નામે; કારણ કે તેની અંદર રહેલી, ધણીને નમવાની મૂંગી ભાવના પૂરી થતી નથી.

જેની સામે મારું મસ્તક નમશે એવો ધણી જોઈએ એવી સીતાની પણ માગણી હતી. પરીક્ષા ત્યાં છે, છોકરા

પાસે પૈસો કેટલો છે? બંગલો છે કે નહીં? એ જોઈને છોકરી આપવાની પદ્ધતિ ન હતી, પણ શૌર્ય જોઈને છોકરી આપતા હતા. સીતાએ વ્રતમાં જે પણ લીધું હતું તે રામને પરણી પૂરું કર્યું અને રામ તેને પરણ્યા.

આપણે જતાં જતાં વિહંગાવલોકન કરવાનું છે. પરણીને, ભણીને પાછા જ્યારે રામ અયોધ્યામાં આવ્યા ત્યારે તેમને યુવરાજપદ મળ્યું. યુવરાજપદ તેમને મળતાં જ દશરથે વિચાર કર્યો કે, 'બહુ દિવસ તિજોરીની કૂંચી આપણા હાથમાં રાખવી એ ભારતીય પરંપરા નથી. છોકરો મોટો થયો છે, ડાહ્યો થયો છે. ત્યારે છોકરાનો રાજ્યાભિષેક કરી નાખવો આ વાત સારી. હવે ઐતિહાસિક સંશોધનનું કામ છે કે તે પરણીને આવ્યા પછી રાજ્યાભિષેકના સમય સુધી ત્રણ વર્ષો ગયાં કે પાંચ વર્ષો ગયાં, જે કાંઈ વર્ષો ગયાં અને તે વર્ષોમાં રામે અયોધ્યાવાસીઓનો પ્રેમ જીતી લીધો. ખૂણાખૂણામાંથી અવાજ નીકળતો કે, હજુ રામનો રાજ્યાભિષેક કેમ થતો નથી?

પ્રત્યેક પાસેથી રામે પ્રેમ મેળવી લીધો હતો. રામનો રાજ્યાભિષેક નક્કી થયો. જે દિવસે રાજ્યાભિષેક થવાનો હતો તેના બીજે દિવસે રામ સવારે કૌશલ્યાને પગે લાગી દરબારમાં જવાને રાજમહેલમાંથી નીકળ્યા. ત્યાં સંદેશો આવ્યો કે, દશરથ બોલાવે છે. દશરથે કહ્યું, 'તારે રાજ્ય પર જવાનું નથી. ભરતને રાજ્ય આપવાનું છે. તું નીકળી જા અહીંથી. કદાચ તું અહીં રહેશે તો ભરતને તકલીફ થશે. જંગલમાં નીકળી જા,' રામે કહ્યું, 'ઠીક છે.' ઠંડા મગજથી તેમણે જવાબ આપ્યો. કેટલી ભવ્ય જીવનની

કલ્પના હશે તેથી એમને માટે આમ બોલાય છે:

आहुतस्याभिषेकाय विसृष्टस्य वनाय च ।
न मया लक्षितस्तस्य स्वल्पोऽप्याकारविभ्रमः ॥

'રાજ્યનો ઉત્તરાધિકારી હું થતો ન હોઉં તો હું નીકળી જાઉં છું.' કેટલું ઉદાર વર્તન! 'મારી ગાદી છે, મારા બાપની ગાદી છે, મને મળવી જ જોઈએ, મારો હક્ક છે' આવી રીતે રામે ઝઘડો કર્યો હોત તો? આ એક પોલિટિકલ શિક્ષણ છે. આ શિક્ષણ રામને ક્યાં મળ્યું હતું? વિશ્વામિત્રની કૉલેજમાં. વિશ્વામિત્રની જે ફરતી કૉલેજ હતી –Moving College–એમાં આ શિક્ષણ મળ્યું હતું.

એને એ શિક્ષણ મળ્યું હતું કે, 'અરે ભાઈ! એકાદ વ્યક્તિનું કુટુંબ ઝઘડે–એકાદ વ્યક્તિના કુટુંબમાં એકાદ બે ભાઈઓ ઝઘડે તો વકીલ સોલીસીટરના પૈસા ભરીને તે વ્યક્તિ કંગાળ થશે; પરિણામે તેના કુટુંબને સહન કરવું પડશે; પણ જો રાજ્યકુટુંબમાં કલહ થાય તો બે બે ત્રણ ત્રણ પેઢી સુધી તેની અસર રહે. રાજ્યકુટુંબની વ્યક્તિઓએ રાજ્યને માટે ઝઘડવું નહિ.' આ પોલિટિકસમાંનો નિયમ વિશ્વામિત્રના પગ પાસે બેસીને રામને મળ્યો હતો તેથી તેણે રાજ્યને માટે ઝઘડો કર્યો નહીં.

વાસ્તવિક તે વખતે રામ ઝઘડવા ઊભા થયા હોત તો લગભગ બધી જ પ્રજા તેમની જોડે હતી; અને રામ ગાદી ઉપર બેસી શક્યા હોત. પણ રામે કહ્યું, 'મારે રાજા નથી થવું.' ખરેખર આ ઉદાત્ત વર્તન છે. આવી રીતનું વર્તન તમને ક્યાંય દેખાશે નહીં. સંન્યાસીઓ પદને માટે ઝઘડે, મને પદ જોઈએ, પદ જોઈએ. રોયલ બ્લડ એ વાત જ જુદી. હમણાંની જ વાત છે કે, જેના ઉપર સૂર્ય

આથમતો નથી એવું સામ્રાજ્ય—એ સામ્રાજ્યના ઉત્તરાધિકારીને એક દિવસે કહેવામાં આવ્યું, જો આ સ્ત્રી જોડે તારે પરણવું હશે, તો તું રાજ્ય ઉપર બેસી શકીશ નહીં. તને રાજ્ય મળશે નહીં, એમ કહેવામાં આવ્યું હતું. વાસ્તવિક તે વખતે એ ઝઘડવા ઊભો થાત તો તેનામાં હિંમત ન હતી એમ નહીં? એ ઝઘડત તો કદાચ નિષ્ફળ જાત, કેમ કે જ્યાં આખું મંત્રીમંડળ વિરુદ્ધ હોય ત્યાં સફળતા ક્યાંથી મળે? પણ ચોક્કસ એ થોડી અંધાધૂંધી ( Anarchy ) તો ઊભી કરી શકત. પણ તેણે કહ્યું: ઠીક છે, આ સ્ત્રી જોડે પરણીને હું રાજ્યનો ઉત્તરાધિકારી ન થતો હોઉં તો મારે રાજ્યના ઉત્તરાધિકારી થવું નથી.

હવે આ સ્ત્રી જોડે પરણવું, આ દિવ્ય છે કે નહીં તે મારે કહેવાનું નથી; પણ રાજવંશી લોહીના—રૉયલ બ્લડના ગુણો કેવી રીતના દિવ્ય હોય છે તે મારે સમજાવવાનું છે. ઊતરી આવેલા ગુણો—અનુવંશના ગુણો તેની અસર કેટલી હોય છે તે Heridity & Eugenicsનો અભ્યાસ કર્યા વગર એ ખબર ન પડે. પાંચ મિનિટમાં એણે કહી નાખ્યું, 'ઠીક છે, મારે રાજ્ય નથી જોઈતું. હું ચાલ્યો જાઉં છું. મારો નાનો ભાઈ રાજ્ય કરશે. જ્યારે જ્યારે રાજ્ય ઉપર અગવડ આવશે ત્યારે ત્યારે હું રાજ્યનો એક સિપાઈ, રાજ્યનો એક નોકર, રાજ્યનો એક સેવક, રાજ્યની સેવા કરવા તૈયાર છું.' આવી રીતનું સમજીને રાજ્ય છોડી ચાલ્યો

રાખીને પણ હું કહું કે, થોડીઘણી અંધાધૂંધી (Anarchy) કરવી એને શક્ય હતી. પણ એણે કરી નહીં. અરે, બાવાઓ ઝઘડે છે. શંકરાચાર્યની પીઠિકા પર કોણ બેસે આટલા માટે હાઈકોર્ટમાં લડાઈ થાય છે. સેવા કોણે કરવાની એના માટે ઝઘડાઓ થાય છે. અરે! આપી દેને, એને પ્રભુની સેવા કરવાની છે ને, એ કરશે–

सर्वेषामविरोधेन ब्रह्मकर्म समाचरेत्।

જેને બ્રહ્મકાર્ય કરવાનું છે તેની વાત જ જુદી. ખરેખર, આ સાધુ–સંન્યાસીઓ 'રૉયલ બ્લડ'ની સામે આ કદાચ ભોગના ચિખલમાં રહેલો માણસ હશે, તોપણ એની સામે આ લંગોટીવાળા સાધુઓ ક્ષુદ્ર લાગે છે. સત્તાને માટે અને સંપત્તિના માટે ઝઘડતા આ લોકોને જોવા દો. રામનું બ્લડ રૉયલ બ્લડ હોવાથી તેને ખબર હતી કે, રાજ્યકુટુંબમાં જો ઝઘડો થાય તો તે પેઢીની પેઢી સુધી પ્રજાને ભોગવવું પડે. માટે રાજ મારે નથી લેવું એમ કહી તે જંગલમાં ચાલ્યો ગયો.

કૈકેયીએ સ્વાર્થથી રામને કાઢી મૂકયો, પણ તેનો સ્વાર્થ સર્યો નહિ. એક જણ કહે છે, 'મારે રાજ્ય કરવું નથી.' ત્યારે બીજો કહે છે, 'મારે રાજ્ય લેવું નથી.' આવો ઝઘડો કોઈ ઠેકાણે વિશ્વમાં તમે જોયો નહીં હોય, પણ તે આ કુટુંબમાં છે. ભારતીય સંસ્કૃતિ અને વૈદિક સંસ્કૃતિ આવી રીતનું ગાંડપણ ભણાવે છે.

કોઈ જો તમને પૂછશે તો વૈદિક સંસ્કૃતિથી માણસ કેવો થાય? તો આંખ મીંચીને કહો કે, માણસ ગાંડો થાય છે, સંસ્કૃતિ ભણીને આવેલું ગાંડપણ વિશ્વના ઇતિહાસમાં તમને કોઈ ઠેકાણે જોવા નહિ મળે. રાજ્ય કોણ

કરવાનું તેના માટે બધે ઝઘડો છે. પણ રાજ્ય કોને નહીં કરવાનું તે માટેનો ઝઘડો અહીંયાં જ છે.

કૈકેયી રામને સ્વાર્થથી કદાચ જંગલમાં મોકલવા માગતી હશે, પણ તે વખતના અયોધ્યાવાસીઓ અને આજુબાજુ રહેવાવાળા વિચારવંતોને પણ એમ લાગતું હતું કે, રામ રાજ્ય પર ન બેસે, પણ જંગલમાં જાય તો સારું. મારે જો હળવે જ કહેવાનું હશે તો કહી શકું કે, આ વિચારવંતોએ કાવતરું–ષડ્યંત્ર રચીને તો કૈકેયીને તૈયાર નહીં કરી હોય ને? ગઈ કાલે સાંજ સુધી જે તૈયાર હતી તે એક રાતમાં જ બગડી જાય! રામ જંગલમાં ગયો તેમ સાંભળતાં જ ભરત પાછો આવ્યો અને રામને તેડવા માટે કૈકેયી પાછી પોતે જ નીકળી. બનવા જોગ છે કે, કૈકેયી આ વિચારવંત લોકોના ષડ્યંત્રનો ભોગ બની ગઈ હોય!

તત્કાલીન, વિચારવંત, તત્કાલીન ચિંતકો (Thinkers) માનવી જીવનના ભવિષ્યનો અભ્યાસ કરવાવાળા એ લોકોના મનમાં એ વાત હતી કે, સુસંસ્કૃત બનેલી આવી રીતની જે અયોધ્યા તેના રાજ્ય ઉપર બેસીને રાજ્યોપભોગ ભોગવવાને માટે રામ જન્મેલા નથી. આ તો અયોધ્યાવાસી લોકો વસિષ્ઠના હુકમ નીચે સારામાં સારી રીતે તૈયાર (Trained) થઈ ગયેલા છે અને તે પોતાનું સાંસ્કૃતિક અને દૈવીજીવન તૈયાર કરશે. પરંતુ માનવી સમાજનો આવી રીતનો બીજો એક મોટો ભાગ છે. દિવ્ય સંસ્કૃતિ ઊભી કરવી હોય તો રામની ત્યાં જરૂર છે. વાલ્મીકિ રામાયણ તમે સૂક્ષ્મતાથી વાંચશો તો જણાશે કે, વસિષ્ઠ–વિશ્વામિત્રનો આવી જ રીતનો હેતુ હતો. તેનો તમને પુરાવો આપું કે, જ્યારે નિર્ણય લેવાયો કે, 'આ

યુવરાજ તરીકે રાજ્ય ઉપર ન બેસતાં એ નીકળે તો સારું,' તો તે નિર્ણયના અનુમોદનમાં વસિષ્ઠે તો તુરત જ મુંડી હલાવી કહ્યું, 'ભાઈ તું જંગલમાં જા.' આટલું જ નહીં તો તત્કાલીન વિચારવંતોને પણ એમ લાગતું હતું.'

ભરત જ્યારે તેડવા ગયો છે ત્યારે પહેલાં માર્ગમાં ભરદ્વાજ મુનિના આશ્રમમાં ગયો. ભરદ્વાજ મુનિના આશ્રમમાં ગયા પછી તેણે કહ્યું કે, 'મારી બાએ આમ આમ કર્યું'. તેણે રામને કાઢી મૂક્યા છે, હું રામને પાછા લેવા જાઉં છું.' ભરદ્વાજે તેને કહ્યું, 'તું બાને ગાળ આપ નહીં, શું કારણ તેનું? તેનું કારણ છે. રામનું જંગલમાં જવું જ ઉચિત છે. લોકોના આત્યંતિક કલ્યાણ માટે રામે રાજ્યદરબાર છોડવો આ જ વાત યુક્ત છે.' આ ભરદ્વાજ બોલ્યા હતા. વસિષ્ઠે પણ વનવાસમાં જવાની અનુમતિ આપી હતી. વિશ્વામિત્રના પેટમાં તે જ પાપ હતું. ઠેકઠેકાણે માર્ગમાં ભરતને ઋષિઓ મળ્યા હતા. ભરત તેમને પૂછતો, 'મારા રામને કોઈ ઠેકાણે જોયો? જોયું, મારી ગાંડી બા–તેને–રામને ધકેલી દીધો, તેને–રામને ધક્કા મારી ફેંકી દીધો.' તે વખતે ઋષિઓનું ટોળું તે વાલ્મીકિ રામાયણમાં દશગ્રીવવધૈષીણઃ આવી રીતનું વિશેષણ લગાડે છે. તે કહે છે, આ વાત બરાબર છે ભરત! 'અંદર મનસંતાપ કરવાનું કારણ નહીં, તું પાછો જા, આવી જ રીતનું થવું જોઈએ અને જે થવું જોઈતું હતું તે જ થાય છે. વિશેષણ દશગ્રીવવધૈષીણઃ દશગ્રીવ એટલે રાવણ–રાવણના વધની ઇચ્છા કરવાવાળા રાવણ વિચારનો વધ થાય આવી રીતનો વિચાર કરવાવાળા ઋષિઓ આવી જ રીતની ઇચ્છા કરતા હતા કે અયોધ્યાનું નગર તો સુધરી ગયું છે. રામ

જેવી વ્યક્તિ બહાર નીકળે તે સારી વાત છે.

તે વખતની તત્કાલીન વિચારવંત વ્યક્તિઓને પણ આ રીતનું લાગતું હતું તેથી મારે હળવે જ કહેવાનું છે કે, કૈકેયી વસિષ્ઠના ષડ્યંત્રનો હાથો તો નહીં બની હોય? તેનો હજુ સુધી મને પુરાવો મળ્યો નથી તેથી હું બોલતો નથી. પણ કદાચ આ વસિષ્ઠે આ બધું સળગાવ્યું પણ હોય, કેમ કે વસિષ્ઠને માનવજાતિનું સાંસ્કૃતિક પુનરુત્થાન કરવાનું હતું અને તે ઠેકાણે રામ રાજ્ય ઉપર બેસે અને બપોરે મહેલમાં મોસંબીનો કે સંતરાંનો રસ પીએ એ કેમ ચાલે? રામ શા માટે જન્મ્યો છે? परित्राणाय साधूनाम् રામ જંગલમાં ગયા પછી ત્યાં રહતો બેઠો છે? ત્યારે શું रामबाहुरुपधानमेव ते। સીતાને આવી રીતનું કહેવાને જંગલમાં ગયો હતો? સંસ્કૃત જેને ખબર છે તે સમજે છે रामबाहुरुपधानमेव ते એટલે શું? આવી રીતની શૃંગારિક ચેષ્ટા કરવા શું રામ જંગલમાં ગયો હતો? આ ત્રણ લોકો શું પાનાં રમતાં બેઠાં હતાં? ચાલો ભાઈ, પાનાં રમશું કે નિસર્ગનું સૌંદર્ય જોતાં જોતાં આવી રીતના તલ્લીન થઈ ગયા?

રામને શા માટે મોકલવામાં આવ્યા હતા તેની રામને ખબર હતી, તેથી રામ જંગલમાં ગયા. તેમણે જનસ્થાનના લોકો જોડે દોસ્તદારી કરી, વાનરો જોડે સખ્ય કર્યું, આટલું જ નહીં પણ તેમની અગવડો જાણી લીધી–સમજી લીધી. વાનરોના અંતઃકરણમાં પોતાના માટે વિશ્વાસ જાગૃત કર્યો–તેમનામાં આત્મવિશ્વાસ જાગૃત કર્યો. આ આખા તત્કાલીન વાનરસમાજને રામ ન હોત તો રાક્ષસ થતાં વાર ન લાગત.

અસુર અને વાનર એમાં થોડો ફરક હતો. અસુર

માંસભક્ષી હતા અને વાનરો માંસભક્ષી હતા નહીં, તેથી તેમાં એક વેજીટેરિયન અને એક નોનવેજીટેરિયન આવો ફરક હતો.

ભોગની સંસ્કૃતિ આવી રીતની છે કે, કોઈ પણ માણસને ગમે ત્યારે ખાઈ શકે! આખો સમાજનો સમાજ આ રાવણ સંસ્કૃતિના—આસુરી સંસ્કૃતિના લોકો ખાઈ નાખતા. જનસ્થાનમાં ફરી રામે જો કાંઈ કર્યું હશે તો તે એ કે, આ લોકો પાસે તે બેઠા, વાતોચીતો કરી, એમનાં હૃદયો સમજી લીધાં, પોતાનું હૃદય એમને આપ્યુ, આપણે શું કરવું જોઈએ તે સમજાવ્યુ. જે વિશ્વામિત્રે રામને માટે કર્યું તે રામે વાનરો માટે કર્યું.

જ્યારે રામ બોલવા લાગે ત્યારે હનુમાનને સાંભળ્યા જ કરવાનું મન થાય. રામનું મોઢું જોતાં જ હનુમાન તૈયાર થયો હતો આવી રીતનું ન સમજો. હનુમાને રામને કસી જોયો હતો. બુદ્ધિમતાં વરિષ્ઠ છે, ને જ્યારે રામ એક ઝાડ નીચે બેસીને બધાને ભેગા કરીને વાતો કહે ત્યારે હનુમાનને લાગે કે, આની બધી વાતો પી નાખું. હનુમાન તેની છાયા જેવા રહેવા લાગ્યા. છાયા જેવા ફરવા લાગ્યા. મારે રામને છોડીને જવું નથી ને મારે રામને છોડીને રહેવું નથી. હું રામનો સેવક છું, એમ કહેવા લાગ્યા. કોઈ જો પૂછે, તું કોણ છે? 'હું રામનો સેવક છું' એમ કહેવા લાગ્યા. એની કાંઈ રામે નિમણૂક (Appointment) કરી ન હતી. એ પોતે જ સેવક થયો હતો. ઠેકઠેકાણે રામ જતા અને બધા લોકોને ભેગા કરતા. તમે શું એમ સમજ્યા કે, એક સુગ્રીવ પાસે બે મિનિટ વાતચીત કરી અને આખી વાનરસેના પોતાના તાબામાં લઈ લીધી? આખી વાનરકોમ

રામ રામ બોલવા લાગી, રામને માટે મરવા તૈયાર થઈ હતી. વાનરકોમનો પ્રેમ સંપાદન કરવા માટે રામને પોતાના પ્રભાવી વ્યક્તિત્વનો પ્રકર્ષ આ લોકોને દેખાડવો પડ્યો હતો. રામનું જેમ જેમ પ્રભાવી વ્યક્તિત્વ આ લોકોએ જોયું તેમ તેમ રામની પ્રતિભા (Personality) તરફ આ ખેંચાયા છે. રામના વ્યક્તિત્વ તરફ ખેંચાઈ જઈને આ લોકો તેના દાસ બની ગયા છે. રામે કહ્યું, 'બોલો, જો આ આસુરી સંસ્કૃતિનાં મોજાંઓ આવી જ રીતનાં તમારી સંસ્કૃતિ ઉપર અથડાતાં રહેશે, તો તમારી દૂબળી સંસ્કૃતિ કેટલા દિવસ ટકશે? તેના માટે કાંઈ કરવું જોઈએ. આસુરી સંસ્કૃતિનાં મોજાંઓ બંધ કરવાં જોઈએ.' ત્યારે વાનરોએ કહ્યું, 'વાત ખરી, પણ અમારાથી એ શકય નહીં. એ બહુ Advanced લોકો છે. બહુ સુધરેલા માણસો છે. એમની પાસે કેટલાં વિમાનો છે? આમ છે, તેમ છે. સુવર્ણની લંકા છે. પૈસો પુષ્કળ છે. આ લોકો ધારે તે કરી શકે એવી રીતના છે. એમની સંસ્કૃતિ સામે અમારું શું ચાલે? અમે નબળા છીએ, અમે દૂબળા છીએ.' રામે કહ્યું, 'તમારું મન દૂબળું થયું છે, તમારું મન મડદા જેવું થયું છે અને મડદા જેવું જેનું મન થયું છે તે માણસ જીવ્યો શું અને મર્યો શું? કિંમત સરખી જ છે.' રામે ત્યાં દશ વરસ સુધી મહેનત કરી. આગળનું જે કાર્ય છે તે કાર્યનું વ્યવસ્થિત સંધાન તે કરતા હતા અને પગલું મૂકતાં મૂકતાં બધાને સમજાવતા હતા. લોકોને કહે, 'તમારી પાસે પૈસો નહીં હશે તો વાંધો નહીં, પણ તમે છો ને? તમે તમારામાંની આત્મશક્તિ એકત્રિત કરો, વિત્તવાન અને અધિકારી લોકોએ તમારું માનવું પડશે, કેમ નહીં માને? અને રામે

જ્યારે એ સમજાયું ત્યારે એમનામાંનો આત્મપ્રત્યય જાગૃત થયો અને વાનરોને પણ એમ લાગવા માંડ્યું કે, આ સૃષ્ટિમાં ભારતીય સંસ્કૃતિ, વૈદિક સંસ્કૃતિ, દૈવી સંસ્કૃતિ કે તો પ્રભુભક્તિ સમાજમાં લઈ જવા માટે, તે કાર્ય માટે સૈનિકો બનવાનું હશે તો અમે બની શકશું

વાનરનું બહુ મોટું સંશોધન (Research) થવું જોઈએ વાનર નામની એક બહુ મોટી જાત હતી તેને પૂછડું ક્યાંથી આવ્યું ? વાસ્તવિક લાંગલ છે તેનું લાંગૂલ ક્યાંથી થયું ? બહુ મોટો વિચાર કરવા જેવો છે આપણે ઐતિહાસિક લોકો પર તે છોડી દઈશું પણ લાંગલને બદલે લાંગૂલ થયું છે તે લાંગૂલવાન એટલે પૂછડાવાળા હનુમાન થઈ ગયા છે આજે જવા દો એ વાત

આ વાનરો જરા અસંસ્કૃત—હીન સંસ્કૃતિના હતા તેમને રામે પાછા ઊભા કર્યા તેમનામાં સંસ્કૃતિ નિર્માણ કરી તેમનામાં ગુણો નિર્માણ કર્યા અરે, ઉગ્રસેન બોલતા જ હજી પણ આપણા અંતઃકરણ એક કાંઈ વિશિષ્ટ વિચાર કરાવે છે તેવી જ રીતનું સુગ્રીવ બોલતા જ આપણા અંતઃકરણમાં એક વિશિષ્ટ વિચાર આવે છે હનુમાન બોલતા જ આપણા અંતઃકરણમાં એક જુદો વિચાર આવે છે સુગ્રીવ, હનુમાન, જટાયુ આ બોલતા જ આપણા અંતઃકરણમાં વિશિષ્ટ વિચાર આવી જાય છે ત્યારે રામે આમ આ લોકોનું સંગઠન કર્યું એ લોકોને ઊભા કર્યા અને આવી રીતનું સૈન્ય લઈને તેમણે લંકા ઉપર હુમલો કર્યો

ભોગવાદ નાચવા લાગ્યો કે શાંતચિત્ત કોઈ રહેતું નથી જેને ભોગો ભોગવવા મળતા નથી તે પણ રહેતા નથી અને જેને ભોગો ભોગવવા મળે છે તે પણ રહેતા નથી

શાંતિ અને સ્વસ્થતા બંને ચાલ્યાં જાય છે અને જીવનમાં શાંતિ રહેતી નથી. જેમની પાસે ભોગો છે તે લોકો પણ શાંત નથી અને જેમની પાસે ભોગો નથી તે પણ શાંત નથી. અને અશાંતતા આવી ગઈ કે તે ઠેકાણે સંસ્કૃતિનાં મૂળિયાં જીવન જ પકડતાં નથી અને તેથી સંસ્કૃતિ ઊભી રહેતી નથી. રામે લંકા પર હુમલો કર્યો. પણ તે લોભની અપેક્ષાથી નહિ. નિર્લોભી રામે ત્રણ ત્રણ સામ્રાજ્યો છોડી દીધાં હતાં. અયોધ્યાનું હાથમાં આવી ગયેલું સામ્રાજ્ય પણ છોડયું. જનસ્થાનનું હાથમાં આવી ગયેલું સામ્રાજ્ય તેણે છોડી દીધું. રાવણ જન્મથી ભારતીય હતો. વર્ણથી બ્રાહ્મણ હતો પણ વૃત્તિથી અસુર હતો. અમર્યાદ ભોગલાલસા અને અતિશય જેને બોલી ન શકાય એટલી મહત્ત્વાકાંક્ષા, આ બે વાતોને લીધે તે આસુરી વૃત્તિનો ભોગ બની ગયેલો હતો. સ્ત્રીજીવનનો એ શિકારી હતો. કોઈપણ ઠેકાણે સ્ત્રી જોઈ કે તેનો શિકાર કરવાનું તેને મન થતું. ત્યારે આવી રીતે ભોગની પછવાડે નાચતો રહેલો, જન્મથી ભારતીય, વર્ણથી બ્રાહ્મણ–વેદાધ્યયન કરેલો, વૃત્તિથી આસુરી બની ગયેલો, રાક્ષસ બની ગયેલો તે રાજકીય તંત્રને લીધે બધાને અસુર બનાવતો હતો. તે કહેતો, બધા વેદોની મને ખબર છે, વેદોનો મેં અભ્યાસ કર્યો છે. વેદમાં શું છે? વેદમાં તો જૂના કાળનું (Primitive stage) લખાણ છે. અમે વેદના અભ્યાસ કરેલા માણસો છીએ. યુનિવર્સિટીની છેલ્લી ડીગ્રી લીધી તે વખતે અમારા કોર્સમાં વેદ હતો. અમે કૉલેજમાં હતા ત્યારે વેદ ભણતા હતા. અમને ખબર છે વેદમાં શું છે તે. અમે વેદનો અભ્યાસ કર્યો છે, પણ વેદ માત્ર વાંચવાથી તેની ખબર નથી પડતી. વેદો હૃદયથી જોવા જોઈએ

ત્યારે ખબર પડે. વેદ પાસે વત્સ થઈને જવું જોઈએ ત્યારે વેદની ખબર પડે; નહીં તો વેદની ખબર પડતી નથી. શબ્દજ્ઞાનથી વેદ નથી સમજાતો.

રાવણ કહેતો હતો કે, વેદ એટલે શું ? વેદમાં ફલાણું છે, વેદમાં અનીતિ છે, વેદમાં પરદારા કેમ લઈ લેવાય તેનો વિચાર છે, વેદમાં બધું આવું જ છે. દારૂ કેમ અને કોના માટે ? કેટલો મળે ? કયો યજ્ઞ કર્યા પછી દારૂ પીવા મળે ? કયો યજ્ઞ કર્યા પછી માંસ ખાવા મળે ? આ બધું લખાણ એટલે વેદ. અમે વેદનો અભ્યાસ કરેલા માણસો છીએ એમ રાવણ કહેતો હતો. રાવણ આજની ભાષામાં બોલવાનું હોય તો Most civilised and cultured માણસ હતો. તેનું બોલવું ચાલવું બધું Typical અમે વેદનો અભ્યાસ કર્યો છે, તે ડોળ કરી એ હરામખોરે વેદ ખલાસ કરી નાખ્યો. વેદમાંની સંસ્કૃતિ અને વેદમાંની નિષ્ઠા જે લોકોએ ઉડાવી નાખી એમને વેદની ખબર છે. અમે વેદના મંત્રો ઉપર ભાષ્ય પણ લખ્યું છે. આવી રીતનું લોકોને દેખાડીને-ઢોંગ કરીને વેદો ઉડાડી દીધા. જ્યારે બગાઈ ગાયના આંચળ ઉપર બેસે ત્યારે તે શું ચૂસશે ? લોહી ચૂસશે ! વત્સ જો ગાયના આંચળ પાસે જાય તો તે દૂધ ચૂસશે. વેદમાંથી જીવંત દ્રવ્ય લેવું એ રમતની વાત નથી. વેદને માતા સમજીને, ગીતાને માતા સમજીને તેનો વત્સ થઈને જે ચૂસતો હશે તેને જ દૂધ મળવાનું છે. दुग्धं गीतामृतम् महत् । બીજાને નહીં.

રાવણ આવી રીતનો ડોળ રાખતો હતો કે, અમે વેદ ભણ્યા છીએ. અમને વેદની ખબર છે. વેદમાં શું છે ? આ બધું કહી એણે વેદનો વિધ્વંસ કર્યો. રામનો રાવણ ઉપર ખરો ગુસ્સો ક્યાં છે તે જોઈ લેવો જોઈએ. રાવણ સત્તા-

ધીશ હતો તેથી નહીં.

એક વખત રામે લક્ષ્મણને પૂછયું : 'સમજ, તારી ભાભી જો પાછી મળી જાય તો રાવણ જોડે આપણે વેર કરવાનું કારણ શું ?' ત્યારે લક્ષ્મણે કહ્યું, 'ભાભી તો મળશે જ, પણ ભાભી ન લઈ જાત તોપણ હું લડવાનો હતો. મારી ભાભી પાછી મળે તોપણ હું લડવાનો અને રાવણને મારીશ. અરે, પણ શું કારણ ? એનું કારણ यो नत्रयी परिध्वंसात् क्षात्रन्तेजोऽपकर्षति । લક્ષ્મણ કહે કે, 'આ 'त्रयी परिध्वंसात् ।' આ વેદના જીવંત વિચારો રાવણે મારી નાખ્યા છે અને ભોગવાદી વિચારથી એણે બધાને મડદાં બનાવ્યા છે. એણે અમારામાંથી તેજ કાઢી નાખ્યું છે. અને આ નિસ્તેજ મડદાં બની ગયેલા લોકોમાં ભોગવાદના Germs ઘૂસી જાય છે અને તેથી આખો સમાજ ભોગવાદી બની જાય છે. આ રાવણને મારવો જ જોઈએ.' આ દૃષ્ટિથી રાવણને મારી નાખ્યો. રામ-રાવણનું મોટું યુદ્ધ થયું. અને रामरावणयोर्युद्धम् रामरावणयोरिव આવી રીતનું લડીને એને મારી નાખ્યો. અને રાવણને મારી નાખ્યા પછી તેનું રાજ્ય મળતાં જ નિર્લોભીપણાથી તે રાજ્ય લીધું નહીં. પણ—

अपि स्वर्णमयी लंका न मे रोचते लक्ष्मण ।
जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी ॥

એવું કહીને રામ પાછો ચાલ્યો ગયો છે. સુવર્ણની લંકા છોડીને પાછો ગયો છે. એમાં જ એની નિર્લોભીતા દેખાય છે. એણે કાંઈ સામ્રાજ્યલાલસાથી હુમલો નહોતો કર્યો, પણ દૈવી સંસ્કૃતિનો પ્રચાર-ઈશ્વરવાદનો પ્રચાર કરવા માટે આ રાક્ષસો અંતરાયરૂપ હતા તેથી તેમને દૂર કરવાનો પ્રયત્ન કર્યો હતો.

ત્યાર પછી અયોધ્યામાં પાછા આવ્યા પછી રાજસૂય યજ્ઞ કર્યો. ખરેખર! રાજસૂય યજ્ઞ એ શ્રેષ્ઠ યજ્ઞ છે. બધા રાજા ખંડિયા થયા તેમાં બહુ મોટી એક સરસ વાત છે. રાજસૂય યજ્ઞમાં રાજા નીચે બેસે અને કહે, આ ભૂપિતલ ઉપર મારી ચોટલી પકડવાવાળો બીજો કોઈ હવે રહ્યો નહીં. મને દંડશાસન કરવાવાળો બીજો કોઈ નથી અને તેથી ત્રણ વખત તે બોલે : 'अदण्ड्योऽस्मि अदण्ड्योऽस्मि अदण्ड्योऽस्मि' આવી રીતનો ત્રણ વખત ઉચ્ચાર છે. હું અદંડનીય છું, મને દંડ નહીં, મને કોઈ સજા કરી શકતો નથી. એ થતાં પછવાડે ઊભેલા પુરોહિત, પછવાડે ઊભેલા વસિષ્ઠ એક ધોકો લઈને એની પીઠ ઉપર મારે અને કહે, 'બચ્ચા ભૂલ નહીં', તું બીજાં શાસનો માટે દંડનીય નહિ હોય, પણ એક એવું શાસન છે કે, રાજા પણ દંડનીય છે અને તે શાસન એટલે ધર્મશાસન.' બહુ સરસ છે. રાજસૂય યજ્ઞની પોથી કાઢીને જુઓ. રાજસૂય યજ્ઞમાં આ છેલ્લી વાત છે.

રાજાને દંડ કોનો? રાજાનો દંડ ધર્મસત્તાનો. હવે બાકી બીજો કોઈ દંડ રાજાને રહ્યો નહીં. તું બાકી બધાને અદંડ્ય ખરો, પણ ધર્મદંડ તને પણ દંડ કરી શકે છે. આવી રીતનું છે ધર્મદંડનું શાસન. તારે પણ માનવું જોઈએ અને તે વખત માથું નમાવીને રાજા કબૂલ કરે છે. 'ધર્મદંડનું શાસન માનવા તૈયાર છું.' આવી રીતનો બહુ સરસ વિધિ છે.

રામનું જીવન અતિશય સુંદર છે. અતિશય અલૌકિક જીવન છે. જીવનમાં બધા જ પ્રેમો એણે દેખાડ્યા છે.

રામનું જીવન અતિ મોહક છે. ભૌતિક દૃષ્ટિથી જોશો તો તેમાં આનંદ છે. રાજકીય દૃષ્ટિથી જોશો તો તેમાં તેજ છે. સામાજિક દૃષ્ટિથી જોશો તો તેમા જીવંત જીવન છે. આધ્યાત્મિક દૃષ્ટિથી જોશો તો તેમા મોક્ષ છે. કોઈ પણ દૃષ્ટિથી જોશો તો આ જીવન પુષ્ટ છે. રામનું જીવન અને રામનું નામ એના માટે શું કહુ? તમે રોજ પ્રાર્થના કરો છો, તમે રામરક્ષાનું પારાયણ કરો છો, તે વખતે એક શ્લોક અતિશય સરસ લાગે છે. તે શ્લોક દિવ્ય છે. આખી રામરક્ષા તો ઠીક છે, રામ મોટો હતો. રામ મારું રક્ષણ કરે, મારું રક્ષણ કરે, મારું રક્ષણ રામ નહીં કરે તો કોણ કરે? મારું રક્ષણ કાંઈ રાવણ કરવાનો છે? મારું રક્ષણ રામ જ કરવાનો. રામે જ કરવુ જોઈએ. મારું રક્ષણ કરવા રાવણ આવવાનો જ નથી. રામે જ મને બચાવવો જોઈએ. એની અંદર શું માગવાનું છે?

शिरो मे राघव. पातु भालं दशरथात्मजः

એ બધામાં મને તો રામરક્ષામાંનો છેલ્લો શ્લોક સુંદર લાગે છે:

कूजन्तं रामरामेति मधुरं मधुराक्षरम् ।
आरुह्य कविताशाखां वंदे वाल्मीकिकोकिलम् ॥

વાલ્મીકિ જેવા એક નિરપેક્ષ તપસ્વાધ્યાયનિરત આવી રીતના પ્રાચેતસને મોહ નિર્માણ થાય આવી રીતનું રામનુ ચરિત્ર છે.

રામનું ચરિત્ર એક રાજાનું ચરિત્ર છે. તેથી ગમ્યુ નથી! ખરેખર ખબર વગર આ કોમ્યુનીસ્ટ લોકો કહે છે.

રામના ચરિત્રનું મહત્ત્વ વધ્યું, Because he was a king; પણ એમને જરા કહેવાનું ભાઈ! તમે બુદ્ધિની જોડે હૃદય લઈને બેસશો તો બહુ સારી વાત છે. તપઃસ્વાધ્યાયનિરત જીવનમાં જેણે કાંઈ અપેક્ષા ન રાખી તેણે રાજાનું વર્ણન કરવાનું કારણ શું ? એ રાજા હતો તેથી તેનું વર્ણન કર્યું. આ વાત લોકોને Misguide કરે છે. વાસ્તવિક રાજા પાસેથી કાંઈ પ્રાચેતસને લેવાનું હતું નહીં. લેવાનું હોય તો વાલ્મીકિ પાસેથી રાજાને હતું અને તે એટલે આશીર્વાદ. અરે! આ બ્રાહ્મણો જો આશીર્વાદ ન આપત તો ક્ષત્રિયોનું રાજ્ય ચાલત કે? જગતને સુધારવાનું આ કામ કાંઈ રાજાનું છે? જગતને સુધારવું આ કામ બ્રાહ્મણોનું છે. અને બ્રાહ્મણોના વિચારને મદદ કરવી એ કામ ક્ષત્રિયોનું છે. વિશ્વમાં હજી સુધી રાજશક્તિથી માણસ સુધર્યો હોય એવી રીતનો ઇતિહાસ નથી; (World history) વાંચશો તોપણ. હવે જો કોઈ નવો ઇતિહાસ થવાનો હશે તો ભગવાનને ખબર! રાજસત્તામાં માણસને બદલાવવાની હિંમત નથી, તાકાત નથી. જે રાજસત્તા એ અખતરો કરતી હશે તેના હાથ બળશે, પણ તેમાંથી કાંઈ નીકળશે નહીં.

વાલ્મીકિને રાજા પાસે કાંઈ અપેક્ષા ન હતી, ત્યારે આવી રીતનો વાલ્મીકિ મોહિત થયો છે અને તેણે જે રામચરિત્ર ગાયું છે તેમાં કાંઈક વિશેષ છે. તેમાં પ્રભુ રામની મહત્તા છે. તે જે રામરક્ષા ગાવાવાળો પ્રવુદ્ધો બુદ્ધકૌશિકઃ શું કહે છે?

कूजन्तं रामरामेति मधुरं मधुराक्षरम् ।

બધું વર્ણન કરવા કરતાં છેલ્લો નમસ્કાર કરે છે. કોને

નમસ્કાર કરે છે? મારા વાલ્મીકિને નમસ્કાર. શા માટે?

कूजन्तं रामरामेति मधुरं मधुराक्षरम् ।

મધુર આવી રીતના જેના અક્ષર છે તે રામ એ રામનું કૂજન કરવાવાળી–कूजन्तं रामरामेति मधुरं मधुराक्षरम् એ આવી રીતની એક કોયલ છે. તે કોયલ રામ રામ આવી રીતનું કરતી રહી છે. તે ક્યાં બેઠી છે? आरुह्य कविताशाखाम् કવિતા નામની શાખા ઉપર–ડાળી ઉપર બેસીને એક કોયલ રામ રામ આવી રીતના મધુર અક્ષરનુ કૂજન કરતી રહેલી છે. એ કોયલ કોણ? वंदे वाल्मीकि कोकिलम् વાલ્મીકિ નામની કોયલ જે ઝાડ ઉપર બેસીને–રામાયણના ઝાડ ઉપર બેસીને, કવિતાની ડાળી ઉપર બેસીને રામ રામ આ મધુર નામનું કૂજન કરતી રહેલી છે, તે વાલ્મીકિ નામની કોયલને મારા નમસ્કાર. ખરે ખર! આના જેટલો હૃદયંગમ બીજો શ્લોક આખી રામ-રક્ષામાં છે? આટલું માધુર્ય બીજા કોઈ શ્લોકમાં છે? મને તો નથી જડતો.

આધ્યાત્મિક દૃષ્ટિથી, ભૌતિક દૃષ્ટિથી, રાજકીય દૃષ્ટિથી અને સામાજિક દૃષ્ટિથી પૂર્ણ એ રામ નામ ખડી સાકર જેવું છે. કોઈ પણ ઠેકાણે જીભ લગાડો, ગળ્યું જ લાગે, કોઈના પણ મોઢામાં રામ મૂકી દો, તે નામ ગળ્યું જ લાગશે.

રામનું ચરિત્ર અતિશય દિવ્ય છે અને રામના ચરિત્રની આપણા જીવન ઉપર બહુ મોટી અસર થઈ ગયેલી છે. આ રામના ચરિત્ર માટે અને વિષય નીકળ્યો છે તેથી થોડુંઘણું કહેવાનું છે. આપણે રામને માટે ઘણું બોલ્યા છીએ, છતાં પણ મને લાગે છે કે, થોડુંઘણું બોલવા જેવું

રહ્યું છે; કાંઈક રહ્યું છે. રામના નામે કેટલી દંતકથાઓ ચાલી જાય છે! રામના નામે ગેરસમજ થઈ રહી છે. તે વિષે થોડુંઘણું કહેવાનું રહી જાય છે. પણ આપણો આજનો સમય પૂરો થઈ ગયો છે અને રામને એક દિવસમાં કાઢી નાખીએ તો તેનું રહસ્ય સમજી શક્યા નહીં એમ ગણાય.

લગ્નમાં બાકીના બધાને એક એક નાળિયેર આપવાનું અને જો મોટા માણસ આવેલ હોય તો તેને બે નાળિયેર આપવાનાં; આવી રીતનો શિષ્ટ અને સભ્ય સંપ્રદાયમાં રિવાજ હોય છે. આ જે સભ્ય સંપ્રદાય છે તેને આપણે જ જો માન ન આપીએ, આપણે જ અસભ્ય થઈએ તો પછી સભ્યતાનો પ્રચાર કરવાવાળા આપણે મૂર્ખ થઈ જઈશું. માટે રામ જેવા મહાપુરુષને એ વખત તો નમસ્કાર કરવા જોઈએ. કદાચ જો ચિરંજીવીમાંનો હનુમાન અહીં હાજર હશે તો ગળચી પકડશે! રામને માટે ઘણું બોલ્યો છું છતાં બોલવાનું છે. ઘણું બોલ્યા પછી પણ જેના માટે બોલવા જેવું લાગે છે તેનું જ નામ રામ છે. રામને નમસ્કાર ન કરતાં પહેલાં આપણે જો કોઈને નમસ્કાર કરશું તો તે વાલ્મીકિને કરશું. મને એમ લાગે છે કે, તમે આ જ શ્લોક ગોખી રાખશો તો રામાયણનું રહસ્ય તમે સમજી ગયા અને રામને પણ સમજી ગયા અને રામ લખવાવાળાને પણ સમજી ગયા.

कूजन्तं रामरामेति मधुरं मधुराक्षरम्।
आरुह्य कविताशाखां वंदे वाल्मीकिकोकिलम् ॥

અતિશય સુંદર શ્લોક છે. ત્યારે આ વાલ્મીકિ કોયલને નમસ્કાર કરીશું? તમે રામનામનું કૂજન કલ્પના અંત

સુધી કરતા રહો કે જેથી લોકોને માર્ગદર્શન મળે. તમારા આ એક રામ રામના કૂજનથી સેંકડો લોકોને જીવનો મળે છે, સેંકડો લોકોને માર્ગદર્શન મળે છે. ત્યારે આ તમારું કૂજન ચાલવા દો. અમે પાછા મંગળવારે આ મહાપુરુષનાં ચરિત્રો પર થોડો વિચાર કરવાના છીએ ત્યારે તમે થોડા મદદગાર થાવ, તમે થોડી મદદ કરશો તો આ મહાપુરુષના ચરિત્ર પાસે જવાશે, નહીં તો એના પગ પાસે જવાની જેની હિંમત નથી તેના જીવનનો વિચાર કરવાની કોની હિંમત છે? વાલ્મીકિની મદદ લઈને, વાલ્મીકિ પાસે લાગવગ લગાડી આપણે અંદર ઘૂસી શકીશું. આપણે પાછા મંગળવારે આવીશું અને રામ વિષે વાંચીશું.

# રામ અવતાર ( ઉત્તરાર્ધ )

પ્રભુ રામચંદ્રનું વર્ણન આપણે ગયા શુક્રવારે વાંચતા હતા. રામચંદ્રના જીવનથી અજ્ઞાત રહેલી વ્યક્તિ ભારત દેશમાં નહીં હોય. રામની સીતા કોણ ? આટલું કહેવા જેવું અજ્ઞાન ભારત દેશમાં નહિ હશે એમ હું સમજું છું. આ રામચરિત્ર ઉપર આપણે ઘણું બોલ્યા પણ છીએ. તેની શાસન-વ્યવસ્થા, રાજ્યવ્યવસ્થા વગેરે ઉપર જેટલું બોલી શકાય તેટલું બોલ્યા છીએ, પણ પાછું થયું કે રામ પર જુદી દૃષ્ટિથી હજુ પણ કાંઈ કહી શકાય. કૃષ્ણ અને રામચરિત્ર એ રીતનાં છે કે આઠ આઠ, દસ દસ નહીં, પણ અઢાર અઢાર દૃષ્ટિકોણથી આ ચરિત્રો કહી શકાય; પણ આજે આપણે ફક્ત વિશિષ્ટ દૃષ્ટિકોણથી તે ચરિત્ર જોઈશું. સાંસ્કૃતિક દૃષ્ટિએ અવતારની પરંપરાની વાત ચાલતી રહી છે તેથી રામને પણ સાંસ્કૃતિક અને નૈતિક દૃષ્ટિથી જોઈશું. આધ્યાત્મિક જીવન અને દૈવી જીવન ઉચ્ચ કરવાને માટે અને ભૌતિક જીવન દાટી નાખવા માટે રામે શું કર્યું અને તેણે કેવી રીતનું જીવન ગાળ્યું તેનો વિચાર કરીશું. અવતારનો જ્યારે વિચાર ચાલતો હોય ત્યારે આટલું જ દેખાડવાનું શક્ય છે. બાકી રામ પર બોલવા માટે બીજા ઘણા દૃષ્ટિકોણ છે. પણ તે દૃષ્ટિકોણથી આજે પાછું રામ વિષે કહેવા બેસું તો તે અપ્રસ્તુત ગણાય.

રામ અને કૃષ્ણને માટે સ્વતંત્ર Series જ જોઈએ. અને તો જ એમના માટે બીજા દૃષ્ટિકોણથી જોઈ શકાય, પણ આ બધા અવતારોએ માનવી સંસ્કૃતિનું, નૈતિક સંસ્કૃ-

તિનું પુનરુત્થાન કૈવી રીતનું કર્યું એની વિચારસરણીનો વિચાર જ્યારે ચાલતો હોય ત્યારે તે દૃષ્ટિથી રામચરિત્ર પણ જોવું જોઈએ. અને તે દૃષ્ટિથી આપણે રામચરિત્ર શુક્રવારે જોયું.

આપણે જોયું કે, રામ લોકોના હૃદયસિંહાસન પર રાજ્ય કરતા હતા. અને લોકોનું સાંસ્કૃતિક અને નૈતિક જીવન ઉચ્ચ કરવા માટે એમણે ખૂબ પ્રયત્ન કર્યો હતો. વાનરોને સુધાર્યા. વાનરોની મદદથી ઠેકઠેકાણે રાક્ષસોએ જે ખાઓ, પીઓ ને મઝા કરવાવાળા—આવી રીતના રહેવાવાળા અને આવી રીતના ફરવાવાળા અને જે જડ (Blunt) લોકો હતા—એને પૂછીએ, કેમ ભગવાનને પગે નથી લાગતો? તો કહે, નથી લાગતો. તારા બાપનું શું જાય છે? આ ભાષા બોલવાવાળા. એ ભાષા અંગ્રેજીમાં બહુ જોરથી બોલી શકાય. કોઈને તમે એમ પૂછો કે તમે બીડી પીઓ છો, તો કહેશે, 'હા, હું પીઉં છું' (yes, I do smoke), તેવી રીતનું ભાર દઈ બોલવાવાળા. અમે આ દૃષ્ટિથી જીવીએ છીએ. એમાં તમારું શું જાય છે? આવી રીતનું બોલવાવાળા રાક્ષસો—નરાધમો, આ સૃષ્ટિની અંદર ભગવદ્‌શક્તિથી જીવવાવાળા, ભગવદ્‌શક્તિથી ખાવાવાળા, ભગવદ્‌શક્તિથી ખાધેલું અન્ન પચાવવાવાળા પણ ભગવાનને ન માનવાવાળા, ભગવાનની દૈવી સંસ્કૃતિને લાત મારી જડવાદી—ભોગવાદી સંસ્કૃતિ અપનાવવાળા નરાધમોને, રાક્ષસોને, હરામખોરોને આ જગતમાંથી દૂર કરવા માટે એ મહાન અવતારો થયા. અને રામ ભગવાને પણ તે કામ કર્યું.

આટલું જ નહીં, પણ લોકશાસન રામે આખા માનવ સમાજને પોતાના જીવનથી ભણાવ્યું છે. રામે પુસ્તક નથી લખ્યું; પણ રામનું ચરિત્ર જ એવી રીતનું છે કે, જેનાથી

લોકોને શિક્ષણ મળે. પુસ્તક લખવું તે કરતાં સ્વચરિત્રથી બીજાને કાંઈક આપવું એ જ દિવ્ય વાત છે. રામ આવી રીતનું જીવ્યા છે. રામે આવી રીતનાં કર્મો કર્યાં. રામનાં કામો જુઓ. એનું જીવન વાંચો, વિચાર કરો, મનન કરો, અભ્યાસ કરો, તો તમે ડાહ્યા બની જશો. આવી રીતનો રામ જેવો લોકશિક્ષક, મહાન અધ્યાપક બીજો કોઈ નહીં હોય.

માનવી સભ્યતા, માનવી ગૌરવ, દૈવી અને સાંસ્કૃતિક જીવનનો મહાન પ્રમુખ અધ્યાપક કોઈ હોય તો તે રામચંદ્ર છે. આ સૃષ્ટિની અંદર એ રામ સૂર્ય જેવો મહાન ચારિત્રવાન, મહાન દૈવી જીવન જીવવાવાળો હતો. પ્રત્યેકના જીવનમાં ભળી જઈ તેમના જેવું જીવન જીવી દેખાડવાની શક્તિ તમને ભાગ્યે જ કોઈ ઠેકાણે જોવા મળશે. આવી રીતનો આ લોકશિક્ષણ આપવાવાળો રામનો વિચાર આપણે કરતા હતા. અને તે વિચાર આપણે ઘણી દૃષ્ટિથી કરી શકીએ; પણ આ એક સાંસ્કૃતિક દૃષ્ટિથી જોવાનું હોવાથી બીજી દૃષ્ટિ આજે આપણે લઈ શકતા નથી. એ રામચરિત્ર આપણે શુક્રવારે પૂરું કર્યું.

આજે આ રામચરિત્ર વાંચીએ છીએ એટલે તેના સંબંધમાં જે કેટલીક દંતકથાઓ આપણા મગજમાં આવે છે તેનો થોડોક વિચાર કરવાનો છે: કોઈ કોઈ વખત શું થાય છે? આપણે પ્રેમને વશ થઈને, પ્રેમને આધીન થઈને, કાંઈનું કાંઈ ભળતું જ બોલવા બેસીએ છીએ, અને ભળતું કહેવા લાગીએ છીએ, એટલે લોકોના મગજમાં એ વાત ઊતરતી નથી. તમારો પ્રેમ સમજવા લોકો આટલા તૈયાર નથી અને પછી ગોટાળો થઈ જાય છે અને જે નિષ્ઠા છે તે નિષ્ઠા ઘટી જાય છે.

દશરથ સાઠ હજાર વર્ષ સુધી જીવ્યા હતા. આવી

રીતનું કહ્યા પછી માણુસને એમ લાગે કે, એ ભયાનક રાક્ષસનું વર્ણન હશે. સાઠ હજાર વર્ષ સુધી શું માણુસ જીવે ? જીવી શકે ખરો ? અને એમનું સાઠ હજારમું વર્ષ પૂરું થયું ત્યારે રામનો જન્મ થયો. આવી રીતનું આ અદ્‌ભુત રામાયણ છે. બીજાં ઘણાં રામાયણ છે. રામાયણ પર કેટલા ગ્રંથો લખાયા છે ! અઢાર તો રામાયણ લખાયાં છે. આનંદ રામાયણ એ વળી જુદું રામાયણ અને એવાં એવાં જુદાં જુદાં રામાયણોમાં અધ્યાત્મ રામાયણ પણ છે, અદ્‌ભુત રામાયણ પણ છે અને એમાં અદ્‌ભુતતા દેખાડી છે. આવી રીતનું ઘણાં રામાયણોનું છે. આની અંદર જે દંતકથાઓ છે, તે દંતકથાઓનો પણ થોડાઘણો વિચાર કરવો જોઈએ, નહીં તો રામકથા જલદી મગજમાં બેસે નહીં.

આ દંતકથામાં પહેલી એક વાત કે, ઘણા લોકો આપણને આવી રીતનું સમજાવે છે કે, આ જે રામકથા લખવામાં આવી છે તે વાલ્મીકિએ લખી છે. અને તે વાલ્મીકિની એક કલ્પના છે. અને તે કાલ્પનિક હોવાથી રામાયણમાં રહેલા રામનું ચરિત્ર આદર્શ કેવી રીતનું માનવાનું ? વાલ્મીકિએ તો ફક્ત આદર્શચરિત્ર માણુસ કેવી રીતનો રહે એ ચિત્ર (Picture) ચીતર્યું છે. વાલ્મીકિએ આદર્શ માણુસ કયા રૂપનો, કેવો રીતનો હશે તે સમજાવવા માટે આ બધું લખાણ લખ્યું છે. આ એક કાલ્પનિક લખાણ છે; પણ તેમાં કવિની કુશળતા છે. કવિની દિવ્યતા છે.

પણ આ સત્ય નથી. ઝેરી જંતુ (Poisonous Germs) છોડવા હોય તો તે અન્નમાંથી છોડવાના હોય, ઝેર કોઈને ખવડાવવાનું હોય તો તે જલેબીમાંથી ખવડાવવાનું હોય છે. તમને તમારો રામ ખોટો છે તે જો કહેવાનું હોય તો જલેબી

ખવડાવી પછી અંદર એક જંતુ (Germ) મૂકી દેવાનો અને કહેવાનું, વાલ્મીકિની કલમ બહુ સુંદર છે. વાલ્મીકિનું કૌશલ્ય બહુ સરસ છે. વાલ્મીકિએ બહુ સારી કલ્પના ચીતરી છે. અને આદર્શ માનવ કેવી રીતનો રહેવો જોઈએ એ વાલ્મીકિની કલ્પના છે. પણ આ ઐતિહાસિક ઘટના નથી. ભારત દેશમાં પાકેલું આ રત્ન નથી.

અહીં વાલ્મીકિની કુશળતાનો પ્રશ્ન નથી. વાલ્મીકિની કુશળતા માટે વાલ્મીકિને પ્રમાણપત્ર (Certificate) આપવાની તમને જરૂર નહીં, અને તેને પણ તે જોઈતું નથી. આ એક ઐતિહાસિક ઘટનાની સત્યતાનો પ્રશ્ન છે. રામાયણ કેટલું સુંદર છે, અને વાલ્મીકિએ કેટલું સુંદર રીતે ગાયું છે, આનો આ સવાલ નથી, તો તે સત્ય છે કે નહીં, અને ઐતિહાસિક છે કે નહીં આનો આ સવાલ છે.

જ્યારે સત્યતાનો સવાલ નીકળે ત્યારે વિચાર કરવાનો પ્રશ્ન આવે છે. વાલ્મીકિ રામાયણ એ સત્ય બની ગયેલી ઘટના છે. શું કારણ એનું? વાલ્મીકિ રામાયણમાં તે માટેનાં ઘણાં દૃષ્ટાંતો આપી શકાય, પણ તે તો આપીને ચાલે નહીં ને! કેમ કે બધું કલ્પિત જ લખેલું હોય તો તેનો આધાર લઈને કેમ ચાલે? જે ઠેકાણે એ માન્યતા પકડી બેઠા કે, વાલ્મીકિ રામાયણ કલ્પિત છે અને અમારામાંના મોટા મોટા સાત્ત્વિક વિચારના માણસો પણ આ કલ્પનાને સ્વાધીન થયેલા છે, ત્યાં રામાયણનો આધાર કેમ લેવાય? આ તો આના જેવી શંકા કાઢવાની થઈ કે, શિવાજી હતો કે નહીં? એના માટે શંકા જ છે. અને તમારા પરદાદા હતા કે નહીં? તેના માટે પણ શંકા જ છે. તેથી જે જગતમાં નથી તેના કોઈને માટે પણ શંકા લઈ શકાય એમાં શું છે? ત્યારે ઐતિ-

હાસિક સત્યતા છે કે નહિ, આનો જ્યારે વિચાર કરવાનો આવે ત્યારે રામાયણનો પુરાવો આપણે લઈ શકતા નથી; કેમ કે રામાયણ જ શંકાસ્પદ છે તો તેનો પુરાવો કેમ લઈ શકાય? પણ થોડી જુદી દૃષ્ટિથી વિચાર કરીશું, તો સમજાશે કે, રામાયણ એ સત્ય ઘટના છે. રામાયણમાં વર્ણન કરેલા જે દેશો છે, તે દેશો સત્ય દેશો છે. અંગ, કલિંગ, બંગ, અયોધ્યા, પંચવટી, નાસિક આ દેશો; ગંગા, સરયૂ, યમુના આ બધી નદીઓ—આનું વર્ણન રામાયણમાં છે અને આ બધું સત્ય દેશોનું વર્ણન છે. અંગ્રેજીમાં એક પુસ્તક છે. તમારા ધ્યાનમાં હશે તો તમે વાંચ્યું પણ હશે. ગુલીવરનો વૃત્તાંત છે તેમાં Guliver goes to Liliput તેમાં ગુલીવર ઠેકઠેકાણેના દેશોમાં જાય છે. અને તેના પ્રવાસનું વર્ણન છે, ઠેકઠેકાણેના દેશોનું વર્ણન છે અને તે દેશોનું વર્ણન કરતાં કરતાં લોકોના ગુણદોષની ચર્ચા કરવામાં આવી છે. આ પુસ્તક તદ્દન કાલ્પનિક છે. એમાંનો એક પણ દેશ તમને આ પૃથ્વીતળ પર જડતો નથી. આવી રીતનું રામાયણ નથી. રામાયણમાંનો પ્રત્યેક દેશ અને લખેલો પ્રત્યેક પ્રાંત તમને જોવા મળે છે. તમને આ જડતો રહ્યો છે, અર્થાત્ તેથી આ સત્ય માનવું જોઈએ.

પણ શાસ્ત્રીજી! આટલા પરથી જ તે કાંઈ સત્ય થાય? એમ તો આવતી કાલે હું એક સરસ નવલકથા લખવા બેસું અને સત્ય દેશોનાં નામ લખું; ફોગટલાલ અને કોઈ મેનાવતી—એમનાં પ્રેમ-લગ્ન લખવા બેસું! તો મારી એ નવલકથામાં સત્ય દેશોનાં નામો લઈ શકીશ કે, એ લોકો મુંબઈમાં રહેતા હતા. મરીનડ્રાઈવ ઉપર બંગલો હતો અને વેવાઈનો બંગલો પૂનામાં ડેક્કન જીમખાના પર હતો. આ

બધું વર્ણન કરી શકાય. ન કરી શકાય ? દેશો સાચા લઈને કાલ્પનિક પાત્રો ચીતરીને પણ ચિત્રણ થઈ શકે. ન થઈ શકે ? ત્યારે તેની અંદરના દેશો સાચા છે તેથી લખાણ ઐતિહાસિક હોવું જોઈએ આ કલ્પના કાંઈ બરાબર નથી; કેમ કે કાલ્પનિક ચિત્રણની અંદર પણ સાચા દેશો રહી શકે.

કબૂલ, પણ કાલ્પનિક ચિત્રણની અંદર રહેલા જે દેશો છે તે સાચા રહીને તેમાં પાવિત્ર્ય નિર્માણ થશે નહીં અને નિર્માણ થયેલું પાવિત્ર્ય ટકશે નહીં; પણ રામાયણમાં રહેલા તે તે દેશોનું–અયોધ્યાનું, તેવી જ રીતનું પાવિત્ર્ય પંચવટી–નાસિકનું તેવી જ રીતનું પાવિત્ર્ય ગંગાનું, તેવી જ રીતનું પાવિત્ર્ય હજારો વર્ષથી કાયમ ટકયું છે; અને હજુ પણ છે. તેનો અર્થ એ કે, તે કાલ્પનિક ચરિત્રોના દેશો હોત, તો તેનું પાવિત્ર્ય આટલાં વર્ષો સુધી ટકત નહીં.

બીજી વાત એ કે, કાલ્પનિક ચરિત્રો હોત તો તેનો જન્મ પણ મનાત નહીં (કાલ્પનિક પાત્રમાં બધા જ ગુણો કલ્પી શકાય). નવલકથામાં આવી ગયેલ જે ગુણવંતરાયભાઈ સર્વગુણસંપન્ન હશે તોપણ તેનો કાંઈ જન્મોત્સવ ઉજવાતો નથી. જયંતી થઈ ગયેલા મહાપુરુષોની થાય છે. જ્યાં સુધી રામજયંતી થતી રહી છે, જ્યાં સુધી ચૈત્ર સુદ ૯ ને દિવસે કેટલાક ગાંડાઓ ઉપવાસ કરતા રહ્યા છે, ત્યાં સુધી જગતમાં આ સત્ય ઘટના તમારે માનવી જોઈએ. નહીં તો તે કાલ્પનિક ચરિત્રો આ આટલાં વર્ષો સુધી ટકે નહીં. જવા દો આ વાત. પહેલી વાત એ કે, જૂના વાઙ્મયની ઐતિહાસિકતા માટે આટલી ચર્ચા કરવાનું કારણ નથી. પાંચ પાંચ હજાર વર્ષ સુધી જે વાઙ્મય ટકી રહ્યું, તેના નાયકો બધા કાલ્પનિક છે એમ માનવું એટલે શિવાજી

કાલ્પનિક છે એમ માનવું, ફ્લાણું કાલ્પનિક છે એમ માનવું થયું. તમારી આંખની પાછળ થયુ, એ બધું કાલ્પનિક માનવું. આ બૌદ્ધિક દેવાળાની (Bankruptcy) વાત છે. ઇતિહાસ નામનું તત્ત્વ માન્ય કર્યા પછી ભૂતકાળની થઈ ગયેલી ઘટનાઓ તમે કાલ્પનિક માની શકતા નથી, પણ છતાં જો યુક્તિથી કહેવાનું હશે તો આ દેશો હજુ છે. તે દેશો તેટલા જ પવિત્ર મનાય છે. આટલું જ નહીં પણ તેના જે કથાનાયક છે તે કથાનાયકની જયંતી દેશમાં હજારો માણસો હજારો વર્ષથી ઊજવતા રહ્યા છે, અર્થાત્ તે ઘટના કાલ્પનિક હશે આવી રીતનું નહીં, તો તે તદ્દન સત્ય ઘટના છે.

આપણને આ શંકા છે, પણ મહાભારત કાળમાં આ શંકા ન હતી. રામાયણ એ ઐતિહાસિક વાત છે. આનું કારણ મહાભારતની લડાઈમાં બૃહદ્બલ કરીને રામવંશનો ૨૯મો પુરુષ લડવા આવ્યો હતો. આવી રીતની ઐતિહાસિક વાત છે. અર્થાત્ રામચરિત્ર મહાભારત કરતાં પહેલું થયું છે અને મહાભારતમાં તેનો દાખલો આપવામાં આવ્યો છે, તે તો ઐતિહાસિક માનવો જોઈએ.

મહાભારતમાં જે વખતે ભૂરિશ્રવા અને સાત્યકિ એ બેની લડાઈ શરૂ થઈ હતી તે વખતે એ લડાઈમાં જે કોયડો નિર્માણ થયો તે વખતે વાલ્મીકિ રામાયણનો આધાર લઈ તેમને સમજાવવામાં આવ્યું કે, લડાઈ આવી આવી રીતની હોય છે. એટલે મહાભારત કાળમાં પણ વાલ્મીકિ રામાયણનું મહત્ત્વ ઐતિહાસિક આધારભૂત ગ્રંથ તરીકે હતું. એક કાલ્પનિક નવલકથા તરીકે ન હતું.

દ્રોણપર્વમાં આ લખાણ છે. ભૂરિશ્રવા અને સાત્યકિનું

તે લખાણ અને તે ઠેકાણેનો વાલ્મીકિ રામાયણનો જે ઉલ્લેખ (Reference) આપવામાં આવ્યો છે તે અમારા વેબર સાહેબને જડ્યો નહીં. વેબર સાહેબે બહુ મોટો અભ્યાસ કર્યો છે. તેમના અભ્યાસ માટે કૌતુક કરવા જેવું છે. ખરેખર કૌતુક કરવા જેવું છે. ક્યાં તમારી એ સંસ્કૃત ભાષા વાંચવી અને તેનો અભ્યાસ કરવો! પણ આ વેબર સાહેબે આવી રીતનો સિદ્ધાંત કાઢ્યો કે, રામાયણ મહાભારત પછીનું લખાયું છે. તમે ક્યાંય સાંભળ્યું નહીં હોય પણ ઐતિહાસિક દૃષ્ટિથી સંશોધન કરવાવાળા લોકોને તેની ખબર હશે; પણ આ વેબર સાહેબનો સિદ્ધાંત પણ તદ્દન પાયા વગરનો છે. વેબર સાહેબ કહે છે કે, રામાયણ જેવો પ્રભાવશાળી ગ્રંથ મહાભારત પહેલાં થયો હોત તો મહાભારતમાં એકાદ ઠેકાણે તો તેનો ઉલ્લેખ (Reference) હોવો જોઈતો હતો. પણ તે કોઈ ઠેકાણે નથી. પણ મને એમ લાગે છે કે, વેબર સાહેબને આ જે ઉલ્લેખ (Reference) દેખાડીએ અને આવી રીતના બીજા બે ચાર ઉલ્લેખ (Reference) દેખાડી શકાય તો વેબર સાહેબ પોતાનું વચન પાછું ખેંચી લેશે. રામાયણ એક ઐતિહાસિક ઘટના છે, સત્ય ઘટના છે. રામ એ થઈ ગયેલા છે અને તેવી રીતનું રામરાજ્ય બની ગયું છે, એ કાલ્પનિક છે આવી રીતનું નહીં. Higher phase of Communism સમજાવવામાં આવે છે, આવી રીતનો માણસ, આવી આવી રીતની Community-માં રહે છે કે, જે કોઈ સૃષ્ટિમાં, કોઈ દેશમાં, કોઈ કાળે, કોઈ દેશમાં થયેલો નહીં. અને આગળ થવાનો નહીં એનું નામ Higher phase of communism, એ Higher phase of communismમાં સમજાવવામાં આવે છે તેવી

રીતની માનવજાતિની એક ઉચ્ચ રીતની વિચારસરણીની કલ્પના ફક્ત રામાયણમાં સમજાવવામાં આવી છે, પણ આવી રીતનું તે નથી, તો રામાયણ તે વસ્તુસ્થિતિ છે—સત્ય ઘટના છે.

હવે બીજી વાત, આવી રીતની કે જે માણસો ઉચ્ચ થયા—ઉચ્ચ ગુણોથી સંપન્ન થયા, તે માણસો ઉચ્ચ ગુણો મેળવવા માટે કાંઈ તપશ્ચર્યા કરે છે. આ કલ્પના માનવી મગજમાં બેસતી નથી તેથી માનવ તુરત જ તેને ચમત્કારનું રૂપ આપી દે છે. રામાયણમાં ઘણે ઠેકાણે આવી રીતનું થઈ ગયું છે. ઘણે ઠેકાણે ચમત્કારનું રૂપ આપી દીધું છે. તે પ્રેમથી આપી દીધું છે તેથી અદ્‌ભુત રામાયણ અને આવી રીતનાં બીજાં રામાયણો વાંચ્યા પછી આપણને આવી રીતનું જોવા મળે છે. પ્રેમથી આવી રીતનાં રૂપો આપવામાં આવે કે જેને ઐતિહાસિક સત્ય ન કહી શકાય. વાલ્મીકિ રામાયણમાં સત્ય ઘટના આપી છે. ઉચ્ચ ગુણોથી સંપન્ન માણસ થયો કે તે તપશ્ચર્યાના લીધે ઉચ્ચ ગુણોથી સંપન્ન થયો છે એમ જ તમારે માનવું જોઈએ. ચમત્કારથી થયો છે એમ તમારે માનવાનું કારણ નથી. પણ માણસને ચમત્કાર જોઈએ. અરે ! ભલભલા ચમત્કારના નાદમાં પડ્યા છે. પોતાને ભણેલો સમજવાવાળા પણ ચમત્કારના નાદમાં પડેલા છે, પણ તેમને સૃષ્ટિ એ ચમત્કાર લાગતી નથી. બીજમાંથી થયેલું ઝાડ તે એમને ચમત્કાર લાગતું નથી. તેને ફક્ત મૂઠી બંધ કરી રૂપિયો કાઢે, આ જાદુગર એટલે ચમત્કાર લાગે છે. આવી રીતના ચમત્કારના નાદમાં પડેલા ઘણા લોકો સૃષ્ટિમાં છે. ઊલટું હું એમ કહું કે, અભણ માણસો કરતાં ભણેલા જ આ ચમત્કારના વધુ નાદમાં છે. ત્યારે ઉચ્ચ ગુણોથી એકાદ વ્યક્તિ સંપન્ન થઈ કે તે વ્યક્તિ તપ-

શ્ર્યાથી ઉચ્ચ થઈ છે. આમ માનવાની પદ્ધતિ જ્યારે ચાલી જાય ત્યારે તેમાં ચમત્કાર મૂકી દેવામાં આવે. આવી રીતના ચમત્કારો ઠેકઠેકાણે ઘણા સમજાવવામાં આવે છે.

વાલ્મીકિ મહાન પુરુષ હતા, અને તે વાલ્મીકિએ રામાયણ, રામાયણ થતાં પહેલું લખ્યું. અને ત્યાર પછી રામ થયા. વાલ્મીકિ કેટલો મોટો! પહેલું રામાયણ લખવામાં આવ્યું અને ત્યાર પછી રામ થયા. દેશદેશાંતરના લોકો કહે કે, આ જ્યોતિષબાવો વળી કોણ? રામના જન્મ્યા પહેલાં રામાયણ લખ્યું! અને વાલ્મીકિએ જેવી રીતનું લખ્યું તેવી રીતનું રામ આચરણ કરતો ગયો. આમ આપણામાં એક લોકવાયકા છે. આ લોકવાયકાને કોઈ કોઈ સંસ્કૃત ગ્રંથોનો પણ આધાર છે; પરંતુ આધારભૂત ઐતિહાસિક ઘટના ઉપરથી વાલ્મીકિ રામાયણ સત્ય ઘટના છે એમ માનવામાં આવે છે. તેની અંદર એવો કોઈ ઉલ્લેખ નથી, ઊલટું રામાયણ રામના જન્મ પછી બહુ મોડું લખાયું છે. નારદે આવી રીતનો પ્રશ્ન પૂછ્યો:

कोन्वस्मिन् सांप्रतं लोके गुणवान् कश्च वीर्यवान्।

નારદ અને વાલ્મીકિ ભેગા થયા હતા ત્યારે ચર્ચા ચાલતી હતી કે कोन्वस्मिन् सांप्रतं लोके गुणवान् कश्च वीर्यवान्–આ લોકમાં ગુણવાન, આ દેશમાં વીર્યવાન કોણ? કેવી રીતનો રાજા હોવો જોઈએ? દિવ્ય રાજા કેવી રીતનો હોય? દિવ્ય રાજાનું કોણ વર્ણન કરે છે? એની ચર્ચા જ્યારે ચાલતી રહી છે ત્યારે રામનું વર્ણન આવતું રહ્યું છે. ત્યારે આવી રીતના રામનું વર્ણન ચીતરી રાખવું જોઈએ. લખી રાખવું જોઈએ, કે વર્ષોનાં વર્ષો પછી પણ લોકોને બતાવી શકાય કે, આવી રીતનું જીવન જીવી શકાય છે. આ

કલ્પનાથી વાલ્મીકિ રામાયણ લખવા પ્રેરાયા છે. અને આ મધુર રામાયણ લખ્યું છે. રામે માનવી જીવન માટે કરેલો જે અતિશય અવિશ્રાંત પરિશ્રમ છે, તે જોઈને તપઃસ્વાધ્યાય-નિરત આવી રીતના નિઃસ્વાર્થ, અનપેક્ષ, પ્રાતઃસ્મરણીય વાલ્મીકિ રામના ચરિત્રથી મોહિત થઈ રામાયણ લખવા પ્રેરાયા છે. વાલ્મીકિ રામાયણ તો લવકુશના જન્મ પછી લખાયું છે. લવકુશનો જન્મ થયા પછી વાલ્મીકિના મગજ-માં આ વિચારો આવ્યા કે, આપણે સરસ અને સુંદર રામ-ચરિત્ર નિર્માણ કરીશું, તે રામચરિત્ર છોકરાઓને ભણાવીશું.

कूजन्तं रामरामेति मधुरं मधुराक्षरम् ।
आरुह्य कविताशाखां वन्दे वाल्मिकीकोकिलम् ॥

વાલ્મીકિને એમ લાગ્યું કે, આપણે આ જે રામ રામની મધુર મધુરિમા છે, તેના જીવનની, તેના રાજ-કારણની, તેના સમાજકારણની, તેની કૌટુંબિક નીતિની આ મધુરિમા તે આપણે ગાઈશું. છોકરાંને ભણાવીશું અને લવ-કુશ જઈને રામને કાને મૂકશે કે, તારી આવી રીતની ધવલ કીર્તિ છે–આવી રીતની ધવલ કીર્તિવાળો તું છે. એમ છોકરાઓ બાપના કાને એ મૂકે. આ એક ઇચ્છાથી અને તે ચિરંતન વાઙ્મય ટકે અને ભવિષ્યના માનવીને માર્ગદર્શક બને તે હેતુથી તેણે રામાયણ લખ્યું.

રામાયણમાં રામનું વર્ણન ગાઈને વાલ્મીકિને કાંઈ પૈસા મેળવવાના ન હતા, કાં તો વર્ષાસન મેળવવાનું ન હતું, પણ એ વાઙ્મય ટકે કે જે વાઙ્મયથી માણસોને પોતાનું જીવન એટલે શું તે સમજાય અને લોકોની સાંસ્કૃતિક નિષ્ઠા રહે એટલા માટે પાછળથી તેમણે તે લખ્યું છે.

અદ્‌ભુત રામાયણ ઇત્યાદિમાં આ જે વાર્તાઓ છે તેને ઐતિહાસિક ટેકો નથી. એ લવકુશ પછી રામ સાથે ઝઘડ્યા, રામ લડવા આવ્યા અને લવકુશે બધા સૈન્યને ફડ ફડ ફડ દઈને મારી નાખ્યું. એક લવ ઊભો, તેણે હજારો માણસોના સૈન્ય ઉપર એક બાણ છોડ્યું અને બધા ખલાસ! એ ફક્ત સિનેમામાં થઈ શકે અને પછી જે કથાકાર હોય તે લાંબો હાથ કરીને કહે કે, પછી હનુમાનજી આવ્યા, અને છોકરાઓ પછી સાંભળતા રહે. વાલ્મીકિ રામાયણ કોઈને ગમે નહીં. પણ આ અદ્‌ભુત રામાયણ બધાને ગમે. પછી હનુમાનજી આવ્યા, અને હનુમાનજીએ આવતાં જ કહ્યું, 'તમે બચ્ચા છો, તમને આખા ને આખા ખાઈ જઈશ.' પછી લવ કહે, 'જા જા, તું વાંદરો! તું મને શું કરશે?' વાંદરો બોલતાં જ હનુમાન ચિડાઈ ગયા અને હનુમાન અને લવની જે લડાઈ છે તેના ઉપર કથાકાર ત્રણ દિવસ કથા કરે અને લોકોની તાળીઓનો ગડગડાટ....લોકો હસે અને પૂછે, પછી તેનું શું થયું? પછી લવે તેનું પૂંછડું પકડ્યું. અને પૂંછડું ઝાડની સાથે બાંધી ઝાડ સાથે ટાંગી રાખ્યા, નીચે માથું અને ઉપર પગ. આવી રીતના હનુમાનને ટાંગી રાખેલા જોઈને સીતામાતાને બહુ દુઃખ થયું. પછી સીતામાતા આવે છે. તેમણે કહ્યું, 'મારા ધણીનો પહેલો સંદેશો લઈ આવનાર વ્યક્તિની તમે આ દશા કરી નાખી? અરે છોકરાઓ! છોડો, છોડો એને.' અને એમાં સરસ રંગ પૂર્યા એટલે બહુ સરસ લાગે. પણ વસ્તુસ્થિતિ આવી રીતની નથી.

ઐતિહાસિક ઘટના આવી રીતની છે કે, જ્યારે રાજસૂય યજ્ઞનો સમય આવ્યો ત્યારે નક્કી કર્યા મુજબ વાલ્મીકિ

અયોધ્યા ગયા. પણ પહેલાં રામના દરબારમાં ગયા નહીં. પણ ગામમાં ફરતા રહીને આ બે છોકરાઓના મોઢેથી રામચરિત ગવરાવે છે. વાલ્મીકિની કલમ, બોલવાવાળા લવ-કુશ અને સવારનો પ્રહર! લોકો બધા જાગતા ઊઠે ને કહે આ કોનું વર્ણન છે? અયોધ્યાનું વર્ણન! અયોધ્યા-વાસીઓનું વર્ણન! રામનું વર્ણન! ફૂલાણું વર્ણન! અને આ રીતે ફરતાં ફરતાં રામને કાને તેની કીર્તિ જાય છે, કે આવી રીતનું મહાન કાવ્ય છે કે, જે પ્રાસાદિક છે. વાલ્મીકિ રામાયણ ખરેખર પ્રાસાદિક છે. તે સમજે એને તો દિવ્યાનંદ મળે.

લવ–કુશ આવી રીતનું ગાતા હતા ત્યારે લોકો બધા ખુશ થઈ ગયા અને રામના કાને તે વાત પહોંચી કે આવી આવી રીતના બે છોકરાઓ આવ્યા છે અને તે છોકરાઓ રામચરિત્ર ગાતા રહેલા છે. પછી પ્રાચેતસને માનસન્માન આપીને એ લોકો દરબારમાં લઈ જાય છે અને પ્રાચેતસ તે ઠેકાણે ગવડાવે છે. તને ખબર છે કે, આવી રીતનો ધવલ કીર્તિનો તું છે, પણ તારી પત્નીનો તેં આવી રીતનો ત્યાગ કર્યો? તારી તે પત્ની પણ શુદ્ધ છે, પવિત્ર છે. હું તને ખાતરી આપું છું, આખી રાજ્યસભાને હું ખાતરી આપું કે, આવા દૈવી છોકરાઓ જેના પેટમાં જન્મ્યા છે તેના માટે તમે અકર્મી લોકોએ નિર્ણય લઈ લીધો અને રાજાને આવી રીતનો નિર્ણય લેવાની ફરજ પાડી. પછી પાછી સીતાને નિઃશંક ચારિત્ર્યની માની છે. આવી રીતનું વર્ણન છે.

હવે એ જે રામાયણ લખવામાં આવ્યું તેનો જો આપણે થોડો વિચાર કરીશું તો જણાશે કે શત્રુઘ્ન જ્યારે

લવણાસુરને મારી પાછો ફરતો હતો તે વખતે એક રાત તે પ્રાચેતસના આશ્રમમાં ખાસ રહ્યો હતો. તેની ભાભી તે ઠેકાણે હતી તેથી. એ પૂજ્યભાવથી રહ્યો હતો કે વિજય મેળવીને પાછો આવ્યો છું. ભાભીને પહેલાં નમસ્કાર કરીશું અને પછી મોટા ભાઈને નમસ્કાર કરીશું. આ દૃષ્ટિથી લવણાસુરને મારીને આવેલો શત્રુઘ્ન જે રાત્રે આશ્રમમાં ઊતર્યો હતો તે જ રાત્રે લવકુશનો જન્મ થયો હતો. ત્યાં સુધી વાલ્મીકિ રામાયણ લખાયું હતું નહીં. વાલ્મીકિના મોઢામાં તેવી રીતના ઉદ્ગારો નહીં. તેવી જ રીતનો ત્યાંથી શત્રુઘ્ન જ્યારે પાછો ગયો હતો તે વખતે થોડુંઘણું લખાણ પણ જો લખાયું હોય તો તેને ખબર તો પડત કે નહીં? અરે! આટલા સરસ રામાયણના બે ચાર શ્લોક પણ બનાવ્યા હોત તો નાહતાં નાહતાં વાલ્મીકિ પોતે પણ બોલી ગયા હોત. અને લખાયું હોત તો આટલું છૂપું રાખવાનું વાલ્મીકિને કારણ શું? તો તે વખતે પણ રામાયણ લખાયું ન હતું. તે માટે બહુ ઐતિહાસિક સંશોધન કરી શકાય એમ છે. કહેવાનું તાત્પર્ય એટલું જ કે, ઉત્તરકાંડની થયેલી ઘટના પછી રામાયણ લખાયેલું છે. તે રામજન્મ કરતાં પહેલું જ લખાયેલું છે, આવી રીતની કલ્પના થાય છે. આનું કારણ રામનું મહત્ત્વ છે. રામાયણનું મહત્ત્વ ને વાલ્મીકિની અફાટ બુદ્ધિનું કૌતુક કરવાને માટે માણસો રામાયણમાં ચમત્કાર મૂકી દે છે.

બીજું, વાલ્મીકિ વાલ્યા કોળી હતો. અને કોળીનો પછી બ્રાહ્મણ થયો છે. વાલ્મીકિ કોળીના બ્રાહ્મણ થયા હતા તેથી જૂના કાળમાં વર્ણાંતર શક્ય છે એમ લોકો કહે છે. અરે! લોકો શું શું બોલતા રહ્યા છે? રાતદિવસ

એ જ જોતા બેઠેલા કે પોલ ક્યાંય જોવા મળે છે! તેથી કહે વર્ણાંતર શક્ય છે. પણ હું ફરીફરીને કહું કે જાગતિક નિયમ (Universal Law) છે કે સ્વસંપાદિત ગુણો (Acquired characters) સંતતિ(Progeny)માં જતા નથી. તેથી વર્ણવ્યવસ્થા માન્યા પછી આ વર્ણાંતર અશક્ય વાત છે. અનુસ્યૂત વંશપરંપરાથી એ નિયમ ચાલતો આવ્યો છે, એ આજના સોશ્યોલોજીનો–એન્થ્રોપોલોજીનો પણ સિદ્ધાંત છે. મારા ગજવામાંનો સિદ્ધાંત કહેતો નથી. જવા દો એ વાત, વાલ્મીકિ કોળી હતો, એમ વાલ્મીકિ રામાયણમાં જોવા મળતું નથી, ઊલટું એ એક સુમતિ નામના બ્રાહ્મણનો છોકરો હતો. પરંતુ ભીલ લોકોની સંગતિ તેને લાગેલી દેખાય છે. પણ પાછળથી તે વિચાર કરવા લાગ્યો કે, હું કોણ? મારું જીવન કેવી રીતનું હોવું જોઈએ? મારું જીવન એટલે બ્રાહ્મણનું જીવન! પછી પાછો તેણે બ્રાહ્મણ લોકોમાં બેસી વેદાભ્યાસ કર્યો છે. અને તપશ્ચર્યા કરીને તે મહાન વિદ્વાન થયો છે. તેના માંટે ઘણા બધા દાખલા આપી શકાય કે વાલ્મીકિ જન્મના કોળી નહીં પણ બ્રાહ્મણ હતા.

तपःस्वाध्यायनिरतं तपस्वी वाग्विदांवरम् ।
नारदं परिपप्रच्छ वाल्मीकिर्मुनिपुंगवम् ॥

ઇત્યાદિક વિશેષણો નારદજીએ આપ્યાં છે. તપશ્ચર્યા કરવાવાળા શુદ્રકનો જે કાળમાં વધ થાય છે તે કાળમાં તપશ્ચર્યા કરીને આ વિશેષણો વાલ્મીકિ મેળવે તે સંભવતું નથી.

વાલ્મીકિએ પોતે જ એક ઠેકાણે પોતાના બારામાં એક વખત ઉલ્લેખ કર્યો છે:

*प्राचेतसोऽहं दशमः पुत्रो राघवनंदन ।*

વળી આવી રીતની માન્યતા આવશે કે આ ઉલ્લેખો

કર્યા તે સમયે તે બ્રાહ્મણ થયો હશે; પણ પહેલાં એ સેંકડો લોકોને મારવાવાળો બહારવટિયો હતો. પરંતુ એ સત્ય નથી. સીતાશુદ્ધિના સમયમાં સેંકડો લોકોની વચ્ચે દરબારમાં છાતી ઠોકીને નીડર અંતઃકરણથી જે ઉદ્‌ગારો કાઢ્યા છે તે બહારવટિયો–લૂંટારો હોય તો તે બોલી શકશે ખરો ?

मनसा कर्मणा वाचा भूतपूर्वे न किल्बिषम् ।
तस्याहं फलमश्नामि अपापा मैथिली यदि ॥

બીજી વાત રાવણની બંદીશાળા: રાવણના કેદખાનામાં દેવો હતા આવી રીતનું વર્ણન છે. રાવણના કેદખાનામાં ચંદ્ર, ઇંદ્ર, વાયુ, એ બધા દેવો હોત તો નૈસર્ગિક તે જેલખાનાનું વર્ણન સાંભળવાની તમને ઉત્સુકતા થાત કે નહીં? આપણા દેશના દેશભક્તો જેલખાનામાં ગયા પછી એ લોકોએ જેલખાનાનું જે વર્ણન લખ્યું છે તે આપણે પ્રેમથી વાંચીએ છીએ કે નહીં? તો રાવણના દરબારમાં જેલખાનામાં પડેલા જે દેવો તેનું શું વર્ણન છે તે આપણને વાંચવાનું મન થાય કે નહીં? પણ આ હેતુથી તમે વાલ્મીકિ રામાયણ ખોલશો તો તમને તે વાંચવા મળશે નહીં. તે ઐતિહાસિક ઘટના નથી. ઊલટું, દેવો તેના બંદીખાનામાં રહી શકતા નથી, આવી રીતનું વર્ણન છે. સીતાને રાવણ જ્યારે પોતાનું પૌરુષ કહે છે તે વખત તેણે કહ્યું છે, અરે! તું મારી જોડે પરણ. આનું કારણ તને ખબર છે? અરે, વાયુ, સૂર્ય, ચંદ્ર એમાંની કોઈ શક્તિ મારી પાસે આવવા તૈયાર નથી. દેવોને કેદખાનામાં પૂર્યા હોત તો અભિમાનથી ચોક્કસ રાવણ સીતાને તે કહેત, પણ તેવી રીતનું કહેલું નથી. આખા રામાયણમાં તેવી રીતનો ઉલ્લેખ નથી ત્યારે બંદીશાળા એટલે શું? એક રાજા બીજા રાજાઓને

બંદીશાળામાં મૂકે એટલે શું કરે? ખવડાવે નહીં? રહેવા ઘર આપે નહીં? રહેવા ઘર હોય, ખવડાવે પણ ખરા, સૂવાને માટે ખાટલો પણ આપે, પણ આ જે અટકાયત-(Detention)માં રાખેલા લોકો હોય એમના આગળના ઉદ્યોગો બંધ કરી નાખવાના-આનું નામ બંદીશાળા, કોઈ પણ આગળની ચળવળ આ લોકો કરી શકશે નહીં. આવી રીતનું કરવું એનું નામ બંદીશાળા, તેથી તેને ઉદ્દેશીને અંગ્રેજીમાં એક કહેવત છે કે Stone walls cannot make a prison, nor iron bars a cage-પથ્થરની દીવાલ બંદીશાળા બનાવી શકતી નથી અને લોખંડના સળિયા પિંજરું બનાવી શકતા નથી. દેવો જેલમાં હતા નહીં; કેમ કે રામાયણમાં આવી રીતનું જેલખાનું દેખાતું નથી. રાવણ પાસે ફક્ત એક જ જેલખાનું દેખાય છે. અને તે એટલે સુંદર સ્ત્રીઓનું અંતઃપુર; દેશદેશાંતરમાંથી અતિશય સુંદર સ્ત્રીઓ તે ચૂંટીચૂંટીને લાવ્યો હતો. આ રાવણ સ્ત્રીરૂપનો શિકારી હતો અને તે સ્ત્રીઓ જેલખાનામાં હતી એનું માત્ર વર્ણન છે. જનાનખાનું એટલે જેલખાનું, આ દૃષ્ટિથી રામાયણમાં તમને વાંચવા મળશે; પણ કોઈ બીજી બંદીશાળા-જેલ તમને વાંચવા નહીં મળે.

દેવો બંદીશાળામાં કેવી રીતના રહ્યા? બ્રહ્મદેવને કેવી રીતની દમદાટી કરતા હતા? એ બધામાં અદ્ભુતતા આવી ગઈ, અદ્ભુત રામાયણમાં ચંદ્રને કેવી રીતનો પગ નીચે દાટી નાખ્યો હતો? એ પગ નીચે ભરાવી નાખ્યો હતો. અને તે ચંદ્ર ઉપર પગ મૂકીને ચાલતો હતો. આ બધી અદ્ભુતતા છે! મૂળ વાત આવી રીતની કે આ દૈવી જીવો-દૈવી વિચારના લોકોના આગળના ઉદ્યોગો એણે બંધ કરી

નાખ્યા હતા. દૈવી લોકો રાવણની સામે બોલે નહીં, આવી રીતની સ્થિતિ નિર્માણ થઈ હતી. તે વખતે દૈવી વિચારના દેવો રાવણની વિરુદ્ધ મતપ્રચાર કરી શકતા નહીં. તેથી આવી રીતનું લખાયેલું હશે. બાકી દેવો બંદીશાળામાં હતા આવી રીતનો રામાયણમાં ઉલ્લેખ દેખાતો નથી.

ત્રીજી વાત : આ અહલ્યા જે છે તે પથ્થરરૂપે હતી અને રામનો પગ લાગતાં જ માણસ થઈ ગઈ. અહલ્યા પથ્થરની બની ગઈ હતી આ પણ તેમાંની એક અદ્ભુતતા જ છે. વાલ્મીકિ રામાયણ મુજબ અહલ્યાના વર્તન માટે જ્યારે ગૌતમઋષિને શંકા આવી કે એનું વર્તન વ્યભિચરિત છે તે વખતે ગૌતમે ચિડાઈ જઈને કહ્યું. 'જા ખૂણામાં બેસ, પથ્થરની જેમ પડી રહે, વાયુસેવન કરીને તું ચૂપચાપ બેસ, તારી સાથે કોઈ બોલશે નહીં.' એટલે તે ઘરમાંનો ઉપેક્ષિત (Neglected) જીવ છે અને તેને ખૂણામાં બેસાડી દીધી લાગે છે. આખું રામાયણ આપણે વાંચીએ ત્યારે આવી રીતનું લાગે છે. પછી જે વખત રામ–લક્ષ્મણ અને વિશ્વામિત્ર જેવા મહાપુરુષો ત્યાં ગયા હતા ત્યારે ગૌતમને થયું, 'બહુ દિવસ થયા. હવે કેટલા દિવસ તેની જોડે અણબનાવ રાખવાનો? આવા મહાપુરુષો આવે ત્યારે અણબનાવ શોભે કે?' અને જે દિવસે તે મહાપુરુષો ત્યાં આવ્યા તે દિવસે તેણે અહલ્યાને કહ્યું : 'તું પત્ની તરીકે એમનો આદર, આતિથ્ય કર!' ચિડાઈ ગયેલા ગૌતમે શાંત થઈને મહાપુરુષો આપણા ઘેર આવે છે આ આનંદમાં એની પત્નીને ગૃહિણીકર્મ, આદરાતિથ્ય કરવાની અનુજ્ઞા આપેલી દેખાય છે. પથ્થરને પગ લાગ્યો જ નથી, રામ અહલ્યાને પગથી તો અડ્યા જ નથી. ઊલટું, અહલ્યાને નમસ્કાર કરી

તેની તપશ્ચર્યાનું રામે કૌતુક કર્યું છે. આવી રીતનું વાલ્મીકિ રામાયણમાં વર્ણન છે. આવી રીતની ધણીને અંતઃકરણમાં જ્યારે શંકા આવેલી છે ત્યારે ખૂણામાં બેસીને ચૂપચાપ તપશ્ચર્યા કરતી બેઠેલી છે. અને એ તપશ્ચર્યા કરતી બેઠેલી અને ઉપેક્ષિત (Neglected) પ્રાણી તરીકે ગૌતમે છોડી દીધી હતી. તે શાપથી શિલા થઈને પડી હતી અને રામનો પગ અડતાં ઊભી થઈ ગઈ એવું કશું નથી. પણ તેનું વર્તન વ્યભિચરિત હતું કે નહીં? વખતે તે આરોપ હોય તોપણ તેના પર બહુ સંશોધન (Research) થવું જોઈએ.

વૈદિક વાઙ્મય વાંચી 'अहल्यायै जारः इन्द्रः' તેના ઉપરથી તે લીધું હશે, કેમ કે આ ગૌતમના મોઢામાં વ્યભિચાર શબ્દ આવ્યો એટલે આપણા મનમાં શું આવે? આપણા મગજમાં આવી રીતનું બેસી ગયેલું કે વ્યભિચાર એટલે પર પુરુષ જોડે કરેલો કાં તો પરસ્ત્રી જોડે કરેલો સંબંધ. સંસ્કૃત ભાષા વાંચતી વખતે આટલી નાજુક ભાવના રાખીએ તે ન ચાલે. વ્યભિચાર એટલે બીજા ઉપરનું ખેંચાણ હોય તોપણ તે વ્યભિચાર એમ કહેવાય. ગીતા જેવા તત્ત્વજ્ઞાનના ગ્રંથમાં પણ ભગવાન જેવાના મોઢામાંથી પણ સંભળાયું છે કે,

मां च यो व्यभिचारेण भक्तियोगेन सेवते।

ભક્તિમાં વ્યભિચાર ન રાખો એનો અર્થ શું? વ્યભિચાર ન રાખો એટલે ભગવાન કરતાં બીજા કોઈ ઉપર પ્રેમ ન દેખાડો. અને તે હોય તો ભક્તિમાં વ્યભિચાર છે. કાંઈ વ્યભિચારી પ્રાણીઓનું વર્ણન નથી ચાલતું કાં તો વ્યભિચાર ન કરો આવું નથી. અવ્યભિચાર—વ્યભિચાર નહીં. વ્યભિચાર એટલે એક વ્યક્તિ ઉપર પ્રેમ છતાં આકર્ષણ બીજી વ્યક્તિ

ઉપર રાખવું તે. ભગવાન ઉપરનો પ્રેમ પણ રૂપિયા ઉપરનું આકર્ષણ, આ વ્યભિચારી ભક્તિ થઈ. અહલ્યા ઉપર હજી ઐતિહાસિક સંશોધન કરવું જોઈએ. આ અહલ્યા નામની ગૌતમની જે સ્ત્રી હતી તેને અરુણોદય ઘણો ગમતો હશે. નિસર્ગમાં તે તલ્લીન થતી હશે. અને કોઈ વખત ગૌતમ ઋષિને સ્નાનસંધ્યા વગેરે સામગ્રી મળવામાં વિલંબ થયો હોય અને આથી ગૌતમે ચિડાઈને કહ્યું હશે કે તું મારી જરૂરિયાત તરફ લક્ષ ન આપતાં બીજે લક્ષ આપે છે. એટલે તું મારા ઉપર પ્રેમ રાખે છે. પણ તારું આકર્ષણ નિસર્ગ તરફ છે તેથી તારો પ્રેમ વ્યભિચારિણી જેવો છે. એટલે ગૌતમે તેને શાપ આપ્યો, ઉપેક્ષા (Neglect) કરી માટે અહલ્યા ઉપર બહુ જલદી આક્ષેપ કરવાનું કોઈ સાહસ ન કરે. આ સહજ વાત છે પણ આલંકારિક રૂપ આપવામાં આવતાં શુંનું શું થયું ? તેનો પથ્થર થયો ને પગ લાગતાં પાછી અહલ્યા થઈ. અહલ્યા એ શિલા હતી એમ વાલ્મીકિ રામાયણનો સ્પષ્ટ ટેકો નથી.

इह वर्षसहस्राणि बहूनि निवसिष्यसि।
वातभक्षा निराहारा तप्यन्ति भस्मशायिनी॥

બીજો કોઈ આહાર ન કરતાં વાયુ ભક્ષણ કરતી-પીડા સહન કરતી પડી રહેશે—તારું દર્શન કોઈ પ્રાણીને થાય નહીં', દશરથનો પરાક્રમી પુત્ર રામ તારો ઉદ્ધાર કરશે, ત્યારે તેવી જ રીતનું ઉત્તરકાંડમાં પણ—

राघवौ तु तदैतस्याः पादौ जग्राहतुर्मुदा।

તે જ પ્રમાણે સીતાસ્વયંવરની અદ્ભુતતા ભરેલી વાત પણ રામાયણમાં નથી. કથાકારો કથા કરે ત્યારે કહે, અરે!

દશ મોઢાવાળો રાવણ હાથમા શિવધનુષ્ય લઈ પ્રત્યંચા ચડાવવા જતા ચીપાઈ ગયો, તેને મૂર્છા (Faint) આવી અને પડી ગયો. આમ રાવણની મશ્કરી ઉડાવે છે. કથાકારો કથા કરતા રહ્યા છે અને લોકો સાભળતા રહ્યા છે. પણ વાલ્મીકિ રામાયણમાં એવો કોઈ ઉલ્લેખ નથી. એનુ કારણ છે કે, રાવણ જેવા હરામખોરોને બોલાવવા જનક તૈયાર નહીં. સીતા સુદર છોકરી હતી તેથી ઠેકઠેકાણેના રાજાઓએ તેના માટે માગણી કરી હતી, પણ તેના જવાબમા જનકે કહ્યુ હતું કે, જે પુરુષાર્થવાન ક્ષત્રિયનો દીકરો લાગશે તેને જ મારી છોકરી પરણશે.

જનકરાજાને ત્યા યજ્ઞ હતો અને ત્યા આગળ યજ્ઞનુ નિમિત્ત બનાવી રામ–લક્ષ્મણને વિશ્વામિત્ર લઈ ગયા હતા. આ બધુ બ્રાહ્મણોનું કાવતરું છે આ વસિષ્ઠ અને વિશ્વામિત્રે જેટલાં ષડ્યંત્રો રચ્યા છે એટલા કોઈએ નથી રચ્યાં. રામાયણમાથી વસિષ્ઠ–વિશ્વામિત્રને કાઢો તો તે લૂખું થશે.

રસ્તામા વિશ્વામિત્ર રામ–લક્ષ્મણ પાસે જનકના પુરુષાર્થનુ વર્ણન કરે છે. તેનાં મનમા એમ કે જનક જોડે દશરથનો સબધ થઈ જાય તો બે રાજવંશી લોહી (Royal blood) ભેગા થાય. અને એ બે એકત્ર થાય તો દૈવી સંસ્કૃતિનો કેટલો વધુ પ્રચાર થઈ શકે, સસ્કૃતિનુ કેટલુ મોટુ કામ થાય! તેથી રામને કહે, ચાલ તને યજ્ઞ દેખાડુ. આમ કહી રસ્તામા ભાવિ સસરા માટે રામના મનમા પૂજ્યભાવ નિર્માણ કરે છે કે, જનક આમ છે અને જનક તેમ છે, વગેરે કહીને. પછી સીતાનું વર્ણન કરે છે. ટૂંકમા રામને પરણાવવાનુ આ બ્રાહ્મણોનુ એક કાવતરુ જ હતું

રસ્તામા ધનુષ્યની વાત કરે છે. કોઈ તે ઉપાડી શક્યુ

નથી. ખૂબ મોટું છે. અરે! ભલભલા લોકો તે જોઈ ઉપાડી શક્યા નથી. આ રીતે કહી તે ધનુષ્યના કુતૂહલથી રામ-લક્ષ્મણને યજ્ઞમાં લઈ ગયા છે; કારણ કે રામ-લક્ષ્મણ સંસ્કૃતિહીન ન હતા કે છોકરીના વર્ણનના કુતૂહલથી ત્યાં જાય. અને એવા હોત તો આપણે તેને આજે સાંભળવા બેસત નહીં. ત્યારે વિશ્વામિત્રે તેને શિવધનુષ્યનો મોહ દેખાડ્યો છે અને આવી રીતનું કહીને તે ઠેકાણે લઈ ગયા છે. આ તેજસ્વી છોકરાઓની બુદ્ધિમત્તા, તેમનું કર્તૃત્વ, એમના ભણતર માટેનું વિશ્વામિત્રનું સર્ટિફિકેટ જોઈને જનક ખુશ થઈ ગયા છે.

શિવધનુષ્ય રામ ઉપાડે છે તે વખતે સીતાને રામ વિષે પૂછે છે અને એટલામાં જ ધનુષ્ય ઊંચકી રામ તેના ઉપર પ્રત્યંચા ચઢાવે છે. જનકે વિશ્વામિત્રને પૂછયું, કોના કુળનો આ છોકરો છે? તે પૂછતાં જ વિશ્વામિત્ર રઘુકુળનું વર્ણન કરે છે: 'रत्नं समागच्छतु कांचनेन। રત્ન સોનામાં જડાયું'–એવો રામ-સીતાનો સંબંધ બાંધે છે. ધનુષ્ય છાતી ઉપર આવે એવું બધું કર્યું નથી.

લક્ષ્મણે રામ સાથે વનમાં રહી ચૌદ વર્ષ સુધી ખાધું નહીં, પીધું નહીં, ઊંઘ્યો નહીં. રામ શું આવો હતો કે લક્ષ્મણ ન ખાય અને પોતે ખાય, તે શું એટલો હરામખોર હતો કે, આપણી સાથે આવેલો આપણો ભાઈ ખાતો નથી, પીતો નથી અને આ નિરાંતે શીખંડ-પૂરી ખાતો રહ્યો છે? આપણને લક્ષ્મણ બાઘો અને અવિરત રામની સેવા કરતો રહેલો લાગે છે. ખાવું નહીં, પીવું નહીં અને રામના પગ દાબતો બેસી રહ્યો છે; કારણ કે એક એવી માન્યતા છે કે, લક્ષ્મણ શેષનો અવતાર હતો તેથી તે વાયુભક્ષી હતો.

અને રામ એટલે વિષ્ણુનો અવતાર. પરંતુ વાલ્મીકિ રામાયણમાં કોઈ ઠેકાણે લક્ષ્મણ જમતો નથી, એવું લખાણ નથી; ઊલટું, રામ-લક્ષ્મણ શાંતિથી બેસી જમતા રહ્યા છે તેનું વર્ણન છે. ઋષિમુનિઓના આશ્રમમાં આ ત્રણને-રામ, લક્ષ્મણ, સીતાને જમવા ઋષિઓ બોલાવે છે અને આ ત્રણ જમતા હતા ત્યારનું વર્ણન છે. પણ એક ઠેકાણે ગૂંચ (Clew) છે. તેના ઊંધા અર્થમાં પડી જવાય છે. ગુહ અને લક્ષ્મણના સંવાદમાં લક્ષ્મણ ગુહને કહે છે, શું કહું? રામનું કાર્ય એટલું મોટું છે કે, મને ખાવાનું પણ સૂઝતું નથી! અને ઊંઘ પણ નથી આવતી. અને આ ઉપરથી કોઈએ ઘુસાડી દીધું કે, લક્ષ્મણ ચૌદ વર્ષ સુધી ખાધાપીધા વગર સતત ચોકી કરતો અને ઊંઘતો ન હતો. આમ હોય તો રામ પર કોઈને પ્રેમ હોત કે? લક્ષ્મણને ફક્ત એક જ તલસાટ હતો કે, ક્યારે રામનું કામ કરું? અને એ તલસાટમાં એને ખાવાની-ઊંઘવાની પ્રબળ ઇચ્છા ન થતી.

ત્રીજી વાત સેતુબંધની છે. 'રામનામથી પથરા તર્યા.' પણ વાલ્મીકિ રામાયણમાં આવું લખાણ નથી. રામ એટલે ફક્ત દાશરથિ રામ જ શું? અરે, જે રામનામનું ચિરંતન તત્ત્વ છે તે નામ દશરથે પોતાના છોકરાનું પાડ્યું છે. પ્રભુનું નામ લઈ પથરા નહિ તરે એવું તો નથી; પણ વાલ્મીકિ રામાયણમાં ઉલ્લેખ નથી. અરે! ચિરંતન નામે તો પૃથ્વી પણ તરશે. ધ્યાનમાં રામ બોલીએ એટલે દાશરથિ રામ અમારા ધ્યાનમાં નથી આવતો પણ રામ જે अजोऽपि सन्न-व्यात्मा આ રામ ધ્યાનમાં આવે છે. અને તે નામથી તો સૃષ્ટિ પણ તરે. પણ વાલ્મીકિ રામાયણમાં એવો ઉલ્લેખ નથી કે, પાણીમાં પથરા તર્યા હતા. પણ તેમણે પથરાથી

બંધ બાંધ્યાનુ વર્ણન છે. મોટા મોટા પથ્થરો પાણીમ નાખવામા પાણી કેટલું ઊચુ ચડે છે, તે આ લોકો જોતા હતા, તેવું વર્ણન છે.

प्रक्षिप्यमाणैरचलैः सहसा जलमुद्धृतम् ।
समुत्सर्पं चापाशमपासर्पत्ततः पुनः
समुद्रं क्षोभयामासुः निपतंतः समंततः ।

તે વાદરાઓ દરિયામાં પર્વત ફેંકી દેતા હતા ત્યારે પાણી આકાશ સુધી ઊછળી નીચે પડતું હતું. બધી બાજુથી પથ્થર અંદર પડતા હતા અને સમુદ્ર ક્ષુબ્ધ થતો હતો-એમાંના 'निपतन्त:' આ પદથી ડૂબતા હતા એમ જ સિદ્ધ થાય છે.

શાર્દૂલ નામનો રાવણનો સી. આઈ. ડી. (ગુપ્તચર) રાવણ આગળ વર્ણન કરતાં કહે છે કે,

एष शैलशिलाभिस्तु पूरयित्वा महार्णवम् ।
द्वारमावृत्य लंकाया रामस्तिष्ठति सायुध ॥

પથ્થર-પર્વતથી સાગર ભરી કાઢીને-રામ નગરના બારણે ઊભો છે. આ શ્લોકમાં 'પૂરયિત્વા' આ પદાર્થ આ પદથી પથ્થર તર્યા આ અર્થ નથી, પણ ભરી કાઢ્યો એ અર્થ થાય છે.

આ લોકો મોટા પથ્થરોથી સેતુ-બંધ બાંધે છે. અને મોટા મોટા પથ્થરો પાણીમાં નાખવાથી-ઝાડ પાણીમાં નાખવાથી જે અવાજ થતો હતો તેનુ રાવણ પાસે વર્ણન કર્યું છે. આ બંધ હતો. Regular bridge બાંધ્યો લાગે છે

હનુમાનના જન્મ માટે પણ એક માન્યતા છે કે, કૈકેયીને યજ્ઞમા પિંડ મળ્યો હતો અને તે ખાતાં ખાતા રિસાઈ ગયેલી તેથી તે પિંડ અંજના વાંદરી ખાઈ જાય

છે. અને તેથી હનુમાન જન્મે છે. આ ખોટી વાત છે. અંજના નામની ઓછી સંસ્કૃતિવાળી વાનરજાતની સ્ત્રી વાયુ-કુલના પુરુષ સાથે પરણી હતી. તેનો પુત્ર તે હનુમાન. આવી આવી તો કેટલી વાતો કહેતો બેસું! પ્રત્યેક વાત માટે સંશોધન (Research) થવું જોઈએ.

એક વળી એવી માન્યતા છે કે, સીતા અયોનિજ છે. તેને જન્મ નથી. કેટલાક કહે છે તે મંદોદરીની છોકરી હતી. મંદોદરીનો ગર્ભ જંગલમાં પડી ગયો હતો. અને તેની છોકરી એટલે સીતા. રામાયણમાં એમ લખ્યું છે કે, મંદોદરી રાવણને કહે છે, 'આ તારી છોકરી જેવી છે. તેનો ઉપયોગ ન શોભે.' આ વાસ્તવિક લખાણ છે; કારણ કે સીતા પારકી સ્ત્રી હતી. અને રાવણે પોતાની દીકરી તરફ જે દૃષ્ટિ રાખે તેવી દૃષ્ટિ રાખવી જોઈએ. પણ કોઈએ લખી નાખ્યું કે, સીતા મંદોદરીની છોકરી હતી. લોકો પણ કાંઈનો કાંઈ અર્થ લઈ બેઠા છે!

કેટલાક કહે છે કે, જનકને ખેતર ખેડતાં તે મળી હતી. પણ જનક વળી ક્યારે ખેડવા ગયા હતા, એ શંકા જ છે. કેટલાક કહે છે કે, તે પેટીમાં હતી અને એક ખેડૂતને તે મળી હતી. પણ જમીન રાજાની માલિકીની હતી તેથી તે જનકને આપી આવ્યો હતો. પરંતુ વિદેહી જનકનું જીવન જોયા પછી અને સીતાના સદ્‌ગુણો જોયા પછી કહી શકાય કે, સીતા એ જનકની જ ઔરસ સંતતિ છે. જનકના ગુણો તેનામાં છે. સીતા એક મહાન રત્ન—ભારતની સામ્રાજ્ઞી, કેવળ ફક્ત રાજ્યની નહીં, રાજાની રાણી તરીકે નહીં, પણ પોતાના ગુણોથી અનંત કાળ સુધી લોકોના હૃદયમાં પોતાનું સામ્રાજ્ઞીપણું ટકાવી રહી છે, તે

માટે આવી બધા ચર્ચા, તેના જન્મ માટે આટલો વાદ! કોઈ કહે, જન્મી નહીં એટલે અયોનિજ, પણ આ અયોનિજ શબ્દ પણ પરશુરામ અવતારમાં જેમ 'ચિરંજીવ'નો અર્થ કર્યો તેવી જ રીતનો મને લાગે છે. અયોનિજ એટલે જેનાં માબાપનો પત્તો નથી; પણ સીતા કે જે ભારતની સામ્રાજ્ઞી હતી, વિશ્વનું શાસન કરે તેવા ગુણો તેનામાં હતા અને તેને માટે માનવું કે તેનાં માબાપનો પત્તો નથી એ શક્ય નથી લાગતું. વાલ્મીકિ રામાયણમાં જનક સીતા માટે 'આત્મજા' શબ્દ વાપરે છે એટલું જ નહીં, પણ ગર્ગસંહિતામાં યાદવવંશનો ઇતિહાસ વાંચશો તો તેમાં સીતાની બાનું નામ છે. બાકી બીજે કોઈ ઠેકાણે નથી. યાદવવંશની દિવ્ય કન્યા રત્નમાલા નામની છોકરી તે સિરધ્વજને પરણાવી છે—સિરધ્વજ એટલે જનકરાજાને આપી અને તે રત્નમાલાની પુત્રી તે સીતા છે. આવું લખાણ તેમાં છે.

જુદા દષ્ટિકોણથી રામાયણ વાંચવું જોઈએ, તેનો અભ્યાસ કરવો જોઈએ, સંશોધન કરવું જોઈએ. હનુમાનને ઊલટો ટાંગે છે એ બધી વાતો પાંચ છ વર્ષનો બાળક હોય અને સાંભળે ત્યાં સુધી ઠીક છે. પણ ૫૫ વર્ષ પછી પણ તે સાંભળતાં બેઠા છે. પંચાવન વર્ષ પછી તમારામાં કાંઈ ફરક પડ્યો કે નહીં? અદ્‌ભુતતા જ જોવાની હોય તો તમારું શરીર જુઓ. આ શરીરરચનામાં સૃષ્ટિના મહાન કલાકારની અદ્‌ભુતતા દેખાશે. કુદરતમાં બેસો, નિસર્ગની અદ્‌ભુતતા જુઓ. ચંપાનું ફૂલ જુઓ. એમાં અદ્‌ભુતતા જ દેખાશે. પ્રભુનું સર્જન એ અદ્‌ભુતતા જ છે. પણ ઐતિહાસિક સત્ય તરફ એ રીતે ન વાંચવું જોઈએ કે બીજા કોઈને ચાંચ મારવાની જગા રહે, બીજો કોઈ આરોપ મૂકી શકે.

રામાયણ એક ચિરંતન કાવ્ય નથી, પણ ઇતિહાસ પણ છે, ભારતીય સંસ્કૃતિની પરંપરા છે, ભારતીય ગૌરવ છે. ભારતીય સંસ્કૃતિ માટે તત્કાલીન લોકોએ કરેલો પરિશ્રમ છે અને તેમાંના રામ એટલે પૂંજીભૂત પાવિત્ર્ય. રામ એટલે આપણા હૃદયસિંહાસન ઉપર બેઠેલો મહાન પુરુષ. રામ એટલે ચારિત્ર્યનો આદર્શ છે, જીવનનો આદર્શ છે. સર્વ ગુણની પરાકાષ્ઠા છે. રામ ચારિત્ર્યના હિમાલય ઉપર બેઠેલા છે. તેમનું ચારિત્ર્ય સ્વચ્છ અને શુભ્ર છે, સર્વોત્તમ અને સર્વોત્કૃષ્ટ ચારિત્ર્ય છે. દૈવીજીવનની અત્યંત ઉચ્ચ કક્ષાએ જીવવાવાળા, મર્યાદામાં રહી દૈવીજીવન સમજાવવાવાળા, આ સંસ્કૃતિ ટકાવવા માટે અમારામાં અમારા જેવા થઈને રહ્યા છે. અમારા જેવામાં ભળ્યા છે, ફર્યા છે, એવા ભારતીય સંસ્કૃતિની નિષ્ઠા સમજાવવાવાળા રામને શતકોટિ–અનંત પ્રણામ.

રામ એટલે નિર્લોભતાનો આદર્શ છે. ત્રણ ત્રણ રાજ્યો હાથમાં આવ્યા છતાં તેણે છોડી દીધાં છે. સુગ્રીવ તેને કહે છે, ‘ તમે જંગલમાં આવ્યા છો. અહીં મારા મહેલમાં પધારો. ’ પણ સુગ્રીવના State guest તરીકે ન રહેતાં જનસ્થાનની બહાર પર્ણકુટિમાં વસ્યા છે. રામ એટલે રામ ! લોકોના હૃદયને આત્મસાત્ કરેલી મહાન શક્તિ, મહાન વ્યક્તિ એટલે રામ. રામનું વર્ણન કરતાં શબ્દો પાછા ફરે છે, ભાષા પાછી ફરે છે. એને ઉપમા અપાય એમ નથી. છતાં એ આપવાની જ હોય તો ચંદ્રની ઉપમા આપો ! તે શીતળ અને આહ્લાદક છે, તેથી તે રામચંદ્ર છે. આવું રામનું વર્ણન ગાવ અને સતત માથે લઈ નાચો. રામ એ આં હૃદયસિંહાસનના સમ્રાટ છે. ઘણા સમ્રાટો આવ્યા અને ચાલ્યા ગયા, પણ રામનું સિંહાસન કોઈને નથી મળ્યું.

કૃષ્ણ અને રામ કરોડો લોકો ઉપર હજારો વર્ષથી રાજ્ય કરે છે. રામ અને કૃષ્ણ અમારા જીવનના ખરા સમ્રાટ છે. રામ એટલે અમારો સમ્રાટ, અમારો રાજા, અમારો ભગવાન, અમારું સર્વસ્વ એટલે રામ.

રામ અને કૃષ્ણ ઉપર માણસની મક્કમ નિષ્ઠા અને મક્કમ શ્રદ્ધા છે ત્યાં સુધી માણસ ભૌતિકવાદમાં તણાશે નહીં. માણસ સુખલોલુપ નહીં થાય, પણ સુખી જીવન જીવશે. અમે સુખી જીવન જીવવા માગીએ છીએ, પણ અમને સુખલોલુપ જીવન નથી જોઈતું; દુઃખી રહેવાનું હું તમને કહેતો નથી. જનકની જેમ ઠાઠમાઠથી રહો, જનક રાજ્યવૈભવ ભોગવતા હતા, પણ તે લોભી ન હતા, સુખલોલુપ ન હતા.

રામ અને કૃષ્ણ ઉપર લોકોની નિષ્ઠા છે ત્યાં સુધી સાંસ્કૃતિક નિષ્ઠા ટકશે, દૈવી નિષ્ઠા ટકશે, માણસ ઉપર આવશે અને જડવાદ, નિરીશ્વરવાદ, ભોગવાદ, ઉપર આવશે નહીં, તેથી તમારા અંતઃકરણમાંથી રામ અને કૃષ્ણને ખસેડવા આ લોકોએ પદ્ધતિસર પ્રયત્નો કર્યા છે. પણ તમારી નિષ્ઠા જરા પણ ડગુમગુ થઈ તો તમે આ ભોગવાદી જીવનપ્રવાહમાં ઘસડાઈ જવાના. જરા પણ ઢીલા થશો તો તમારા રામ અને કૃષ્ણને તમારા જીવનમાંથી કાઢી નાખશે. જુદી જુદી રીતે ચાલતા રહેલા લોકોના સંશોધનથી તમને જુદા જ પ્રકારનું રામાયણ સાંભળવા મળશે. કદાચ તમને ન મળે તો તમારી આગળની પેઢીને મળશે. તમારે એ રામચરિત્ર સાંભળવું છે? કરોડો રૂપિયા ખરચી Research કરેલું–સંશોધન કરેલું છે. લખાણ તમારા ઘેરઘેર આવવાનું છે. તે મફત મળશે. કદાચ તમારી આગલી પેઢી તે વાંચી તેવી બનશે. તેઓ કહે છે કે, રામાયણમાં અયોધ્યાનગરીનું

વર્ણન છે તે નગરી હિંદમાં નથી. વાજીવારણઃ એટલે ઊંટ, તે ઊંટ અને ગધેડાથી ભરેલો પ્રદેશ છે. તેમાં ઊંટ અને ગધેડાનું વર્ણન આવે છે, અને એ वाजीवारणसंपूर्णं गोभिरुष्ट्रैः खरैस्तथा ।

વાજીવારણ વાલુકાવાળા પ્રદેશમાં જ રહી શકે, અયોધ્યામાં રહી શકે નહીં. અને ઊંટ એટલે રેતીમાંનું પ્રાણી છે તેથી અયોધ્યા એટલે રેતીવાળા પ્રદેશમાંનો પ્રદેશ હોવો જોઈએ; અને તે ઇજીપ્તમાંનો પ્રદેશ છે.

આ સંશોધકો (!) કહે છે કે, રામ નામનો રાજા હતો. તે તમને શું સત્યચરિત્ત લાગે છે ? બિલકુલ નહીં. તે રામ તો સુખલોલુપ અને ભોગવાદી હતો–તે એક સુખલોલુપ રાજાનું ચરિત્ર છે. તે ભિક્ષુકોને સ્વાધીન થયેલો રાજા હતો. ભિક્ષુકો દક્ષિણા લઈ જેમ કહે તેમ નાચતો હતો. બ્રાહ્મણો કહે તેમ યજ્ઞ કરતો હતો. તે રામની દિનચર્યા ખબર છે ? તે સવારે ભિક્ષુકોનાં ટોળાંમાં ફરતો હતો. ભિક્ષુકોનું તેના ઉપર વર્ચસ્વ (Domination) હતું. રામ ભિક્ષુકોના હાથમાં રમકડું બનેલો હતો. તમે કહો છો તે ધાર્મિક હતો, પણ ધર્મકર્મ જેવું તે કશું સમજ્યો જ ન હતો. બપોરે ખુશામતિયા વચ્ચે બેઠો હોય અને ભરતને પૂછે, 'ભરત રાજ્યવ્યવસ્થા કેમ છે ? હમણાં કોઈ સંસ્થાનમાં નથી પૂછતા તો કહે બાપુ, લીલાલહેર છે. કારોબાર કેમ ચાલે છે ? તો કહે લીલાલહેર છે.' અને તે સાંભળી રામ શાંતિથી પગ લાંબા કરી બેઠો છે. બ્રાહ્મણો ખુશામત કરે કે, તમે બહુ ધાર્મિક છો અને તમે તો અગિયારશ કરો છો. લઘુરુદ્ર અને મહારુદ્ર કે ફૂલાણી રુદ્રી કરો છો અને તેથી ખુશ થવાવાળો

બ્રાહ્મણોના હાથનું રામકડું બનેલો રામ હતો. ભિક્ષુકોનાં ટોળાંમાં રહેતો એટલે કર્મ જેવું કાંઈ ન કરતો. તેના ઉપર એ ભિક્ષુકોનું વર્ચસ્વ હતું તેથી શૂદ્ર શંબુકને, જે તપશ્ચર્યા કરતો હતો તેને મારવામાં આવ્યો. શૂદ્રથી તપ થાય નહીં તેથી બ્રાહ્મણના અંકુશ (Control) નીચે રહી એક શૂદ્રને મારે છે. બ્રાહ્મણ નચાવે તેમ આ રામ નાચતો રહ્યો છે. ટાઈબોઈઝ વીલર (Taiboys wheeler) જેવા લોકોએ લોકોના લખાણ ઉપરથી વાંચીને ગમે તેવું ખોટું સંશોધન કર્યું છે. પણ તમને જતાં જતાં હળવે કહું કે, વીલરે પોતે જ કહ્યું હતું કે, તેને સંસ્કૃતનું પૂરું જ્ઞાન નથી અને તેના જેવાનાં પુસ્તકો ઉપરથી આવું સંશોધન થતું રહ્યું છે.

તમે શું રામને એકપત્નીવ્રત સમજો છો? અરે! આ સંશોધકો મુજબ તેને તો અનંત સ્ત્રીઓ હતી. સ્ત્રીઓનાં ટોળાંમાં તે ક્રીડા કરતો રામ રામાયણમાં છે. તમને તે નહીં જડ્યો હોય. સાંજે અનંત સ્ત્રીઓમાં ફરતો હતો. વિષયલંપટ બની દારૂના નશામાં ચકચૂર થઈ એકાદ દારૂડિયો માણસ કલબમાં નશામાં લથડિયાં ખાતો સ્ત્રીઓના ખભા ઉપર હાથ મૂકી જેમ ફરે, લગભગ તેવી જ રીતનો રામ દેખાય છે અને રાતોની રાતો ઉજાગરા કરતો સ્ત્રીલંપટ રામ તમે સાંભળ્યો છે? રામનું આ વર્ણન તમને વાલ્મીકિ રામાયણમાંથી નહીં મળે, પણ તમારી આવતી પેઢીને આ લોકોએ સંશોધન કરેલા રામાયણમાંથી જડશે.

તમે શું સમજો છો? તમારો હનુમાન બ્રહ્મચારી હતો? બિલકુલ નહીં. કોણે કીધું? બ્રહ્મચારી શબ્દના બે અર્થ કહ્યા છે: એક વૈદિક વાઙ્મયનો પાકો અભ્યાસી અને બીજો અર્થ સ્ત્રીસુખથી વંચિત તે બ્રહ્મચારી. પણ ब्रह्म वेदाः तद्

અધ્યયનાર્થં બ્રહ્મચારી। હનુમાન વૈદિક વાઙ્મયનો પાકો ઉપાસક હતો, હોશિયાર હતો, ડાહ્યો હતો, પણ તે બ્રહ્મચારી હતો. એટલે કે સ્ત્રીસુખથી વંચિત હતો એમ નહીં, પણ તેણે પૂર્ણ રીતે સ્ત્રીસુખોપભોગ કર્યો હતો; ઊલટું તેથી તો જ્યારે રાત્રે સીતાને શોધતો રાવણના જનાનખાનામાં સ્ત્રીઓને જોતો જાય છે, તે વખતે ઉપભોગથી થાકેલી સ્ત્રીઓને ઊંઘતી જુએ છે. ત્યારે તે કહે છે, सुरतश्रमितश्रांताः, रताविरतसंसुप्तं વગેરે પુરુષના ઉપભોગથી શ્રાંત થયેલી સ્ત્રી જોવા મળે છે. તમને પ્રશ્ન પૂછવામાં આવે છે કે, જેણે જિંદગીમાં સ્ત્રી-ઉપભોગ અનુભવ્યો ન હોય તે સુરતશ્રાંત સ્ત્રીને ઓળખી કેમ શકે? પણ તે ઓળખી શકે છે. એનો અર્થ એ કે, સુરતની સ્પષ્ટ કલ્પના હનુમાનને હતી. તે વિલાસી હતો તેથી જ આ રીતે રતિસુખ ભોગવેલી સ્ત્રીઓને ઓળખી શકે છે, તેથી હનુમાન બ્રહ્મચારી હતો એ કેટલાક મૂર્ખાઓએ-કથાકારોએ પાઠશાળામાં કહેવા જેવી વાત છે, બાકી તે પૂર્ણ વિલાસી હતો. આ સાંભળીને તમારાં રૂંવાડાં ઊભાં થઈ જશે, તમારા કાન પાકી જશે.

આ બધું સંશોધન સંભળાવું છું તેનું કારણ કે આજે બધા ઊંઘે છે. એક પેઢીમાં જેમ વેદ-ઉપનિષદ ગયાં તેમ બે ત્રણ પેઢીમાં વેદોની જેમ જ આ લોકો રામકૃષ્ણ ઉપરની નિષ્ઠા પણ ઉડાવશે. તે માટે વ્યવસ્થિત (Systematic) પ્રયત્નો ચાલે છે. કરોડો રૂપિયા આવી જાતના વિચારો માટે જ ખર્ચાય છે કે, જેથી આવતી પેઢીમાંથી રામ-કૃષ્ણ પરની નિષ્ઠા ઉડાવી શકાય અને આ નિષ્ઠા ઊડી એટલે તમારું જીવન પશુનું જીવન થશે એમ સમજી ચાલો.

आहारनिद्राभयमैथुनं च सामान्यमेतत् पशुभिर्नराणाम्।

હજુ ઘણું સંભળાવવાનું છે. સમય થઈ ગયો છે. કાનમાં જશે તો દુઃખ થશે. જડવાદીઓ આ વ્યવસ્થિત પ્રયત્નો કરે છે; અને તે વિચારો ઘરે ઘરે પહોંચાડવા કરોડો રૂપિયા ખર્ચાય છે: તમે કહેશો પણ શાસ્ત્રીજી! આની કોઈ અસર થાય નહીં, કારણ કે રામનું ચરિત્ર મહાન છે. ઘરે બેસો ચૂપચાપ! વેદો મહાન હોવા છતાં તેની નિષ્ઠા ઉડાવી દીધી, અને તે આ વેદોની ઉપેક્ષા કરવાનું મહાન પાતક આ વૈદિક નિષ્ઠાવાળાઓને લાગ્યું છે; તેથી તો જીવન નષ્ટ-ભ્રષ્ટ, દીન, હીન થયું છે. અને જે વિશ્વના ગુરુ થઈને દૈવી શક્તિને જન્મ આપનાર છે તે આજે જડવાદીઓના-ભોગવાદીઓના-વિશ્વના શિષ્ય થઈ તેમના બૂટ પકડી બેઠા છે અને કહેતા રહ્યા છે, અમને કાંઈક સમજાવો. ચીડ ચડે છે તેથી બોલું છું. તમારે હજુ સાંભળવું છે એ સંશોધન? હું કહું? સાંભળીને ચીડ ચડશે, ચીડ!

તમને સીતા શું પવિત્ર લાગે છે? પણ એમના સંશોધનમાં તે તેવી નથી. આપણને ચીડ ચડે એવી વાત છે. રાવણનો વધ અને સીતાની પ્રસૂતિ એ કાળનો વિચાર કરી વચ્ચે થોડો કાળ ગયો હોવો જોઈએ. અને તે લગભગ ૧૭-૧૮ મહિનાનો હોવો જોઈએ. તે વિધાન આ લોકો તોડી નાખે છે અને જણાવે છે કે, રામનો રાજ્યાભિષેક અને રાવણનો વધ એ બે વચ્ચેનો સમય એક જ મહિનાનો હતો. રાજ્યાભિષેક વખતે અંગદ તથા બધા લોકો પરોણા તરીકે અઠવાડિયાં રહ્યા છે અને પછી ચાલ્યા ગયા છે. એટલે એકંદર અઢી મહિના થયા. અને તે નીકળી ગયા પછી બે કે ત્રણ મહિને સીતાત્યાગનો પ્રશ્ન આવે છે. તેથી સીતાનો ગર્ભ લંકામાં રહ્યો છે. તે રામનો ગર્ભ નથી અને આ વાત

લોકો સ્પષ્ટપણે જાણતા હતા, ગલીએ ગલીએ તેની ચર્ચા થતી હતી. અને તે રામથી સહન થયું નહિ. અને તેથી લક્ષ્મણ કહે છે કે, 'ભાભી, તમારી આ સ્થિતિ મારાથી જોવાશે નહીં. આ તમારા પેટમાં વધતો રહેલો વંશ મારાથી જોવાતો નથી; કારણ કે લોકો આ ગર્ભ પરકીય છે એમ કહે છે.' આ રાજવંશ વનમાં જન્મશે તેનું દુઃખ થાય છે. પણ આ સંશોધન છે. તમારાં નિષ્ઠાકેંદ્રો તોડવાનો વ્યવસ્થિત પ્રયત્નો થાય છે. આવું તો ઘણું બધું છે. સાંભળીને રુંવાડાં ઊભાં થઈ જશે અને ઊભાં થવાં જોઈએ. રામ અને કૃષ્ણ ઉપરની નિષ્ઠા તૂટી પછી સમાજ કોનો આધાર લેશે? કોનો હાથ પકડશે? વેદ તો જડતા નથી, ઉપનિષદોનો પત્તો નથી, સામાન્ય માણસને તે ખબર નથી અને સામાન્ય માણસમાં રહેલા આ રામ અને કૃષ્ણ જેવી ચિરંતન વિભૂતિને ઉડાવવા પ્રયત્ન થઈ રહ્યો છે.

આ લોકો સુંદર કવરમાં અને સરસ બાઇંડિંગમાં છાપી આ પુસ્તકો ઘેર ઘેર મફત મોકલશે. બહારનું કવરપૂઠું બહુ સુંદર હશે. પણ અંદર ઝેર ભર્યું હશે. અને તમારી આવતી પેઢી એનો ભોગ બનશે. વેદોનો તો પત્તો જ નથી અને તમારા આ મૂળ પુરુષ રામ અને કૃષ્ણ ઉપર ફટકો નથી બેઠો ત્યાં સુધી બીજા વાદ( Isms )ની જડ ઘાલી નહીં શકે. પણ એક વખત રામ ઉપરની નિષ્ઠા ઢીલી થઈ, કૃષ્ણ ઉપરની નિષ્ઠા ઢીલી થઈ, એમના આચરણ ઉપર ફટકો બેઠો કે આ વાદ ઘૂસ્યા સમજો. તમે રામના ભક્ત છો ને? રામને પગે લાગો છો ને? કૃષ્ણનો જન્મ ઊજવો છો ને? પૈસા કમાઓ, ભરી રાખો અને મરી જાવ. આ કાંઈ કૃષ્ણભક્તો કહેવાય! કૃષ્ણની ઉપાસના કરી પૈસા મેળ-

વતા રહે અને સંઘરતા રહે, અને બહુ બહુ તો મંદિરમાં શણગારનો ખર્ચ આપી કૃષ્ણના પાકા ભગત ગણાવતા રહે છે, પણ શાના આ ભગત? હરામખોરોની ભાષા છે....રામ-કૃષ્ણનાં દિવ્ય જીવનો ઘરે ઘરે લઈ જઈશ, આવી રીતની તમન્ના થાય છે? તે માટે ચીડ ચડે છે કોઈને? એ માટે કોઈ કાર્ય કરે છે? તો પછી શાના એ ભક્ત? અને પછી કહે, રામનવમીના દિવસે શણગારનો જે કાંઈ ખર્ચ થાય તે અમારી પાસેથી લઈ લો. કૃષ્ણજન્મને દિવસે ભોજનનો જે કાંઈ ખર્ચો થાય તે અમારી પાસેથી લઈ લો. પછી બ્રાહ્મણ એ ભગતનું વર્ણન કરે કે, વાહ વાહ! ફોગટલાલ શેઠ, પાકા ભગત છે હો કે! આ જ પદ્ધતિની ભક્તિ વધતી રહેશે તો નિશ્ચિત સમજો કે રામ-કૃષ્ણ તમારા હાથમાંથી ચાલ્યા જશે.

જો એક વાર રામ-કૃષ્ણની ઉપેક્ષા થઈ છે, તો યાદ રાખજો કે, આ લોકો વ્યવસ્થિત રીતે તમારા બ્રાહ્મણોના જ મોઢેથી તમારી આ સંસ્કૃતિ ઉડાવશે. તમારી પાસે બુદ્ધિ હોય, પૈસા હોય, શક્તિ હોય, જે કાંઈ શક્તિ હોય તે આ કાર્યમાં વાપરી સંસ્કૃતિ અને દૈવી કાર્ય કરશો તો જ પ્રભુના દરબારમાં કિંમત છે. અને જો તે બધી શક્તિ પ્રભુના કાર્યમાં નહીં વાપરતા હશો, સંસ્કૃતિ ટકાવવામાં નહીં વાપરતા હશો, તો ગમે તેટલા પૈસા હશે, અધિકાર હશે, તોપણ તે તરફ અમે થૂંકશું.

સાંસ્કૃતિક, નૈતિક નિષ્ઠાકેંદ્રો ઊભાં કરવામાં તમારી એ શક્તિ વાપરો. હું ફરી ફરી કહું છું કે, આ નિષ્ઠાકેંદ્રો તોડવાના વ્યવસ્થિત પ્રયત્નો ચાલે છે, પણ અમારા આ ઈશ્વરવાદી લોકો મખ્ખીચૂસ થઈ બેઠા છે, હરામખોર છે,

ભિખારીઓ છે. બધા ભગવાનના બારણે પૈસા માટે ગયેલા આ હરામખોર ભિખારીઓ છે. એક બુદ્ધિનો ખૂણો આપવાની તૈયારી નથી, ભગવાનના કાર્ય માટે મહિનાનો એક દિવસ આપવાની તૈયારી નથી, વરસમાં મહિનો આપવાની તૈયારી નથી. આવા ભિખારીઓનું ટોળું ત્યાં (મંદિરમાં) ભેગું થાય છે અને આવા ટોળાબંધ ભિખારીઓ વૈદિક સંસ્કૃતિના ઉપાસક થઈ બેઠા છે, રામ-કૃષ્ણના ઉપાસક થઈ બેઠા છે, ત્યાં ખાતરી રાખો, આ જડવાદીઓ ફૂંકીફૂંકીને આ નિષ્ઠાસ્થાન ઉડાવી દેશે. પણ જ્યાં સુધી આ રીતે એક કલાક પણ સ્વાધ્યાય માટે આપતા હશે ત્યાં સુધી આ નિષ્ઠા રહેવાની.

આ લોકોનાં સંશોધન (!) કરી મૂક્યા પછી કોણ આખું રામાયણ વાંચવાનું છે? અને આ એમના પ્રયત્નોની દસ પંદર દિવસમાં અસર નહીં જણાય, પણ એની અસર તો પેઢી બે પેઢી પછી જણાશે.

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।

આ દૃષ્ટિથી પ્રભુ અહીં પધારતા રહ્યા છે, પણ હવે તેમને તેમની ભૂલ સમજાઈ છે. તે એમની ભૂલ સુધારે છે અને વખતે એટલા માટે જ હજુ સુધી પધાર્યા નથી. એમને થતું હશે કે, આવા અકર્મી લોકોની સેવામાં આવ્યેથી ફાયદો પણ શું છે?

રામ-કૃષ્ણના જન્મદિવસે ઉપવાસ કરનારા જરા વિચાર કરે કે તેજસ્વી જીવનના વિચારો લોકોનાં ઘરે ઘરે, ગામે ગામે કેમ જશે? આ તેજસ્વી જીવન લોકોના કાનમાં ક્યારે જશે? એ તેજસ્વી જીવનનાં સ્વપ્નાં ક્યારે આવશે?

અને આમ થશે તો જ આ જડવાદના પ્રચંડ પ્રવાહમાં ઊભા રહી શકશો, નહીં તો ખેંચાઈ જશો.

સાધના તો અગસ્તિ જેવી જોઈએ. ધનુષ લઈ ઊભો રહે છે, દરિયાને હાક મારતો, 'ત્યાં જ ઊભો રહેજે, યાદ રાખ આગળ આવ્યો તો! તારું Encroachment નહીં ચાલે.' શૂરવીરો કહે, દરિયો ક્યાં અને અમે ક્યાં? ધનિકો કહે કે, હું તો સંપત્તિ સાચવું કે એ દરિયાને અટકાવવા જાઉં? સત્તાધારીઓ કહે, આ બધી જવાબદારી આવે છે ત્યારે દરિયાને અટકાવવા ક્યાં જઈએ? એટલામાં ત્યાં પાતળો ઋષિકુમાર અગસ્તિ આવે છે. તે કહે, 'મારી પાસે શૌર્ય નથી, મારી પાસે ધન નથી, સત્તા નથી, કાંઈ નથી. મારી પાસે ફક્ત પ્રેમ છે, નિષ્ઠા છે, બીજું કાંઈ નથી અને એ પ્રેમશક્તિથી હું જાઉં છું.' દરિયો કહે, 'ગાંડો તું, વિદ્વાનોનું કાંઈ ન ચાલ્યું. તે બધા પાછા ચાલ્યા અને તું ચાલ્યો આવે છે. અરે, મૂષકની જેમ ખાઈ જઈશ.' અગસ્તિ કહે, 'અરે જા, તને ખબર છે કે, શ્રદ્ધા અને નિષ્ઠાનું મેં કવચ પહેર્યું છે? તું શું સમજ્યો મને? યાદ રાખ આગળ વધ્યો છે, તો પી જઈશ.'

આજે મંદિરમાં, મસ્જિદમાં જડવાદ દોડતો રહ્યો છે. ભગવાન પાસે માગીએ કે, આવો ઋષિકુમાર જન્મે.

કૃષ્ણનો જન્મ ઊજવવા રાત્રે ઉજાગરો કરીએ છીએ અને બીજે દિવસે રમકડાં રમાડતા બેઠા છીએ. આમ સંસ્કૃતિ નહીં ટકે ભાઈ! પણ રમતાં રમતાં એની વાત સમજો, સમજાવો. સીતા વગેરેની આવી વાત વ્યાસપીઠ ઉપરથી ન કહેવાય, પણ શું કરું? કહેતાં દુઃખ થાય છે, પણ તમને કીધા વગર છૂટકો પણ નથી.

સમાજનાં નૈતિક અને સાંસ્કૃતિક મૂલ્યો ટકાવવા હૃદયથી પ્રેમ કરનારા લોકો જોઈએ, એમનું પ્રભુકાર્ય માટે હૃદય તૂટતું હોવું જોઈએ. રામ અને કૃષ્ણને સમજાવવા, અગસ્તિની જેમ ઊભા રહો. જડવાદના આ પ્રવાહને અટકાવો, જડવાદીઓ ઘૂસતા જાય છે. તેમણે વેદોની નિષ્ઠા ઢીલી કરી છે અને રામ અને કૃષ્ણની નિષ્ઠા તોડશે. તમને બકરા બનાવવા પદ્ધતિસર પ્રયત્નો ચાલતા રહ્યા છે.

તેઓ નવી પદ્ધતિથી કહે છે કે, આ રામ ભાટ અને સ્તુતિપાઠકોમાં ભાન ભૂલેલો રામ છે; કીર્તિની અભિલાષા રાખનારો રામ છે. લોકૈષણાના નાદમાં પડેલો રામ સીતાનો ત્યાગ કરે છે. આ રામાયણ પરનો નવો પ્રકાશ (!) આવે છે.

જેને રામ–કૃષ્ણની ઉપાસના કરવાની હોય તે ઊઠે; તે માટે આ જ સમય યોગ્ય છે.

વિભીષણ એ પાપાચારી માણસ છે, ફિતૂર છે, લંકા વિરુદ્ધ ષડ્યંત્ર રચનારો હતો. આ એમનું સંશોધન છે.

આ તો ઊંઘતા ન રહો તેથી કહું છું. અરે! રામ જેવાના ચરિત્રમાં જ્યાં ચાંચ બોળવા જગ્યા ન મળે તેના ઉપર આટલા પ્રહાર કરે છે તો કૃષ્ણ ઉપરની નિષ્ઠા તો તે એકાદ પેઢીમાં જ ઉડાવી દેશે; કારણ કે તે ગૂઢ છે. ગ્લેઝ પેપરના ઉપરના સરસ કવરવાળાં આ પુસ્તકો તમારા છોકરાના હાથમાં જશે. અને બધા જ બહિરંગ થઈ વાંચે છે. અંતરંગ કોઈ જ જોતું નથી. રામ માટેની નિષ્ઠા હલાવવાનું જે મુશ્કેલ લાગે છે તે કૃષ્ણ માટે સહેલું લાગશે. પ્રભુ ઉપર આંતરડાંનો પ્રેમ હોય તો ચેતો, ઊઠો, વધતા રહેલા આ જડવાદના પ્રવાહને અટકાવો.

# કૃષ્ણ અવતાર ( પૂર્વાર્ધ )

મત્સ્ય, કૂર્મ, વરાહ, નૃસિંહ, વામન, પરશુરામ અને રામચંદ્ર એ સાત અવતાર આપણે જોયા. આજે આઠમો અવતાર જોઈશું. આ અવતાર એટલે દેવકીનો આઠમો પુત્ર. આ અવતાર એટલે ભારતદેશમાં જેના માટે લોકો ગાંડા-ઘેલા થઈ જાય છે તે કૃષ્ણ ભગવાનનો અવતાર. બાકી બધા અવતારો માટે લોકો ગાંડાઘેલા તો થાય જ છે; પણ કૃષ્ણ–રામ અમારી પાસેના લાગે છે, ઘરના લાગે છે, બૈરાંને પોતાના લાગે છે. છોકરાંને પોતાના લાગે છે. ડોસાડોસીને પોતાના લાગે છે. વિદ્વાન, અભણ, ભણેલા, રાજ્યનીતિધુરંધરો, બધાંને જ એ પોતાના લાગે છે. આવી રીતના એ બે અવતારો છે. ભારતીય લોકોના રામ અને કૃષ્ણ હૃદયસમ્રાટ છે. રામની જેમ કૃષ્ણનું ચરિત્ર પણ વિશિષ્ટ દૃષ્ટિથી આપણે જોઈશું. માનવવિકાસની પરંપરાની દૃષ્ટિથી–માનવસંસ્કૃતિની દૃષ્ટિથી તેમણે કેવો ભાગ ભજવ્યો છે તે આપણે જોઈશું. તેમનું ચરિત્ર આપણે વાંચવાનું છે, પણ આ અવતાર ગૂઢતાથી ભરેલો છે. પાસે જવામાં આદરયુક્ત ડર લાગે છે. આવા મહાપુરુષ કે જેને જીવનના કોયડા છોડવા રમત હતી, લીલા હતી, તેના પદકમલ પાસે ઊભા રહેવાની આપણી યોગ્યતા નથી, તો એના પગથી માથા સુધીના ગુણોનું વર્ણન કરવું શક્ય છે કે ? પણ તેની જ શક્તિ લઈશું, તો થોડુંઘણું તેના માટે બોલી શકાય.

ભારતમાં અનંત અવતારો થયા છે. દશ જ શા માટે ? નરરત્નોની પરંપરા ભારતમાં છે. એક એક ગુણ માટે, એક

એક તત્ત્વ માટે, એક એક ધ્યેય માટે જીવનોનાં જીવનો આ દેશમાં લોકોએ આપી દીધાં છે. અને એ ભારતદેશનાં રત્નોમાં શોભતો કૃષ્ણ એ કૌસ્તુભમણિ છે. ખરેખર એનું શું વર્ણન કરવાનું! યશસ્વી, મુત્સદ્દી, વિજયી યોદ્ધો, ધર્મ-સામ્રાજ્યનો ઉત્પાદક માનવી, વિકાસની પરંપરાનું નૈતિક મૂલ્ય સમજાવનાર ઉદ્ગાતા, ધર્મનો મહાન પ્રવચનકાર, ભક્તવત્સલ અને જ્ઞાનીઓની, જિજ્ઞાસુઓની જિજ્ઞાસા પૂરી કરનાર જગતગુરુ કૃષ્ણને અનંત પ્રણામ.

બધી જ દૃષ્ટિએ કૃષ્ણ પૂર્ણાવતાર છે. એના જીવનમાં કોઈ ઠેકાણે ચાંચ મારવાની જગ્યા નથી. એક સ્થાન એવું નથી કે જ્યાં ખામી ( Weak point ) જણાય. આધ્યાત્મિક, સામાજિક, નૈતિક યા બીજી કોઈ પણ દૃષ્ટિથી જોશો તો કૃષ્ણ જેવો સમાજોદ્ધારક–બીજો કોઈ પાક્યો નથી. તમે ગમે તે ચોપડા ખોલી વાંચો, પણ કૃષ્ણના તોલે ઊતરે એવો રાજનીતિજ્ઞ જગતમાં કોઈ ઠેકાણે પાક્યો નથી અને કૃષ્ણનું અધ્યાત્મ તે તો પૂછો જ નહીં. કૃષ્ણ એટલે નરરત્નો-નો કૌસ્તુભમણિ!

તે કાળે ભારતમાં ભ્રષ્ટ રાજસંસ્થા હતી. પાપી નેતૃત્વ નીચે અધઃપતિત સચિવ સંસ્થા હતી. તત્ત્વજ્ઞાનીઓ અકર્મણ્ય સ્થિતિમાં ચાલ્યા હતા, અને ધર્મ દુર્બળ બન્યો હતો. સમર્થ શાસનસત્તા જેના હાથમાં છે તે વ્યક્તિ જે ધારે તે કરી શકતી, તે કહે તે નીતિ, તે જે કહે તે ધર્મ અને તે જે કહે તે તત્ત્વજ્ઞાન. સામર્થ્યશક્તિ ધર્મ અને તત્ત્વનું નિયંત્રણ કરે કે ધર્મ અને તત્ત્વજ્ઞાન સામર્થ્ય-શક્તિનું નિયંત્રણ કરે? આ જાગતિક કોયડો છે. વાસ્તવિક ધર્મે સામર્થ્યશક્તિનું નિયંત્રણ કરવું જોઈએ, પણ તે કાળમાં

સામર્થ્યશક્તિ ધર્મનું નિયંત્રણ કરવા લાગી. અને ધર્મ ફક્ત દૂબળાઓનો-ક્ષુદ્રનો બની ગયો-લાચારોનો બની ગયો.

જ્યારે કોઈ પણ ભૌતિક શક્તિને-આર્થિક શક્તિને Control કરવાની, અંકુશમાં રાખવાની હિંમત તત્ત્વજ્ઞાનીઓ પાસે રહી નહીં, ત્યારે સત્ય ક્યાંથી નીકળે? તત્કાલીન સત્તાધીશોએ ધર્મને ગજવામાં રાખી દીધો. અને अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् । તે માટે ભગવાન કૃષ્ણ પધાર્યા. તેમણે નિરપેક્ષ રહી રાતદિવસ સંસ્કૃતિ માટે કાર્ય કર્યું. કૃષ્ણને બાદ કરતાં રાતદિવસ રાજનીતિ(Politics)માં રમવાવાળા નિરપેક્ષ રહી જ શકતા નથી. ફક્ત કૃષ્ણ જ એક અપવાદ છે. એના સાતમે પડદે પણ અપેક્ષા ન હતી. તેથી ધર્મ અને તત્ત્વજ્ઞાનથી રાજસત્તાનું નિયંત્રણ કરવા લાગ્યા.

જરાસંધના દરબારમાં પંડિતો હતા, વિદ્વાનો હતા, કેટલાંયે મંદિરોમાં તે વર્ષાસન (Grant) આપતો હશે. મંદિરો બાંધી બ્રાહ્મણોને કહેતો, 'ચૂપ, અમને ઉપદેશ ન આપો. તે ઉપદેશનો અમલ કરવાનું કામ તમારું છે, મારું નહીં. ઇતિહાસ નવો બનાવવાની હિંમત મારામાં છે. જૂનો બધો ઇતિહાસ ફેંક કરવાની શક્તિ મારામાં છે. બીજો નવો ઇતિહાસ હું સર્જી શકું છું.' તે વખતના તત્ત્વવેત્તાઓ શિશુપાલને સમજાવતા ત્યારે ત્યારે તે એમને કહેતો, 'તમે આ બધું બૈરાં-છોકરાંઓને ભણાવો. જોઈએ તો બસો રૂપિયા વધુ લો, પણ અમને ઉપદેશ ન આપો. અમારી વાત જ જુદી છે. અમારી ન્યાત જ જુદી છે.'

દુર્યોધન, કંસ, કાલયવન, નરકાસુર, શિશુપાલ, જરાસંધ, આ બધા એક જ લાઈનના હતા. આ લોકોના રાજ્યમાં વિષ્ણુયાગ ન થતો એમ નહીં, બ્રાહ્મણોને સીધું ન મળતું

એમ નહીં, પણ જીવનદર્શન ફક્ત પુસ્તકમાં જ રહેતું. તેજસ્વી તત્ત્વજ્ઞાન અને જીવનસ્પર્શી ધર્મ ચાલ્યો ગયો. દુર્યોધન કહેતો, ' यतो रत्नभुजा वयम् । આ સૃષ્ટિનાં બધાં રત્નો મારી પાસે હોવાં જોઈએ. અમારી ન્યાત જુદી, અમને ઉપદેશ થાય નહીં.' આ લોકો યજ્ઞ કરતા, સાધુ-સંન્યાસીને જમાડતા, પણ જીવનસ્પર્શી તેજસ્વી તત્ત્વજ્ઞાન અને ધર્મનો વિચાર ન કરતા. ધર્મસિદ્ધાંતો ફક્ત પુસ્તકમાં રહેતા, પણ જીવનમાં હતા નહીં; અને તે કાળે કૃષ્ણ જન્મ્યા હતા. કૃષ્ણચરિત્ર ગાવાનું મારું ગજું શું? મારી પાસે વાણી ક્યાં છે કે, તેનું સુંદર વર્ણન કરું? પ્રત્યેક જણ મારા કરતાં કૃષ્ણ વિષે વધુ જાણે છે. વસુદેવને ત્યાંથી એ નંદને ત્યાં ગયા તે તેમનું ષડ્યંત્ર હતું કે શું? એવા કોઈ કોઈ પ્રસંગે ફક્ત મારી જરૂર પડશે.

કૃષ્ણ આવા ભયાનક કાળમાં જન્મ્યા હતા. તે કાળે સત્તા અને સંપત્તિનું પાશવી નૃત્ય ચાલતું હતું. આ ભારત દેશમાં એક બે નહીં પણ છ છ, સાત સાત સમ્રાટો ઉન્મત્ત થઈ તે કાળે નાચતા હતા. નાનપણથી જ શ્રીકૃષ્ણની પ્રવૃત્તિ જોઈ આ બધા રાક્ષસોને જબરદસ્ત ધક્કો બેઠો. જરાસંધ રાક્ષસ સ્નાનસંધ્યા કરતો, યજ્ઞો વગેરે કરતો, પણ તે ધર્મના સિદ્ધાંતો આચરણમાં મૂકતો નહીં. તે વૈશ્વદેવ કરતો હતો ત્યારે કાગબલી વખતે કૃષ્ણ પાછલા બારણેથી દાખલ થયા. આ જોઈ જરાસંધે ચિડાઈ જઈ કહ્યું, 'તને અક્કલ નથી કે પાછળના દરવાજેથી ન અવાય!' કૃષ્ણે કહ્યું, 'ચૂપ કર! ગાંડો તું, રાજ્ય કરવા બેઠો છે, તને આટલી પણ ખબર નથી કે આગળના બારણેથી તો મિત્ર આવે, અને દુશ્મન હમેશાં પાછળના બારણેથી આવે!' આમ કહી તેનો આત્મવિશ્વાસ

(Confidence) જ તોડી નાખ્યો છે. માણસનો આત્મપ્રત્યય ખલાસ કરી નાખે એટલે માણસ અડધો થઈ જાય. જરાસંધને લાગ્યું કે, રાજ્ય કરવાની આટલી સામાન્ય અક્કલ પણ મારામાં નથી! જવા દો એ વાત.

આ બધા સ્નાન-સંધ્યા કરવાવાળા હતા. યજ્ઞો પણ કરતા, ભજનમાં પણ બેસતા હતા. તે બધા રાજાઓ એક જુદા દૃષ્ટિકોણથી મંદિરમાં જઈ દર્શન પણ કરતા. આજના જેવા ભ્રષ્ટ કાળમાં પણ રાજકીય નેતાઓ લોકોની પોતાના ઉપરની ભાવના ટકાવવા માટે ધાર્મિકતાનો દંભ નથી કરતા? તો તે કાળે જરાસંધ અને બીજા સમ્રાટો તે કાળના લોકોનો ભાવ રહે તે માટે ધાર્મિકતાનો દંભ કરતા. લોકોની ભાવનાને ધક્કો ન બેસે, લોકોમાં બળવો ન થાય તે સંભાળવાની અક્કલ એમનામાં હતી, તેથી તે ધાર્મિકતાનો દેખાવ કરતા-ડોળ કરતા. રાજકીય નેતાઓ કોઈ કોઈ વખત મંદિરમાં જઈ દર્શન કરે છે તેનો અર્થ એમ નહીં કે, તેમના અંતઃકરણમાં ભક્તિ છે, પ્રભુપ્રેમ છે, સંસ્કૃતિ માટે આદરનિષ્ઠા છે. દુર્યોધન પણ યજ્ઞ કરતો હતો અને પાછો તે જ ભગવાનને બાંધવા નીકળ્યો હતો. આ લોકો તત્ત્વજ્ઞાન માને નહીં, પણ મોટા મોટા યજ્ઞો કરે, એ ખરેખર આશ્ચર્યકારક વાત છે! પણ કૃષ્ણના આચરણથી એ બધાને અંદરથી ધક્કો બેઠો હતો.

કૃષ્ણે ગોવાળિયાઓને ભેગા કરી તેમનો પ્રેમ જીતી લીધો. કંસને કાને વાત આવી. અરે! આ તો બધા જ કૃષ્ણનું માને છે, ઘરડાંઓ પણ એના કહેવાથી વર્ષોજૂની રૂઢ પરંપરા છોડી દે છે! ઇંદ્રપૂજા જે વર્ષોજૂની પરંપરા હતી તે તોડી નાખી! અને તે પણ છોકરાના કહેવાથી. આ

લોકોએ ગોવર્ધન પૂજા અપનાવી! ગજબની ઘટના છે! આ સાંભળતાં કંસને ધક્કો લાગ્યો. તેને લાગ્યુ કે, આટલા નાના છોકરાનું આ ઘરડા પણ માને છે! ખરેખર લોકોને કૃષ્ણે જીતી લીધા હતા. લોકોના મન ઉપર એણે કેટલો કાબૂ મેળવ્યો હતો!

કંસ અને જરાસંધ સસરો-જમાઈ તથા બીજા રાજાઓની Confidential meeting-ખાનગી બેઠક થતી અને ત્યાં તેમનું ષડ્યંત્ર રચાતું. તેઓ કહેતા, આપણું જે ચાલે છે તે જ ઠીક છે. અરે! અમારી સામે કોઈ બ્રાહ્મણ ઊભો થાય તો ખરો! કોઈને પણ અમારી સામે ઊભા રહેવાનું હોય-ચાર લોકો તૈયાર કરવાના હોય, તો વિત્ત જોઈશે જ અને વિત્ત માટે તો તે અમારી પાસે જ આવશે ને? નહીં આવે તો બીજે ક્યાં જવાના છે? તેઓ સમજતા હતા કે, પૈસા વગર કશું નહીં થાય અને તેથી અર્થસંગ્રહ (Accumulation of wealth) કરતા હતા. તેઓ સમજતા, અમે જ શ્રેષ્ઠ છીએ. અમારી પાસે સત્તા છે તેથી બ્રાહ્મણોને વિત્ત અમારી પાસેથી જ લેવું પડશે ને? પણ કૃષ્ણે પહેલેથી જ આ લોકોનો ઘમંડ તોડી નાખ્યો અને બતાવ્યું કે, સત્તા વગર, એક પણ પાઈ લીધા વગર સેંકડોનું સંગઠન (Organisation) કરી શકાય છે. એટલુ જ નહીં પણ તેણે સંગઠન કરી બતાવ્યુ. તેણે કહ્યું, 'આવા પૈસાવાળાની અમને જરૂર નથી. એમને ખૂણામાં ગાજર ખાતા બેસવા દો. સત્તાવાળાને આવવું હોય તો આવે, નહીં તો તેમને પણ બેસવા દો ખૂણામાં. અમારે તેમની પણ જરૂર નથી.'

સત્તા અને સંપત્તિ જેના જીવનમાં છે તેમને પૈસા વગર કોઈ કામ થઈ શકે તે ખ્યાલ જ નથી આવતો; કારણ

કે તેમનો આગ્રહ હોય છે કે, પૈસા વગર એક પણ વાત ન થાય. કંસે અક્રૂરજીને ગોકુળ મોકલ્યા તે પહેલાં એક દૂતને મોકલ્યો હતો. તે દૂતે જ્યારે પાછા આવી સમાચાર આપ્યા, ત્યારે કંસે પૂછ્યું, 'પૈસા વગર કૃષ્ણે આ સંગઠન કર્યું કઈ રીતે?' પૈસા વગર કોઈ કામ થઈ જ શકે નહીં. એ કંસની માન્યતાને કૃષ્ણે જબરદસ્ત ધક્કો બેસાડ્યો. તેણે સામાન્યમાં સામાન્ય માણસને સમજાવ્યું. તેમના હૃદયમાં જઈને સમજાવ્યું કે, તમારો સંસ્કૃતિ અને નીતિ ઉપર પ્રેમ છે ને? ગજવામાં ભલે દોઢિયું ન હોય-વાંધો નહીં, પણ તેજસ્વિતાથી અને નિષ્ઠાથી એકત્ર થઈને શ્વાસ મૂકશો તો જગત બદલાઈ જશે. ભગવત્કાર્યમાં શાઠ્ય ન રાખતાં, લુચ્ચાઈ ન રાખતાં કાર્ય કરતા રહો, પ્રભુ તમારી પાછળ ઊભો જ છે. આમ એકત્ર નિષ્ઠાથી મૂકેલા શ્વાસથી જડવાદીઓના આત્મપ્રત્યય તૂટી જશે અને જગત બદલાશે. લોકોને લાગ્યું કે, આને સત્તા અને સંપત્તિની જરૂર નથી. સત્તા-સંપત્તિ વગર પણ કાર્ય થઈ શકે છે અને આ રીતે એક મહાન સંગઠન આ શ્રીકૃષ્ણે ઊભું કર્યું. એણે આ જડ-વાદીઓનો પહેલેથી જ આત્મપ્રત્યય ખલાસ કર્યો.

કૃષ્ણને મારી નાખવા કંસે કેટલા બધા પ્રયત્નો કર્યા! પણ એકેમાં તે ફાવતો નથી. આખરે તેણે ષડ્યંત્ર રચ્યું. કૃષ્ણને પોતાના ઘરે બોલાવે છે અને પોતાના ઘરે જ ઊતરવાનું કહે છે. રાજાના State Guest તરીકે કોઈ ગોવાળિયાના છોકરાને કે કોઈ નાના બચ્ચાને રાજા બોલાવે તો તે ગયા વગર રહેશે કે? અરે! ગવર્નરની પાર્ટીનું નોતરું હોય તો ગજવામાંથી આમંત્રણપત્રિકા કાઢી તે બધાને બતાવે. જ્યારે કૃષ્ણ મથુરા આવે છે ત્યારે રાજા અમાત્ય-

(Minister)ને સામે લેવા મોકલે છે. પણ શ્રીકૃષ્ણ અલૌકિક બુદ્ધિમાન હતા. તેણે વિનયથી કહ્યું કે, જ્યાં સુધી મારાં માબાપ બંદીખાનામાં છે ત્યાં સુધી મારાથી રાજ્યોપભોગ ભોગવાય નહીં; તેથી ગામ બહાર જ એક બગીચામાં તે ઊતર્યો. તેનામાં સિંહના મોઢામાં ઘૂસવાની હિંમત હતી. છ છ રાજાઓ સાથે જેને દુશ્મનાવટ હતી તે શું ડરથી નાસી ગયા કે શું? તેને વળી કંસ મારશે તે ડર કેવો? પણ રાજમહેલમાં તે જાય તો મથુરાના લોકોને મળી ન શકે. તેમની સાથે ખુલ્લા દિલથી વાત કરી તેમને આત્મસાત્ કરી શકાય નહીં તેથી તે મહેલમાં ગયા નથી. તે ગામ બહાર એક બગીચામાં ઊતર્યા હતા. સતત (Nonstop) ત્રણ દિવસ સુધી મથુરાના લોકો તેને મળવા આવ્યા હતા. તેમાં તત્કાલીન મોટા મોટા લોકો પણ હતા. તેમને તે મળ્યા, વાતો કરી, તેમના વિચારો સમજી લીધા અને પૂછ્યું કે, 'કંસની સંસ્કૃતિ કેવી છે? તમને ગમે છે? આવી રીતનું તે કાંઈ રાજ્ય હોય? જો તમને આ રાજ્ય ન જોઈતું હોય તો આમ નબળા-દૂબળા થઈ કેમ બેઠા છો?' અને ત્રણ દિવસમાં તો તેમણે મથુરા સળગાવ્યું. આમ તેમણે સમજણપૂર્વક બધી વ્યવસ્થા કરી હતી. પણ તે કંસના રાજમહેલમાં મોસંબીનો રસ પીતા બેઠા હોત તો આ ન થાત, તેથી તે ગામ બહાર રહ્યા હતા. લોકોને તેણે આત્મસાત્ કરી લીધા હતા. જે ક્ષણે તેણે કંસને માર્યો છે તે ક્ષણે તેનો એક પણ અંગરક્ષક (Body guard) લડવા નથી આવતો. આખી સભામાંથી એક પણ માણસ તેના વિરોધ માટે આગળ આવતો નથી. તેણે અંદરથી આટલા બધાને જીતી

લીધા હતા. અને તેણે આખું મથુરાનું રાજ્ય ઉગ્રસેનને આપી દીધું: 'આ તમારું છે, તમે સંભાળો.' વાસ્તવિક રાજસિંહાસન ઉપર બેઠેલા રાજાને છલાંગ મારી એક છોકરો મારી નાખે અને એકાદ માણસ હાલે પણ નહીં, એકાદ અંગરક્ષક આગળ આવે નહીં, આવો ઇતિહાસ નથી. અને ઉગ્રસેનના પગ આગળ એક ક્ષણનો પણ વિલંબ કર્યા વગર તે રાજ્ય મૂકી દે છે. બાપાને કે બાને પૂછું તેનો વિચાર પણ કરતો નથી. ખરેખર દિલનું કેટલું મહાન ઔદાર્ય! આ દિવ્ય જીવન હજારો વાર વાગોળો, ફરી ફરીને વાગોળો. રોજ ને રોજ તે જ સૂર્ય ઊગે છે, પણ કેટલો આનંદ થાય છે! પક્ષીઓ તેટલા જ આનંદથી કિલકિલાટ કરે છે. જન્માષ્ટમી પ્રત્યેક વર્ષે આવે છે, પણ લોકોને કેટલો આનંદ આપે છે! કૃષ્ણનું જીવન જ આ રીતનું છે. જન્માષ્ટમી એટલે પ્રભુપ્રેમીઓના આનંદની પરાકાષ્ઠા.

બધાંનાં હૃદયો તેણે જીતી લીધાં. ગરીબોને કહ્યું, 'તમે આત્મપ્રત્યય ન ગુમાવો.' તે ગોવાળિયાઓને તો મળતા જ હતા, પણ કુંભારવાડામાં પણ જતા, ત્યાં ખાટલો ખેંચી બેસે, વાતો કરે, લોકોને સમજાવે કે, તમે આત્મતત્ત્વ ન ગુમાવો. તે કહેતા, 'જેનો કોઈ દોસ્ત નથી તેનો હું દોસ્ત છું.' નિર્ધનોને કહે, 'તમે ડરો નહીં, હું તમારો છું.' અને ધનિકો ઉપર પણ તેટલો જ પ્રેમ રાખતા. વિત્તવાનોની ઉપેક્ષા તેમણે કદી કરી નથી. ઊલટું જે શ્રીમંતો, રાજવીઓ, ઈશ્વરી કાર્ય કરતા, ઈશ્વરી સત્તા માન્ય કરતા, તેમની જોડે તેમની દોસ્તદારી હતી. સાંસ્કૃતિક નિષ્ઠા માટે પ્રયત્ન કરનારા ઉપર તેમણે પ્રેમનો વર્ષાવ કર્યો છે. ગોપીજન ગોવાળિયાથી શરૂઆત કરી ઢોરો ઉપર પણ તેમનો તેટલો

જ પ્રેમ. કૃષ્ણ એટલે સાક્ષાત્ પ્રેમમૂર્તિ. બધે જ પ્રેમ. વૃક્ષ-વનસ્પતિ ઉપર પણ પ્રેમ. ટેકરા ઉપર ઊભો રહી પ્રેમથી મુરલી વગાડે અને ગાયો પ્રેમથી દોડતી આવે. તમે કહેશો, શાસ્ત્રીજી! આ શક્ય છે? કેમ નહીં? આજે લોકોએ ગાય જોઈ નથી, એટલે કે તેની નિકટતા અનુભવી નથી એટલે એમ લાગે. આજે નાના છોકરાઓને પૂછો કે દૂધ કોણ આપે છે? કહેશે, 'ભૈયો!' કારણ કે રોજ ભૈયો દૂધ આપી જતો હોવાથી તેને ખબર નહીં કે એ દૂધ ગાયે આપ્યું છે. તેનો ગાય જોડે સંબંધ નહીં; ભૈયા જોડે સંબંધ ને? અરે! આજે પણ ગામડાંમાં જાઓ અને જુઓ કે સામાન્ય ખેડૂત હાંક મારે છે અને ઢોર દોડતાં આવે છે, તો આ તો નરશ્રેષ્ઠ, સર્વસમર્થ, નિર્ગુણ, નિરાકાર, સાક્ષાત્ પરબ્રહ્મ, પૂર્ણ પ્રેમનો આવિષ્કાર, એ જ્યારે વાંસળી વગાડે અને ગાયો ગાંડીઘેલી થઈ દોડતી આવે તેમાં નવાઈ શું છે? સર્વત્ર સર્વને પ્રેમ આપનાર તે હતા. વૃક્ષ-વનસ્પતિ ઉપરનો પ્રેમ, ગરીબો ઉપરનો પ્રેમ, પૈસાવાળા ઉપર પ્રેમ, ચારે બાજુથી પ્રેમ, પ્રેમ અને પ્રેમનો વર્ષાવ એટલે શ્રીકૃષ્ણ. અને તેટલો જ સંસ્કૃતિ ઉપરનો પ્રેમ તેથી પ્રેમ એટલે કૃષ્ણ અને કૃષ્ણ એટલે પ્રેમ.

રામ અને કૃષ્ણ બન્ને જુદી જુદી પરંપરાના છે. કૃષ્ણ-ની જીવનનિષ્ઠા જુદી હતી. રામ એટલે સામાજિક વિકસન-માં કુટુંબની પરંપરા દૃઢ કરે છે, મર્યાદા ઓળખે છે અને સમાજને વિકસિત કરે છે. તેથી 'તું જંગલમાં જા' એમ દશરથની આજ્ઞા મળતાં જ તે આજ્ઞા માને છે. પિતૃઆજ્ઞા એ મારા જીવનનું ધ્યેય છે, મારી ફરજ છે એમ સમજે છે. લોકો તેને ભલે ગાંડો કહે પરંતુ તે જંગલમાં

જાય છે. કુટુંબના એકમ( Unit )ને પકડી રામે સમાજ-વિકાસનો રસ્તો બતાવ્યો છે. જ્યારે કૃષ્ણ સમાજના એકમને પકડી સમાજનું નિયમન કરે છે, રામની જગ્યાએ કૃષ્ણ હોત તો જરૂર તે દશરથને સૌમ્ય રીતે, પ્રેમાળતાથી કહેત કે, તમે આ અન્યાય કરો છો અને તે જંગલમાં ન જાત. સૌમ્ય, પ્રેમાળ અને તેટલા જ નિશ્ચયી શબ્દથી દશરથને સમજાવત અને જરૂર પડે કૈકેયીને યથોચિત શાસન કરી બાજુએ બેસાડત. દાંભિક, ખોટા, લુચ્ચા, સ્વાર્થી અને ભોગ-લંપટ મામા, ફોઈ, માસી રહી જ શકતાં નથી. જ્યાં સુધી આપણા સાંસ્કૃતિક વિકસન કાર્યની વચ્ચે ન આવે ત્યાં સુધી એમને એક ખૂણામાં બેસવા દો, પણ વચ્ચે આવે તો ચોટલી પકડીને ઉડાવો, એ જ એની નીતિ હતી. તે કૈકેયીને કહેત, ચૂપ બેસ, નહીં તો જેલમાં ધકેલી દઈશ, શું સમજી તું ? વિકસેલી પરંપરાની વચ્ચે આવે તેને ઉડાવવા તે તૈયાર થાત.

સામાજિક અને સાંસ્કૃતિક ઉત્કર્ષ વધારવા માટે કૃષ્ણ કટિબદ્ધ થયા હતા. એ માટે એમના જીવનમાં આત્યંતિક નિષ્ઠા હતી. ધર્મનિરપેક્ષ સમાજ રહી જ શકતો નથી. ધર્મ એટલે શું ? જેનાથી લોકોનું-સમાજનું, ઇહલોકનું અને પરલોકનું આત્યંતિક કલ્યાણ થાય તે ધર્મ, તે નીતિ; ધર્મ નીતિની તેમની વ્યાખ્યા જ એવી રીતની હતી.

તે મહાન પંડિત હતા, પ્રખર બુદ્ધિશાળી હતા. અરે, એમના જેવો બુદ્ધિશાળી પાકયો નથી. એનો જોટો ન મળે ! મહાભારતના દ્રોણપર્વમાંનો પ્રસંગ છે કે, દ્રોણવધ આ રીતે કરાવ્યા પછી યુધિષ્ઠિરનો રથ નીચે આવશે. જમીનથી ઉપર ચાલતો રથ જમીન ઉપર આવશે. આની

સ્પષ્ટ કલ્પના શ્રીકૃષ્ણને હતી. ચાર આંગળ નીચે કેવી રીતે આવે છે તે મેં કૃષ્ણચરિત્રમાં કહ્યું હતું અને સાથે સાથે એ વાત પણ હતી કે, જો દ્રોણ ન હણાત તો યુધિષ્ઠિરનો રથ આખો ને આખો જમીનમાં દટાઈ જાત. ધર્મનો રથ જમીનમાં દટાઈ જાત તો તેમના ધ્યેયને, સમાજના સાંસ્કૃતિક પુનરુત્થાનના કાર્યને, આત્યંતિક નુકસાન થાત; તેનો ધર્મવિષયક દૃષ્ટિકોણ આ તેની વિશેષતા છે. માનવી સંસારમાંની શક્યાશક્યતાની મર્યાદાઓ તેણે પૂર્ણતઃ જાણેલી દેખાય છે. માનવી જીવનમાં હમેશ સત્યનો જ જય થાય એમ નથી હોતું. નિષ્પાપી વિજયી બને આમ નથી બનતું. આ તે માનવવ્યવહાર-વેત્તાએ જાણ્યું હતું. તેથી સમાજરક્ષણને માટે સાંસ્કૃતિક નિષ્ઠા તોડવાવાળાને શાસન કરવા માટે, એમણે પાંડવોને જુદો જુદો ઉપદેશ આપેલો દેખાય છે.

પાંડવો ! તમે ધર્મમાર્ગ છોડીને લડો.

*आस्थीयताम् जये योगः धर्ममुत्सृज्य पांडवाः* આવી ગર્જના દ્રોણ પર્વમાં દેખાય છે. અન્યાય, જુલમ અને અત્યાચારનો પક્ષ લઈ ભીષ્મ, દ્રોણ જેવા મહાત્માઓ ઊભા રહે છે. આ જ માનવી જીવનમાંનું મહાન વૈગુણ્ય છે. ધર્મયુદ્ધથી નિર્ણય કરીએ તો હમેશ લડાઈમાં સત્યનો જ જય થાય એમ બનતું નથી; આ મર્ત્યલોકનું બીજું વૈગુણ્ય છે. આ કૃષ્ણે જાણ્યું હતું. સમાજનું નૈતિક અને સાંસ્કૃતિક સ્થૈર્ય આ જ ધર્મ છે એમ તેણે નિશ્ચિત કર્યું હતું અને તેથી તો યુધિષ્ઠિર પાસે नरो वा कुंजरो वा બોલાવે છે. કેવળ રૂઢ ધર્મને માટે. ધર્મ એ એકાંતિક નિષ્ઠા તે સમજતા જ નહીં, તે તેને માન્ય નહીં. પણ સંસ્કૃતિ માટે ધર્મ, ન્યાય માટે ધર્મ, નીતિ માટે ધર્મ, દૈવી વિચારો માટે ધર્મ, જીવન-

નેવી પ્રતિજ્ઞાને તે માનશે નહીં. ગાંયજાની કોથળીમાંથી જેમ બધાં જ શસ્ત્રો નીકળે તેમ તેની કોથળીમાં શું શું ન હતું? શસ્ત્રાસ્ત્રથી શરૂઆત કરી, મંત્ર, વિદ્યા, કલા બધું જ હતું. અને બધા જ પ્રસંગે બધી જ રીતે વાપરી શકાય તેવાં બધાં જ શસ્ત્રાસ્ત્રો તેની પાસે હતાં. તેમાંથી એક અસ્ત્ર તેમણે કાઢયું. અને અર્જુનને કહ્યું, 'ગાંડો તું! ધર્મની (યુધિષ્ઠિરની) નિર્ભર્ત્સના કર, તે મર્યા બરાબર જ છે.' ધર્મનાં શસ્ત્રો પણ કૃષ્ણ પાસે, નીતિનાં શસ્ત્રો પણ તેની પાસે અને તત્ત્વજ્ઞાનનાં શસ્ત્રો પણ તેની પાસે, અધ્યાત્મ-વિદ્યા પણ તેની પાસે. અરે! બધી જ જાતનાં શસ્ત્રાસ્ત્ર તેની પાસેથી નીકળે અને તેથી અર્જુન પાસે યુધિષ્ઠિરની નિર્ભર્ત્સના કરાવી એ ઝઘડો પતાવ્યો.

આથી કોઈ એમ ન સમજે કે કૃષ્ણ એટલે વૈયક્તિક પ્રતિભા, વૈયક્તિક માનાપમાન, વૈયક્તિક પ્રતિષ્ઠા વગરના હતા, ઉપર્યુક્તતાવાદી જીવ હતા. પરંતુ જે નિષ્ઠાથી, જે પ્રતિજ્ઞાથી વિકસન કાર્યની પરંપરામાં અંતરાય થાય તે નિષ્ઠા, નિષ્ઠા નહીં. પ્રતિજ્ઞા, પ્રતિજ્ઞા નહીં. તે ધર્મ, ધર્મ નહીં. તેવો ધર્મ ભલે ડૂબી જાય એટલી સ્પષ્ટ તેની માન્યતા હતી. જે ધર્મ સામાજિક વિકસન પરંપરામાં અંતરાય થતો હોય તો તે ધર્મને ધર્મ માનવાને તે તૈયાર નહીં.

આજે કોઈને કહેવામાં આવે, ભાઈ! આ સંસ્કૃતિનું કામ કરોને, થોડો વખત પણ પ્રભુના કાર્યમાં આપો ને, પ્રભુના આ દિવ્ય વિચાર, આ આચાર, ઘરે ઘરે, ઝૂંપડાં ઝૂંપડામાં પહોંચાડો ને! તો કહેશે, ભગવન્! આ અમારી મંગળાથી માંડી શયન સુધીની સેવામાંથી નવરા થવાની ફુરસદ નથી. સમય મળતો નથી. 'તો તોડી નાખ એ

સેવાને,' એમ કૃષ્ણ સ્પષ્ટ ભાષામાં કહેત. ધર્મ માટે ધર્મ નહીં, સેવા માટે સેવા નહીં, તો સામાજિક, નૈતિક વિકસન પરંપરા ટકાવવામાં જ તે માનતા હતા. અને તેવો ધર્મ સાંસ્કૃતિક કાર્યમાં, દૈવી કાર્યમાં અંતરાયરૂપ થાય, તો તોડી નાંખ તે ધર્મને, એમ એ સ્પષ્ટ કહેત. તે કાર્યમાં સેવાપૂજા જે કાંઈ પણ બાધારૂપ થાય તેને તોડી નાખવામાં જ સમજતા હતા. આ સેવા, પૂજા, ભોગ ધરવો, એના નાદમાં પડવાથી જો સંસ્કૃતિના વિકસન કાર્યમાં ઉપયોગી થવાતું ન હોય તો બંધ કર એ સેવા, બંધ કર એ પૂજા, એમ એ સ્પષ્ટ કહેત.

કૃષ્ણનું આખું વાઙ્મય વાંચશો તો ખબર પડશે કે તમારા અને સાથે સાથે બીજાના જીવન વિકસન માટે કાર્ય ન કરો, તો તે ધર્મમય કાર્ય નથી. શ્રીકૃષ્ણને પચાવશો તો જ જીવનમાં તેજ આવશે. અરે, કોઈ સામે જોવાની હિંમત નહીં કરે. પણ તે ન પચ્યો તો તે બહુ ભયંકર છે, અન્ન પચે તે સારું, અપચો થાય તે સારું નહીં. કૃષ્ણ સમજતા હતા કે, ધર્મરાજ ખોટું બોલશે તો રથ નીચે આવશે. પણ તે આવા ધર્મને ધર્મ માનતા નહીં. અને તેથી તો દ્રોણવધ પ્રસંગે માનવજાતનું શાશ્વત કલ્યાણ કરવા માટે અને આસુરી-રાક્ષસી વિચારોને તોડવા માટે યુધિષ્ઠિર પાસે આમ બોલાવ્યું હતું. તત્કાલીન સમાજમાં રાક્ષસી વિચાર નાચતા રહ્યા હતા. આ રાક્ષસી સત્તાની પકડ એટલી મજબૂત હતી કે, ભીષ્મ અને દ્રોણ જેવા પણ આ રાક્ષસી અને આસુરી તત્ત્વને પીઠબળ (Backing) આપતા હતા. ભીષ્મ અને દ્રોણ રાક્ષસી વિચારોને ટેકો આપનાર હતા. કોઈ પણ એકાદ તત્ત્વને પકડીને તેમણે કૌરવપક્ષ લીધો હશે, પણ તે ભ્રાંત

છે. कथं भीष्ममहं संख्ये द्रोणं च मधुसूदन ! ભાષા બોલી રહેલા અર્જુનને કૃષ્ણ ભગવાન કહે છે, 'માર એમને.' આમ કહેનાર આ વીરનું ચરિત્ર છે. ફક્ત મીલિટરીમાં કહેવા પૂરતો વીર નહીં, પણ જીવનવિકાસ કરે એવા વીર, સાંસ્કૃતિક અને નૈતિક નિષ્ઠા વધારે તેવા વીરનુ ચરિત્ર છે. પશુનો માનવ અને માનવનો દેવ બનાવે એવા વીર છે. अहं ब्रह्मास्मि । એ સૂત્રનો સાક્ષાત્કાર કરાવે તેવા વીરનુ ચરિત્ર છે. કેવળ ભૌતિક દૃષ્ટિએ વીર નહીં, તો આધ્યાત્મિક દૃષ્ટિએ પણ શ્રીકૃષ્ણ એક સાચા વીર હતા. તેમણે જોયુ કે, સત્તા અને સંપત્તિ હાથમાં આવે એટલે ભોગવાદ નાચવા લાગે છે; તેથી જડવાદી અને ભોગવાદી વિચારો સામે લડવા માટે તેમણે ક્ષત્રિયોનું સંગઠન કર્યું. તે વખતે ક્ષત્રિયો ડરતા હતા, દૂબળા થયા હતા, ખૂણામાં બેસતા હતા, લાચાર થયા હતા, મૃતઃપ્રાય થયા હતા. તેમનામાં પ્રાણ રેડી શ્રીકૃષ્ણે તેમને ઊભા કર્યા. ભારતીય સમાજની સુસ્થિતિને માટે ક્ષત્રિય મંડળનું રક્ષણ અત્યાવશ્યક છે. નિરુપદ્રવી છ્યાસી રાજાઓને જરાસંઘે બંધીવાન રાખ્યા હતા. તેને કૃષ્ણે સ્પષ્ટ ભાષામાં કહ્યું, 'તું નિરુપદ્રવી રાજાની હિંસા કરે છે. અમે ધર્મનું રક્ષણ કરવા સમર્થ છીએ. આવા સમયે અમે આ કાર્ય નહિ કરીશું તો, તારું પાતક અમને લાગશે.'

કૃષ્ણે જરાસંઘને માર્યો છે. એમાં એમનો હેતુ શું હતો ? પોતાનું સામ્રાજ્ય વધારવાનો નહીં. ઊલટું જરાસંઘને મારી તેનું રાજ્ય તેના છોકરાને આપી દીધું છે. તમે એને ગાંડો કહેશો. આવાં ફક્ત બે જ ચારિત્ર્યો છે. એક કૃષ્ણનું અને બીજું રામનું. ઉપયુક્તતાવાદી જીવનમાં એ ગાંડા છે. આ રામકૃષ્ણ સિવાયના કોઈનાં પણ આવાં

ચારિત્ર્યો નહીં મળે. પણ આપણે એમને ભગવાન તરીકે પૂજીએ અને કહીએ, એ તો ભગવાન હતા. આપણાથી થોડું જ કાંઈ એ થાય, એ તો ભગવાનને શોભે અને આમ બોલીને બેસી રહીએ છીએ. ભગવાન તરીકે પૂજી તેમનું જીવન આપણે ખલાસ કરતા રહ્યા છીએ. એકવાર ભગવાન ગણી તાળામાં મૂકી દીધા એટલે પત્યું. રામ દશરથની આજ્ઞાથી રાજ્ય છોડી જંગલમાં ગયા અને આપણે કહીએ એ તો ભગવાન હતા, એ કરી શકે.

છયાસી રાજાઓને જરાસંધે જેલમાં પૂર્યા હતા. તેમને છોડાવવા કૃષ્ણે જરાસંધને માર્યો. રાજ્યલોભ માટે? બિલકુલ નહીં, કૃષ્ણ એટલે નિર્લોભીતાનો આદર્શ છે. બધાને છોડાવી તેમને પાછા ઊભા કર્યા. કૃષ્ણ કહે તે કરવા માટે આ લોકો તૈયાર હતા. કૃષ્ણે શું કીધું હશે? 'હું કહું એમ કર,' ના....તો કૃષ્ણે ફક્ત એટલું જ કીધું કે, ધર્મરાજાના અનુયાયી થાવ, તેણે એમ ન કહ્યું કે હું કહું એમ કરો. તેણે સાર્વભૌમસત્તાની અપેક્ષા કરી નહીં. તે માટે એક દિવસ પણ વિચાર કર્યો નથી. તેને તે સત્તા જોઈતી હોત તો યુધિષ્ઠિર આપવા તૈયાર જ હતા. સ્વપ્નમાં તે કહેત તો યુધિષ્ઠિર માથે મુગટ મૂકવા તૈયાર હતા. પણ તેમને સત્તા જોઈતી ન હતી. જે જે ઠેકાણેથી નમ્રતાથી કામ લઈ શકાય ત્યાં ત્યાં નમ્રતાથી તેમણે કામ લીધું છે. તમે ઉન્મત્ત થઈ સૃષ્ટિનું ચક્ર બદલાવી નહીં શકો. તે વિશિષ્ટ વિચારથી ચાલવું જ જોઈએ અને તે ચાલશે જ, બધાને તેણે નમ્રતાથી સમજાવ્યું છે. સામ, દામ, ભેદ અને દંડની નીતિ અખત્યાર કરી સમજાવ્યા છે. અને કોઈ પણ ન માને તો પછી કંઠસ્નાન અને તે પણ ફક્ત સત્તાધીશોને જ, સત્તાશૂન્યોને

નહીં. કોઈ પણ સત્તાશૂન્યને શ્રીકૃષ્ણે માર્યા છે એવો દાખલો નથી.

કર્ણને કેટલી નમ્રતાથી શ્રીકૃષ્ણે કહ્યું છે! તેનું ખૂબ વર્ણન કર્યું છે. ખૂબ વખાણ કર્યાં છે, શા માટે? ૧૦૦ રૂા. પગાર માટે કે ૨૫૦ રૂા. બોનસના માટે? 'તારી પાસે કર્તૃત્વ છે. તું સંસ્કૃતિનું કાર્ય કરવા લાગ. જો તું સાંસ્કૃતિક નિષ્ઠા, દૈવી નિષ્ઠા અને પ્રેમ વધારનાર પક્ષે ઊભો રહીશ તો હું યાદવ સૈન્ય સહિત તારો અનુયાયી થઈશ.' એમ એણે કહ્યું છે. આ એના શબ્દો છે, મારા શબ્દો નથી. 'તું સંસ્કૃતિનો પ્રેમી બન. બીજું મારે કાંઈ નથી જોઈતું.' સંસ્કૃતિના કાર્ય ઉપરનો તેમનો આટલો પ્રેમ હતો. અરે, જેની ભ્રુકુટી ઉપર આખા ભારતની સત્તા નાચતી તે આટલો નમ્ર બની અનુયાયી થવા તૈયાર થાય છે; સંસ્કૃતિનું આવું નિઃસ્પૃહી અને નિરહંકારી કામ કરનાર કયા દેશમાં તમે પાકેલો જોયો છે? કઈ ભૂમિમાં પાકેલો જોયો છે? સંસ્કૃતિ માટે પોતાનું આંતરડું તોડી કામ કરવા કેટલા તૈયાર છે. અને વખતે કામ કરતા હશે તો પોતાનો અહમ્ (Ego) પકડીને કામ કરતા રહ્યા છે. લોકોને સાતમે પડદે પણ કૃષ્ણની નિઃસ્પૃહતા માટે શંકા ન હતી. લોકોને પૂરેપૂરી ખાતરી હતી કે, શ્રીકૃષ્ણ નિઃસ્વાર્થ છે. સ્વાર્થની અભિલાષા નથી. અને તેથી જ્યારે જ્યારે ચાલી આવેલી તત્કાલીન રૂઢ નીતિને તોડવા કૃષ્ણ કહેતા, ત્યારે તે કહે તે કરવા લોકો તૈયાર થતા. તે વખતે બધાની ખાતરી હતી કે, કૃષ્ણ કહેશે તે સમાજશાસન, સાંસ્કૃતિક નિષ્ઠા અને દૈવી ગૌરવ માટે જ હશે. અને બધા તેનો પડ્યો બોલ ઝીલવા તૈયાર હતા. બધા રાજમંડળની નજર કાઠિયાવાડ તરફ જ મંડા-

ચેલી રહેતી કે કૃષ્ણ શું કહે છે! પણ આજના આ કાઠિયાવાડી, દૂબળા, નબળા, લાચાર, દીનહીન, રૂપિયા–આના–પાઈના નાદમાં જીવવાવાળા, રૂપિયા–આના–પાઈ પાછળ જ પડેલા એ વધારે શું કરવાના હતા? બહુ બહુ તો મુંબઈમાં એકાદ બીલ્ડિંગ બાંધશે. કોને ખબર શું જોઈને કૃષ્ણ ત્યાં ગયા હશે? પરંતુ ભગવાને તે ભૂમિમાં સાંસ્કૃતિક નિષ્ઠા જોઈ હશે. તેજસ્વિતા જોઈ હશે. તેથી તે ત્યાં ગયા હશે.

તેમની વાણીનું તેજ! એ માટે તો કાંઈ પૂછો જ નહીં. તે જે બોલ્યા છે, તે બધું જ સુસંબદ્ધ છે. આટલું સુસંબદ્ધ ભાષણ આપણને ક્યાંય જોવા નહીં મળે. તેમનાં ભાષણો પૂરેપૂરાં રાજનીતિપૂર્ણ હતાં, આજના રાજનીતિજ્ઞો (Modern Politicians) અને મુત્સદ્દીઓ(Statesmen)નાં ભાષણો જુઓ. તેમનાં ભાષણો અને મહાભારત સાથે રાખી કૃષ્ણનાં ભાષણો સરખાવો. મૂળ (Original) સંસ્કૃત અને અંગ્રેજી લખાણ જુઓ. ભાષાંતર કરેલું લખાણ લો નહિ, નહિ તો ભાષામાં અંતર રહેશે. તે લખાણ ભાષાંતર કરનાર જેટલું જ દૂબળું થશે. કારણ કે अर्थस्य पुरुषो दासः સર્વસામાન્ય માન્યતા છે કે, આ લોકો પૈસાના ભિખારી છે, પણ વાસ્તવિક તત્ત્વાર્થના દાસ છે અને એ અર્થનો દાસ અર્થ કરવાવાળો મહિને બસો રૂપિયા પગાર લઈને જ અર્થ કરવા બેઠો હશે. પ્રકાશક ( Publisher ) કહે તેમ લખે, તો તમે મૂળ લખાણ વાંચો અને કહો કે ચડતું રાજનીતિજ્ઞ લખાણ–ભાષણ કોનું છે? કૃષ્ણનું ભાષણ એ કેટલું બધું સુસંબદ્ધ છે! અરે! આ બધાનો ગુરુ છે ગુરુ.

બધાને ભાવે તેવું, બધાને ગમે તેવું કૃષ્ણ બોલતા હતા. તમને થાય કે બધાને મીઠું મીઠું કહે તેથી તે સારા

લાગે, ધર્મરાજ સામો આવે તેને કહે તું સારો, દુર્યોધન સામો આવે તો તેને કહે તું સારો, रामाय स्वस्ति । અને रावणाय स्वस्ति । પણ એમ ન હતું. ઊલટું તેમની વાણી અસ્રાની ધાર જેવી હતી. સામે બોલનારને તોડી જ નાખે, બોલનારના બે કટકા જ કરી નાખે. સેંકડો ઉદાહરણો દેખાડું: મહાભારતમાં કે સિદ્ધાંત( Principle )નો સવાલ આવ્યો એટલે કૃષ્ણ ભયંકર છે. અને તે સવાલ ન હોય તો તે સામાન્ય છે. ભયંકર નથી. સિદ્ધાંતમાં પતાવટ ( Compromise ) નહીં.

જ્યારે કૃષ્ણ શિષ્ટાઈ કરવા હસ્તિનાપુર ગયા હતા ત્યારે દુર્યોધને તેમને કહ્યું હતું, મારે ઘેર જમવા આવો, ત્યારે દુર્યોધનને તેણે કહ્યું, 'દુર્યોધન ! તને ખબર છે કોણ કોના ઘેર જમવા જાય ? જેના ઉપર આપણો આત્યંતિક પ્રેમ હોય ત્યાં માણસ જમવા જાય, અથવા તો અન્નને મોંઘો થયો હોય તો જમવા જાય.' કૃષ્ણે સ્પષ્ટ કહ્યું કે, 'તારો મારા ઉપર પ્રેમ નથી. અને મારો તારા ઉપર પ્રેમ નથી અને હું અન્નને મોંઘો થયો નથી, તેથી મારે તારે ઘેર જમવા આવવાનું કારણ નહીં.' આવા સ્પષ્ટવક્તા તે હતા. આના કરતાં એક શબ્દ વધુ નહીં ને એક શબ્દ ઓછો નહીં. તે શા માટે દુર્યોધનને ત્યાં જમતા નથી તે સ્પષ્ટ શબ્દમાં કહ્યું છે. તેનો સ્પષ્ટ જવાબ ( Clear cut idea ) આપી દે છે. તેથી કહું છું, કૃષ્ણનું જીવન ધર્મ માટે હતું, સંસ્કૃતિના વિકસન કાર્ય માટે હતું. બધાને ગળ્યું ગળ્યું બોલતા એવું કાંઈ ન હતું. ધર્મ માટે ધર્મ નહીં, પણ તે ઉપર આત્યંતિક નિષ્ઠા હતી. ધર્મના કાર્યમાં વચ્ચે અંતરાય હોય તો તે તોડવા પહેલો પ્રયત્ન કરતા તે માટે

તે બધું તોડવા તૈયાર હતા. એના માટે કેટલું બોલવું?

આ ભારતનો વૈભવ કાંઈ હશે તો તે મહાભારત, અને મહાભારતનો વૈભવ હશે તો શ્રીકૃષ્ણ, મહાભારત બાદ (Minus) કૃષ્ણ એટલે શૂન્ય (Zero)—શ્રીકૃષ્ણનું વચન કાઢી નાખો તો પછી મહાભારત દરિયામાં જ ડુબાડી દો. થોડોઘણો ભીષ્મ માટે મોહ થાય ખરો, અને આ બન્નેને મહાભારતમાંથી જો બાદ કરો એટલે મહાભારત કાંઈ જ નથી. અમને તે પોથી જોઈતી નથી.

કૃષ્ણ વિષે આપણે ઘણું બોલ્યા છીએ. પરંતુ તેની ભૂમિકા જોતાં તેના જીવનનાં ચાર મહત્ત્વનાં પાસાં છે.

(૧) ભક્તો ઉપર પ્રેમ—સ્વભક્તો ઉપરના આત્યંતિક પ્રેમની ભૂમિકા. જ્યાં ગયા છે ત્યાં બસ પ્રેમ, પ્રેમ અને પ્રેમનો જ વર્ષાવ કર્યો છે.

(૨) રાજનીતિજ્ઞ ધૂરંધર તરીકે લીધેલી ભૂમિકા.

(૩) રાતદિવસ જે દૈવી કાર્ય માટે પ્રયત્ન કરનાર તેના સખા તરીકે ભૂમિકા.

(૪) માનવવંશના—ઉપદેશની મહાન પ્રવચનકારની—જગદ્‌ગુરુની ભૂમિકા, સામાન્ય ભૂમિકા નથી, પણ જગદ્‌ગુરુની ભૂમિકા છે.

એમના પ્રેમે તો લોકોને ગાંડા બનાવ્યા છે. જે ઠેકાણે જાય ત્યાં પ્રેમ—પ્રેમ—પ્રેમ સિવાય બીજી ભાષા જ નહીં. ગોકુળ એટલે કૃષ્ણપ્રેમની પરાકાષ્ઠા. ગોકુળના પ્રેમમાં તો આપણે તલ્લીન થઈ જઈએ છીએ. એ વાંચતાં એમ થાય, બસ—હવે આનાથી આગળ વધારે શું સારું હશે? પણ એમના પ્રેમના અતિરેકને લીધે લોકોએ આગળ વાંચવાનું બંધ કર્યું અને આટલું પચે તોપણ ઘણું છે ભાઈ, એમ

કહેતા રહ્યા. આ પ્રમાણે કૃષ્ણને અહીંથી જ છોડી દીધો. આ દિવ્ય હશે એમ મારે કહેવાનું નથી. ભક્તો ઉપર તેમનો અત્યંત પ્રેમ હતો. આટલું હોઈને પણ તે સ્થિતપ્રજ્ઞ હતા. ગોકુળ પર પ્રેમ કર્યો, આત્યંતિક પ્રેમ. એક વાર ગોકુળ છોડતાં તેમને દુઃખ થયું. બધાંને દુઃખ થયું. પણ પછી તેનો મોહ નહીં. ગોકુળ છોડ્યા પછી કદી પાછા ફરીને જોયું નથી. એમને કદી થયું નથી કે લાવો જઈ આવીએ. એકાદ 'ટ્રીપ' કરી આવીએ.

दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः ।
वीतरागभयक्रोधः स्थितधीः मुनिरुच्यते ॥ અને
समः शत्रौ च मित्रे च तथा मानापमानयोः ।
शीतोष्णसुखदुःखेषु समः संगविवर्जितः ॥

એમની એ ભૂમિકા હતી.

રાજનીતિજ્ઞ તરીકે તે નિપુણ છે. તેમની તે ભૂમિકા એવં છે. માટે તે માન્ય જ છે. તેમાં બે મત નહીં.

ત્રીજી ભૂમિકા સખા તરીકેની ભૂમિકા : દૈવી કાર્ય કરનારને તે સખાની ભૂમિકાથી જબરદસ્ત આશ્વાસન મળે છે. દૈવી કાર્ય કરનારને-સંસ્કૃતિનું કાર્ય કરનારને માટે તે સખા રહ્યા છે. 'તું ડર નહીં. બચ્ચા તું કામ કરતો રહેજે, હું ઊભો છું, મારા ઉપર ભરોસો રાખ, હું તારું યોગક્ષેમ સંભાળી લઈશ.'

अनन्याश्चिन्तयंतो मां ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥

દૈવી કાર્યમાં ભગવાન તમારી પાછળ આવીને ઊભો જ રહે છે. તે કાર્ય કરનારને મોટું આશ્વાસન છે. યોગક્ષેમ એટલે શું દાળ-રોટલો? 'જબ દંત ન થે તબ દૂધ દીયે, અબ

દંત દીધે તબ અન્ન ન દે.' દૈવી કાર્ય કરો, કોઈ મદદ નહિ કરે તો કાંઈ નહિ, પણ ભગવાન તો મદદ કરશે જ એમ ! પણ મદદ એટલે શાની ? મદદ કરશે એટલે તમારા ઘરનો કચરો કાઢવામાં, પાણી ભરવામાં મદદ કરશે એમ નહીં. અરે ! તમે સાચા ભક્ત થશો, તેમના લાડીલા થશો તો તે પણ કરશે, પણ તમે વૈશ્વિક કાર્ય કરવા ઊભા થાવ, સંસ્કૃતિનું કાર્ય કરવા ઊભા થાવ, તે તમને આલિંગન આપશે. પણ તમે પ્રભુના કામ માટે ચામડી ઘસાવા તૈયાર થાવ, તમારી ચામડી ઘસવાની હિંમત દેખાડો, તો તમને સંભાળવા તે ઊભા છે. તમારી ચામડી પણ ઘસવા નહીં દે. અર્જુન અને પાંડવોના તે સખા હતા. દૈવી લોકો ઉપર તેમનો આત્યંતિક પ્રેમ હતો. મારા ભક્ત, તેમને મારે સંભાળવા છે. અને તે માટે દોટ મૂકે છે. કોઈને પૂછવા પણ ઊભા નથી રહેતા. ભક્તવત્સલ ભગવાન છે. લોકો પર આત્યંતિક પ્રેમ કરવાવાળા ભગવાન અને રાજ્યનીતિ ધુરંધર ભગવાન છે.

સંજય શિષ્ટાઈ અને કૃષ્ણની શિષ્ટાઈ વખતના પ્રસંગ તો જુઓ–કૃષ્ણના મગજની અલૌકિક વાતો છે, ધૃતરાષ્ટ્ર હરામખોરમાં હરામખોર પાત્ર (Character) છે. દયા આણવા જેવો છે. તેના જેવો હરામખોર શોધ્યો જડશે નહિ. તે સર્પ જેવો છે. પોષશો તો કરડશે. આ વ્યાસ કહે છે, હું નથી કહેતો. તે વખતનું રાજ્ય એટલે વ્યવસ્થિત બંધારણીય (Constitutional) રાજ્ય હતું. ભીષ્મ અને દ્રોણ રાતદિવસ ધૃતરાષ્ટ્રને કહે છે કે, તમે રાજ્યપ્રમુખ છો, તમે વટહુકમ (Order) કાઢો. તારા છોકરાને બાંધી નાખીએ. પણ તે વિદુરને કહે છે, મારો પુત્ર માનતો નથી; હું શું કરું ? વિદુર કહે, તું વટહુકમ કાઢ. રાજસત્તા તો પ્રમુખની છે.

તારો છોકરો કાંઈ નથી. અને પછી જો દુર્યોધનને અમે ઠેકાણે લાવીએ છીએ કે નહીં. કાવતરામાં પહેલો હાથ તેનો હતો. એ ચંડાળ ચોકડીને ચાંડાલતાનાં મૂળિયાં ઘસીને પિવડાવતો હતો. તેણે પણ આ ચંડાળ ચોકડીના કાવતરામાં ભાગ લીધો છે. એવો આ હરામખોર છે. અને એ હરામ-ખોરે વટહુકમ ન જ કાઢ્યો. આ ચંડાળ ચોકડી દુર્યોધન, દુઃશાસન, શકુનિ અને કર્ણ; એમને હરામખોરીનું તત્ત્વ પાનાર મૂળિયું એટલે ધૃતરાષ્ટ્ર! અને એ ધૃતરાષ્ટ્ર સંજયને શિષ્ટાઈ માટે મોકલે છે. ખરેખર, સુંદર રીતનું તત્ત્વજ્ઞાનથી ભરેલું એ ભાષણ છે. સંજય યુધિષ્ઠિરને કહે છે કે, 'હે ધર્મ! એમ જમીનના ટુકડા માટે લડવું એ શું કુરુવંશીને શોભે કે? તારું ભણતર શું? તું મોટો છે. વિદ્વાન છે. ધર્મમાં સમજવાવાળો છે. અમને બધાને તારા માટે આદર છે. તારી પાસે અપેક્ષા હતી કે, ક્ષુદ્ર વાતો માટે તું લડશે નહીં. તું જરા વિચાર તો કર, અહીં આવ્યા પણ આપણે બધાએ જવાનું જ છે! અહીં કોણ રહેવાનું છે અને ઉપર સાથે શું લઈ જવાનું છે? તું આત્મવિકાસ કર. જીવનવિકાસ કરતો જા! જીવનનો અર્થ જ આ છે. ભાઈ, પ્રભુએ જીવન એટલા માટે આપ્યું છે, રાજ્ય અને ઉપભોગ ભોગવવા નહીં. તું જંગલમાં જા, ત્યાં રહે અને આત્મવિકાસ કરતો રહે.' પણ આની પાછળ તેનો હરામખોરીભર્યો હેતુ છે. અરે, ઉપનિષદ-થી પણ સરસ આ ભાષણ હતું. સંસ્કૃતિના જે રક્ષક છે, તેના રક્ષક પ્રભુ છે. ધર્મ સહજ કહે, 'કાકા, તમે મારા આધ્યાત્મિક વિકાસ માટે જ આ કહેવડાવ્યું છે. તમારો મારા ઉપર કેટલો પ્રેમ' અને યુધિષ્ઠિર આ સાંભળતાં જ પીગળી ગયો. પણ પોતાના મિત્રો ઉપર પ્રેમ હોવાથી સખાભાવને લીધે કૃષ્ણે

સંજયને કહ્યું, 'ચૂપ કર,' એણે ધર્મને પૂછ્યું પણ નહીં. આ દૂત જ જુદા પ્રકારનો હતો. પોતે જ પોતાને યોગ્ય લાગે તે કરે. અને એ દૂતમાં રાજાને સત્તર આનાનો વિશ્વાસ. કૃષ્ણ કહે, 'ધૃતરાષ્ટ્રને કહેજે કે, અતિસુંદર અને દૈવી ઉપદેશ આપ્યો તે બદલ એમને ધન્યવાદ; પણ એ જ્યાંથી નીકળ્યો ત્યાંથી જ એના આચરણની શરૂઆત થાય. હું શિષ્ટાઈ કરવા આવું છું, એમ ધૃતરાષ્ટ્રને કહેજે.' અને તે પોતે દૂત તરીકે જવા તૈયાર થાય છે. તેની પાછળ પણ કારણ હતું. સંસ્કૃતિ અને નીતિ માટે જીવન અર્પણ કરનારનું હું પહેલું કામ કરીશ. મને બોલાવે કે ન બોલાવે તોપણ હું એની પડખે જઈને ઊભો રહીશ. નીતિ માટે, સંસ્કૃતિ માટે જીવન અર્પણ કરનારની પાછળ તે ઊભો જ છે. સંસ્કૃતિ માટે બળવાવાળાને આશ્વાસન આપે છે. તું એકલો હોઈશ તોપણ વાંધો નહીં. આખું વિશ્વ ભલે તારા વિરુદ્ધ હોય, તું ડર નહીં. હું તારી સાથે છું. અરે, જેના જીવનમાં પ્રભુ અનુકૂળ હોય, પછી ત્યાં બાકી જ શું રહે?

अनुकूले जगन्नाथे सानुकूलं जगत्त्रयम् ।
प्रतिकूले जगन्नाथे प्रतिकूलं जगत्त्रयम् ॥

એમની ચોથી ભૂમિકા એટલે માનવવંશના આદ્ય પ્રવચનકાર તરીકેની ભૂમિકા. એના કરતાં બીજો પ્રવચનકાર કોઈ પાક્યો નહીં. માનવવંશની કાયમની કામગીરી—યાદગીરી આપી જાય એવું કૃષ્ણનું અલૌકિક જીવન છે. જેટલું ગાઈએ એટલું ઓછું. સમયમાં રહીને ગાવું છે. તો હવે આ માટે આવતી કાલે પાછા ભેગા થઈશું અને જગદ્ગુરુ કૃષ્ણની ભૂમિકાનો વિચાર કરીશું.

# કૃષ્ણ અવતાર (ઉત્તરાર્ધ)

ગઈ કાલે આપણે શ્રીકૃષ્ણચરિત્ર વાંચતા હતા, ખરે-ખર! કૃષ્ણ એક મહાન પ્રભાવશાળી વ્યક્તિ હતી. અને જગતનો એ નિયમ છે કે, જે પ્રભાવશાળી વ્યક્તિ હોય તેને જેટલા ઉત્કટ પ્રેમથી લોકો જોતા હશે તેટલા જ દ્વેષથી પણ જોવાવાળા હોય છે. કોઈ પણ ઠેકાણે, ગમે તે દેશમાં તમે જાવ તો તમને જણાશે કે, મહાપુરુષ હોય તો તેના દ્વેષ કરનારા હશે જ, એવો ઐતિહાસિક સિદ્ધાંત જણાય છે. મહાપુરુષ સિદ્ધ કરવા થોડાઘણા દ્વેષ કરનારા હોવા જ જોઈએ. નહીં તો તે મહાપુરુષ લાગશે નહીં. કોઈ પણ દેશમાં જાવ પણ પ્રત્યેક ઠેકાણે આ જ પરિસ્થિતિ છે. આત્યંતિક પ્રેમ અને દ્વેષ એ બન્નેની ઉત્કટતા બધા મહાપુરુષોને મળેલી જોવા મળે છે.

શ્રીકૃષ્ણ માટે પણ એમ જ હતું. ગોપીઓનો તેમના ઉપર ઉત્કટ પ્રેમ હતો. પાંડવોનો ઉત્કટ પ્રેમ હતો. અને જરાસંધ, શિશુપાલ વગેરે તેમને મારવા તૈયાર થયા હતા. આ ઉત્કટતા તે કાળ સુધી જ હતી એમ નથી, પણ તે સ્થિતિ હજુ પણ ટકી રહી છે. કૃષ્ણનું નામ લેતાં જ મસ્તક નમે છે. મસ્તક નમાવનાર ગોપીના વંશજો તો છે જ, પણ ગણ્યાગાંઠ્યા. જરાસંધ અને શિશુપાલના વંશજો પણ છે, તે ચાલ્યા ગયા છે, એમ સમજવાનું કારણ નથી.

શ્રીકૃષ્ણનું જીવન આધ્યાત્મિક વિકાસથી ભરેલું હતું, તત્ત્વ અને ધ્યેયનિષ્ઠાથી ભરેલું જીવન હતું; ભૌતિક સુખ અને ભૌતિક આનંદનો અધ્યાત્મ આનંદ સાથે સમન્વય

સાધનારું જીવન હતું. આવું જીવન કોઈ ઠેકાણે જોવા નહીં મળે. આ જ તો તેમનું વૈશિષ્ટ્ય છે. કૃષ્ણના તત્ત્વજ્ઞાનમાં લોકોનો જેટલો વિરોધ હશે તેટલો બીજા કોઈ માટે નથી. આધ્યાત્મિક અને આધિભૌતિક બન્નેનો સમન્વય તેણે જીવનમાં દેખાડ્યો છે. તે બારામાં બે મત નથી. કરોડો-અબજો લોકો આને નમસ્કાર કરી મુક્ત થયા છે.

તેનું આખું જીવન ધડપડ (દોડધામ) અને ઉદ્યોગથી ભરેલું હતું, પણ અંદરથી તે શાંત હતા. બહાર દોડધામ હતી પણ અંદરથી આત્માનું સંગીત સાંભળવા મળતું. તે એક પણ વખત ઊંઘતા કે બગાસું ખાતા મહાભારતમાં જોવા નથી મળતા. રાત-દિવસ તેમની પ્રવૃત્તિ અવિરત (Nonstop) ચાલુ હતી; પણ તેથી તેમનું જીવન કરમાઈ જતું નથી. પરંતુ પ્રવૃત્તિની સાથે તેટલું જ પ્રભાવશાળી આધ્યાત્મિક જીવન હતું; એકનિષ્ઠા અને એક ધ્યેયથી તેમનું જીવન ચાલતું હતું. કૃષ્ણના જીવનની આપણે ગઈ કાલે મુખ્ય ચાર ભૂમિકા નક્કી કરી હતી: (૧) ભક્તિ અને પ્રેમથી ભરેલી ભૂમિકા; (૨) રાજનીતિજ્ઞ તરીકેની ભૂમિકા; (૩) એક સખા તરીકેની ભૂમિકા. ઈશ્વરનું કાર્ય કરનારા ઈશ્વરવાદી લોકોના જીવનમાં હિંમત લાવે તેવું જીવન છે. પાંડવો જોડે જેમ તેમનું સખ્ય હતું તેમ તે અમારા-તમારા જોડે પણ સખા થઈને ઊભા રહેશે. તે સખ્યતા તમારા-અમારા અંતઃકરણમાં હિંમત નિર્માણ કરશે. અને (૪) જગદ્ગુરુની ભૂમિકા. તત્ત્વજ્ઞાનનો દ્રષ્ટા, અધ્યાત્મનો મહાન ઉદ્ગાતા, ઉપનિષદનાં તત્ત્વોનો સમન્વયાત્મક ચિંતક અને આ બધાનો સૃષ્ટિના વિકાસના ઉત્કૃષ્ટ ઉપયોગ માટે એ વિચારોની છણાવટ કરી માનવવંશના ગળામાં સુંદર

હાર પહેરાવનાર તત્ત્વજ્ઞાનનો મહાન માળી એટલે કૃષ્ણ. ગયા પ્રવચનમાં તેમની પહેલી ત્રણ ભૂમિકા આપણે જોઈ અને આજે આપણે ચોથી જગદ્ગુરુની ભૂમિકા જોઈશું.

શ્રીકૃષ્ણ માટે પણ જુદાં જુદાં મંતવ્યો છે. તેમના માટે ઘણી ચર્ચાઓ થઈ છે. આત્યંતિક અહિંસાવાદી લોકો કૃષ્ણને હલાવવા, નચાવવા પ્રયત્ન કરે છે. પણ કૃષ્ણ અસ્થિર પાયા ઉપર ઊભેલો રહેલો નથી. તેવી જ રીતે હિંસાવાદી-સામ્યવાદી (Communist) લોકો પણ તેને હલાવવા, નચાવવા પ્રયત્ન કરતા બેઠા છે. પણ એમનું સિંહાસન હાલે તેમ નથી.

કૃષ્ણના જીવન વિશે લોકોને ઘણી શંકાઓ છે. તે માટે બોલવા મારો વિચાર પણ હતો. પણ પછી થયું કે જેના માટે મને બિલકુલ શંકા નથી તેના માટે અગિયારશના દિવસે શા માટે બોલવું? કાદવમાં પગ નાખી ધોવાની જરૂર શું? શ્રીકૃષ્ણના તત્ત્વજ્ઞાન માટે પણ ઘણી શંકાઓ છે. માર્કસનાં પાંચ તત્ત્વો છે. અને માનવ એ પાંચ કક્ષામાંથી પસાર થાય છે. પ્રાથમિક અવસ્થા( Primitive Stage )-થી માંડી Higher Phase of Communism આમ માનવી વિકાસની પાંચ અવસ્થા માર્કસ માને છે. તેના મત પ્રમાણે તો હજુ કૃષ્ણ બીજા કે ત્રીજા પગથિયા ઉપર ખૂડબૂડ્યા કરે છે. અને પાંચમો Phase એટલે Higher phase of communism તો એકદમ છેવટની ટોચની અવસ્થા છે, તે અત્યંત સુખકારક છે. પરંતુ માનવવંશ પાંચ અવસ્થામાંથી જવો જોઈએ, આ અશાસ્ત્રીય કલ્પના છે-ભૂલ ભરેલી છે. અને ફલાણા ફલાણાએ કહ્યું તેથી તે માનવું અને કૃષ્ણને બીજી કે ત્રીજી અવસ્થામાં મૂકી તેમની બેઆબરૂ કરવાનું કારણ? પણ જવા દો, અત્યારે આ પાંચ અવસ્થા

ક્યાં કહેવા બેસું ? તે બેઆબરૂ અમુકે કરી તેથી તે માનવાની જરૂર શું ? માનવવંશ પાંચ Phaseમાંથી ઉત્ક્રાંત થયો છે તે ફલાણા ભાઈએ કીધું તેથી માનવાનું કારણ નહીં. અરે ! શ્રુતિ પણ બુદ્ધિગમ્ય ન કહે તો અમે માનીશું નહીં. શંકરાચાર્ય કહે કે, શ્રુતિ, અગ્નિ ઠંડો છે, એમ કહે તો એ વાત અમે માનશું નહીં. માનવવંશની ઉત્ક્રાંતિની પાંચ કલ્પના આ ભ્રાંત તત્ત્વજ્ઞાનનું એક ચિન્હ છે; 'કૉમ્યુનીઝમ' આ ભ્રાંત તત્ત્વજ્ઞાનનું પ્રદર્શન છે. છોડી દો એ વાત.

કૃષ્ણ ભગવાન એ માનવવંશના ગુરુ છે તેનું કારણ કે તે કોઈ દેશ યા કાળના નથી. કૃષ્ણ અમારા દેશમાં પાક્યા છે, તેથી અમારું મસ્તક ગૌરવથી ઊંચું રહે છે. ચારે બાજુ જડવાદ, નિરીશ્વરવાદ નાચતો હોય, તે કાળમાં માર્ગદર્શન કરે તેવો ગીતાનો મહાન ગ્રંથ તેમણે આપ્યો છે. તેથી તેની સામે માથું નમે છે.

જગતનો ઇતિહાસ જોશો તો જણાશે કે તે ઇતિહાસ પ્રવૃત્તિ અને નિવૃત્તિમાં ડોલતો રહેલો છે. પ્રત્યેક કાળમાં ઘડિયાળના લોલક(Pendulum)ની જેમ જગતનો ઇતિહાસ ડોલતો રહ્યો છે. કોઈવાર પ્રવૃત્તિ, પ્રવૃત્તિ ને પ્રવૃત્તિ જણાય છે તો કોઈ કાળમાં નિવૃત્તિ, નિવૃત્તિ અને નિવૃત્તિ જ દેખાય અને તેનું મધ્યબિંદુ સાધવા કૃષ્ણ જેવા મહાન પુરુષે પ્રયત્ન કર્યો છે.

તમે ઇતિહાસ તપાસશો તો ખબર પડશે કે, આપણા દેશમાં તેમ જ પાશ્ચાત્ય દેશોમાં આ જ પરિસ્થિતિ હતી. ગ્રીસમાં હોમર પછી અત્યંત પ્રવૃત્તિવાદ હતો. પ્રવૃત્તિ, પ્રવૃત્તિ અને પ્રવૃત્તિ, કંટાળો આવે એટલી પ્રવૃત્તિ. આ જ પ્રવૃત્તિવાળું જીવન હોય તો ન જોઈએ એવું થવા લાગ્યું.

ત્યાર પછી પાયથોગોરસથી લોકો નિવૃત્તિ તરફ જઈ રહ્યા. એટલે સુધી માનવા લાગ્યા કે જીવન ખરાબ છે. સંસાર ખરાબ છે. સંસારમાં રહેવું ન જોઈએ, પરણવું ન જોઈએ ઇત્યાદિ. ત્યાર પછી એપીક્યુરસથી શરૂઆત કરી પાછો સમાજ ખૂબ પ્રવૃત્તિમાં પડી ગયો. માણુસ એવો છે કે, જે પકડે તે ટોચ ઉપર લઈ જાય. નિવૃત્તિ ઉપર જાય એટલે લંગોટી પહેરીને નીકળી પડે ને પ્રવૃત્તિ ઉપર જાય એટલે પ્રવૃત્તિ એટલે સુધી રાખે કે ભગવાનને માનવા તૈયાર નહીં. તે ઠેઠ ક્રિશ્ચન ધર્મ સુધી પ્રવૃત્તિ જ પ્રવૃત્તિ જણાય છે. અને પછી ખ્રીસ્તિ ધર્મમાં Monks અને Nuns થયા અને આખો સમાજ નિવૃત્તિ તરફ ગયો. તે પછી માર્ટીન લ્યુથરથી પાછી પ્રવૃત્તિની શરૂઆત થઈ છે. તે આજે આખો સમાજ પ્રવૃત્તિ તરફ જ ઘસડાતો જાય છે. નિવૃત્તિની ભાષા જ નહીં. ઊલટું નિવૃત્તિની ભાષા બોલી પ્રવૃત્તિ કરવાની એક નવી પ્રથા વધી છે.

આપણા દેશમાં પણ શ્રુતિકાળમાં ચાર આશ્રમો હતા. બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમ. તેમાં પહેલા બે પ્રવૃત્તિના આશ્રમો અને બીજા બે નિવૃત્તિના આશ્રમો. અહીં ભારત દેશમાં ઋગ્વેદકાળમાં લોકો પ્રવૃત્તિમાં જ પડ્યા હતા. યજ્ઞયાગ કરતા જ બેઠા હતા. એ સિવાય બીજી વાત ન હતી. પણ પછી ઉપનિષદકાળમાં પ્રવૃત્તિ–નિવૃત્તિનો સમન્વય થયો. શાંતિનું ઉદ્‌ગાન થયું, થોડો સમય આ તૌલનિક કાળ ચાલ્યા પછી પાછા લોકો આંત્યંતિક પ્રવૃત્તિ તરફ ઘસડાયા અને પાછો ગીતાએ તૌલનિક વિચાર ઊભો કર્યો. પ્રવૃત્તિ અને નિવૃત્તિનું માધ્યમ તેણે આપ્યું. ત્યાર પછી સમાજમાંથી થોડા જ દિવસમાં નિવૃત્તિ અને પ્રવૃત્તિનું માધ્યમ ચાલ્યું ગયું. અને લોકો

પછી કૃષ્ણના ભોગો, એનો શૃંગાર, એ જ જીવન માનવા લાગ્યા. ત્યાર પછી બુદ્ધ અને મહાવીરકાળ દરમ્યાન પાછા નિવૃત્તિવાદ તરફ ગયા છે. પછી મંડનમિશ્ર સમાજને પ્રવૃત્તિ તરફ લઈ આવ્યા અને શંકરાચાર્ય પાછો સમન્વય સાધી સમાજને યોગ્ય રસ્તે લઈ આવ્યા. તે પછી પાછો સમાજ નિવૃત્તિ ઉપર ચાલ્યો ગયો. ત્યાર પછી મધ્વાચાર્ય, વલ્લભાચાર્ય, રામાનુજ વગેરે આચાર્યો સમાજને પ્રવૃત્તિ તરફ લઈ ગયા છે. અને આજે તો કોઈને ખબર જ પડતી નથી કે, આપણે ક્યાં જઈએ છીએ? કયા ઠેકાણે છીએ, પ્રવૃત્તિ તરફ કે નિવૃત્તિ તરફ? આમ પ્રવૃત્તિ-નિવૃત્તિનો ઝઘડો માનવવંશના ઇતિહાસમાં ચાલતો રહેલો છે. કોઈ પણ ભાષા બોલનાર સમાજમાં આ છે જ અને આજે તેનું તૌલનિક રૂપ-મધ્યબિંદુ સાધવાની શક્તિ ફક્ત ગીતામાં જ છે.

ઘણાને થાય કે ઇતિહાસમાં આટલા લોકો સમાજમાં તૌલનિક કાળ લાવ્યા તો પછી કૃષ્ણે વિશેષ શું કર્યું? જે લોકોએ સમાજને તૌલનિક રૂપ આપ્યું તે પોતાના વ્યક્તિત્વથી-પુરુષાર્થથી આપી શક્યા હતા. એપીક્યુરસે-શંકરાચાર્યે તે પોતાના વ્યક્તિમત્વથી સાધ્યું હતું. પણ કૃષ્ણે ગીતા જેવું તત્ત્વજ્ઞાન આપ્યું છે. તેથી કોઈ પણ એ મધ્યબિંદુ સંભાળી શકશે. તે સંભાળવા માટેનું મશીન પ્રત્યેકના હાથમાં આપી દીધું છે. અને કોઈ પણ ફોગટલાલ તે સમતુલના સંભાળી શકશે, તેથી માનવવંશ ઉપર તેનો મહાન ઉપકાર છે.

તેણે ઉત્કૃષ્ટ ભક્તિ સમજાવી છે. राजविद्या राजगुह्यम् पवित्रमिदं विद्यते। તેમણે સમજાવેલો ભક્તિયોગ આદર્શ છે. તેમણે જીવનનો કર્મયોગ સમજાવ્યો છે. તેથી તે જગદ્ગુરુ છે. જીવનવિકાસ કઈ રીતે સાધવો તે તેણે બતાવ્યું

છે. તેવું જ ઉત્કૃષ્ટ તત્ત્વજ્ઞાન સમજાવ્યું છે. કર્મયોગમાં પણ તેટલો જ આદર્શ અને જ્ઞાનમાં તેટલો જ શ્રેષ્ઠ છે. Religion of devotion ને કોઈએ ઊભો કર્યો હોય, તો તે કૃષ્ણ ભગવાને જ. ભક્તિનો ધર્મ તેણે ઊભો કર્યો છે. હૃદય ભક્તિથી ભરેલું હોવું જોઈએ તે વગર માણસ જ્ઞાન સમજી શકતો નથી. ભક્તિ અને જ્ઞાન જીવનમાં ઊતરેલાં જોવા મળે તો જ તે કર્મ–યોગ થઈ શકે. આવો કર્મ–યોગી શ્રેષ્ઠ છે. હૃદય ભક્તિથી ભરેલું હોવું જોઈએ. જીવનમાં કેવળ ભક્તિ કે કેવળ જ્ઞાન નહીં.

અને આ બન્ને જેના કર્મમાં ઊભા છે, તેવો મહાન કર્મયોગી ગીતામાં શ્રીકૃષ્ણે સમજાવ્યો એટલું જ નહીં, પણ તેણે જીવનમાં ઉતારી દેખાડ્યો.

સ્થિતપ્રજ્ઞ કોઈએ સમજાવ્યો હશે તો તે ગીતાએ :–

स्थितप्रज्ञस्य का भाषा समाधिस्थस्य केशव।
स्थितधीः किं प्रभाषेत किमासीत व्रजेत किम्।
प्रजहाति यदा कामान् सर्वान् पार्थ मनोगतान्॥
आत्मन्येवात्मना तुष्टः स्थितप्रज्ञस्तदोच्यते॥
दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः॥
वीतरागभयक्रोधः स्थितधीर्मुनिरुच्यते॥

એ સ્થિતપ્રજ્ઞ દર્શનમાં તેણે માનવી જીવનની પરમોચ્ચ કક્ષા વા एषा ब्राह्मी स्थितिः पार्थ–બ્રાહ્મી સ્થિતિનો માનવ બતાવ્યો છે. આધ્યાત્મિક દૃષ્ટિ સમજાવી ભગવાને કર્મ, ભક્તિ અને જ્ઞાનનો ત્રિવેણી સંગમ જીવનમાં બતાવ્યો છે. વૈદિક વાઙ્મયના ઊંડા કૂવાની જરૂર નહીં, પણ ગીતાના ઝરણાનું પાણી પીઓ.

મારો ભગવાન કેવો છે તે કલ્પના ન હોય તો ભક્તિ-

નો ખ્યાલ ન આવે. અને ભક્તિ ને જ્ઞાન પચ્યા પછી કર્મ વગર માણસ રહી શકતો નથી. ભક્તિની ભીનાશ ન હોય તો જ્ઞાન નકામું છે. વૈદિક વાઙ્મયના ઊંડા કૂવામાં જવાની જરૂર નહીં. ગીતાના આ ઝરણામાંથી આ અમૃતપાન કરો. ભક્તિ, જ્ઞાન અને કર્મ આ ત્રણે નદીઓનો સંગમ જેના એક જીવનમાં દેખાય છે તેની સામે મસ્તક નમાવો, એમ ગીતા કહે છે. આવા જીવનને આદર્શ સમજો અને તેવી રીતે જીવન જીવો. આધ્યાત્મિક જીવનમાં માર્ગદર્શન કરનાર કૃષ્ણનું સ્થાન ઘણું જ ઊંચું છે. તેથી તો આપણે કૃષ્ણં વંદે જગદ્ગુરુમ્ કહીએ છીએ. તેનું જીવન કેવળ રાક્ષસોને મારવા પૂરતું યા રાજનીતિજ્ઞ પૂરતું જ ન હતું, તેના જેવો રાજનીતિજ્ઞ કોઈ પાકયો નથી. જગત ઉપર પ્રેમ કરવા જેવી તેના જેવી શક્તિ કોઈની હતી જ નહીં. એના જેવો આધ્યાત્મિક વિકાસ કોઈનો નહીં. તેના જેવો સમાજસુધારક પાકયો નહીં. અને વિશિષ્ટતા તો એ છે કે, ગીતામાં કોઈ ઠેકાણે આગ્રહ નથી. ગીતા કોની છે? પારસીની કે મુસલમાનની? હિંદુની કે ક્રિશ્ચિયનની? કોઈની નહીં. તે માનવ માત્રની છે. ગીતા પર કોઈનો હક્ક નથી. શાસ્ત્રીજી! અમારા હિંદુની ગીતા છે. તે ખોટી વાત છે. જે પોતાને પ્રભુનો દીકરો સમજતો હશે તેની ગીતા છે. અર્જુનને કહેવા માટે જે તત્ત્વજ્ઞાન ૫૦૦૦ વર્ષ પછી પણ કામ લાગે તે તત્ત્વજ્ઞાન ૫૦૦૦ વર્ષ પહેલાં લખી અર્જુનને તે કહ્યું હતું એમ કહેવું તેના કરતાં તો તે આજના સમાજને માટે કહ્યું છે એમ ગણીએ તો ખોટું નહીં. ભગવાન કહે છે, 'મારે આવવાનું કારણ નહીં. મારું લખાણ તૈયાર જ છે.' આ કૃષ્ણગીતા જેના ખિસ્સામાં હોય તે તેજસ્વી હોય, ઉત્સાહી હોય, ચૈતન્ય-

સંપન્ન હોય, હોવા જોઈએ. ચૈતન્યહીન મડદા જેવા સૂતકી ચહેરો કરી બેસવાવાળા જગતમાં ભયંકર છે. સંસાર અસાર છે એમ કહી લાંબો ચહેરો કરવાવાળા, 'અમે એટલે કોણ? અમે તે વળી કયા ઝાડના પાલા?' આમ કહી લાંબો ચહેરો કરી રડવાવાળા આ ભક્તો! ભગવદ્ભક્તિની, તત્ત્વજ્ઞાનની અને તેના વિભૂતિતત્ત્વની જેટલી મશ્કરી કરે છે, બદનામી કરે છે તેટલું ભાગ્યે જ કોઈ કરતું હશે.

गीता सुगीता कर्तव्या किमन्यैः शास्त्रकर्मभिः ।

એવી ગીતા આપી. ધન્ય છે એ કૃષ્ણને. રાજનીતિજ્ઞ તરીકે તે સારો, ભક્તવત્સલ તરીકે સારો, સખા તરીકે એટલો જ પ્રેમાળ, અરે કોઈ પણ કક્ષાથી જુઓ, કોઈ પણ દૃષ્ટિથી એનું જીવન તપાસો, એ પૂર્ણ જ છે. એના વિચારો પૂર્ણ છે. આંતરબાહ્ય બધી જ રીતે તે પૂર્ણ છે. ચાંચ મારવાની જગ્યા જ નથી. અને ચાંચ મારશે તો તે તૂટી જશે. તેનું કોઈ પણ જીવન જુઓ: આધ્યાત્મિક, રાજકીય, સામાજિક, તે પૂર્ણ જ છે. અરે! માણસ જો તેના જીવનમાં તલ્લીન થાય તો કૃષ્ણ બોલતાં જ મડદું ઊઠે એવી તેજસ્વી શક્તિ એનામાં છે. ખરી વાત છે. અને આ મહાન જીવન જેણે ચીતર્યું તે મહર્ષિ વ્યાસને ધન્ય છે! नमोस्तु ते व्यास-विशालबुद्धे । એની ભાષામાં કચાશ છે જ નહીં. કૃષ્ણનું જીવન જ એવું છે કે, દૂબળો પણ જીવંત થાય, અને આ કૃષ્ણે પોતાના ભક્તોને કેવું સુંદર આશ્વાસન આપ્યું છે! જોઈશું, કરીશું, એ ભાષા જ નથી. ઢીલું લખાણ જ નહીં. तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् । એ ગીતામાં અટલ લખી રાખ્યું છે. कौंतेय प्रतिजानीहि न मे भक्तः प्रणश्यति । અરે ઢીલું લખાણ જ નથી. આવું આશ્વાસન કોઈ

જ ઠેકાણે નહીં હોય. સંદેહાત્મક લખાણ જ નથી. છટકી જવાના વિચાર જ નથી. આ કાયમનું આશ્વાસન છે. અને એ જેના જીવનમાં આવ્યું તેના જીવનમાં આનંદ જ આનંદ છે.

ગજવામાં કૃષ્ણ રાખો, હાથથી કૃષ્ણનું કામ કરો, હૃદયમાં કૃષ્ણભક્તિ અને બુદ્ધિમાં કૃષ્ણનું તત્ત્વજ્ઞાન રાખો. આ કૃષ્ણને જીવનમાં લાવો, તેમાં તલ્લીન થાવ, પછી આનંદ જ આનંદ. દુઃખને જગ્યા જ નહીં. તમે કહેશો, કૃષ્ણ તો ગોકુલમાં હતા. અરે! ગોકુલ ત્યાં ક્યાં આવ્યું? ગોકુલ અહીંયાં જ છે. ગોકુલ એટલે આ શરીર. આ શરીરથી જુદું ગોકુલ નથી. ગો એટલે ઇંદ્રિયો અને કુલ એટલે સમુદાય. આ ઇંદ્રિયોનો સમુદાય જ્યાં છે તે ગોકુલ. એ ગોકુલમાં કૃષ્ણજન્મ કરો. લીલું હરિયાળું ઘાસ જોઈ સ્વૈરતાથી જેમ ગાયો ખાવા દોડે છે તેમ સારા સુખોપભોગ જોઈને દોડતો અમારી ઇંદ્રિયોનો સમૂહનો સમૂહ અહીં છે. સ્વૈરતાથી ઇંદ્રિયો દોડે છે, જેથી જીવનમાં અસ્વસ્થતા છે, અશાંતિ છે, ગડબડ છે. આ ગોકુલમાં નૃત્ય નથી, સંગીત નથી, મુરલી વાગતી નથી. તે જે બેસૂરું જીવન ચાલતું રહ્યું છે, તે એક સૂરથી ચાલવું જોઈએ. એક ઇંદ્રિય અહીં ખેંચે છે, બીજી ત્યાં ખેંચે છે. અને આ એક પછી એક ખેંચાણ ચાલતું જ રહ્યું છે. અનંત પ્રવૃત્તિનું ખેંચાણ આવે છે, જીવ ગભરાઈ જાય છે, માણસ નિર્ણય લઈ શકતો નથી. સમુદ્રમંથનની જેમ માનવીનું હૃદયમંથન સતત ચાલતું રહ્યું છે, એ મંથનમાં શું શું વાતો આવે છે? એકાદ વખત અપ્સરા નચાવે છે, તો એકવાર એમાંથી દારૂ નીકળે છે, તો એકાદ વખત લક્ષ્મી આવે છે, ઊભી રહે છે અને મોહ પમાડે છે. આ ગોકુલમાં (દેહમાં) આ સમુદ્રમંથન

સતત ચાલ્યા જ કરતું હોય છે.

કોઈ વખત પ્રેમનો ચંદ્રમા અહીં ઊગે છે. એમ થાય કે, આખા વિશ્વ પર પ્રેમ કરું; આડોશીપાડોશી–બધા ય ઉપર પ્રેમ કરવાનું મન થાય છે, તો કોઈ વખત દ્વેષનું હલાહલ નીકળે છે. કોઈ વખત સદ્‌વિચારોનું પારિજાતક ખીલે છે અને કોઈ વાર ઐરાવત આવી આ પારિજાતકને કચરી નાખે છે. અહંકારના કાલિયાએ પાણી ઝેરી કર્યું છે. અહમ્ અહમ્ હું, હું, નો ફુત્કાર ચાલતો રહ્યો છે. એને કોણ ખલાસ કરશે? અઘાસુર, બકાસુર, દંભાસુર, બધા ભેગા થયા છે તેથી આ પાણી ડહોળાઈ ગયું છે. કૃષ્ણના ઉપાસકોના જીવનમાં અંધારું થઈ ગયું છે. ત્યારે થાય છે, 'શું કરું?' આમ ડાહ્યા સાત્ત્વિકોને–જે ઈશ્વર-ભક્ત છે તેમને જ આમ થાય છે. એમ અહીં પણ નિરી-શ્વરવાદીઓનાં જીવન પણ આવાં જ છે. એમના જીવનમાં પણ અંધારું જ છે. આંખ સામે દેખાતું નથી. જીવનની સ્પષ્ટ કલ્પના નથી. હૃદયની યમુનામાં પૂર આવે છે. જીવનનો સ્પષ્ટ કિનારો દેખાતો નથી. નિરીશ્વરવાદી અને ભગવદ્‌ભક્ત બન્નેના જીવનને દુઃખ અને દૈન્યનાં વાદળિયાંએ ઘેરી લીધાં છે. બધે જ કાળું કાળું ભાસે છે. ત્યારે આશ્વાસન કોણ આપશે? આશ્વાસન આપવાની હિંમત ફક્ત કૃષ્ણમાં જ છે. તે જ કૃષ્ણ અહીંયાં પાછો જન્મે છે. એ કૃષ્ણ ગોકુલમાં આવ્યા કે ગોપાલ થયા જ છે. ઇંદ્રિયોના સ્વામી બનશે. તે ઇંદ્રિયોના સ્વામી બની ઇંદ્રિયોને નાચવા–કૂદવા દે છે. પણ ઇંદ્રિયો ખાડા તરફ જતી હોય તો એંચી લે છે. ગોપાલ શું કરે? ગાયને ખાડા તરફ જતી હોય તો અટકાવે, તેમ ઇંદ્રિયોને ખાડા તરફ જતી હોય તો તે અટકાવશે.

ખાડામાં ઇંદ્રિય પડતી હોય તો તુરત ખેંચશે. તે ઇંદ્રિયોને દોડાવશે પણ ખાડો આવશે કે તુરત બચાવશે.

એક ભગવદ્‌ભક્ત કહે છે, આખો દિવસ સતારના તાર જોડતો રહ્યો છું; પણ એમાંથી સંગીત જ સંભળાતું નથી. સતારને તો સાત તાર જ હોય છે; પણ આ જીવનને સહસ્ર તાર છે. હજારો મનઃપ્રવૃત્તિરૂપી તાર જોડવામાં જ જીવનનું જીવન ચાલ્યું જાય છે. સહસ્ર પ્રવૃત્તિના એ તારો જોડાશે નહિ તો જીવનસંગીત ક્યાંથી નિર્માણ થશે? સહસ્ર પ્રવૃત્તિઓ અંતરમાં બેઠી છે. એક પ્રવૃત્તિ કહે, 'આમ કર.' બીજી કહે છે, 'આ કર.' ઘડીકમાં એક આમ ખેંચે છે, બીજી તેમ ખેંચે છે. પાંચ મિનિટ પછી ત્રીજી કહે, 'આ કર.' તેને કાબૂમાં કોણ રાખશે? જે ધણીને બે બૈરી હોય તે ધણીની કેટલી દયાસ્પદ સ્થિતિ થાય? એક હાથ પકડી આમ ખેંચે, બીજી આમ ખેંચે! તો પછી હજારો ધણિયાણીવાળો (મનઃપ્રવૃત્તિવાળો) આ ધણી–અંદરનો આ જીવ, તેની કેટલી દયાજનક સ્થિતિ હશે! તેની જિંદગીમાં નિર્ણય થતો જ નથી અને થાય છે તો તે ટકતો નથી. નિશ્ચયાત્મક નિર્ણય થઈ શકતો નથી. અનંત પ્રવૃત્તિ ખેંચતી રહી છે. આ પ્રસંગમાં એ બિચારો જીવ શું કરે? આ સ્થિતિમાં કૃષ્ણનો જન્મ અહીં થવો જોઈએ. તેના ધ્યેયનો જન્મ થવો જોઈએ. કૃષ્ણનું એ દિવ્ય ધ્યેય જીવનમાં આવવું જોઈએ. અને ત્યારે કૃષ્ણ મુરલી વગાડી બધી પ્રવૃત્તિઓને, અસત્ હશે કે સત્ પ્રવૃત્તિ હશે તોપણ રાસ લેતી કરશે. તે કહેશે, 'હું મુરલી વગાડું છું ત્યારે તમારે બધાએ નાચવું જ પડશે. રાસ રમવો જ પડશે.' આ બધી પ્રવૃત્તિ અંતઃકરણમાં એકાગ્ર (Concentrate) થવી જ જોઈએ.

કૃષ્ણધ્યેયમાં એકાગ્ર થવી જોઈએ. આ ધ્યેય મુરલી વગાડે-હાંક મારે ત્યારે બધાએ તેની આજુબાજુ ફેરા ફરવાના. સત્ અને અસત્ એવી અનંત પ્રવૃત્તિએ પણ. અને તે અસત્ પ્રવૃત્તિનું વસ્ત્રાહરણ કરે, અસત્ પ્રવૃત્તિ પોતાની મેળે શરમાઈ જઈને કૃષ્ણને શરણે જશે. તેની આગળ માથું નમાવશે. ગમે તે ધ્યેય ચાલે નહિ. પણ કૃષ્ણનું ધ્યેય જીવનમાં હોય તો જ આ વાત શક્ય છે. નહિ તો તે શક્ય નહિ. પાપ પણ સુંદર રૂપ લઈ આવે છે.

ગેટેનું 'ફૌસ્ટ' નામનું કાવ્ય છે. તેમાં તે કહે છે, 'પાપ પણ સુંદર છે. સુંદર વસ્ત્ર પહેરીને આવે છે. તેને જોતાં જ લાગે છે કે, તેને લઈ લઈએ.' અસત્ પ્રવૃત્તિ સત્‌નો બુરખો લઈ આવે છે, તે વખતે તેમને કોણ સમજાવશે કે તે સત્ છે કે અસત્ છે? તેનો કોણ નિર્ણય કરશે? તમારી બુદ્ધિ કાચી છે. વાસનાવિકારોથી ભરેલી છે, દૂબળી છે. તેથી પાપ સુંદર વસ્ત્રો પહેરી આવે તો તેને સ્વાધીન થાય છે. ગેટે કહે છે, 'પાપ પુણ્યનું રૂપ લઈને આવ્યું છે, તે પાપને આપણે જગ્યા આપીએ છીએ પણ પુણ્યને જગ્યા જ આપતા નથી.' પણ આ બધું કોણ સમજાવશે? જીવનમાં ગોકુલ છે ત્યાં મુરલી જ વાગતી નથી, આનંદ નથી, કોઈના જીવનમાં સંગીત નથી. કોઈના જીવનમાં આનંદ નથી. કોઈના જીવનમાં ઉત્સાહ નથી. સતાર જ જોડી નહિ, તો સંગીત ક્યાંથી આવે? પ્રવૃત્તિઓ એક મનખૂંટીએ બાંધી છે? આ પ્રવૃત્તિના સતારના તાર એક મનખૂંટીએ બાંધો, અને જુઓ કે, અંદરથી સંગીત નીકળે છે કે નહિ. તે પ્રવૃત્તિઓ એક મનખૂંટીએ બાંધો, તો જીવનમાં સંગીત નિર્માણ થશે-આનંદ, આનંદ થશે. આનંદ

બહારથી નથી આવતો, અંદરથી નિર્માણ થાય છે.

મહાપુરુષો રાતદિવસ કામ કરી આનંદ પામતા, તે કઈ રીતે? તેઓ પોતાની આ અનંત પ્રવૃત્તિઓને મન-ખૂંટીએ બાંધતા તેથી તેમના જીવનસતારના તારો ઝણઝણી ઊઠતા, તેમાંથી જીવનસંગીત નિર્માણ થતું. તેમાંથી જીવનમાં આનંદ ફેલાતો.

તમારા અંતઃકરણમાં પ્રેમનો ઉદય થવા દો. વાસનાનો કચરો સાફ થવા દો. આ ગોકુલ સ્વચ્છ થવા દો. તે સ્વચ્છ ક્યારે થશે? કૃષ્ણનું ધ્યેય જીવનમાં આવશે ત્યારે જ. ભગવાન કૃષ્ણને હૃદયમાં બેસાડશો તો જ તે મુરલી વાગશે.

વાત તો બરાબર છે; પણ કૃષ્ણ તો અંદર જ બેઠો છે ને? શાસ્ત્રકારો કહે છે: 'કૃષ્ણ હૃદયમાં બેઠો છે.' सर्वस्य चाहं हृदि सन्निविष्टः ।

કૃષ્ણ પોતે જ આમ કહે છે; છતાં આ બધી ધાંધલ કરવાનું કારણ? આ ગરબડ થવાનું–અસ્વસ્થ થવાનું કારણ? આપણા હૃદયમાં કૃષ્ણ બેઠો છે ખરો પણ તેની આપણે જન્માષ્ટમી ઊજવી નથી. તેની કલ્પના મનઃપ્રવૃત્તિને આપી નથી. તેના ધ્યેયની લગન લાગવી જોઈએ. ધ્યેયનો સતત ધ્યાસ લાગવો જોઈએ. ધ્યાસ થશે ત્યારે જ આનંદ થશે. ત્યારે જ કૃષ્ણ આવશે. એક હાંક મારેથી કૃષ્ણ આવે તેમ નથી, પણ તેને હૃદયમાં બોલાવવા બહુ આગ્રહની જરૂર છે.

જેના હૃદયમાં પ્રેમ છે, ભક્તિ છે, બુદ્ધિમાં તત્ત્વજ્ઞાન છે અને હાથમાં કૃષ્ણનું કામ છે, તેના જીવનમાં કૃષ્ણ આવે છે. કૃષ્ણ આવે તે માટે તેઓને ખેંચતાણ કરવાની જરૂર નહીં. પોતાની મુરલીથી જીવન સંગીતમય બનાવનાર કૃષ્ણ અંદર બેઠો હોવા છતાં કોઈનું જીવન દૈવી નથી, માનવી

જીવનમાં આનંદ નથી, સંગીત નથી. એનું શું કારણ ? આ ગોકુલમાં સંગીત નિર્માણ થયુ છે કોઈ દિવસ ? કોઈ દિવસ તેના તત્ત્વજ્ઞાનથી જીવનમાં તેના ધ્યેયનું ગાંડપણ આવ્યું છે ? હૃદય ભક્તિથી ભરાયું છે ? લોકો ફક્ત ભક્તિનો ડોળ કરતા રહ્યા છે. એનું કારણ ? જીવનમાં કૃષ્ણનું ધ્યેય નથી, કૃષ્ણના જીવનથી ગાંડા થાવ, કૃષ્ણધ્યેયથી ગાંડા થાવ, તેના તત્ત્વજ્ઞાનથી ગાંડા થાવ, તેના વિચારોથી ગાંડા થાવ તો જ જીવનમાં આનંદ આવશે. ભગવાન પાસે જવું હોય તો ગાંડા થાવ, ડાહ્યાનો તે માર્ગ નથી. First class ગાંડાંઓનો તે રસ્તો છે. કૃષ્ણને જમાડી, સુવાડી પાછા ઉઠાડો તે કાંઈ ભક્તિ નથી, તેના ધ્યેયથી-વિચારોથી કાર્ય કરતા રહો; તે જ સાચી ભક્તિ છે.

હૃદયમાં ભક્તિ-પ્રેમ, બુદ્ધિમાં જ્ઞાન અને હાથમાં ભગવાન કૃષ્ણનું કામ આ ત્રણે સાથે થાય તો જ જીવનમાં ઉદય થશે. હૃદય કૃષ્ણના વિચારોથી ભરાવા દો. આ બધી પ્રવૃત્તિ એક ખૂંટે બાંધશો ત્યારે આ અનંત પ્રવૃત્તિઓની ખેંચતાણ અટકશે, તેમના અવાજ શાંત પડશે. અસત્ પ્રવૃત્તિ સત્‌નું કપડું પહેરી તમને બનાવવાની હિંમત નહીં કરે. દુનિયા આપણને બનાવે છે કે નહીં તે કોને ખબર પણ આપણે આપણને બનાવીએ છીએ. દુનિયાને આપણને બનાવવાની ફુરસદ પણ ક્યાં છે ? દુનિયા બનાવે અને તમે બની જાવ તે કેમ બને ? જેને બનાવવા નીકળ્યા છો તેમાં પણ રામ છે. તે અંદરથી તરત ઇશારો કરશે કે, 'સાંભળ, આ હરામખોર તને બનાવવા માટે આવે છે.' જગત આપણને શું બનાવતું હતું ? આપણે આપણને બનાવીએ છીએ.

અંદરનો રામ આપણને ચેતાવે છે-સમજાવે છે, પણ

માનવજીવન એટલું બેસૂરું છે, એટલી ગરબડથી ભરેલું છે કે, જીવ જીવનની ધાંધલમાં અંદરનો અવાજ સાંભળતો જ નથી. પરિણામે જે સુંદર સંગીત મળવું જોઈએ તે ઊડી જાય છે. કૃષ્ણ જીવનમાં આવશે તો લૌકિક જીવન પણ દિવ્ય થશે. ઇહલોક અને પરલોક બંને જીવન સુખી થશે. પણ મગજમાં કૃષ્ણનું ધ્યેય રાખો.

કૃષ્ણે ગાયેલું તત્ત્વજ્ઞાન લોકો વાંચતા નથી, હાથમાં લેતા નથી. હમણાં હમણાં લેવા લાગ્યા છે, પણ પાકા ભક્તો લેતા હશે કે નહીં તેની મને શંકા છે; કારણ કે તે માને છે કે, તે લીધા પછી ઘરમાં કુરુક્ષેત્ર થાય છે. પણ એ મૂરખાઓને ખબર નહીં કે, તે લીધા પછી તારી અંદર રહેલું કુરુક્ષેત્ર બંધ થશે. જીવનમાં રહેલી દુર્યોધનની ચંડાળ ચોકડી દૂર થશે. મગજમાં કૃષ્ણનું તત્ત્વજ્ઞાન અને હાથથી તેનું કામ કરો. જીવન દિવ્ય અને ભવ્ય બનશે. આધ્યાત્મિક જીવન ઉન્નત થશે.

જીવન દિવ્ય બનાવવા માટે-જીવન ઉપર લઈ જવા માટે કૃષ્ણને જીવનમાં લાવો. ગૌમુખીમાં હાથ રાખી માળા ફેરવવાની એટલું જ નહીં, પણ પોતાની જાતને રોજ પૂછતા રહો કે આજે કૃષ્ણનું કાર્ય કર્યું કે?

ભગવાને આપેલી શક્તિ કૃષ્ણના કાર્યમાં ઉપયોગી થઈ કે? કૃષ્ણના વિચારો પચાવ્યા કે? નહીં તો પછી મુરલી ક્યાંથી વાગશે? અને જીવનમાં એ મુરલી નહીં વાગે તો સંગીત ક્યાંથી નિર્માણ થશે? આનંદ ક્યાંથી આવશે? નૃત્ય ક્યાંથી આવશે? જીવનમાં સુગંધ ક્યાંથી આવશે? સમાજમાં આધ્યાત્મિક વિકાસ, દૈવી જીવન, સુખી જીવન, ઇહલોક-પરલોકનું કલ્યાણ, આનંદ એ ક્યાંથી આવશે? કૃષ્ણ એટલે

કલ્યાણ, કૃષ્ણ એટલે આનંદ, કૃષ્ણ એટલે જીવનની સુગંધ, કૃષ્ણ એટલે નૃત્ય, જેના જીવનમાં આ કૃષ્ણ આવ્યો તે નાચતો હોય, ગાતો હોય, હસતો હોય, મસ્તીથી જીવતો હોય, સૂતકી ચહેરો કરી રડતો બેઠો ન હોય, જીવનથી કંટાળી ગયેલો ન હોય, દુ:ખીને કૃષ્ણ જોવા નથી મળતા, ડરી ગયેલાને કૃષ્ણ જોવા નથી મળતા, બગાસું ખાતા આળસુને કૃષ્ણ જોવા નહીં મળે. કૃષ્ણની આ ભૂમિકા છે આ ભૂમિકા ઓળખીને ભક્તો ઊભા થાય તો તે પાછળ ઊભો જ છે. તે કહેતો રહ્યો છે, 'તમે ડરો નહીં, હું તમારી પાછળ ઊભો છું.'

क्षिप्रं भवति धर्मात्मा शश्वच्छान्तिं निगच्छति ।
कौन्तेय प्रतिजानीहि न मे भक्तः प्रणश्यति ॥

બુદ્ધિમાં ગીતાનું અલૌકિક તત્ત્વજ્ઞાન લાવો, હૃદયમાં ભક્તિ અને હાથથી પ્રભુનાં કાર્ય કરો, એનો દિવ્ય સંદેશો ઘેરઘેર પહોંચાડો. કૃષ્ણે બતાવેલો राजविद्या राजगुह्यं पवित्र-मिदमुत्तमम् । આ દિવ્ય સંદેશ જીવનમાં ઉતારો તો જીવનમાં ઉત્સાહ આવશે. આપણા ગોકુલમાં પહેલાં કૃષ્ણજન્મ થવો જોઈએ. પછી જ જીવનમાં ચૈતન્ય નિર્માણ થશે.

લોકો મને ઉત્સવ માટે આમંત્રણ આપે છે. બહારગામ પ્રેમથી બોલાવે છે. પૂના તરફ જતો હતો, લીલું ઘાસ દેખાતું હતું, એ પ્રભુની કલા જોઈ મને થયું કે, પહેલી જન્માષ્ટમી તો અહીં કરવાની (એટલે મારા અંતરમાં ઊજવવાની) કે બહાર કરવાની? મુરલીનો અવાજ અહીંથી સંભળાવો જોઈએ. ચૈતન્યહીન જીવન બીજાનું જીવન સળગાવી શકતું નથી. બુઝાયેલો દીવો પચાસ હજાર વર્ષ રાખો તોપણ તે સળગવાનો નથી. પોતે જ બુઝાઈ ગયો

છે તે બીજાને શું સળગાવતો હતો ? પણ એક સળગતો દીવો હોય અને તેની પાસે બીજી દીવી આવે તો તે બધાને સળગાવશે–જ્યાં સુધી આપણા જીવનમાં જન્માષ્ટમી થઈ નથી તો બહાર ક્યાંથી થાય ?

આજે લોકોને આધ્યાત્મિક જીવનની કલ્પના નથી, પ્રભુજીવનની કલ્પના નથી, ધ્યેયની કલ્પના નથી. સમાજમાં જડવાદી વિચાર સર્વત્ર નાચતા રહ્યા છે.

પરાભૂત ( Surrender ) થવાની વૃત્તિથી, જડવાદ સામે ડોકી નમાવનાર લોકોને જોઈએ ત્યારે દુઃખ થાય કે, આ શું કૃષ્ણભકતો છે ? અને એ લોકો ચહેરો રડતો કરી કહેતા રહ્યા છે, ' આ કળજુગ છે. કાળ જ એવો છે ! ' અરે ! છાતી ઊંચી કરી બોલ, ' આ કાળ સામે હું ઊભો રહીશ. કૃષ્ણના વિચારો લોકોને સંભળાવીશ.'

ડાકોર અને દ્વારિકાનાં પવિત્ર સ્થાનો ચૈતન્યથી સળગતાં હોવાં જોઈએ. પણ ત્યાંના લોકોમાં ચૈતન્ય હોય તો દેશદેશના લોકો ત્યાં આવે ને ? લોકોને લાગવું જોઈએ કે દ્વારિકામાં શું જાદુ( Magic ) છે કે વાંકો વળ્યો ને ચૈતન્ય આવ્યું ? धन्योऽहम् નું સંગીત ચાલતું હોવું જોઈએ. સુખી જીવન જોઈએ, અરે ! અર્ધો રોટલો મળશે તો ચાલશે, પણ પ્રભુપ્રેમમાં બોળીને તે ખાઈશ, આ જીવનનો મિજાસ હોવો જોઈએ. તું મને કોણ મદદ કરવાવાળો ? મને મદદ કરવા મારો પ્રભુ બેઠો જ છે. આ ભાવના નિર્માણ થવી જોઈએ.

आत्मौपम्येन सर्वत्र सर्वे च मयि पश्यति ।

આવી ભૂમિકા હોવી જોઈએ. આ દૃષ્ટિથી તેનું તત્ત્વજ્ઞાન અપનાવો અને પછી કહો, कृष्णं वंदे जगद्गुरुम् । કૃષ્ણના વિચાર જીવનમાં લાવશો તો કૃષ્ણ થશો.

प्रज्वालितो ज्ञानमयप्रदीपः। પહેલો દીવો જેટલો જ સમર્થ, તે તેટલો જ પ્રજ્વલિત ! પણ તે જ્યોતિ કૃષ્ણ-ચૈતન્યમાંથી સળગાવવી જોઈએ, તો ધીમે ધીમે જગદ્‌ગુરુ થવાશે. જીવન દૂબળું ન રહેતાં પ્રભાવિત થશે.

આજે કહેવાતા કૃષ્ણભક્તોએ—પાકા ભક્તોએ કૃષ્ણને તાળામાં પૂરી રાખ્યા છે. જડવાદ સામે સાષ્ટાંગ નમસ્કાર કર્યો છે. કૃષ્ણનું તત્ત્વજ્ઞાન પુસ્તકોમાં જ રાખી મૂક્યુ છે અને કૃષ્ણને મંદિરમાં બંધ કરી જડવાદની સામે સાષ્ટાંગ નમસ્કાર કરતા રહ્યા છે અને જડવાદને જ त्वमेव माता च पिता त्वमेव કહેતા રહ્યા છે. આ પાકા ભગતો જડવાદને શરણે જતા રહ્યા છે. શરણાગતિનું તત્ત્વજ્ઞાન કૃષ્ણને ખબર નથી. કૃષ્ણ પરાભૂત પ્રવૃત્તિનો ન હતો, વિજયી પ્રવૃત્તિનો હતો. ' હું સૃષ્ટિમાં આ જડવાદ ઉપર વિજયી થવા આવ્યો છું. વિજય મેળવવા મને જન્મ મળ્યો છે. હું વિજયી જ થવાનો, પરાભૂત થવાનો નહીં. ' કૃષ્ણનું વિજયીનુ તત્ત્વજ્ઞાન હતું. તે પરાભૂત મનોવૃત્તિવાળો ન હતો. તે હમેશાં વિજયી જ હતો. અને એકાદ વખત પરાભૂત થશે તો ? રણછોડ-રાયકી જય, તેણે રણ છોડયું કે નહીં ? પણ તે સમાજના કલ્યાણ માટે. અને Honourable Retreat કરી રણછોડરાય થયો. પરાભૂત મનોવૃત્તિથી તેણે મથુરા છોડયું ન હતું, પણ દુર્દમ્ય વિજયી મનોવૃત્તિથી મથુરા છોડયું હતું.

કૃષ્ણના જીવનથી વિમુખ થયેલા લોકો જડવાદ સામે નમતા રહ્યા છે. તે નિર્ભય ક્યાંથી થઈ શકે ? આજે માણસ ડરી ગયેલો છે. આનો ડર, તેનો ડર, પાડોશીનો ડર, પ્રત્યેક નો ડર ! શું કારણ આનું ? જીવનમાં નિર્ભય કૃષ્ણ વસ્યો નહીં. તેથી એ નિર્ભય કૃષ્ણને વસાવવો હોય તો ધ્યેય-

નિષ્ઠ જીવન હોવું જોઈએ. ગમે તે સ્થિતિમાં ભગવાન બોલાવે તો દોડવાની હિંમત હોવી જોઈએ. કૃષ્ણ બોલાવે તે વખતે એક ક્ષણ પણ ન ગુમાવતાં તેની પાસે દોડી જવાની તૈયારી હોવી જોઈએ.

એક ભક્તકવિ કહે છે, એક ગોપી આંગણામાં ચીખલ કરતી હતી. બીજી કાંટા રોપતી હતી. બાવળના કાંટા લાવે, ને આમ ઊભા રાખે. શા માટે ? તો પહેલી કહે છે, 'કૃષ્ણની મુરલી વાગે ત્યારે એક ક્ષણ પણ ગુમાવ્યા વગર ચીખલમાંથી પણ દોડતાં તેની પાસે જઈ શકાય તે માટે અભ્યાસ (Practice) કરું છું', બીજી કહે, 'કૃષ્ણ પાસે જવા કાંટાની પણ પરવા ન કરતાં તે ઉપર દોડવાનો અભ્યાસ ચાલે છે, કે જેથી એક ક્ષણ પણ ગુમાવ્યા વગર તે બોલાવે ત્યારે તેની પાસે દોડી જવાય.' ક્યારે નોતરું આવશે તે કહી શકાય નહીં. આ ગોપીઓને ભગવાન કૃષ્ણ નહીં મળે તો બીજા કોને મળશે ? ભગવાનના કાર્યથી આનંદ ભોગવો, હૃદયમાં પ્રેમ રાખો. સુખી જીવન જીવો. તેજસ્વી જીવન જીવો. ગોકુલમાં કૃષ્ણ હશે તો દીનહીન દુર્બળ જીવનનો પવન પણ નહીં લાગે.

ચૈતન્યમય જીવન જીવો. આનંદી જીવન જીવો. સુખી જીવન જીવો. ધ્યેયનિષ્ઠ જીવન જીવો. હૃદયમાં કૃષ્ણની ભક્તિ છે ? મગજમાં તેના વિચારો છે ? અને હાથથી તેનું કામ કરો છો ? કૃષ્ણ જેવી મહાન વિભૂતિ બીજા દેશમાં જન્મી હોત તો અહો હો ! લોકોએ એના માટે કેટલું કર્યું હોત ! પણ નથી ત્યાં સુધી બોલવા વાંધો નહીં. જેના જીવનમાં કૃષ્ણ છે તેનું જ જીવન ચૈતન્યથી ભરેલું છે. ત્યાં જ તેજસ્વિતા અને પ્રભુભક્તિ છે. કૃષ્ણના સાચા ઉપાસક થાવ તો જ

જ્ઞાન અને ચૈતન્યથી જીવન પરિપૂર્ણ અને તેજસ્વી બનશે.

કૃષ્ણનો જન્મ થવા દો, એટલે એના ધ્યેયનો જન્મ થવા દો. કૃષ્ણનો જન્મ થવાનો નથી. કૃષ્ણનો જન્મ તો ગોકુલમા થઈ ગયો. તેનું કાર્ય કરવાની દુર્દમ્ય ઇચ્છા હોય, તત્પરતા હોય, તો તેનો જન્મ ઊજવ્યો ગણાય. માણસ કૃષ્ણના કામ પાછળ આધળો થવો જોઈએ કાર્ય કરવા જતા વચ્ચે કાટા આવે તો તેની પરવા નહી, ચીખલ આવે તો તેની પરવા નહી અને આ રીતે જ્યારે તે દોડશે ત્યારે જ ગોકુલમા આનદ આવશે, ત્યારે જ આ બેસૂરા ગોકુલમા આનંદના તાર ઝણઝણી ઊઠશે, ત્યારે જ સંગીત નિર્માણ થશે; નહીં તો માણસ જગતથી કંટાળી જશે જગતથી પરાભૂત થઈ ભાગી જવાની વૃત્તિ રાખશે. અત્યારે કોઈના જીવનમા નૃત્ય નથી, આનદ નથી, સગીત નથી. ગોકુલ બેસૂરું છે. પણ પુરુષોત્તમની આ મુરલી અહી વાગવી જોઈએ, એ કૃષ્ણના ધ્યેયથી માણસ ગાડો થવો જોઈએ. પણ કૃષ્ણનુ વાઙ્મય કોઈ વાચતુ નથી, એના વિચારો કોઈ વાચતું નથી.

બચ્ચું માનુ દૂધ-ધાવણ ન પીએ તો નબળું રહે, દૂબળું રહે. માનુ દૂધ પીવાથી હાડકા મજબૂત થાય એવી માન્યતા છે તેવી જ રીતે કૃષ્ણનુ તત્ત્વજ્ઞાન જેણે પીધું નથી—એ દૂધ જેમણે પીધુ નથી, તે દુર્બળ, ક્ષુદ્ર, ડરેલા ન રહે તો બીજુ શુ થશે? તેમને બધી બાજુથી ડર, ડર અને ડર જ છે મર્યા પહેલાનો ડર, મર્યા પછીનો ડર, અને જીવતા પણ ડર જ. દીન, હીન, ક્ષુદ્ર અને લાચારી ભર્યું જીવન જીવતા રહ્યા છે. અરે! કૃષ્ણના ઉપાસક થઈને રોટલાની ફિકર કરતા રહ્યા છે. જડવાદી જરા દમદાટી કરે

તો કહે, 'તમે મોટા, અમે નાના!' કૃષ્ણભક્ત એટલે નિર્ભયતાનો ઉપાસક. આંતરબાહ્ય કૃષ્ણ કહો, બસ કૃષ્ણ કૃષ્ણ કરો. અંદરથી સંગીતના સૂર સંભળાશે. અંદરથી સિતાર વાગશે. મુરલીનો નાદ સંભળાશે. તેની હાંકને જવાબ આપી એનું કાર્ય કરવા કૂદી પડો. એનું કાર્ય કરતાં કરતાં થાકી જાવ તો આકાશ તરફ જુઓ. અંદરથી સંગીત સાંભળવા મળશે. જીવન સુગંધિત બનશે. જીવનમાં આનંદ આવશે. તમને લાગશે, વિશ્વના ઘોડા પર હું બેઠો છું. દુર્દમ્ય વિશ્વાસ હોવો જોઈએ કે, ભગવાનની હાંક સાંભળી હું કશાની પરવા કર્યા વગર કૂદ્યો છું.

દૈવી જીવન, ચૈતન્યમય જીવન કૃષ્ણ પાસે જ છે. લૌકિકનું અલૌકિક જીવન જીવવાની કલા કૃષ્ણ પાસે જ છે. એનું જીવન–એનાં કાર્યો, એવું અલૌકિક જીવન જીવવાની હિંમત આપશે. એવી કલા ફક્ત કૃષ્ણ પાસે જ છે. એક કળ દાબી કે उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः થવાશે. પણ દુઃખની વાત છે કે, કૃષ્ણનું વાઙ્મય કોઈ વાંચતું જ નથી. એની મોરલી વાગી કે વાગી. માણસ ગાંડો થવો જ જોઈએ. પણ એના ધ્યેય માટે કોઈ ગાંડું થતું નથી. બીજાએ ગાયેલી એની બાળલીલા બધા વાંચે છે, તે જરૂર વાંચો. તે સામે મારો વાંધો નથી. તે સુંદર છે. ભક્તિરસ-પ્રધાન છે. પણ ભગવાને ગાયેલું, ભગવાને પોતે ઉચ્ચારેલું વાંચવાની કોઈને ફુરસદ નથી. કોઈ તે વાંચતા નથી. શુકદેવજી જેવાના વાઙ્મયમાં પણ તલ્લીન થાવ, પણ સાક્ષાત્ ભગવાને ગાયેલું, એમના ઉદ્‌ગારો કોઈ વાંચતું નથી.

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥

આ કોણે લખ્યું? આ કોઈ ફાલટફાલે કે વેદવ્યાસ શુકદેવે લખ્યું નથી? તો સાક્ષાત્ વેદો વેદોપર્ કૃષ્ણ। એ કૃષ્ણે પોતે લખ્યું છે. પણ તે કોઈ વાંચતા નથી. તે વાંચવાનો તેમને સમય નથી તેથી લોકો ફૂગગા, લાચાર થતા રહ્યા છે. જડવાદી વિચાર લાત મારે છે: અને આ લાત ખાતો રહ્યો છે. 'શાસ્ત્રીજી! શું કરીએ? તમે કહેતા રહ્યા છો પણ કાળ એવો છે,' એમ કહી રડતો રહ્યો છે. અરે, શાના કાળ કાળ કરીને રડતા રહ્યા છો? અરે! તારામાં રહેલી ચિત્‌શક્તિ મોટી કે કાળ મોટો? દુર્દમ્ય ઇચ્છાથી ઊભા થાવ. આ રાક્ષસોને એક ધોલ મારો. અડધા થઈ જશે. કૃષ્ણશિષ્ટાઈનો પ્રસંગ જુઓ. તેજસ્વી વાણીથી તે જ વખતે કૃષ્ણે બધાને અરધા મારી નાખ્યા હતા. જે સમંજસ અને અક્કલવાળો હશે તે જ આ સમજશે.

मयैवैते निहताः पूर्वमेव निमित्तमात्रं भव सव्यसाचिन् ।

આ ભાવના રાખી એક લપડાક પડે તો હરામખોર અરધો મરી જાય. અને મનથી મર્યા પછી શરીરથી મરતાં કેટલી વાર? પણ જીવંત મનવાળા આ કરી શકે. ભગવાનનું તત્ત્વજ્ઞાન હાથમાં લો, હૃદયમાં ભક્તિ રાખો અને જીવનમાં તેનું ધ્યેય રાખી જીવન જીવો તો જીવનનો રંગ પલટાઈ જશે—સૃષ્ટિનો રંગ પલટાઈ જશે. દુર્દમ્ય નિષ્ઠાથી ઊભા રહો. અરે! નિષ્ઠા હોય તો ચૈતન્ય મૂકવા પ્રભુ બેઠો જ છે. શાસ્ત્રીજી! ખૂણામાં બેસીને જગત સુધારવાની ભાષા શું બોલતા રહ્યા છો? અરે! નિષ્ઠાથી અમે ઊભા રહ્યા છીએ. કુ કરી જગત હલાવવાની હિંમત અમારામાં છે.

આજે કોઈ પણ લોફર ઊઠે છે; અને કૃષ્ણ ઉપર ગમે તેમ બોલવા માંડે છે. હરામ છે કોઈના પેટનું

હાલતું હોય તો. એનું કારણ કે આપણે દૂબળા છીએ. માનવસમાજે ગીતા છોડી છે. કૃષ્ણનું જ્વલંત તેજ પીધું નથી. અરે! દેશદેશાંતરના લોકો ગમે તે તત્ત્વજ્ઞાન ઠોકી બેસાડે અને આપણે તે લઈ લઈએ! આ મગજ શું ધર્મશાળા છે કે Waste paper basket છે? કચરાની ટોપલી છે? બધા ગમે તે કચરો નાખે અને અમે અંદર ભર્યા કરીએ? આ ખાલી ખોખું (Box) છે કે શું? એવો કોઈ ભક્ત પાકયો નહીં કે, કૃષ્ણધ્યેયનું કંકણ બાંધી કહે કે, ભગવાનના વિચારો ઘરે ઘરે લઈ જઈશ. એના કાર્ય માટે ફૂદી પડીશ. પણ બધા માગણો જ ભેગા થયા હોય ત્યાં તેજ ક્યાંથી આવે? પ્રભુ પાસે એટલું જ માગ કે કૃષ્ણનું ધ્યેય જીવનમાં આવે.

જીવનને સંગીતમય બનાવવા એનું ધ્યેય અંતઃકરણમાં આવવા દો. અને જીવનને ઉત્સાહી બનાવો, जीवेत् शरदः शतम् એ નિષ્ઠા જીવનમાં આવવા દો, મરવાની ઇચ્છા નથી, પણ જીવવાની ઇચ્છા છે. પણ આજે તો પ્રત્યેકના જીવનમાં કંટાળો છે. નાનાં, ઘરડાં, જુવાન બધાંયે જીવનથી કંટાળી ગયાં છે. કહેતાં રહ્યાં છે, આ જીવન ખોટું છે. કોણે કીધું? પ્રેમઝરણું સુકાઈ ગયું છે તેથી જીવનનો કંટાળો છે. તો કૃષ્ણને અંદર બેસાડે નહીં તો પ્રેમ ક્યાંથી હોય? પ્રભુ સાથે પ્રેમ બાંધવાની કોઈને તાલાવેલી જ નથી ને! કૃષ્ણને હૃદયમાં બેસવા દો. અહીં (હૃદયમાં) પ્રેમનું ઝરણું ખળખળ કરતું વહેવા દો. કૃષ્ણના સાચા ઉપાસક બની જીવંત જીવન જીવો. તેથી કહું છું. કૃષ્ણમાં પ્રેમ રાખો. છેલ્લા શ્વાસ સુધી પ્રેમ રાખો. ભક્તિથી અનુરક્તિ આવે અને અભક્ત વિરક્ત રહે. આ ઊલટું લાગે, પણ સાચું છે.

ખાઓ, પીઓ અને મઝા કરો (Eat, drink and

be merry ) એ જ જીવનનું સર્વસ્વ સમજવાવાળા જડવાદી બધાથી દૂર જ રહેતા હોય છે. તે જીવનથી કંટાળેલા હોય છે. એમને એમ જ હોય છે કે, આપણું કોઈ નથી. તેમને મન બધા પારકા છે. છોકરો પારકો, છોકરી પારકી, બૈરી પારકી, બધા જ પારકા.

જડવાદના પ્રવાહમાં અટલ અને અડગ ઊભા રહો. રાક્ષસી વિચારવાળાને ડર લાગવા દો. પ્રેમાળ કૃષ્ણ જીવનમાં આવવા દો, મરી જવાની તૈયારીથી ઊભા રહો. તમારી પાસે વિદ્યા નહીં હોય તો ચાલશે, પૈસો નહીં હોય તો ચાલશે, અધિકાર નહીં હોય તો ચાલશે, કાંઈ નહીં હોય તો વાંધો નહીં; પણ પ્રભુના કાર્ય માટે મરી જવાની તૈયારી હોય તો બસ છે. અગસ્તિએ સાગરને કહ્યું, જા પાછળ, કયાં આગળ આવ્યો ? सागरा अगस्ति आला. કોંકણમાં પણ પવનના સૂસવાટાને લીધે આવો અવાજ નીકળે છે એમ માન્યતા છે. આ અવાજ જેવી કલ્પના કરશો તો આ સંભળાશે. ભરતી આવે ત્યારે પવન ફૂંકાય છે અને અવાજ નીકળે છે. પ્રત્યેકે અગસ્તિ થવાની જરૂર છે. દરિયાને પીવાની હિંમતની જરૂર છે. જડવાદી વિચારપ્રવાહને અટકાવો, એને રોકો. પોતે ખાડામાં પડ્યા છે અને બીજાને પાડવા માગે છે. પૂંછડી તૂટી ગયેલા બીજાની પૂંછડી તોડવા બેઠા છે. તેજસ્વી થાવ. જડવાદના પ્રવાહને ઈશ્વરવાદી મહામૂર્ખ લોકો વધારતા રહ્યા છે, તેમનું શાસન કરો. તેમને દૂર રાખો. ખૂણામાં બેસાડો. એમના વિચારોની દુનિયા પર અસર ન થાય એવી ઇચ્છા હોય તો તેજસ્વી જીવન દુનિયામાં ઘરે ઘરે લઈ જાવ અને દૈવી, સુખી, આનંદી, ઉત્સાહી, તેજસ્વી, ચૈતન્યમય જીવન જીવો. કૃષ્ણના જીવનનો આ જ સંદેશ છે.

# બુદ્ધ અવતાર (પૂર્વાર્ધ)

ગઈ કાલે શ્રીકૃષ્ણચરિત્ર જોયું. આજે આપણે બુદ્ધનો વિચાર કરવાનો છે.

બુદ્ધ ધર્મના આદ્ય સંસ્થાપક ગૌતમનો જન્મ ખ્રીસ્ત પૂર્વે ૫૬૦ વર્ષ પહેલાં કપિલવસ્તુ ગામમાં લુંબિની નામની વાડીમાં થયો હતો. જગતમાં બહુ ઠેકાણે આ ધર્મ ફેલાવનાર બુદ્ધની ખરેખર ઉપેક્ષા થયેલી છે. આપણા દેશમાં તથા એશિયાના બીજા દેશોમાં પણ તેનું વિવેચનાત્મક (Critical) ચરિત્ર જેવું લખાવું જોઈએ તેવું લખાયું નથી, તેમ જ જે દેશોમાં બુદ્ધધર્મ માન્ય થયો તે દેશોમાં પણ તેવી જ રીતે કોઈએ ખાસ મહેનત કરેલી જણાતી નથી. થોડીઘણી મહેનત કરેલી દેખાય છે, પણ તે પુરાણો તરીકે.

બુદ્ધના જીવન વિશે, તેમના વિચારો વિશે, વિગતવાર–અધ્યાયશઃ, ખંડવાર વર્ણન લલિતવિસ્તર નામના ગ્રંથમાં આપ્યું છે. મહાપુરુષ જે કુળમાં જન્મ લે તે કુળ અમુક અમુક ગુણોથી યુક્ત હોવું જોઈએ, તથા જે સ્ત્રીના પેટે તે જન્મ લે તે સ્ત્રી પણ અમુક ગુણવાળી હોવી જોઈએ. તેનું વિસ્તારપૂર્વક વર્ણન એ ગ્રંથમાં છે. એવા ગુણોવાળો વંશ તે શાક્યવંશ. અને તેમાં શુદ્ધોદનની પત્ની માયાદેવીને પેટે બોધિસત્વે જન્મ લીધો અને બુદ્ધધર્મ સ્થાપ્યો.

બુદ્ધધર્મ વિશે અત્યારે વધુ કહેવાની જરૂર જણાતી નથી; કારણ કે આ વ્યાસપીઠ પરથી જ્યારે આપણે વિશ્વના જાગતિક ધર્મોનો વિચાર કરતા હતા ત્યારે બુદ્ધધર્મનો

વિસ્તારપૂર્વક વિચાર કર્યો હતો. અને અત્યારે તો આપણે વિશિષ્ટ સાંસ્કૃતિક દૃષ્ટિકોણ ધ્યાનમાં રાખી માનવવંશની વિકસન પરંપરામાં માનવી સંસ્કૃતિને ઊંચે લઈ જવામાં આ અવતારે શું ભાગ ભજવ્યો તે દૃષ્ટિથી આપણે જોવાનું છે. એટલે એનો વધુ વિચાર હમણાં નહીં કરીએ.

ગૌતમ નાનાના મોટા થયા, પરણ્યા, તેમને છોકરો થયો, પરંતુ સંસાર તરફ વિરક્તિ થતાં જ તેમણે ગૃહત્યાગ કર્યો અને બધે ફરતાં ફરતાં બોદ્ધિસત્વ નીચે બેઠા, ત્યાં તે 'બુદ્ધ' થયા અને પછી બુદ્ધધર્મનો પ્રચાર કર્યો. संघं शरणं गच्छामि । धम्मं शरणं गच्छामि । बुद्धं शरणं गच्छामि ।

આજે બુદ્ધધર્મ વિષે જુદી જુદી જાતનું લખાણ વાંચવા મળે છે. પણ તે બધાંમાં સ્પેન્સ હાર્ડી (Spence Hardy) નામના લેખકે વધુ વિવેચનાત્મક (Critical) દ્રષ્ટિથી લખ્યું છે. તે લખે છે કે, બુદ્ધની ઘરની અંદરની સ્થિતિ અને શારીરિક સ્થિતિ સારી ન હોવાથી બુદ્ધે ગૃહત્યાગ કર્યો હતો. ગૃહત્યાગ કરવાનાં આ બે મૂળ કારણો હતાં. ગૃહપરિસ્થિતિ સારી ન હતી, એ પુરવાર કરતાં એ કહે છે કે, બુદ્ધની પત્ની યશોધરા એના યોગ્ય કક્ષાની (Standard) ન હતી અને તે ઉપરાંત પોતાના શારીરિક વૈગુણ્યને લીધે તેને જીવનમાં કંટાળો આવ્યો હતો. સ્પેન્સ હાર્ડી લખે છે કે, તેના શરીરમાં બાર વૈગુણ્ય હતાં અને તેના લીધે પણ તેને વિરક્તિ નિર્માણ થઈ હતી.

આપણી પૌરાણિક, સામાન્ય વાર્તા મુજબ બોધિસત્વ કોઈ મહાન માણસ થશે અથવા તો સંન્યાસી થશે એવું ભવિષ્ય ભાખવામાં આવ્યું હતું. પરંતુ બોધિસત્વ સંન્યાસી થાય નહીં એટલા માટે પહેલેથી જ તેના બાપે નક્કી કર્યું

હતું કે, એને કોઈ પણ જાતનો એવો પ્રસંગ ન બતાવવો કે જેથી સંસારમાંથી તેનુ મન ઊઠી જાય. આવું કહીને તેને પૂર્ણ સુખોપભોગમાં રાખ્યો હતો. પરંતુ એક દિવસ બુદ્ધ ફરવા નીકળ્યા હતા ત્યારે તેમણે એક જર્જર દેહનો ઘરડો માણસ જોયો. તે જોઈ બુદ્ધે તેના સારથિ છન્નને પૂછ્યું, 'આ કોણ છે?' તે કહે, 'આ તમારા જેવો જ જુવાન હતો. પછી ઘરડો થયો.' 'એમ? શું મનુષ્ય આવી રીતના જર્જરિત થાય છે?' ત્યારે તેના સારથિએ કહ્યું કે, 'હા, તમે પણ એક દિવસ વૃદ્ધ થશો.' ચાર પગલાં આગળ ગયા પછી એક શબ જુએ છે. અને તેને ખબર પડી કે, પ્રત્યેક માણસ આ રીતે મૃત્યુ પામે છે અને આ રીતે રોગી, વૃદ્ધ અને ઠાઠડીના પ્રસંગો જોઈ બુદ્ધને વિરક્તિ આવી છે. અને આ દેહ ક્ષણિક છે, સંસાર અસાર છે. એ દૃષ્ટિથી તે ઘર બહાર પડ્યા. એમ આપણાં પુરાણો-ની માન્યતા છે. પરંતુ આ વાત તેમ જ સ્પેન્સ હાર્ડીએ આપેલાં કારણો પણ મગજમાં બેસતાં નથી. બોધિસત્વ કે જેનું આ વર્ણન છે, તે ભણેલો, હોશિયાર, વિદ્વાન, રાજ-નિપુણ હતો. પચીસ-ત્રીસ વર્ષની ઉંમરે તેને એક છોકરો પણ હતો અને ત્યાં સુધી–આ ઉંમર સુધી વૃદ્ધ એટલે શું? મરણ એટલે શું? એ તેને ખબર ન હોય, અને તેનો સારથિ, પાંત્રીસ રૂપિયાના પગારનો આ કોચમેન આ જગત-ઉદ્ધારકને ભણાવે! એ વાત મગજમાં બેસતી નથી. તે નાજુક ભાવનાના હતા એ વાત ચોક્કસ. એકાદ દૃશ્ય જોઈ તુરત તેની મન ઉપર અસર થતી. પરંતુ તેમની સ્ત્રી તેમની યોગ્ય કક્ષાની ન હતી–યા તો એવાં બીજાં નાનાં નાનાં કારણોને લીધે તેમણે ગૃહત્યાગ કર્યો હોય એ વાત કાંઈ

સંભવતી નથી. જેણે સમાજને વિશિષ્ટ દૃષ્ટિકોણ આપ્યો અને સંસ્કૃતિનું મહાન અવતારકૃત્ય કર્યું તે આવાં કારણો માટે ગૃહત્યાગ કરે એ કાંઈ મગજમાં ઊતરતું નથી, તો તેમણે ગૃહત્યાગ એક વિશિષ્ટ વિચારથી કર્યો હોવો જોઈએ. અવતારનું મહાન કૃત્ય કરવા વિચારની મક્કમ પાર્શ્વભૂમિ હોવી જોઈએ.

તેમનું તત્ત્વજ્ઞાન ચાર રૂપોમાં હતું: માધ્યમિક, સૌત્રાંતિક, વૈભાષિક અને યોગાચાર. આ તેમના તત્ત્વજ્ઞાનના ચાર ભાગ છે, એમ કહીએ તો ચાલે.

(૧) क्षणिकं क्षणिकं, (૨) विज्ञानं विज्ञानं અને (૩) शून्यं शून्यं આ ત્રણ તેમના તત્ત્વજ્ઞાનની શાખા છે. આપણે જાગતિક ધર્મોનો વિચાર કરતા હતા ત્યારે બૌદ્ધધર્મ લીધો હતો અને એને વિષે જોયું હતું. એટલે તેની અત્યારે બહુ વિચાર કરવાની જરૂર લાગતી નથી. બુદ્ધ કેવી પરિસ્થિતિમાં જન્મ લઈ આવ્યા હતા, તેનું તત્ત્વજ્ઞાન 'क्षणिकं'— સારું છે કે નહિ? સર્વ આત્મા ક્ષણિક છે કે નહીં તે વિષે આપણે ચર્ચા કરી હતી, તો આજે કઈ દૃષ્ટિથી ભગવાને આ અવતાર લીધો એ આપણે જોઈશું.

બુદ્ધનો જન્મ થયો ત્યારે ભારતમાં ધર્મનો બૌદ્ધિક હ્રાસ થયો હતો. શ્રીકૃષ્ણ અને ગીતાના તત્ત્વજ્ઞાનમાંથી લોકોની શ્રદ્ધા ઢીલી પડી હતી. માર્ગદર્શક લોકો ગયા એટલે સમાજને નીચે આવવાનું મન થાય જ છે, તો તે કાળે બ્રાહ્મણો લોકોને વ્યક્તિવાદી બનાવવા લાગ્યા. 'અરે! મરવા દો! જગત જોડે તારો શું સંબંધ છે? તે તેમનું ફોડી લેશે, તું તારે યજ્ઞ કર અને તારો ઉદ્ધાર કર! મર્યા પછી કોઈ તારી સાથે આવવાનું નથી.' એમ કહી તેમને

સંકુચિત વૃત્તિના બનાવતા હતા. તેમને યજ્ઞો કરવાનું કહેતા અને આ રીતે યજ્ઞોનું મહત્ત્વ વધવા માંડયું. યજ્ઞનું મહત્ત્વ વધતાં જ સ્વાધ્યાય છૂટી ગયો. યજ્ઞો વધવા લાગ્યા એટલુ નહિ, પણ યજ્ઞોમાં ચાલતી પશુહત્યાથી અને રાતદિવસ એનો જ વિચાર કરવાવાળા કર્મકાંડી લોકો બુદ્ધિવિમુખ થઈ ગયા, હૃદયવિમુખ થવા લાગ્યા. તેઓ કહેતા, ફલાણી ફલાણી આહુતિ અમુક અમુક રીતે મૂકી એટલે પત્યું.

કર્મકાંડી લોકો એટલે આજના વકીલો, સોલીસીટરો વગેરે. તેમને ફક્ત કાયદો ખબર છે; પણ નવો કાયદો કરવાની હિંમત તેમનામાં નથી. મીમાંસકો પણ બધા આવા જ. એમને કાયદાની ખબર; પરંતુ નવો કાયદો કરવાની તેમનામાં હિંમત ન હતી. આમ કરો, આમ કરવાથી આમ ફળ મળશે. તેમને પૂછીએ કે, ફલાણું કેમ કરો છો? તો કહે, 'બંધારણ ( Constitution ) છે તેથી, અમને બીજું કાંઈ ખબર નથી.' તેઓ યજ્ઞ કરે, પણ હૃદયશૂન્ય થઈને, મંત્રોના અર્થ કાઢીને મંત્ર મુજબ જીવન જીવવાની હિંમત તેમનામાં ન હતી.

આ યજ્ઞો થતા હતા તે કાળે પાંચરાત્ર, પાશુપત, સાંખ્ય, યોગ વગેરે તે વખતના તત્કાલીન મતો હતા. તે પોતપોતાના વિચારો કહી પોતપોતાનો વાડો બાંધી બેઠા હતા અને તે કાળે બુદ્ધ ભગવાને અવતાર લીધો. તે વખતે સમાજ किंकर्तव्यमूढ થયો હતો. સદાચારી પણ નહીં અને દુરાચારી પણ નહીં; ન્યાયની બહુ પરવા ન રાખનારો તેમ જ અન્યાયી પણ નહીં. એવી તત્કાલીન સમાજની કંઈક અંશે પરિસ્થિતિ હતી. તો આવા સમાજમાંથી મડાગાંઠ ( Dead lock ) ઊભી થઈ, શું કરવું એ સવાલ થઈ

પડ્યો. સમાજમાં બૌદ્ધિક હ્રાસ થઈ ગયો હતો. કર્મકાંડી-ઓમાં મંત્રનો અર્થ કાઢી જીવનમાં ઉતારવાની કોઈમાં પણ હિંમત ન હતી. યજ્ઞ સિવાય કાંઈ કરવાની જરૂર કોઈને લાગતી ન હતી. અને બીજા પાંચરાત્ર પાશુપત વગેરે ભક્તિમાર્ગી સંપ્રદાયો પોતપોતાના સંપ્રદાય ટકાવવા અંદર અંદર ઝઘડો કરતા હતા. 'અમારો સંપ્રદાય ટકાવીશું એટલે कृतकृत्यश्च भारत । એના કરતાં આગું અમારે જોવાનું નહીં' એમ બોલતા કિંકર્તવ્યમૂઢ હતા. બુદ્ધિશાળી લોકો પ્રભુના કામમાં બુદ્ધિ વાપરવા તૈયાર ન હતા. જેમના હાથમાં વાઙ્મય હતું તે કર્મકાંડ કરતો, પણ વેદનો જુદો ઉપયોગ કરવા તૈયાર ન હતા. ભક્તિનો ટેકો લઈને બેઠેલા ઠેકેદારો, સંપ્રદાય લઈ બેઠેલા આચાર્યો સંપ્રદાયનો વાડો બાંધી એક-બીજાને લાત મારતા બેઠા હતા. અને તત્ત્વજ્ઞાનનો પ્રવાહ લોકોના મગજમાં જતો નહીં. પરિણામે સમાજમાં અકર્મ-ણ્યાવસ્થા આવી. નીતિનો બોધ પણ સર્વસામાન્ય માણસને મળતો નહીં, તે કાળે બુદ્ધ પધાર્યા. બુદ્ધ ભગવાને સરસ નીતિનો બોધ લોકોને આપ્યો. બુદ્ધ ભગવાને વિચાર કર્યો કે, લોકોમાં કર્મ કરવાની પ્રવૃત્તિ છે; પણ નીતિમય જીવન જીવવાની કલ્પના સર્વસામાન્ય લોકોમાં પહોંચતી નથી. આ કલ્પના પહોંચાડવાવાળામાં અકર્મણ્યાવસ્થા છે, ચેતના નથી, તો શું કરવાનું? તે કાળમાં એ રીતની માન્યતા હતી કે, અમારી પાસે સદ્‌વિચારો છે. જેને જરૂર હશે તે અમારી પાસે આવશે. આ પાંચરાત્ર–પાશુપત–મતના લોકો, આ ભાગવત મતના લોકો માનતા કે જેમને ભૂખ લાગશે તે અમારે ઘેર આવશે. જિજ્ઞાસા વગર જ્ઞાન અપાય નહીં, આ સિદ્ધાંત છે. પણ લોકો તેનો અતિરિક્ત આગ્રહ પકડી બેઠા હતા.

અને પછી કહેતા, અમારી પાસે કોઈ આવવા તૈયાર નથી. ધર્મપ્રચારનું મીશનરી પદ્ધતિનું કામ ક્રિશ્ચિયન ધર્મની જેમ ઈસ્લામ ધર્મમાં પણ થોડુંઘણું છે; પણ તે આપણે ત્યાં ન હતું. જેને જરૂર હશે તે મારી પાસે આવશે. 'મારે ઊઠીને તેમની સામે જઈ જ્ઞાન આપવાની જરૂર નહીં.' એવી રીતની માન્યતા પ્રચલિત થઈ હતી. તેથી સર્વસામાન્ય માણસ કર્મશૂન્ય રહ્યો હતો. ભક્તિ કેમ કરવી તે કોઈ સમજાવે નહીં. યજ્ઞ ફક્ત શ્રીમંતોનું કામ રહ્યું, ભક્તિવાળા લોકોને ભક્તિ કેમ કરવી તે ખબર નહીં. ઊલટા એકબીજાના સંપ્રદાયો એકબીજાને લાત મારતા બેઠા. એકબીજાની લાતં-લાતમાં-મારામારીમાં લોકોની શ્રદ્ધા ઊડી ગઈ અને જીવન-વિકાસ અટકી ગયો. વેદો લોકોને કઠણ લાગતા હતા તેને સહેલી ભાષામાં સમજાવવા કોઈ તૈયાર નહીં. આવા કાળમાં બુદ્ધ ભગવાને મહાનમાં મહાન કાર્ય કર્યું છે. લોકોમાં ધર્મ-પ્રચારની કલ્પના ચાલી ગઈ હતી તે કલ્પના બુદ્ધે પાછી ઊભી કરી. 'આપ મૂઆ તો જગ મૂઆ' આ કલ્પનાને લીધે ધર્મપ્રચારની કલ્પના ચાલી ગઈ હતી, પણ તેમણે જુવાનિ-યાઓને ભેગા કરીને ધર્મની દીક્ષા આપી સમજાવ્યું કે, ધર્મપ્રચાર કરો. દેશદેશાંતરમાં એ ધર્મપ્રચાર થવો જોઈએ એમ સમજાવ્યું. લોકોના મગજમાં ઊતરે એવો નીતિબોધ આપ્યો. ધર્મપ્રચારકોને તેમણે કહ્યું, લોકો સમજે એ ભાષામાં તમે બોલો, પાલીમાં બોલો. ધમ્મપદ પાલીમાં જ છે. સંસ્કૃત બોલશો તો જ ભગવાન મળશે એવું કાંઈ નથી. પ્રાકૃત ભાષા-માં બોલશો તોપણ ભગવાન પાસે પહોંચાશે અને આ રીતે બુદ્ધે નવો ધર્મ ઊભો કરવા સંઘ ઊભો કર્યો. આ દેશમાં જ નહીં, પણ બીજા દેશોમાં પણ તેનો પ્રચાર કર્યો. તે

પ્રચાર આજે પણ એશિયામાં ઠેકઠેકાણે દેખાય છે.

આપણને સવાલ થાય કે, બુદ્ધધર્મ એશિયા ખંડમાં ગયો તેનું મુખ્ય કારણ શું? એશિયામાં આટલો બધો ફેલાવો થયો તેનું મુખ્ય કારણ ત્યાંના લોકોને શ્રદ્ધા હતી કે, અધ્યાત્મનાં મૂળિયાં ભારતમાં જ છે. જે રીતે આજના ભૌતિકવાદના કાળ(Material age)માં યુરોપિયન લોકો ભૌતિક પ્રગતિ સાધેલા (Materially developed) છે. તેથી તે આપણે ત્યાં આવે તો આપણને તેમનું મહત્ત્વ લાગે-તેમનાથી સર્વસામાન્ય માણસ અંજાઈ જાય છે. પણ યુરોપમાંથી આવવાવાળા પૂર્ણ (Perfect) છે એ ભ્રાંત-કલ્પના છે. ભારતના લોકો માટે તે કાળે માન્યતા હતી કે, ભારત એટલે અધ્યાત્મનો દેશ છે. ભારતમાં પ્રભુ જન્મ લે છે, તે પ્રભુનો દેશ છે, ત્યાંથી આવનાર માણસ આવી આવી રીતનો હોય એવો ભારતેતર દેશના લોકોનો મત હતો તેથી આ બુદ્ધધર્મનો બહુ જલદી પ્રચાર થયો.

બીજું કારણ ચાર્વાક અને સાંખ્ય બંને છેડાના તત્ત્વ-જ્ઞાનને બુદ્ધે મનોમિલાપ કરાવ્યો તેથી અહીં પણ તેનો પ્રચાર થયો. અહીં તો તેને જગ્યા મળી જ પણ ભારતેતર દેશમાં પણ તે દૃઢ થઈ ગયો. હું જાપાન ગયો હતો ત્યારે બુદ્ધ ભગવાનની મૂર્તિ જોતાં અંતઃકરણ ભરાઈ આવ્યું હતું. સાત હજાર-આઠ હજાર માઈલનો દૂરના દેશનો માણસ અહીં આવીને ધર્મપ્રચાર કરે, ત્યાં બુદ્ધનું મંદિર (Temple) જોતાં થાય કે, શું વિપુલ કાર્ય એમણે કર્યું હશે? ખરેખર એ વિચાર આવતાં મન ભરાઈ આવે છે. બુદ્ધધર્મ સહિષ્ણુ હોવાથી તેને ભારતેતર દેશોમાં પણ સ્થાન મળ્યું.

ધાર્મિકતામાં ભારત સહિષ્ણુ છે, ખુલ્લો છે. ફક્ત

એ જ ધર્મ અસહિષ્ણુ છે. એક ઇસ્લામ ધર્મ, તે ખુલ્લી રીતે અસહિષ્ણુ છે અને બીજો ક્રિશ્ચિયન ધર્મ, તે અસહિષ્ણુ છે, પણ તે છૂપી રીતે. બાકી બીજા ધર્મો સહિષ્ણુ છે એમ કહેવામાં વાંધો નથી.

ભારતમાં ધાર્મિક અસહિષ્ણુતા ન હોવાથી બુદ્ધધર્મના પ્રચારકો ભારતેતર દેશમાં ગયા હતા. અને તત્તદ્દેશીય ધર્મો જોડે સમન્વયાત્મક રહી ધર્મનો પ્રચાર કરતા. તેથી પોતાના ધર્મના રહીને પણ ત્યાંના લોકો બુદ્ધધર્મ અપનાવી શકતા. Buddhist થઈ શકતા. પરિણામે બીજા કોઈ ધર્મ જોડે બુદ્ધધર્મને ઘર્ષણ (Conflict) ન થતું અને આ કારણને લીધે પણ પ્રચાર માટે તેને જગ્યા મળી.

બુદ્ધ પ્રચારકો કહેતા, 'પરોપકાર, દયા, નીતિ તને માન્ય છે કે? બસ, ત્યારે અમારે વધુ કશું નથી જોઈતું.' અને થોડા દિવસમાં ચીનના લોકો કન્ફ્યુશીયસને ભૂલી જઈ બુદ્ધિસ્ટ થતા. આ મોટું કાર્ય બુદ્ધ ભગવાને કર્યું.

બુદ્ધ કહેતા કે, તમારે ધર્મનો પ્રચાર કરવાનો છે ને? તો તેનું આચરણ કરો. તેમણે એક અતિ મહત્વની વાત સમજાવી કે, 'ધર્મમાં વૈયક્તિકતા—વ્યક્તિવાદ (Individualism) ટકી શકે નહીં. હું ધર્મનું આચરણ કરું છું એટલે બસ.' એમ બોલી બેસી રહેવાથી તમે ધાર્મિક થઈ શકતા નથી, પણ બીજો પણ ધાર્મિક બને તે માટે તેને ધર્મ સમજાવો. સમાજ જો અધાર્મિક થશે તો તમે ધાર્મિક રહી શકશો નહીં. હું ગમે તેટલું સમજું કે એકાગ્રતા (Concentration) કરીશ, પણ તમે બૂમાબૂમ કરશો તો હું કઈ રીતે તે કરી શકીશ? સમાજ દૈવી હશે તો જ હું આધ્યાત્મિક રહી શકીશ. આખો સમાજ આધ્યા-

ત્મિક ન હોય તો ચાલે, પણ તે દૈવી તો હોવો જ જોઈએ. અને તે દૈવી હશે તો જ મારાથી આધ્યાત્મિક રહી શકાશે, તો જ મારું અધ્યાત્મપણું ટકી શકશે.

જ્યારે સામાજિક અને ધાર્મિક અરાજકતા થાય ત્યારે જીવનમાં અરાજકતા આવે. પરિણામે માનવી જીવન અધઃપતિત થાય છે, માનવી સંસ્કૃતિ ટકી ન શકે. તે ટકાવવી હોય તો સંઘ નિર્માણ કરો. તમારા વૈયક્તિક વિકાસ સાથે સંઘનિષ્ઠા પણ કેળવો. અને આ સંઘની નવી કલ્પના બુદ્ધે આપી. તમારે વૈયક્તિક વિકાસ જોડે ધર્મપ્રચાર પણ કરવો જોઈએ અને एतद्देशे प्रसूतस्य सकाशादग्रजन्मनः દિવ્ય વિચાર બધાને સમજાવો. संघं शरणं गच्छामि । धर्मं शरणं गच्छामि । એ સૂત્રો જીવનમાં અપનાવો.

તમારો ધર્મ સારો હોય તો તે છૂપો શા માટે રાખો છો? આને ફલાણું જ અપાય, મ્લેચ્છને આ ધર્મ ન અપાય– અરે, એ તો ક્યારની યે આપણી વિદ્યા લઈ ગયા. આપણો વિચાર સારો હોય તો બીજાને કેમ અપાય? આ ભ્રાંત કલ્પના છે. વિદ્યા કોઈને પણ આપી શકાય તેવી હોવી જોઈએ. અર્થાત્ એટલી વાત ખરી કે, કયે દરજ્જે કોને કેટલી આપવાની તે ખબર હોવી જોઈએ. એ રીતે આપવાની કે જેથી અર્થનો અનર્થ ન થાય. તેથી તો બુદ્ધના પણ ચાર પંથ પડ્યા છે. બ્રહ્માએ બધાને એક ઉપદેશ આપ્યો. દ, દ, દ. એકે એનો અર્થ દાન લીધો, બીજાએ દયા લીધો અને ત્રીજાએ દમન લીધો. ધર્મનો પ્રચાર સર્વત્ર થવો જોઈએ. આપણો દેશ પૂરતો જ મર્યાદિત શા માટે? આપણો દેશ એટલે શું? ભાગવિક પ્રાકૃત રહ્યું જ નહીં આ દેશ આપણો અને પેલો બીજાનો એ ભાષા જ ન

Philosophy denies nationalism. જો બીજાની ભૂમિ ગણવાની હોય-પારકી ગણવાની હોય તો ફક્ત ત્રણ જ ફૂટ જમીન-હું રહું છું તેટલી મારી, બાકી બધી પારકી. અરે! આખું વિશ્વ આપણું છે એ ભાવના કેળવો. આ જમીન મારી કહેવાની હોય તો સૃષ્ટિમાંની જ્ઞાનભૂમિ મારી છે. આટલા માટે ધર્મનાં જબરદસ્ત કામો કરવાં જોઈએ.

તત્કાલીન લોકોએ બુદ્ધ ભગવાનને લાખો રૂપિયા આપ્યા હતા. ઠેકઠેકાણે આ ધર્મનો પ્રચાર કર્યો હતો. બુદ્ધે તેમને ધર્મની નવી કલ્પના આપી કે, ધર્મનો સંઘ હોવો જોઈએ. સંગઠન હોવું જોઈએ. સંઘ વગરનો ધર્મ દૂબળો રહેશે, કોઈ પણ તમને મારી જશે. તમારા ધર્મને ઉડાવી દેશે.

ધર્મપ્રચાર અને ધર્મસંઘનું કામ લોકો ભૂલી ગયા તે બુદ્ધે સમજાવ્યું અને સામાન્ય, સાદો, સહેલો નીતિનો ઉપદેશ સમજાવ્યો. અને આ સાદાઈને લીધે, સરળતાને લીધે તેના ધર્મનો બહુ મોટો પ્રચાર થયો છે. તમારું ब्रह्म सत्यं जगन्मिथ्या। સારું તત્ત્વજ્ઞાન હશે, પણ લોકોના મગજમાં ઊતરતું નથી, તેથી બુદ્ધે માનવજીવનને અતિ ઉપયોગી એવો મોટામાં મોટો ફાળો (Contribution) માનવવંશને આપ્યો. જો કે આ સંઘ નિર્માણ કરવાના નાદના પરિણામે રાજકીય અરાજકતા નિર્માણ થયેલી જણાયેલ છે. ક્ષાત્રધર્મનો નાશ થયો. ક્ષાત્રગુણો (Qualities) ચાલ્યા ગયા. ક્ષાત્રવૃત્તિ ચાલી ગઈ ને મોગલો આવ્યા અને કોઈને પણ પગપેસારો કરવાની જગ્યા મળી. ટૂંકમાં કહેવું હોય તો શૌર્યતાનો કાળ જ (Age of Chivalry had gone) ચાલ્યો ગયો. પરકોમને પગપેસારો કરવાની જગ્યા મળી અને એટલા માટે તે કુમારીલભટ્ટ અને શંકરાચાર્ય બુદ્ધધર્મની વિરુદ્ધ ઊભા હતા.

બુદ્ધ એ ભગવાનનો અવતાર છે કે નહીં ? ઘણા લોકોને–બુદ્ધના ઉપાસકોને પણ તે માટે શંકા છે. તે માને છે કે, બુદ્ધ અવતાર નથી, પણ ઉન્નત થયેલો જીવ છે. બુદ્ધ અવતાર એટલે ઈશ્વરશક્તિ લિંગ દેહમાં આવી છે તેને ન માનતાં બુદ્ધને વિભૂતિ માને છે. એટલે જીવ વિકસિત થતો થતો જન્મજન્માંતરે એ આ વિશિષ્ટ stage ઉપર આવ્યો છે. અને આ સ્થિતિ ઉપર આવેલો માનવ એટલે બુદ્ધ. તે વિભૂતિ છે એમ માન્યતા છે. બુદ્ધના અનુયાયીઓ પણ તેને વિભૂતિ માને છે. તેનું કારણ પછી જોઈશું. મહાભારત સંહિતામાં પહેલો હંસ અવતાર માનવામાં આવ્યો છે. એમાં બુદ્ધ અવતાર તરીકે નથી લીધો, જ્યારે ભાગવત પુરાણમાં હંસ અવતાર નથી, પણ બુદ્ધાવતારનો ઉલ્લેખ છે અને ત્યાર પછી આ બધી ચર્ચા ઊભી થઈ છે. પરંતુ આ ચર્ચાને સ્થાન નથી. આ બુદ્ધ અવતાર છે અને તે માટે મને શંકા નથી. यद् यद् विभूतिमत्सत्त्वम् । તેને અવતાર માનવામાં ડરવાનું કારણ નહીં. જેણે ભૂલી ગયેલાને દૃષ્ટિ આપી નવું માર્ગદર્શન આપ્યું, ધર્મપ્રચાર કરી મહાન આંદોલન ઊભું કર્યું, જેના શબ્દોને માન આપી, સર્વસ્વ ત્યાગ કરી લોકો પ્રચાર માટે પારકા ગણાતા દેશોમાં ગયા અને ત્યાં આ ધર્મ ઊભો કર્યો, ધર્મપ્રચાર અને સંઘની ભાવના ભૂલી ગયેલા તત્કાલીન લોકોને જેણે માગદર્શન આપ્યું એને અવતાર માનવામાં કશું જ ખોટું નથી. તત્કાલીન જુદા જુદા સંપ્રદાયોનો સમન્વય સાધીને જુદી જુદી જમાતો હતી તેમને એક ઠેકાણે ભેગી કરી યોગ્ય સમજણ આપી. જે દેશના લોકોને વેદોનું તત્ત્વજ્ઞાન માન્ય ન હતું, જે દેશના લોકોની વેદો પચાવવા જેટલી ઊંડી બુદ્ધિ ન હતી, ત્યાં સરળ અને

સુલભ ભાષામાં ઉપદેશ કર્યો, ધર્મનો પ્રચાર કર્યો; ખરેખર બુદ્ધે સરસ દિવ્ય કામ કર્યું છે. તે પ્રભુનો અવતાર છે એમાં મને શંકા નથી.

બુદ્ધ ભગવાન ઉપર આ દેશમાં ઘણા હુમલા થયા હતા આનું શું કારણ? તેમના આ પ્રચારથી તત્કાલીન લોકોની કલ્પનાને ધક્કો બેસી ગયો હતો. ઘણા તેમને નાસ્તિક કહેવા લાગ્યા. બધા જ ધર્મપ્રવર્તકોને શરૂમાં નાસ્તિકતાનો સિક્કો બેસે છે. કૃષ્ણને પણ નાસ્તિક નહોતા કહેતા? પણ તેનું અવતારકૃત્ય જ જુદું હતું.

બુદ્ધ આવી રીતના લાગ્યા તેનું મુખ્ય કારણ એ કે, લોકોમાં એક એવી સમજણ હતી કે, તેમણે વેદનિષ્ઠા ઉડાવી દીધી છે. બુદ્ધ ભગવાનને માનતા નહોતા, તેણે મૂર્તિપૂજા બંધ કરી અને તેથી તેને નાસ્તિક ગણવા લાગ્યા. લોકો તેની સામે કાદવ ઉડાવવા લાગ્યા, પણ તે માટે ગેરસમજ થઈ છે. બુદ્ધનું વાઙ્મય વાંચશો તો ખબર પડશે કે, વેદ, કાં તો ઈશ્વર વિષે તેમણે કશું કીધું નથી. જ્યારે જ્યારે વેદ અને ઈશ્વર માટે પ્રશ્ન પૂછવામાં આવ્યો ત્યારે તે વિષે તેમણે ક્યાંય નકારાત્મક જવાબ આપ્યો નથી. તે વિષે નકારાત્મક લખાણ પણ નથી લખ્યું. પરંતુ બુદ્ધ પર નિષ્ઠા વધારવાની હોય તો વેદ પરની નિષ્ઠા ઉડાવવી જોઈએ તેથી તેમના અનુયાયીઓએ બુદ્ધની મહત્તા વધે તેથી અને બુદ્ધે વેદનો ટેકો લીધો ન હોવાથી અને પોતાના મતને ટેકો મળે તે માટે આ લોકોએ ઘુસાડી દીધું કે, બુદ્ધ વેદ અને ઈશ્વરને માનતા નથી. ઈશ્વરનો ઇન્કાર કરતા હતા અને આને લીધે બુદ્ધના ઉપર નાસ્તિકતાનો આરોપ આવી ગયો.

તેમણે ધર્મની સરળ વ્યાખ્યા આપી કે, પારકાને

સુખકારક લાગે છે તે ધર્મ, દુઃખકારક લાગે તે અધર્મ. બુદ્ધિમાન કહે કે, આવો ગાંડો ધર્મ રહી શકે કે? તો પછી વ્યભિચાર એ પણ ધર્મ થયો કે નહીં ? સ્ત્રીને સુખ થતું હશે તો જ પરપુરુષ પાસે જાય ને ? સ્ત્રી પરપુરુષને સુખ આપે છે તેથી તે ધર્મ ગણાવો જોઈએ અને એનો જવાબ એ આપી શકતા નથી. તે કાળે બ્રાહ્મણ જ સંન્યાસી થઈ ધર્મપ્રચાર માટે ધર્મકાર્યમાં સંસાર છોડે તે જ ભિક્ષુ થઈ શકે એવી રૂઢિ પ્રચલિત હતી. પરંતુ તેમણે કહ્યું કે, ધર્મકાર્ય માટે ગમે તે શ્રમણ થઈ શકે, જે આવે તે ભિક્ષુ થાય તે લોકોના મગજમાં ન ઊતરતું. જેની સાત પેઢીમાં જેણે સંસ્કૃતનો ઉચ્ચાર કર્યો નહીં તે શું ધર્મનો પ્રચાર કરવાનો હતો ? એમ કહી લોકો બુદ્ધ ઉપર આરોપ મૂકવા લાગ્યા કે, તે તત્ત્વનિષ્ઠ નથી. તડજોડ કરવાવાળો માણસ છે. તેનામાં તત્ત્વનિષ્ઠા નથી, તત્ત્વમાં તડજોડ હોય નહીં. ધર્મમાં તે વળી તડજોડ હોય ? દાખલા તરીકે સ્ત્રીને તેના સંઘમાં લેવી કે નહીં ? બોધિસત્વ સ્ત્રીઓનો અતિશય વિરોધી હતો. તેમને સંઘમાં લેવા માટે બુદ્ધનો કડક ભાષામાં વિરોધ હતો. ભિક્ષુની દીક્ષા સ્ત્રીઓને આપવાની નહીં. પણ તેની સાવકી મા સંઘ માટે કેટલીક સરદારની સ્ત્રીઓ લાવી અને કહે, 'અમને દીક્ષા આપો.' પણ બુદ્ધે તેને ત્રણ ત્રણ વાર ના પાડી, ત્યારે તેમના પટ્ટશિષ્ય આનંદે તેમને હાથ જોડી કહ્યું છે, 'જ્ઞાની બુદ્ધ સ્ત્રી માટે નથી શું ? બુદ્ધ શું પક્ષપાતી જ થવાનો ? તે સ્ત્રીઉદ્ધાર માટે નથી શું ?' અને પછી તેણે હા પાડી અને પોતાની ઇચ્છા ન હોવા છતાં પણ આ રીતે શિષ્યના કહેવાથી હા પાડી છે. તેના ધર્મમાં શિષ્યને પકડી રાખવા આ તડજોડ છે. આમ કરવાથી ધર્મ

પરની લોકોને શ્રદ્ધા ઓછી થાય છે. બીજી વાત અહિંસાનું પ્રતિપાદન કરનાર બુદ્ધ માંસ અને માછલી ખાવાની છૂટ આપે છે. અહિંસાધર્મનો પ્રવર્તક આ માંસ ખાવાની છૂટ આપે તે તડજોડ જ છે, નહીં તો ધર્મમાં અહિંસા અને માંસાહાર એ બે વિરોધી વાતો કેમ બેસી શકે? પરંતુ તેમાં થોડી ગેરસમજ છે. આ તડજોડ નથી, પણ જરૂરિયાત હતી. જરા પૂર્વગ્રહ (Prejudice) દૃષ્ટિકોણ હોવાથી આમ તડજોડનો આરોપ નિર્માણ થયો છે. બુદ્ધ ભગવાને આ કરવું જ પડયું હતું. અરે, બુદ્ધની જગ્યા પર કોઈ પણ હોત તો તેને આમ જ કરવું પડયું હોત. ભિક્ષુની દીક્ષા કોઈને પણ આપી તે આપદ્ધર્મ હતો, તડજોડ ન હતી.

તત્કાલીન ભણેલા–બુદ્ધિમાનો–બ્રાહ્મણો ધર્મપ્રચાર માટે આગળ આવવા તૈયાર ન હતા. 'આ ધતિંગ અમે કરવા તૈયાર નથી' એમ બોલતા હતા. તો અવતાર લઈ આવેલા જીવે–ધર્મપ્રવર્તકે (Prophet) શું ગાજર ખાતાં બેસવાનું? કે એમની રાહ જોતા તે બેસી રહે? તો આપદ્ધર્મ તરીકે કોઈને પણ ભિક્ષુકની દીક્ષા આપવી આ તડજોડ નથી, પણ આપદ્ધર્મ છે. તે કહેતા, 'જે ધર્મપ્રચાર કરવા તૈયાર હશે તે મને ચાલશે. પછી ભલે તે ગમે તે ન્યાતજાતનો હોય.' આમાં મને બુદ્ધનો દોષ નથી લાગતો, ઊલટું બુદ્ધની જરૂરિયાત હતી તેથી તેમણે આવું કર્યું હતું. જે સાધન મળશે તેનાથી હું મારું કાર્ય કરીશ. વિરોધને ન ગણતાં તેને ખૂણામાં જ બેસાડી જે શસ્ત્ર–અસ્ત્ર મળશે એ ઉપયોગમાં લઈશ. આની પાછળ બુદ્ધની આ ભાવના હતી. કાર્ય કરવું કે ખૂણામાં બેસવું? આમાં તડજોડ નથી, પણ આપદ્ધર્મ છે. ઓઓ ઘેરે ઘેરે

પ્રચાર કરે તો સ્ત્રીઓ પણ ભલે દીક્ષા લે અને અવતાર જ આ કૃત્ય કરી શકે. તે ખૂણામાં રડતો બેસી ન રહે. પણ પાછળથી આ ભિક્ષુ અને ભિક્ષુણીઓએ અનાચાર કરી ધર્મનો હ્રાસ કરી નાખ્યો. તે આગળની વાત થઈ; પરંતુ બુદ્ધે જે કર્યું તે તડજોડ નહીં, Compromise ન હતો. સંજોગો અનુસાર બુદ્ધે કર્યું તે બરોબર જ હતું. Advance class રિસાઈ જાય–So called educated class–કહેવાતા સુધરેલા લોકો રિસાઈ જાય, તો બુદ્ધે શું ગાજર ખાતા બેસી રહેવું? ધર્મનો દિવ્ય પ્રચાર ન કરવો?

આપદ્ધર્મ તરીકે તેણે પ્રચારકાર્યમાં માંસ ખાનારાની મદદ લેવી પડી હતી. માંસ ખાઓ નહીં એ વાત બરોબર છે. પણ જે લોકો ખાતા હશે તે એક વખતના ઉપદેશથી શું તરત છોડી શકશે? માણસ માટીનો ગોળો નથી કે ગમે તે વખતે તેનો જોઈએ તેવો ઘાટ ઘડી શકાય! ગીતા એક વાર વાંચી–સાંભળી એટલે બીજે દિવસે માણસ શું હરામખોરી છોડી દેશે? અરે! એક એક દુર્ગુણ કાઢવા બાર બાર વરસ તપ કરવું પડે છે, ઘસાવું પડે છે, ત્યારે તે જાય છે. તેથી તેણે માંસાશનનો વિરોધ નથી કર્યો, ઊલટું બુદ્ધ ભગવાને કહ્યું, 'તું માંસ ખાય છે, ઠીક છે. પણ પવત્ત (પકવ) માંસ તમે ખાવ–એ છૂટ આપી, પરંતુ તું બુદ્ધિસ્ટ થઈ જા. માંસ ખાનારા મોટી સંખ્યામાં તેના અનુયાયી છે.' પરદેશમાં જ્યાં બુદ્ધધર્મ છે ત્યાં ૯૯ ટકા માંસ ખાનારા તેના અનુયાયી છે. કોઈ પણ પ્રાણી ચાલે એવા નોન વેજીટેરીઅન जीवो जीवस्य कारणम् માનનારા તેના અનુયાયી છે, માટે કહું છું કે, બુદ્ધે જે છૂટ આપી તે તડજોડ માટે નહીં. પણ તત્કાલીન આપદ્ધર્મ તરીકે

તેમણે છૂટ આપી હતી.

આજે માંસ ખાનાર બુદ્ધના ઝંડા નીચે આવવા તૈયાર છે. આવતી કાલે તે માંસ છોડશે. તું કાંદા ન ખા, પછી તને ગીતા કહીશ. આ કહેવું એ મૂર્ખાઈ છે. એમ નહીં તો તું કાંદા ખા અને ગીતા પ્રભાવિત હશે તો તું તે ખાતો બંધ થઈશ. ચોખ્ખા થયા પછી ઉપદેશ નહીં, પણ ચોખ્ખા થવા માટે ઉપદેશ છે. ચોખ્ખા થયેલાને તે વળી ઉપદેશ કેવો? અમે ચોખ્ખા નથી માટે તો [illegible]-ની જરૂર છે. માંસાશન માટેનો આરોપ છે, [illegible] નથી, આપદ્ધર્મ છે.

તેણે આપદ્ધર્મ તરીકે છૂટછાટ રાખી હતી. આનું કારણ તત્કાલીન સારા માણસો ધર્મપ્રચાર માટે આવતા ન હતા. બ્રાહ્મણ ઊભો થાય તો સમાજ સુધરે, પણ તે ઊભો થાય તો ને! બ્રાહ્મણ સમજે તો ને! તેને ખબર છે કે, મને પરોણો કોણ મારવાનો છે? તેની ચામડી જ ગેંડાની હોય, કેટલા પરોણા મારવાના? તેથી બુદ્ધે શું ધર્મપ્રચાર અટકાવવાનો? તેથી જે લોકો ધર્મકાર્ય માટે આવ્યા તેમને અપનાવ્યા. માંસાહારી છે, આવવા દો. પાપી છે, આવવા દો. સ્ત્રી છે, આવવા દો. પ્રભુનુ કાર્ય કરવા કોઈ ન મળે તેના કરતાં જે મળે તે સારું. પચીસ ઠેકાણે બીજ વાવીશું તો એકાદ ઠેકાણે ઊગશે, તો તે ઘણું છે.

બુદ્ધ માટે મુખ્ય બે શંકાઓ છે:

(૧) પોતાના દેશમાં હજાર હજાર વર્ષ ટકયા પછી બુદ્ધ ધર્મને ભાગવું શા માટે પડ્યું?

(૨) બુદ્ધ અવતાર ભારતીય સંસ્કૃતિનો હોય તો પછી બુદ્ધ નામનો નવો ધર્મ પ્રસ્થાપિત કેમ થયો?

આજે બુદ્ધ ઉપર બધાને પ્રેમ ઊભરાઈ ગયો છે. બધા બુદ્ધની ચર્ચા કરે છે. તે તત્ત્વજ્ઞાનના લીધે નહીં, પણ બહુમતી (Majority) લોકો જે ધર્મ પાળે છે તેની લોકશાહીમાં (Democratic state) મહત્તા છે. વૈદિક ધર્મની ઉપેક્ષા થતી રહી છે અને મેજોરીટીની મહત્તા છે તો મેજોરીટી પાછળ હશે તો આપણી મહત્તા ટકશે માટે પાળે છે. આ નગ્ન સત્ય છે. કોઈનું ધર્મ માટે આંતરડું તૂટતું નથી. અને બુદ્ધધર્મને માનનારામાંથી હરામ છે કોઈએ બુદ્ધનું તત્ત્વજ્ઞાન વાંચ્યુ હોય તો? પચીસો વર્ષથી અને દૂર પૂર્વ

(Far east) અને મધ્ય પૂર્વમાં (Middle east) બધે બુદ્ધધર્મ પળાય છે. અને ભારતમાં નહીં ? તો તે સહાનુભૂતિ (Sympathy) દેખાડવા ખાતર પાળવો જોઈએ માટે પાળે છે. તેથી વખાણ કરે છે. પણ આ બુદ્ધધર્મના વખાણ કરનારનો મિજાજ એટલો બધો છે કે, જાણે બુદ્ધધર્મ પાસે ઊભો રહી શકે એવો બીજો કોઈ ધર્મ જ નથી, વૈદિક ધર્મ કચરો છે. એમની બોલવાની ઢબ આવી છે. બુદ્ધધર્મનું વર્ણન કરતાં કોઈના પેટમાં બળવાનું કારણ નહીં, ઊલટો આનંદ થાય કે, આપણો જ અવતાર છે. પણ તેથી બીજા ધર્મોને અન્યાય થાય તો તે વિચાર કરવા જેવી બાબત છે.

આજે બધા બૂમ પાડતા રહ્યા છે કે, બુદ્ધધર્મ બધાના માટે ખુલ્લો છે. તેણે જાતિભેદ ઉડાવી દીધો, બુદ્ધે સામાજિક સમતા આણી. ધાર્મિક વ્યવહાર બુદ્ધે અમલમાં મૂક્યો. બુદ્ધ ઉદારચરિત ધર્મ છે. સમાન દરજ્જાથી બુદ્ધે બધાને તત્ત્વજ્ઞાન આપ્યું. આટલો શ્રીમાન ધર્મ, મોટા પેટનો ધર્મ હોવા છતાં કાશ્મીરથી શરૂઆત કરી ઠેઠ રામેશ્વર સુધી તેની માતૃભૂમિમાં જ તેને રહેવા ક્યાંય જગ્યા ન મળી ? તે ખંડતુલ્ય અને ખંડપ્રાય રાષ્ટ્રમાંથી કેમ ચાલ્યો ગયો ? પોતાના જ દેશમાંથી તે કેમ ભાગી ગયો ? આજે તો ફક્ત કોઈ એકાદ વડના ઝાડ નીચે તેની જગ્યા દેખાય છે, કાં તો એક પથ્થર નીચે ગુફામાં પડેલા દેખાય છે. જે દેશમાં હજાર હજાર વર્ષ આ વિચાર ટકી રહ્યો, જેના પ્રચારક ભગવાન તરીકે પૂજાતા હતા તે ધર્મને તેની માતૃભૂમિમાંથી નિર્વાસિત થવાનું કારણ શું ? ધાર્મિક સત્તા બુદ્ધે આણી. બુદ્ધધર્મ જાતિભેદ અમાન્ય કરવાવાળો પહેલો ધર્મ હતો. ઉદાર ધર્મ હતો. વિશાળ–પેટવાળો–વિશ્વને પાસે લાવવાવાળો

ધર્મ હતો. વિશ્વધર્મ–માનવધર્મ હતો. આ ધર્મ હશે તે બુદ્ધધર્મ, જે દેશ ધાર્મિક સહિષ્ણુતાનો (Religious mentality) છે તે દેશમાંથી પોતાની માતૃભૂમિમાંથી નિર્વાસિત થવાનું કારણ શું? અને આનો વિચાર કરીશું તો બીજા ધર્મને અન્યાય નહીં થાય. ગમે તે ઊઠે છે ને આમ બોલે છે. આ એક ચેપી રોગ છે. કોને ખબર છે બુદ્ધને શું જોઈતું હતું? સામાજિક અને આર્થિક સમતા બુદ્ધે આણી. એક બોલ્યો એટલે બીજો બોલતો રહ્યો છે. ઊલટું હું કહીશ કે, બુદ્ધ ધર્મના કૌતુક કરવાના નાદમાં વૈદિક પરંપરા, વૈદિક નિષ્ઠા, ભારતીય ગૌરવ જે લોકોએ સંભાળ્યુ તેને ફટકો મારવાનું અસત્કૃત્ય આ લોકો કરતા રહ્યા છે. બુદ્ધનાં વખાણ થાય તેથી કોઈને પેટમાં દુખવાનું કારણ નહીં. એને તો અમે ભગવાન માન્યા છે, પણ ખોટી રીતે બુદ્ધનાં વખાણના નાદમાં પડી આ લોકો ઘમંડથી, બુદ્ધિના મિજાજથી સમજાવતા રહ્યા છે કે, બુદ્ધ પહેલાં કોઈ વ્યવસ્થિત ધર્મ જ ન હતો અને જે હતું તે બધું મૂર્ખાઈથી ભરેલુ હતું.

આજે તે બુદ્ધની ગુફામાં વડનાં ઝાડ જોવા મળે છે. બુદ્ધધર્મ વિષે એમ પણ બોલાય છે કે, તેણે વિશ્વબંધુત્વ, સામાજિક સમતા આણી. જાતિધર્મનો બુદ્ધે વિનાશ કર્યો. તો પછી ધર્માચાર્યને જે દેશ ભગવાન માનતો, અવતાર માનતો, ત્યાંથી તેને ભાગવું પડે! તે ધર્મ નષ્ટપ્રાય થાય!

બધા ધાર્મિક છે, બુદ્ધને ભગવાન તરીકે પૂજે છે તો પછી વચ્ચેના દોઢ હજાર વર્ષમાં બધા હરામખોર હતા કે શું? અને આજે બધા તેનું વર્ણન કરતા બેઠા છે. આ ચેપી રોગ છે.

તેને અહીં રહેવાનાં મૂળિયાં જ ન હતાં, કાં અહીં પગપેસારો જ થયો ન હતો એવું ન હતું. ઊલટું ૧૦૦૦ વર્ષ સુધી તે ધર્મ રહ્યો તો પછી આવો ધર્મ ખલાસ કેમ થયો ?

આજે બે ચાર લોકો બુદ્ધને પકડી નાચતા જ રહ્યા છે, તો શું બાકી બધા હરામખોર હતા ?

આનો વિચાર બૌદ્ધિક દૃષ્ટિથી કરવો જોઈએ. બુદ્ધ ઉપર આક્ષેપ કર્યો છે તે કરવા ન જોઈએ. પણ આપદ્ધર્મ તરીકે પ્રચારકને આવું કરવું જ પડે છે.

તેના અવતાર તરીકે તેણે ઘણું મહાન કાર્ય કર્યું છે. બુદ્ધને ભગવાન તરીકે ભાવનાથી નમસ્કાર કરીએ; પણ બુદ્ધિપ્રધાન ભાવનાથી આપણે આવતી કાલે વિચાર કરીશું કે બુદ્ધધર્મ આપણા દેશમાંથી ચાલ્યો કેમ ગયો ?

# બુદ્ધ અવતાર (ઉત્તરાર્ધ)

બુદ્ધધર્મ અહીં બુદ્ધવાદીઓના ભ્રાંત વિચારોને લીધે ટક્યો ન હતો. ધર્મના સિદ્ધાંતો વાંચવા નહીં, તેનું મનન કરવું નહીં, અભ્યાસ કરવો નહીં, તે સિદ્ધાંતો પચાવવા નહીં અને ફક્ત ટીલુ તાણી બેસી રહેવું અને પછી માનવું કે અમે અસાર સંસારથી છૂટી જઈશું. ખરેખર, વિચાર કરવા જેવી ઘટના છે કે, ખંડતુલ્ય આ દેશમાંથી બુદ્ધધર્મને ભાગવું કેમ પડયું ? બુદ્ધના અનુયાયીઓએ વિચારો પચાવ્યા નહીં અને ફક્ત અમારા છે કહી છટકી જવા લાગ્યા.

ગઈ કાલે આપણે બુદ્ધધર્મ માટે બે શંકા લીધી હતી :

(૧) આ ખંડતુલ્ય દેશમાંથી હજાર વર્ષ ટક્યા પછી બુદ્ધ-ધર્મને ભાગવું કેમ પડયું ?

(૨) બુદ્ધ આપણો જ અવતાર હોય તો પછી બુદ્ધધર્મ જુદો ધર્મ કઈ રીતે રહી શકે ? તેનો આજે વિચાર કરીશું.

બુદ્ધધર્મનો વિચાર કરતાં જણાશે કે, તેની અંદર જીવન-વ્યવહાર જ દેખાતો નથી. મૂર્તિપૂજા જેનો માનવી હૃદય જોડે ગાઢ સંબંધ છે તેનો વિચાર જ નથી. તે મૂર્તિ-પૂજા બુદ્ધે તોડી નાખી છે. મૂર્તિપૂજા એ માનવ વિકસનનું અતિ મહત્ત્વનું સાધન છે, પણ તેની કલ્પના જ નથી. તેવી જ રીતે કોઈ પણ વ્યક્તિ શ્રમણ થઈ શકે, કોઈ પણ વ્યક્તિ ભિક્ષુક થઈ શકે. ગમે તેને દીક્ષા અપાતી. આ રીતે અનધિકારીના હાથમાં ધર્મ જવાં તેમાં સડો પેઠો. આપદ્ધર્મ તરીકે સ્વીકારવામાં આવેલા વિચારો ધર્મ તરીકે ગણાવા લાગ્યા, મહત્ત્વના ધર્મના સિદ્ધાંતો સમજાયા

આપદ્‌ધર્મ તરીકે પળાતો ધર્મ સિદ્ધાંત તરીકે રહી શકે નહીં. દાખલા તરીકે માંસ ખાવું એને બુદ્ધલોકો ધાર્મિક વિધિ સમજવા લાગ્યા, જ્યારે ભગવાન બુદ્ધે તે આપદ્‌ધર્મ તરીકે ગણ્યું હતું. પણ તેના અનુયાયી તે સમજ્યા નહીં અને માંસાહાર ચાલુ રાખ્યો. ગમે તે ઊઠે અને શ્રમણ બને. આવા અનધિકારી લોકોને શ્રમણ અને ભિક્ષુની દીક્ષા આપી, પરિણામે ખૂબ બધી ગરબડ થઈ ગઈ. પરમાવકાશા-ની ગરબડ–વિહારો અને મઠોમાં ખૂબ દુરાચાર થયો. જેને શ્રમણ થવું નથી તેનું ફરજિયાત મુંડન થવા લાગ્યું. જેને વિરક્તિનો વિચાર નથી તેવા અનધિકારીના માથા ઉપર ભિક્ષુકનો મુગટ મુકાવા લાગ્યો. એ જવાબદારી સંભાળી શકશે કે નહીં તેનો વિચાર જ કોઈ કરતું નહીં. પરિણામે સંસારભોગી જીવ સંન્યાસ લઈ ભિક્ષુકનાં કપડાંમાં સંસારના ભોગોમાં જ ભટકવા લાગ્યો. જવાબદારી માથે મૂકતાં પહેલાં વિચાર થવો જોઈએ કે, એ જવાબદારી સંભાળી શકશે કે નહીં. બુદ્ધ ભગવાને આમ નહોતું કર્યું, પરંતુ બુદ્ધ પછી અધ્યાત્મને ફટકો મારવાવાળા, વેદોની નિષ્ઠા ઉડાવવાવાળા અને તે નિષ્ઠા ઉડાવવામાં બુદ્ધને જ પ્રમાણ માનવાવાળા તેના અનુયાયીઓએ અતિ દુરાગ્રહને લીધે આ સડો પેસાડ્યો અને વાડો ઊભો કર્યો. બુદ્ધને જ પ્રમાણ માનવાવાળા આ લોકોએ વેદોની નિષ્ઠા તોડી બુદ્ધધર્મને વ્યવહાર તરીકે પકડી લીધો. તેમનામાં બૌદ્ધિક કૂદકો મારવાની હિંમત ન હોવાથી તે લોકોએ અધ્યાત્મ છોડી સામાન્ય નીતિ પકડી લીધી. ધર્મના સિદ્ધાંતો વાંચવા નહીં, તેનું મનન કરવું નહીં, અભ્યાસ કરવો નહીં, તે સિદ્ધાંતો પચાવવા નહીં અને ફક્ત મુંડન કરાવી અનાચાર કરતા બેસી રહેવું અને

પછી માનવું કે, અમે સંસારથી છૂટી જઈશું, બધે જ આ જ માન્યતા પ્રચલિત થઈ હતી. વળી તેમાંના મોટા ભાગના અનુયાયી શક લોકો થોડી નીચી સંસ્કૃતિના હોવાથી બુદ્ધને યોગ્ય ન્યાય આપી શક્યા નહીં. પરિણામે ભારતમાંથી બુદ્ધ-ધર્મ ચાલી ગયો. બુદ્ધે નિરીશ્વરવાદ પ્રસ્થાપિત કર્યો ન હતો, કાં તો વેદ વિરુદ્ધ બોલ્યા ન હતા. પણ બુદ્ધની મહત્તા વધારવા તેના અનુયાયીઓએ આ તૂત ઘુસાડયું. અને બુદ્ધ જ મોટા ગણાવા લાગ્યા; અને વ્યક્તિપૂજાનું માહાત્મ્ય આવી ગયું. તેથી બુદ્ધ એ જ ભગવાન એ કલ્પના આવી ગઈ. બુદ્ધ જ ભગવાન ગણાવા લાગ્યા. તેથી આ બધા શ્રમણોને મહત્ત્વ મળ્યું અને વ્યક્તિપૂજાનું મહત્ત્વ આવી ગયું. બુદ્ધના અનુયાયીઓએ બુદ્ધ ઉપર વેર લીધું છે. બુદ્ધ મૂર્તિપૂજાને ફટકો મારતા પણ તેમના જ અનુયાયીઓએ તેમની જ મૂર્તિ કરી તેની પૂજા કરવા લાગ્યા. તેને જ ભગવાન માનવા લાગ્યા. કૃષ્ણને તમે અવતાર માનો છો, વખતે ભગવાન માનતા હશો; પણ તેના ઉપર પણ કોઈ ચિત્‌શક્તિ છે. પણ બુદ્ધ એ જ વિશ્વની સંચાલક શક્તિ ( Governing body ) છે—વિશ્વનું નિયંત્રણ કરનાર છે. તેની ઉપર કોઈ શક્તિ જ નથી. એમ તેઓ માનવા લાગ્યા. જો આવી રીતે માનવાનું હોય તો આ ભ્રાંત ઈશ્વરવાદ છે. ઈશ્વરવાદ પર પણ વેર લીધેલું છે. જવા દો એ વાત.

હવે બીજો પ્રશ્ન કે બુદ્ધ આપણા જ અવતારોમાંનો હોય તો બુદ્ધનો જુદો ધર્મ શા માટે? પણ બુદ્ધધર્મ એ જુદો ધર્મ જ નથી. તત્કાલીન ભારતીયોના જીવનવિકસન કરવાવાળા લોકોમાં થયેલી ગરબડને લીધે બુદ્ધને પદ્ધતિસર જીવનવિકસન પરંપરા દેખાડવી પડી, પરંતુ તે જીવનવિકાસ-

ની પરંપરા લઈ જીવન વિકસિત કરવાને બદલે બુદ્ધના અનુયાયીઓએ તે ચાલતી રહેલી જીવનવિકસન પરંપરાથી છૂટાછેડા લઈ નવો વાડો પ્રસ્થાપિત કર્યો. અને તેને બુદ્ધધર્મ કહેવા લાગ્યા. વાસ્તવિક એ જુદો છે જ નહીં, પણ જુદો ધર્મ માનશો તો તેના માટે વિચાર કરવો જોઈએ. ધર્મનો અર્થ જ આ છે: धारणात् धर्म इत्याहुः ધર્મ એટલે જેનાથી જીવનનો, ઇહલોકનો અને પરલોકનો સુખકારક વ્યવહાર થાય તે. વ્યક્તિ અને સમષ્ટિનું જીવન સુખકર બને તે માટે કરેલા કાયદા તે ધર્મ. ઇહલોક જ ન હોય અને ઇહલોકનાં સુખો જ ન હોય તો તો પછી તેની વ્યવસ્થા શું કરવાની એમ માનનાર બુદ્ધે તેની વ્યવસ્થા કરી જ નહીં. બુદ્ધના મૂળભૂત વિચારો જ એવી રીતના હતા કે, આ સર્વ ક્ષણિક છે. તેથી બુદ્ધે તે વ્યવસ્થા રાખી નહીં. બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ એ વૈદિક સંસ્કૃતિના પહેલા ત્રણ આશ્રમો બાજુ રાખી ફક્ત છેલ્લો આશ્રમ, સંન્યાસાશ્રમ જ તેમણે સંભાળી રાખ્યો. તેમણે ત્રણે આશ્રમોનો વિચાર ન કરતાં છેલ્લા સંન્યાસાશ્રમને જ પ્રાધાન્ય આપી દીધું–ભિક્ષુ માટેનો આશ્રમ ટકાવી રાખ્યો. તેથી આ ધર્મ ગણી શકાય નહીં. આ ફક્ત ઉપાસનાનો માર્ગ છે. ધર્મે જીવનનો સર્વાંગી વિકાસ સમજાવવો જોઈએ. માનવી સમાજનો પૂર્ણતઃ વિચાર ધર્મમાં જોઈએ; પણ બુદ્ધધર્મમાં જીવનના બધા કાંડોનો વિચાર નથી. પરણવું આ જે ઠેકાણે મહામૂર્ખતા છે તો કઈ ઉંમરે અને ક્યાં પરણવું એ સવાલ જ ક્યાંથી ઉપસ્થિત થાય ? ટૂંકમાં આજે જેને બુદ્ધધર્મ કહેવામાં આવે છે, તેણે માનવજીવનનો સર્વાંગી વિચાર જ નથી કર્યો.

બુદ્ધધર્મ ફક્ત ભિક્ષુ થયેલા સંન્યાસી લોકો માટે જ છે. બાકીના બીજા ત્રણ આશ્રમો માટે નથી. બુદ્ધધર્મ વિરક્ત બની ગયેલા ઉપાસકોને માર્ગ બતાવનાર ઉપાસનામય સંપ્રદાય છે. જો કે આ ધર્મ ફક્ત ભિક્ષુકો માટે છે, છતાં પણ જેમણે દીક્ષા ન લીધી હોય પણ જે બુદ્ધધર્મના અનુયાયીઓ ( Followers ) અને સહાનુભૂતિ બતાવનાર છે તેવાને છોડી દેવું આમને પોષાય તેમ ન હતું. ગૃહસ્થીને સંપત્તિ આપનારને પણ ધર્મ પાળવાની છૂટ હતી. અને આ લોકોને ઉપાસકની પદવી આપી હતી. જેમ સંન્યાસીઓને શ્રમણકની પદવી આપી તેમ આ લોકોને ઉપાસકની પદવી આપી હતી.

માનવી જીવનમાં નૈતિક મૂલ્યો લાવવા માટે, નીતિના વિચારો લાવવા માટે બુદ્ધે આ રીતે ભિક્ષુકો તૈયાર કર્યા. પરંતુ આ ધર્મ માનવી જીવનના બધા વિકારો–વિચારોનો વિચાર કરતો નથી. માનવી જીવનમાં નૈતિક મૂલ્યો બનાવવાવાળા આ ધર્મમાં માનવી જીવનનો સર્વાંગી વિકાસ દેખાતો નથી. ધર્મ એટલે જે માનવી જીવનનો સર્વાંગી વિકાસ કરે: વિચારો, વિકારો, અર્થ, આમ બધાનો જ વિચાર તેમાં હોવો જોઈએ.

જેમ ગ્રીસમાં પાયથેગોરસનો અનુયાયી વર્ગ મોટો હોવાથી તેને ધર્મનું સ્થાન મળ્યું હશે તેમ બુદ્ધે એક મોટો ઉપાસક વર્ગ ઊભો કર્યો. અને તેને તે ધર્મ માનવા લાગ્યો. તેનું ધર્મમાં રૂપાંતર થયું. નવા ધર્મ તરીકે તે માનવાનું કારણ નહીં. જ્યાં માનવ જીવનની સર્વાંગીણ સમજણ ન હોય તે ધર્મ ટકે નહીં. બુદ્ધધર્મ એટલે સરળ સુલભ નીતિ અને સંસ્કૃતિના વિચારો લોકોમાં લઈ જવા બનાવેલો ઉપાસનાસંપ્રદાય કહી શકાય. મૂર્તિપૂજા વગેરે જીવનની સર્વાંગી ચર્ચા તેમાં નથી તેથી તે

ટકી શકયો નહીં. ધર્મમા માનવી-વિકારોનો ખ્યાલ હોવો જોઈએ. પણ આમા તેનો વિચાર જ નથી, મારા મનની સહજ લાગણીઓ ( Instincts ) જે મેકડુગલે કહી છે તેની ધર્મમા વ્યવસ્થા હોવી જોઈએ. જીવન અને જીવિકાનો વિચાર હોવો જોઈએ. વિકસિત જીવન કેવી રીતનું ? દૈવી જીવન-આધ્યાત્મિક જીવન કેવી રીતનુ ? તેનો વિચાર જેમાં હોય તેને જ ધર્મ ગણી શકાય અને બુદ્ધધર્મમા તે ન હોવાથી આ દેશમાથી બુદ્ધધર્મને ભાગવું પડયું.

ત્રીજી વાત, વેદો ઉપર લોકોની નિષ્ઠા રહી નહીં. આપણી સમજણ છે કે, બુદ્ધધર્મ આવ્યો ત્યાર પહેલા ખૂબ જ યજ્ઞો થતા. પાચ-પચાસ હજાર બલિદાનો યજ્ઞોમા હોમતા અને તેથી બુદ્ધધર્મ દાખલ થયો છે, આમ કહેનાર અમારા એ ગુરુઓને જ ખબર નથી કે, આવી ખોટી સમજણ મેક્સ મુલર જેવા લોકોએ કરાવી છે અને તેને આ બધા પકડી રહ્યા છે. સંસ્કારની અછતના લીધે આ પરિણામ આવ્યુ છે. વાસ્તવિક મેકસમુલરને તો હુ મોક્ષમુલર કહુ છું. એ હતો તેથી તો આજે થોડાઘણા પણ વેદો વાંચવા મળે છે. મેકસમુલરે વિશિષ્ટ પદ્ધતિથી સમજાવ્યુ કે, બુદ્ધધર્મ અહિંસા વાદી હોવાથી અને યજ્ઞયાગમા ઘણા મોટા પ્રમાણમા પ્રાણુહિંસા થતી હોવાથી આ ધર્મ દાખલ થયો. પરતુ આ ભ્રાંત કલ્પના છે. સાત હજાર માઈલ દૂર બોલનારો લખે એમા ઊણપ રહે એ સ્વાભાવિક છે. તેમા તેનો દોષ પણ નથી. પણ તેને જ ઈશ્વર માની પરબનુ પાણી પીનારા લોકોએ તો વિચારવું જોઈએ. એ પરબનુ જ પાણી પીનારા લોકોની દયા જ આવી જોઈએ. ખરેખર ! એ એમની બુદ્ધિનુ દેવાળું ( Bankruptcy ) છે. મેકસમુલર જેવાએ ભ્રાત કલ્પના આપી

અને તેને આ લોકો પકડી રહ્યા છે.

જ્ઞાનપ્રધાન ઉપનિષદકાળ, ભક્તિપ્રધાન પાંચરાત્રકાળ, જ્ઞાન-ભક્તિપ્રધાન એવો ગીતાકાળ, આ બધાએ પોતાનો પ્રભાવ દેખાડ્યા પછી બુદ્ધધર્મ આવ્યો છે, તે ઐતિહાસિક સત્ય છે. કેવળ કર્મકાંડ વધી ગયો, મોટા પ્રમાણમાં હિંસા થતી તેથી બુદ્ધધર્મ આવ્યો, આ ખોટી કલ્પના છે. બાર્થ નામનો લેખક કહે છે કે, બુદ્ધ પહેલાંનો પાંચરાત્ર ધર્મ વધુ પ્રભાવશાળી થયો હોત, તો બુદ્ધે યજ્ઞમીમાંસા પર ફટકો માર્યો છે એમ તમે ન કહેત. મૂળ વાત સમજી લો કે, જ્ઞાનપ્રધાન ઉપનિષદકાળ, ભક્તિપ્રધાન પાંચરાત્રકાળ અને જ્ઞાનભક્તિયુક્ત એવો ગીતાકાળ માનવજીવનમાં પ્રભાવિત થયા પછી બુદ્ધકાળ આવ્યો છે. આ ખૂણામાં એકાદ ગ્રંથ પડ્યો છે યા તો ગપ્પાં છે એમ ન હતું. તત્કાલીન આખો માનવસમાજ તેનાથી પ્રભાવિત થયો હતો અને ત્યાર પછી બુદ્ધધર્મ આવ્યો છે. તમે તત્કાલીન ધર્મોનો અભ્યાસ કરશો, તો જણાશે કે વેદોએ યજ્ઞની જે વિધિ કહી છે તે सर्वं कर्माखिलं पार्थ ज्ञाने परिसमाप्यते । એ માનનારા કાં તો પાંચરાત્ર લોકોએ જ યજ્ઞમાંથી બલિ આપવાની પ્રથા કાઢી નાખી હતી. અને પિષ્ટમય પશુ હોમવાની કલ્પના આપી હતી. પાશુપત અને બીજા ભાગવત સંપ્રદાયના લોકોએ જ આ પિષ્ટમયી પશુની કલ્પના દાખલ કરી હતી. મહત્તા (Credit) આપવાની હોય તો એમને આપવી જોઈએ. યજ્ઞોમાં હિંસા વધી તેથી બુદ્ધ ધર્મ પ્રસ્થાપિત નથી થયો, પણ બુદ્ધધર્મ પ્રસ્થાપિત થવાનું મૂળ કારણ તત્કાલીન પાશુપત, પાંચરાત્ર, સાંખ્યયોગ, શૈવ, વૈષ્ણવ, આ બધા સંપ્રદાયોએ પોતપોતાના જુદા જુદા વાડા ઊભા કર્યા; અને એમના અંદર અંદરના ઝઘડામાં લોકોને

માર્ગદર્શન મળતું બંધ થયું. તે માર્ગદર્શન આપવા બુદ્ધ ઊભા થયા એ વાત શાસ્ત્રીય (Scientific) છે અને તેથી બુદ્ધ ધર્મને પગપેસારો કરવા મળ્યો. હું તો આગળ જઈને કહું, બુદ્ધધર્મ ચુસ્ત અહિંસાવાદી હોવા છતાં પણ માંસાહારી લોકોને માછલી ખાતા અટકાવી ન શક્યો. એ ધર્મ પાળતા ૯૯ ટકા લોકો માછલી ખાય છે, જ્યારે બીજા ધર્મોએ તો અહિંસાનો પ્રચાર કરી માંસ ખાતા અટકાવ્યા છે. એટલે અહિંસાના પ્રચાર માટે બુદ્ધધર્મ દાખલ થયો એ બોલવું અનૈતિહાસિક છે.

સાત હજાર માઈલ દૂર રહેનાર મેકસમુલર જેવા યુરોપિયન પંડિતોને કેટલીક વાત જડેલી. તેને ખરેખર ધન્યવાદ આપવા જોઈએ કે, એના લીધે આ ટક્યું છે. પણ ત્યાં રહીને યા તો એકાદવાર અહીં આંટો મારી જઈ એ સાહેબ અહીંની સંસ્કૃતિ કેટલી સમજી શકે? પણ यद् साहेब अब्रवीत् तद् भेषजम्। જે સાહેબ બોલ્યા તે ભેષજ–ઔષધ છે. એ વાત જ આજે લોકો માનતા રહ્યા છે, પણ આ ખોટું છે. યજ્ઞો દૂર કરવાની કલ્પના આપી અને તેથી બુદ્ધ-ધર્મ એક મોટી ક્રાંતિ (Revolution) લઈને આવ્યો, એ વાત એટલી સત્ય નથી. અને વખતે આ કહેવાનું હોય તો કહેનારા ભલે કહે, પણ કહેવાવાળાની ઢબ આવી રીતની છે કે ચીડ ચડે. આ બોલવું એટલે કેવળ એક વિશિષ્ટ ગ્રુપને–લોકોને ખુશ કરવાનો આ વ્યવસ્થિત (Systematic) પ્રયત્ન છે. કયા લોકો વધુ કયો મત માને છે, તે જોઈ તે પ્રમાણે બોલી તેમને પંપાળવાની વાત હોય તો તે તત્ત્વજ્ઞાન થઈ જ શકતું નથી. જ્યારે તત્ત્વચિંતકો અને તત્ત્વજ્ઞાનીઓ પ્રવાહની પરિસ્થિતિના ગુલામ થઈ જશે તો તેમના મોઢામાંથી ઐતિ-

હાસિક સત્ય ક્યાંથી નીકળવાનું હતું ? અને આજના પ્રવાહને ખુશ કરવા માટે તે બોલતા હોય તો તે તત્ત્વચિંતકો નથી. તે ઐતિહાસિક સત્ય નથી, પણ વિશિષ્ટ ગ્રુપને પંપાળવાની રાજકીય (Political) તડજોડ છે. અને પછી બૂમો મારવાની કે, બુદ્ધધર્મ જાતિભેદ નષ્ટ કરનાર, સમાનતા લાવનાર, વિશ્વધર્મ તરીકે ઊભો રહેલો ધર્મ છે. આ Advance ધર્મ–આગળ વધેલો ધર્મ હોવાથી તે શ્રેષ્ઠ હોવો જોઈએ એમ આ લોકો માનતા રહ્યા છે.

બુદ્ધે વર્ણવ્યવસ્થા ઉપર ફટકો માર્યો–બુદ્ધે જાતિધર્મ ઉપર ફટકો માર્યો એમ લોકો સમજે છે, પણ Ignorance is bliss, while it is folly to be wise. બીજું શું ? બુદ્ધને આમ સમાજસુધારક (Social reformer) કહેતાં પહેલાં વિચારો તો ખરા કે, બુદ્ધની તે દૃષ્ટિ જ ન હતી. તે તેવા ન હતા. ઊલટું આમ કહી આપણે બુદ્ધ ભગવાનના અવતારની દિવ્ય કલ્પના મારી નાખી છે. અભ્યાસ કરશો તો જણાશે કે તત્ત્વચિંતકો લખે છે: Buddha was not a social reformer; we cannot say that Buddha affected any social revolution. પણ આજે બુદ્ધધર્મ માન્ય થાય છે. બધાને સમજાવવામાં આવે છે કે, તે વિશ્વધર્મ છે. જાતિભેદ તેણે નષ્ટ કર્યા. પરંતુ આખા બુદ્ધ-ધર્મના વાઙ્મયમાં ચાતુર્વર્ણ્યની વ્યવસ્થા ઉપર એક પણ ફટકો બુદ્ધે મારેલો દેખાતો નથી. ઊલટું બુદ્ધકાળ સુધીમાં એમ વારંવાર લખાયેલું છે કે, પહેલું બ્રાહ્મણને મહત્ત્વ આપો અને પછી શ્રમણકને આપો એમ લખ્યું છે. (Even birth in a brahmin family, Buddha allows to be a reward for merit.)

આપણે બુદ્ધધર્મ સાથે કે બીજા કોઈ ધર્મ સાથે ધૃષ્ટતા નથી. પણ આ ધર્મનું મહત્ત્વ ક્રિશ્ચિયન મિશનરીઓએ વધાર્યું. તેમને લાગ્યું કે, પોતાના ધર્મ ઉપર નિષ્ઠા બેસાડવી હોય તો વૈદિક ધર્મને ખસેડવો જોઈએ. જ્યાં સુધી આ ધર્મ રહેશે ત્યાં સુધી તેમના ધર્મનો પ્રચાર થશે નહીં; તેથી તેમણે વૈદિકધર્મનો દ્વેષ કરતા બુદ્ધધર્મનો પક્ષ લીધો. તેમણે કહેવા માંડયું કે, બુદ્ધધર્મ વૈદિક ધર્મ કરતાં વધુ વિકસેલો (Advanced) છે. ક્રિશ્ચિયન ધર્મ વિકસેલો છે. અને આ રીતે વૈદિક ધર્મ ઉપરની લોકોની શ્રદ્ધા ઢીલી થઈ. ત્યાર પછી પરબનું પાણી પીનારા લોકો અંગ્રેજો જે જે લખતા ગયા તે તે વાંચવાનું, તે કહેવાનું અને તે જ કરવાનું એમ માનતા થયા અને આચરતા ગયા.

બુદ્ધધર્મના ગ્રંથોમાં બ્રાહ્મણોનો થોડાઘણો દ્વેષ દેખાય છે, પણ તે બુદ્ધ પછીના લખાણમાં છે. તે લખનાર અશ્વઘોષ પોતે બ્રાહ્મણ હતો, પણ વટલાયેલો હતો અને વટલાયેલો જેમ ઘણો ભયંકર હોય છે, તેમ આ અશ્વઘોષ ભયંકર લાગે છે; તેથી તેના લખાણમાં ચાતુર્વર્ણ્ય વ્યવસ્થા ઉપર કોઈ કોઈ ઠેકાણે ફટકા મારેલા દેખાય છે. બાકી બીજે ક્યાંય ચાતુર્વર્ણ્ય વિરુદ્ધ લખાણ નથી.

બુદ્ધધર્મે શું કર્યું? સમાનતા આણી છે, જાતિભેદ ઉડાવી દીધો, કબૂલ છે. પણ મારા બે ત્રણ પ્રશ્નો છે. બુદ્ધધર્મે આમ કર્યું, તેમ કર્યું. બુદ્ધધર્મ વિશ્વધર્મ છે. સમાજમાં તેણે સમાનતા લાવી જાતિભેદ નષ્ટ કર્યો. જાતિભેદ એ માનવી વિકાસમાં અગવડરૂપ છે એમ કહેનારા, જે બીજા કોઈને ન નમે, પણ બુદ્ધને નમે એવો ઢોંગ કરનારા,

પચીસ હજાર વર્ષ પહેલાંનો વાળ મળે તો તેને નમસ્કાર કરવાવાળા આ આમ કહે છે, પરંતુ બુદ્ધધર્મ જો ખરેખર તેવો હોત તો તમને એક વાત પૂછું કે, તે આ દેશમાંથી ગયો હોત શા માટે? આ બુદ્ધધર્મ આ દેશમાં હજાર વર્ષ ચાલ્યો. જે બુદ્ધે જાતિભેદ કાઢ્યો, સમાનતા આણી, રાજાઓ બુદ્ધધર્મી થયા, એટલું જ નહીં પણ હ્યુએન-સીંગની ડાયરી વાંચો તો ખબર પડશે. ધર્મના પ્રચાર માટે લાખો અને કરોડો રૂપિયા તેમણે ખર્ચ્યા છે. આ ધર્મે હજાર વર્ષમાં સમાનતા સ્થાપી હોત. અને જાતિભેદ તોડ્યો હોત! તો કયો સેતાન ઊભો થયો કે, તેણે આ જાતિભેદ પાછો ઊભો કર્યો? ઐતિહાસિક દષ્ટિથી મારે આ જાણવું છે. Castless societyનું-સમાનતાનું-અમૃતનું પાણી જેણે પીધું હોય તેઓ ગટરનું પાણી શા માટે પીએ? મને ઐતિહાસિક દષ્ટિથી કહો. મારા જ્ઞાનમાં બહુ મોટો ફાયદો થશે.

આજે અમેરિકામાં જાતિભેદ નથી. ત્યાં જાતિ (Caste) જેવી કોઈ વાત નથી. ત્યાં કોઈની હિંમત છે કે, પાછી આ ચાતુર્વર્ણ્ય વ્યવસ્થા ઊભી કરે? ત્યાં એવો કોઈ મળશે કે જાતિભેદ ઊભો કરશે? તો અહીં એ પાછી કોણે ઊભી કરી? પાછા વૈશ્ય ઊભા થવાનું, બ્રાહ્મણ, ક્ષત્રિયો ઊભા થવાનું કારણ શું? બુદ્ધકાળ સામાજિક સમતા લાવવા-વાળો, જાતિભેદ નષ્ટ કરવાવાળો હતો એ વાત સત્ય હશે, તો બુદ્ધિ કારકિર્દી પછી પ્રચંડ સામાજિક આંદોલન થયું હોવું જોઈએ કે જેના લીધે આ જાતિભેદ પાછો ઊભો થયો હોવો જોઈએ. ઇતિહાસમાં તે જ્ઞાત છે? અને તે જ્ઞાત ન હોય તો કહી શકાય કે બુદ્ધધર્મે સમત્વવાદ પ્રસ્થા-

પિત નથી કર્યો, અને સામાજિક સમાનતા અને જાતિ-ભેદની કલ્પના ન હતી તે પણ આપણે જ ઘુસાડયું છે. અરે! રાજ્યાશ્રય હોવા છતાં પણ તે શક્ય ન હતું તેથી કહું છું કે, બુદ્ધધર્મમાં જાતિભેદ નથી, પણ તેમાં સમતા હતી, આ વાત આપણા મગજની વાત છે અને બીજાના મગજ ઉપર તે ઠોકી બેસાડીએ છીએ. વાસ્તવિક ઇતિહાસ-માં આવું કશું જ્ઞાત નથી, પણ બુદ્ધની કથાઓમાં કોઈ કોઈ ઠેકાણે આવું દેખાય છે.

હજાર વર્ષ સુધી જાતિભેદ રાખીને જાતીય સમતાને વાડામાં બાંધનાર કયો શેતાન હતો તે મને કહો તો ખરા?

બુદ્ધધર્મની કથામાં જાતીયભેદ રહિતના વાડાઓ કોઈ કોઈ ઠેકાણે દેખાય છે, પણ બ્રાહ્મણ ધર્મનું વર્ચસ્વ ઉડાવી દેવાના વિચારમાંથી આ આવેલું દેખાય છે.

બુદ્ધધર્મમાં પારમાર્થિક સમતા હતી, પણ તે તો પ્રત્યેક ધર્મમાં છે. પણ સામાજિક સમતા કયા ધર્મે પ્રસ્થા-પિત કરી તે મને જણાવો. બાકી પારમાર્થિક સમતા ઈસ્લામ, ક્રિશ્ચિયન, યહૂદી, ભારતીય, અભારતીય બધા જ ધર્મોમાં દેખાય છે. એક જ ભગવાનના બધા દીકરા છે. કૃષ્ણે પણ स्त्रियो वैश्यास्तथा शूद्राः એમ ગીતામાં સ્પષ્ટ કહ્યું છે. સેના નાઈ હજામ હતો અને ગોરા કુંભારને પણ સંત ગણી નમ-સ્કાર થાય છે, કથામાં હાર ચડાવે છે. મારે તો ફક્ત આટલું જાણવું છે કે, કયા ધર્મે સામાજિક સમતા પ્રસ્થાપિત કરી? કોઈ ધર્મે આ પ્રસ્થાપિત કરી નથી.

એક સામાન્ય સમજણની વાત છે કે, કોઈ ને કોઈ પણ છૂટ આપ્યા પછી બંધન સ્વીકારવું બહુ કઠણ છે. સુતારના દીકરાએ સુતારનો ધંધો કરવાનો એમ એને કોણ

કહેનાર હતું ? કાં તો ભગવાન, કાં તો શેતાન. ભગવાને તો ચાતુર્વર્ણ્યની Frame ઊભી કરી છે એમ તે પોતે ગીતામાં કહે છે: चातुर्वर्ण्यं मया सृष्टं । અને જો બુદ્ધધર્મે સામ્યવાદ-સામાજિક સમતા—જાતિભેદરહિત સમતા સ્થાપી હોય તો તેને જાતિભેદની શૃંખલામાં પાછું મૂકી દેનારું એવું પ્રચંડ આંદોલન થયું હોવું જોઈએ. સમાજને જાતિની શૃંખલામાં બાંધનાર એ શેતાન યા તો આવું કોઈ પ્રચંડ આંદોલન ઇતિહાસને જ્ઞાત છે કે ?

જો બુદ્ધધર્મે આ સમતા પ્રસ્થાપિત કરી હોત, તો જ્યાં બુદ્ધધર્મ આટલાં વર્ષોથી ચીનમાં નાચે છે, ત્યાં લોકશાસન ( Democracy ) આવવા માટે આટલાં વર્ષોની જરૂર ? ત્યાં રાજાશાહી હતી, મૂડીવાદ હતો, રાજાઓ હતા, માનકરી હતા, સરદારો હતા, મૂડીવાદની વિષમતા હતી, આર્થિક અને સામાજિક અધિકારની વિષમતા ટોચની હતી. બુદ્ધધર્મે જો સમતા સ્થાપી હોત તો એ ધર્મ પાળનાર દેશમાં લોકસત્તા ( Domocracy ) ક્યારની આવી ગઈ હોત. ક્રિશ્ચિયન ધર્મ, ઇસ્લામ ધર્મ ભ્રાતૃભાવ નિર્માણ કરે છે, પરંતુ તે આધ્યાત્મિક ભ્રાતૃભાવ છે અને ભ્રાતૃભાવ બધા જ ધર્મો નિર્માણ કરે છે પણ તે આધ્યાત્મિક. ક્રિશ્ચિયન ધર્મે આધ્યાત્મિક ભ્રાતૃભાવ ઊભો કર્યો, ઇસ્લામ ધર્મે આધ્યાત્મિક ભ્રાતૃભાવ ઊભો કર્યો, પણ સામાજિક ભ્રાતૃભાવ કોણે નિર્માણ કર્યો છે ? કોઈએ નહીં. ઔરંગઝેબ નમાજ પઢવા બધાની સાથે બેસતો, પણ તેની રાજાશાહી, સરદારી જાગીર બધું જ સ્વતંત્ર રીતે ખાનગી( Private )માં સચવાતું. જે ઠેકાણે ક્રિશ્ચિયન ધર્મ નાચે છે યા તો ઇસ્લામ ધર્મ નાચે છે, ત્યાં સામાજિક તથા રાજકીય ભ્રાતૃભાવ વધ્યો ? ના—તે

ધર્મોએ જે સમતા નિર્માણ કરી હશે તો તે વખતે આધ્યાત્મિક સમતા હશે, પણ સામાજિક સમતા કોઈએ કરી નહોતી. ઊલટું ભ્રાતૃભાવ નિર્માણ કરવાનો ક્રાઈસ્ટનો પ્રયત્ન ૧૯૦૦ વર્ષ સુધી ચાલ્યા પછી પણ તે ધર્મ પાળનાર દેશોમાં આર્થિક સમતા તેમ જ સામાજિક સમતા દેખાતી નથી; તેથી ધર્મોએ સામાજિક સમતા નિર્માણ નથી કરી, પણ આધ્યાત્મિક સમતા નિર્માણ કરી દેખાય છે. કોઈ પણ ધર્મે સામાજિક સમતા નિર્માણ કરવાનો પ્રયત્ન કરેલો દેખાતો નથી. બુદ્ધધર્મે પણ કોઈ ઠેકાણે આવો પ્રયત્ન કરેલો દેખાતો નથી. વિશ્વના બીજા ધર્મોને વખતે આ વિષમતા માન્ય પણ હશે માટે નહીં કર્યો હોય; કાં તો સમતા થવી અશક્ય હશે, તેથી નહીં કર્યો હોય; કારણ કે પુનર્જન્મ (Rebirth) માનવાનો, તો પછી જન્મજન્માંતરનાં કર્મફળ ભોગવવાનાં અને તેથી વિષમતા થવાની જ. કોને ખબર સામાજિક યા તો આર્થિક સમતા માટે કોઈ જ ધર્મે પ્રયત્ન કરેલો નહીં, તો પછી અમુક ધર્મ ઉપર તે ચિઠ્ઠી લગાડવાનું કારણ શું? અને બીજા ધર્મને ઉપેક્ષિત કરવાનું કારણ? બીજા ધર્મો હલકા છે એમ કહેવાનું કારણ શું? સામાજિક સુધારણા (Social reform) બુદ્ધે કરી છે તે માનવું It is very very doubtful ખૂબ જ સંશયાસ્પદ છે. ઇતિહાસનો અભ્યાસ કર્યા પછી આ કહી શકાય જ નહીં. રાજશાહી, સરદારશાહી, મૂડીશાહી વગેરે આર્થિક વિષમતા ઇસ્લામ ધર્મમાં છે. ક્રિશ્ચિયન ધર્મમાં પણ તે જ છે. ઊલટી આર્થિક વિષમતા પરાકોટીની છે. જ્યાં બુદ્ધધર્મ લગભગ અઢી હજાર વર્ષ સુધી રહ્યો, તે ચીનમાં ટોચની સામાજિક વિષમતા છે.

બુદ્ધધર્મ શ્રેષ્ઠ છે એમ કહી બુદ્ધધર્મની મહત્તા

વધારવાનો અને વૈદિકધર્મ ઉપરની શ્રદ્ધા ઢીલી કરવાનો મીશનરીઓ અને રાજનીતિજ્ઞો (Politicians) નો એક સ્ટંટ છે. મીશનરીઓને અને પોલિટિશિયનોને વૈદિકધર્મનો દ્વેષ કરવો હોય તો ભલે કરે, તેમનો હાથ કોઈ પકડવાનું નથી, પણ બુદ્ધિમાનોએ તેમની વાતમાં આવી પોતાની શ્રદ્ધા ઢીલી કરવી કે નહીં એ એક સવાલ છે. વૈદિકધર્મ પરનાં શ્રદ્ધાકેંદ્રોને અસ્થિર કરવા સમજણપૂર્વક આ લોકો પ્રયત્ન કરે છે અને બુદ્ધનું ગૌરવ કરવામાં આવે છે. વૈદિકધર્મ નીચ છે, હલકો છે, ક્ષુદ્ર છે, તે ધર્મનું નામ લેવાનું કોઈ સાહસ કરતું નથી. ઊલટું નામ લેશે તો અભડાઈ જઈશું એમ કહી તે ઉપરની શ્રદ્ધા ઢીલી કરતા રહ્યા છે. પણ આમ માનવું એ બૌદ્ધિક દેવાળું (Bankruptcy) છે. આ એક રાજકીય સ્ટંટ છે.

બુદ્ધની પ્રશંસા થાય તેથી મારે અસહિષ્ણુ બનવાનું કારણ નહીં; કારણ કે તે અમારો જ અવતાર છે. પણ જે રાષ્ટ્રમાં બૌદ્ધિક સ્થિરતા ન હોય તે કોઈને પણ માર્ગ-દર્શન કરી શકતો નથી. આધ્યાત્મિક અને ધાર્મિક જીવન જીવવાનું હોય તો બૌદ્ધિક સ્થિરતા જોઈએ. કોઈ ખેંચે એમ ખેંચાઈ જવું ન જોઈએ. બુદ્ધધર્મે સામાજિક સમતા આણી ન હોય તોપણ તેના ઉપર ચિઠ્ઠી ચોટાડવામાં આવે કે તે સમાનતા લાવે છે! આ પોલિટિક્સમાં સંડોવાયેલા લોકોની મહત્ત્વાકાંક્ષા પૂરી કરવા માટે થતા પ્રયત્નો છે અને બકરાં માફક તેનું માનવું આ બૌદ્ધિક દેવાળું (Bankruptcy) છે. પરમાર્થની તક આ દેશમાં પ્રત્યેક ધર્મે પ્રત્યેકને આપી છે. મંદિરમાં, મસ્જિદમાં, ચર્ચમાં બધે પારમાર્થિક સમતા દેખાય છે, પણ સામાજિક સમતા

ક્યાંય જણાતી નથી. બધા જ એક ભગવાનના દીકરા છે. રાય અને રંક, મંદિરમાં-પ્રભુના દરબારમાં-બધા સરખા. આ ભ્રાતૃભાવ પારમાર્થિક છે. અને જે ચર્ચમાં, મંદિરમાં તે સમતા ન હોય તો સમજો કે તે બગડેલું છે. જે ધર્મોએ ભ્રાતૃભાવ સમજાવ્યો છે તે પારમાર્થિક દૃષ્ટિથી જ સમજાવ્યો છે; પણ જો તે સામાજિક દૃષ્ટિએ સમજાવ્યો હોત તો યુરોપમાં ઈસુ ક્રાઈસ્ટનાં બે હજાર વર્ષ પછી પણ અસમાનતા ન હોત. બધા જ ધર્મો એક જ અવાજે કહેતા રહ્યા છે કે, સામાજિક સમતા અશક્ય છે. કોઈએ સામાજિક સમતા આણી નથી અને કોઈ પણ ધર્મે આધ્યાત્મિક વિષમતા ઊભી નથી કરી. અને જેણે તે પાછી ઊભી કરી હશે તેના પેટમાં પાપ હોવું જોઈએ. સામાજિક સમતા યોગ્ય છે એમ લાગતું હોય તો તે ફક્ત ઔદ્યોગિક ક્રાન્તિને લાગ્યું છે.

બુદ્ધે સામાજિક સમતા આણી, આ કહેતી વખતે કહેનારના પેટમાં પાપ હોવું જોઈએ. તેનો યશ ફક્ત ઔદ્યોગિક ક્રાંતિને જાય છે, કોઈ ધર્મને નહિ. સામાજિક સમતા આવશે કે નહિ તે તો કાળ નક્કી કરશે. પણ જો કદાચ આવશે તો તેનો બધો યશ માર્ક્સને જ આપવો પડશે.

કોઈ ધર્મે સામાજિક વિષમતા રાખી છે, એમ મારું કહેવું નથી-કોઈ ગેરસમજ ન કરે, પણ બુદ્ધધર્મે જાતિભેદ દૂર કર્યો, વિષમતા દૂર કરી, સામાજિક સમતા આણી એ કહેનારનું એ કહેતી વખતે જરૂર એવું માનવું હોય છે કે, બુદ્ધધર્મ જ મોટો, બાકી બધા ધર્મ નકામા છે. અરે! જે ચીન આટલાં વર્ષોથી બુદ્ધધર્મ પાળતો આવ્યો છે, ત્યાં પણ તે સમતા નથી.

અંતઃકરણથી જશ આપવાનો હશે તો માર્ક્સ એ

પહેલો દેવ છે, જેણે આ સામાજિક સમતાનો વિચાર દાખલ કર્યો, તેને હાર પહેરાવવાની જરૂર છે. સામાજિક સમતાના યશ માટે તેને નમસ્કાર કરો, બુદ્ધે સામાજિક વિષમતા રાખી છે એમ નથી કહેતો, પણ સમતા તો નથી જ કરી.

આ બધું હું કહું છું તેનો અર્થ એમ નથી કે, મને બુદ્ધ ભગવાન ઉપર ઓછો પ્રેમ છે.

બુદ્ધે ધર્મપ્રચારની અતિ સુંદર દિવ્ય કલ્પના આપી છે. ધર્મસંઘ સ્થાપી, ધર્મને સમાજમાં કઈ રીતે લઈ જવો તેનું યોગ્ય માર્ગદર્શન પણ આપ્યું છે. જુદા જુદા સંપ્રદાયો જુદું જુદું કહેતા હતા. પાંચરાત્ર એક કહે તો પાશુપત બીજું જ કહે. અને પોતાના સંપ્રદાયમાં કેટલા બકરા મૂંડ્યા એ જ ગણતરી ગણતા હોય ત્યાં ધર્મસંઘ અત્યાવશ્યક છે. બુદ્ધે તે જુદા જુદા ધર્મના વાડા દૂર કર્યા, એટલું જ નહીં પણ જે દેશોમાં વેદો માન્ય નથી તેવા દેશોમાં પણ સરળ અને સુબોધ નીતિના પાઠો એમણે પહોંચાડ્યા. આ અતિ દિવ્ય વાત છે. બુદ્ધે આ પુરવાર કરી બતાવ્યું કે, ભગવાન ફક્ત ભારતના લોકો માટે યા તો ચોટલીવાળા માટે જ નથી જન્મતો, પણ પ્રત્યેક માટે તે છે. પ્રત્યેક જીવ દિવ્ય બનવો જોઈએ. બધા દિવ્ય બની ન શકે, તો તેમને નીતિમાન તો બનાવો જ. સમાજમાં નીતિ ઘરે ઘરે લઈ જાવ. તેથી લોકોને તેમણે સરળ ભાષામાં સમજાવ્યું, 'પરોપકાર કરો, દયા રાખો, પ્રેમ રાખો. સમાજને આધ્યાત્મિક ન બનાવો તો કાંઈ નહીં, પણ નીતિવાન તો બનાવો જ; નહીં તો સમાજમાં આધ્યાત્મિકતા ટકશે નહીં, દિવ્ય વિચારો ટકશે નહીં.' પાસે અનીતિમાન સમાજ હોય તો આધ્યાત્મિક સમાજ ટકી શકતો નથી. ઉપનિષદના જ આ વિચારો બુદ્ધે ફેલાવ્યા છે,

ખરેખર, જાપાનમાં બુદ્ધની મૂર્તિ જોઈ, તેની પૂજા થતી જોઈ, ઘીનો દીવો, અગરબત્તી વગેરે જોઈ દિલ ભરાઈ આવે છે, અંતઃકરણ ભરાઈ આવે છે. જે વખતે કાંઈ સાધન ન હતાં, ફક્ત હોડકું જ હતું, ત્યાં આ પ્રયત્ન કરનારને ધન્ય છે. બધાને તેઓ નજીક લાવ્યા. ભગવાન ફક્ત એકાદ વિશિષ્ટ દેશ માટે નહીં, પણ બધા માટે છે એમ તેમણે સમજાવ્યું. ભારતની પ્રતિષ્ઠા તેમણે વધારી. ફાહિયાન, હુએન-સિંગ, હીનસિંગ એ લોકોએ લખ્યું તે પ્રમાણભૂત ઐતિહાસિક લખાણ છે અને તેમના લખાણ ઉપરથી તો ભારતના ઇતિહાસના ઘણા મોટા કોયડાઓ છૂટે છે. બુદ્ધ ભગવાને મહાન કાર્ય કર્યું છે એટલું જ નહીં પણ ઉપનિષદના શાંતિ, સ્વસ્થતા અને પ્રેમના વિચારોને ઘેર ઘેર લઈ ગયા છે. બુદ્ધ એ તત્કાલીન ધાર્મિક લોકો માટે હતો. તે સમાજ સુધારક (Social reformer) તરીકે સમાજ માટે ન હતો. આજના લોકો માટે તેની જરૂર છે. સુબોધ નીતિના પાઠ આપો, એક થઈ ઊભા થાવ, બધા ધર્મના લોકો એકત્ર થાવ. સંપ્રદાયના વાડાઓ દૂર કરો. બુદ્ધે લોકોનો ઇશ્વર પ્રત્યે પ્રેમ નિર્માણ કર્યો અને આજે પણ તે જ કરવાની જરૂર છે, નહીં તો જડવાદ ધૂસ્યો જ સમજો. આજના કાળને માર્ગદર્શક આ અવતાર છે.

બધાને તેણે એકત્ર કર્યા. એમ ન થાય તો જડવાદ આખા સમાજનો કબજો લઈ લે. બુદ્ધે આધ્યાત્મિક વિચાર જગતમાં લઈ જવા એક યુક્તિ કરી. ચાલી ચાલીમાં, ઘરે ઘરે વિચાર લઈ જઈ તેણે ધર્મસંઘ સ્થાપ્યો. નૈતિક, દૈવી અને આધ્યાત્મિકતા આ જીવન જીવવાની ત્રણ શ્રેણી સમજાવનાર, એની કલ્પના આપનાર, સમાજના લોહીમાં તે વિચાર લઈ જનાર, બુદ્ધને અનંત પ્રણામ. આ દૃષ્ટિથી બુદ્ધ તરફ

જુઓ. બુદ્ધના નામે ખોટી રીતે તમારી મહત્ત્વાકાંક્ષા પૂરી ન કરો. તમારે તે જોઈતી હોય તો તમારે નામે લો.

જો બધા ધર્મો સાથે ભેગા નહીં થાય તો જડવાદ ભરખી જશે. બારણે આવનારને જ ફક્ત ઉપદેશ આપવો; આ સાંપ્રદાયિક ભ્રાંત કલ્પના બુદ્ધ કાઢી નાખી.

સૃષ્ટિમાંની એક નૈસર્ગિક વાત છે કે, સામાજિક સમતા શક્ય નથી અને જો શક્ય હોત તો ખ્રિસ્ત, ઇસ્લામ, વૈદિકધર્મ કે બીજા ધર્મો એટલા મૂર્ખ ન હતા કે, એમણે આ વિચાર ન રાખ્યો; પણ પારમાર્થિક સમતા તરફ રાત-દિવસ ધ્યાન આપ્યું છે. અને હા, થોડીઘણી સામાજિક સમતા શક્ય હોય તો તે કોઈ ધર્મને લીધે નહીં, પણ ઔદ્યોગિક ક્રાંતિને લીધે છે. એમ નિષ્પક્ષ અંતઃકરણથી (*Unconditioned mind*) પૂર્વગ્રહ રાખ્યા વગર નિરપેક્ષ બુદ્ધિથી કહેતાં અચકાવાની જરૂર નહીં. પણ ફાવે તેમ ગમે તે રીતના સિક્કા મારવાનું કારણ નહીં.

બુદ્ધે આવી ધર્મસંઘ અને ધર્મપ્રચારની કલ્પના આપી. જગત આધ્યાત્મિક જીવન ન જીવશે તો ચાલશે, દૈવી જીવન ન જીવશે તો ચાલશે, પણ સમાજને નૈતિક જીવન જીવવું જ રહ્યું. અને આ નૈતિક જીવનથી આખા માનવવંશનું પુનરુત્થાન કરનાર બુદ્ધને–આ મહાન સિદ્ધ ભગવાનને મારા અનંત પ્રણામ, જે કાર્ય માટે બુદ્ધ ભગવાન પધાર્યા હતા તે તેમણે પૂરું કર્યું.

આજે માથું બહુ દુખે છે. કોને ખબર કેવી રીતે બોલ્યો ? બુદ્ધ ભગવાનની શક્તિથી જ હું બોલ્યો છું; કારણ કે તે મારા ભગવાન છે. આવતી કાલે એક જ દહાડો રહ્યો છે અને ત્યાર પછી આ સ્વાધ્યાયની પુષ્પમાળા પ્રભુને સમર્પણ કરીશું.

# કલ્કી અવતાર અને ઉપસંહાર

એક મહિનાથી ભગવાન શ્રીકૃષ્ણે કહેલો આ શ્લોક परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम्। વાંચતા રહ્યા છીએ. ભગવાન કહેતા રહ્યા છે કે, જ્યારે જ્યારે સાધુનું રક્ષણ કરવાનો પ્રસંગ આવે છે ત્યારે હું કૂદકો મારીને આવું છું અને દુષ્ટોનો સંહાર કરવામાં એમને મદદ કરું છું. આ આપણને ભગવાને ગીતામાં આપેલું વચન છે. ઘણા ઘણા અવતારો થયા છે. અનંતરૂપે ભગવાન પધાર્યા છે, પણ દશાવતારરૂપે ભગવાન વિષ્ણુએ અવતાર લીધો છે, અને માનવની નૈતિક સંસ્કૃતિ અને આધ્યાત્મિક સંસ્કૃતિ ઉપર લાવવામાં પોતાના ભક્તોને મદદ કરી છે.

જ્યારે અવનતિ વધવા લાગી, માનવ નૈતિક, પારમાર્થિક અને દૈવી જીવનથી વિમુખ થયો, માનવી સભ્યતાથી વિમુખ થયો, સમાજમાંથી શાંતિ અને સ્વસ્થતા ચાલી ગઈ અને સમાજ દિવ્ય બનવાનું છોડી જડવાદી વિચાર અપનાવવા લાગ્યો ત્યારે; અને આવો જે જે વખત આવ્યો તે તે વખતે ભગવાન અવતાર લઈ પધાર્યા છે. માનવોની નૈતિક, પારમાર્થિક અને આધ્યાત્મિક ઉન્નતિ કરી માનવવંશને ધક્કો મારી ઉપર લઈ ગયા છે. મત્સ્યથી શરૂ કરી બુદ્ધ સુધી જોઈએ તો ભગવાને દર વખત માનવવંશને ઉપર આણ્યો છે. ભગવાન સમાજના પુનરુત્થાન માટે પધાર્યા છે. સમાજમાં માનવનું ભૌતિક જીવન ઊંચું રહે, દિવ્ય બને, ભવ્ય બને, ઉદાત્ત બને અને સામાજિક જીવન નૈતિક રહે તે માટે તે પધાર્યા છે. કોઈને પણ આધ્યાત્મિક વિકાસ

(Developement) કરવાનો હોય, તો તે માટે સર્વસામાન્ય માણસનુ જીવન ઓછામાં ઓછું નૈતિક તો હોવું જ જોઈએ. વાસ્તવિક દૈવી જીવન હોવું જોઈએ. પણ દૈવી જીવન ન બને તો કાંઈ નહીં, પણ નૈતિક તો હોવું જ જોઈએ. સમાજ નૈતિક હોય તો જ થોડોઘણો પણ આધ્યાત્મિક વિકાસ કરી શકે. સમાજના સાંસ્કૃતિક પુનરુત્થાન માટે વારંવાર ભગવાને અવતાર લીધો છે તે આપણે જોયુ. આપણને ભગવાને આશ્વાસન આપ્યુ છે કે, ડરો નહીં, અસુરો–જડવાદી નાચતા હશે, ખાવ, પીઓ અને મઝા કરો (Eat, drink and be merry) એ જ જીવનનું સર્વસ્વ છે એમ માનનારા ચાર દિવસ નાચશે પણ ખરા, તેનાથી ચાર દિવસ ભગવાનની સંસ્કૃતિની અવનતિ થઈ પણ હશે, પણ તેથી ડરો નહીં. માણસે ભયભીત થવાનુ કારણ નથી. જેના હાથમાં સત્તા-સંપત્તિ છે તેમની પાછળ ભૂતપ્રેત થઈ નાચવાની જરૂર નથી. ઊગતા સૂર્યને ઢોલ પીટવાની જરૂર નથી. દૈવી વિચારના જીવો કે જે પોતાનું 'इतिकर्तव्य' સ્વાર્થમાં અને ભોગમા નથી પણ નિઃસ્વાર્થ ત્યાગમાં છે એમ માનતા રહ્યા છે તેમને માટે, આવા ઈશ્વરવાદી જીવોને માટે આ શ્લોક परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् । એક મોટું આશ્વાસન છે.

ઈશ્વરી શક્તિએ નવ અવતારો લીધા છે અને ભગવાનનો દસમો અવતાર થશે અને એનું નામ કલ્કી અવતાર. અને તે અવતાર લઈ ભગવાન સમાજને નિષ્કલંક બનાવશે, દિવ્ય બનાવશે, ભવ્ય બનાવશે, આ આપણાં પુરાણોની માન્યતા છે.

કલ્કી પુરાણમાં લખાણ છે કે, શંબલ ગામ ...

વિષ્ણુદત્ત નામના બ્રાહ્મણના ઘરે ભગવાન અવતાર લેશે. એક આદર્શ ધર્મગુરુ અને એક આદર્શ નૃપતિ, વિશિષ્ટ વિચારથી અને વિશિષ્ટ કલ્પનાથી રહેતા હશે, તેમને મદદ કરવા માટે કલ્કી ભગવાન પધારશે. અને પછી સર્વશ્રેષ્ઠ ધર્મગુરુ અને સર્વશ્રેષ્ઠ રાજાને માનવવંશના શાસ્તા તરીકે નક્કી કરશે, જગત નિષ્કલંક કરશે, કલિયુગ ખલાસ થશે અને સત્યયુગની શરૂઆત થશે.

> न मे स्तेनो जनपदे न कदर्यो न मद्यपः ।
> नानाहिताग्निर्ना विद्वान् न स्वैरी स्वैरिणी कुतः ॥

એવો સમાજ નિર્માણ થશે. કલંકરહિત સમાજ થશે. વર્ષોનાં વર્ષોથી સંસ્કૃતિ ટકાવવાના પ્રયત્ન કરનાર લોકોને મદદ કરવા માટે તે પધારશે અને જગત સરસ રીતે ચાલે તે માટે બે શાસ્તા, એક શ્રેષ્ઠ ધર્મશાસક-ધર્મગુરુ અને બીજા શ્રેષ્ઠ નૃપતિને સ્થાપશે. તેમનાં નામો પણ પુરાણમાં લખી રાખ્યાં છે. ધર્મગુરુનું નામ દેવાપિ છે અને નૃપતિનું નામ મરુ છે. અને એ બન્ને શાસ્તા તરીકે નીમાશે એવી પુરાણની કલ્પના છે. અમને પણ વિશ્વાસ છે કે, નવ વાર જે ભગવાન પધાર્યા, અરે! રાત્રે બાર વાગે પણ પધાર્યા છે તો તે દસમી વખત પણ પધારશે જ. તે માટે આપણો વિશ્વાસ હોવો જોઈએ.

ભગવાન ક્યારે પધારશે? તેના પધારવાનો સમય આવી ગયો છે. તેમના આવવાનો સમય यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत । થઈ ચૂક્યો છે.

ભગવાન પધારે એવી ધર્મની ગ્લાનિ આજે થતી જ રહી છે. ધર્મ મુખ્ય પાંચ વાતો ઉપર આધાર રાખે છે. મંદિરમાં જનારાઓની સંખ્યા કેટલી વધી તે ઉપર ધર્મ

ટક્યો છે, એમ ન સમજો, પણ ધર્મ માટે નીચેની પાંચ વાતોનો વિચાર જરૂરી છે. તે વાતો ઉપરથી તે નક્કી થાય છે.

(૧) ઈશ્વર વિષેના વિચારો–સિદ્ધાંતો.

(૨) કુટુંબ–સંસ્થા.

(૩) અર્થકારણ.

(૪) રાજકારણ અને

(૫) આંતરરાષ્ટ્રીય રાજકારણ.

આ પાંચ વાતો યોગ્ય રીતે ચાલે તો જ સંસ્કૃતિ જેને ધર્મ કહે છે તે ટકી રહે. આ પાંચ વાતો હશે તો જ સમાજ ધાર્મિક રહેશે એમ સમજવામાં વાંધો નથી. અને ન હોય તો સમાજ અધાર્મિક.

પહેલી વાત કે, ઈશ્વર વિષેના સિદ્ધાંતોને આજે જબરદસ્ત ધક્કો બેસતો જાય છે.

આજે આપણે Transit પીરિયડમાંથી પસાર થઈ રહ્યા છીએ. ધર્મવાદને, ઈશ્વરવાદને, ઈશ્વર વિષેના સિદ્ધાંતોને ભૌતિક પ્રગતિ ધક્કો મારતી રહી છે. આ ભૌતિકવાદને કારણે તો ઈશ્વરવાદનો પાયો ઢીલો થતો રહ્યો છે. માનવ-વિકાસ માટે નિર્માણ થયેલાં શાસ્ત્રોએ આ ધક્કો માર્યો છે. આ શ્રદ્ધા ઢીલી કરી નાખી છે. આજનું વધી ગયેલું સમાજશાસ્ત્ર કે સુધરેલું માનસશાસ્ત્ર કાં તો માનવવંશના શાસ્ત્ર Sociology, Biology Athropology વગેરેમાં થતાં રહેલાં જુદાં જુદાં સંશોધનોથી માણસની ઈશ્વર ઉપરની શ્રદ્ધા ઢીલી થતી જાય છે. ઈશ્વરવાદને ધક્કો બેસે છે. લોઈઝી કહે છે, 'ઇતિહાસકારે ઈશ્વરને ઇતિહાસમાંથી કાઢી નથી નાખ્યો પણ તેને ઈશ્વર જડ્યો જ નથી.' અને ઈશ્વર ઉપરની શ્રદ્ધા ઢીલી થઈ એટલે ધાર્મિક યુગ ચાલી જાય

છે અને ભૌદ્ધિક યુગ આવી જાય છે. આજે જગત ભૌદ્ધિક ગતિથી ચાલતું રહ્યું છે. ભૌદ્ધિક ગતિથી દોડતું રહ્યું છે. જે ગતિએ તે દોડતું રહ્યું છે, તે ગતિથી જવાની હિંમત ધર્મગુરુઓ, ધર્મઉપદેશકો, કથાકારો, ધર્મપ્રચારકો પાસે નથી. જે ભૌદ્ધિક વેગથી જગત દોડતું રહ્યું છે તે વેગથી જવાની હિંમત આ લોકો ખોઈ બેઠા છે. તેઓ નબળા, દૂબળા થયા છે. ધર્મ સાંભળનારા બધા લાચાર થયા છે. બાપડા થયા છે. એમનામાં ભૌદ્ધિક ગતિથી દોડતા જગત સાથે ચાલવાની શક્તિ ન હોય; એમની આ શોધો સાથે, આ વિજ્ઞાનપ્રવાહ સાથે તેઓ ચાલી ન શકે; પણ પોતાનાં તત્ત્વો ટકાવી-તોડીને નહીં, વિજ્ઞાનયુગ સાથે હાથ મિલાવવા પણ આ લોકો તૈયાર નથી અને તેથી ધર્મને જબરદસ્ત ધક્કો બેસતો રહ્યો છે. ધર્મ ઢીલો થતો જાય છે; ધર્મ ઉપરની શ્રદ્ધા ઢીલી થતી રહી છે.

આજે ભૌદ્ધિકવાદીઓમાં પણ ભૌદ્ધિક અરાજકતા છે. કેટલાક નિસર્ગવાદીઓ માનતા રહ્યા છે કે, ભગવાન છે કે નહીં તે ખબર નથી; પણ નિસર્ગનું ચક્ર ચાલ્યા કરે છે. માણસ એક પરપોટિયા જેવો છે. તે રહે તો ઠીક છે અને જાય તો તેની કોઈને પડી નથી, તેનો હિસાબ નથી. સૃષ્ટિનું યંત્ર સતત ફર્યા જ કરતું હોય છે. તેમાં ફેરફાર કરવાની કોઈની હિંમત નથી. તેથી નિસર્ગના પ્રવાહમાં વહેતા રહેવું, આ જ માનવજીવનની સર્વોચ્ચ શ્રેષ્ઠતા છે, એ જ ડહાપણ છે. એમ નિસર્ગવાદીઓ માને છે.

બીજા લોકો એટલે કે, અજ્ઞેયવાદી લોકો એમ કહેતા રહ્યા છે કે, આ સૃષ્ટિના સંચાલન પાછળ એક જબરદસ્ત શક્તિ હોવી જોઈએ, પરંતુ તે અજ્ઞેય છે. અનાદિ કાળથી

તે ચાલતી રહી છે અને ચાલતી રહેશે. તે અજ્ઞેય જ રહેવાની હશે તો તે શું છે? તે કેમ છે? તે જાણવાની પંચાતમાં પડી, તેની ખટખટમાં પડી બુદ્ધિને તકલીફ આપવાની જરૂર નથી. આ બે લોકો વચ્ચે વળી સંશયવાદ ઘર કરે છે.

સંશયવાદીઓ કહે છે કે ઈશ્વર છે તે અમને ખબર નથી અને ઈશ્વર નથી એમ પણ તેઓ કહી શકતા નથી. તેમને બધી જ બાબતમાં સંશય હોય છે. તેથી મૂંગા રહીએ તો સારું, ઈશ્વરવાદમાં તણાઈ ન જઈએ તો સારું એમ એમને લાગે છે. અરે! તત્ત્વજ્ઞાનના બાશમાં પણ એમને સંશય છે. મને તો થાય છે કે સંશયવાદીને પોતાના સંશયવાદ માટે તો સંશય નથી ને?

ઉપયુક્તતાવાદી લોકો વળી એમ જ કહેતા રહ્યા છે કે ઈશ્વર જેવું કાંઈ જ નથી. જગતમાં અવ્યવસ્થા છે, આટલી વિષમતા છે અને તે જોયા પછી ઈશ્વર માનવો, તો તે નિષ્ઠુર હશે. રુદન જોઈ પીગળે નહીં તેવો પાણો હશે. કોઈને દુઃખ છે, કોઈ હસતું રહ્યું છે, કોઈ રડતું રહ્યું છે અને આજે તો ઘેર ઘેર રુદન છે. ઈશ્વર હોત તો આ રુદન ન હોત. કેટલાક વળી કહે છે, ભગવાન છે અને નથી. કેટલાક ઈશ્વરને ફક્ત *Policy* તરીકે જ માનવા તૈયાર છે. લોકોમાં ધાર્મિક દેખાવા માટે, લોકો પાસેથી મત લેવાના હોય તેથી પ્રભુનું નામ લે છે. Policy તરીકે લોકોની વચ્ચે ભજન કરતા બેઠા હોય છે. કેટલાક બુદ્ધિવાદી કહે છે કે, આ ભગવાનના નામનું અફીણ ખવડાવવાથી માનવવંશ એ અફીણના અમલથી યોગ્ય ચાલતો હોય, સુખી રહેતો હોય, તે ભગવાનના નામનું અફીણ ખોટું નહીં. તેવા ભગવાનને માનવામાં વાંધો નહીં. ઘણા

વળી કહે છે કે ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખવી, ઈશ્વર ઉપર પ્રેમ રાખવો એ ગાંડાઓનું મંતવ્ય છે.

આ બધા વાદોથી ઈશ્વરવાદને જબરદસ્ત ધક્કો બેઠો છે. આજે ઈશ્વર પરની શ્રદ્ધા અને પ્રેમ એ ગાંડાઓની Dictionaryમાંની વાતો છે એમ માને છે. તેથી ભગવાન પરની ઈશ્વરને માનવાવાળાની શ્રદ્ધા ઢીલી થતી રહી છે. આજે ઈશ્વરને પગે લાગવાવાળા ઈશ્વરવાદી લોકો ''' પ્રભુને

પ્રત્યેક મંદિર, મસ્જિદ, ચર્ચ જડવાદમાં ખેંચાતાં રહ્યાં છે અને કેટલાંક મંદિર સાંપ્રદાયિક વાડો બાંધી બેસી રહ્યાં છે. તેમની બૌદ્ધિક હિંમત જ ચાલી ગઈ છે. આપણાં તત્ત્વો સંભાળી વિજ્ઞાનયુગ સાથે-બૌદ્ધિક યુગ સાથે હસ્ત-મિલાપ ( Shake hand ) કરવાની હિંમત તેમનામાં નથી. તેના લીધે ધર્મ અને ઈશ્વરવાદ નષ્ટ થાય છે.

હજારો અને લાખોની સંખ્યામાં જન્માષ્ટમીને દિવસે મંદિરમાં ગિરદી થતી રહી છે; પણ અવતાર શું છે તે ન સમજનારા અને સમજાવ્યા છતાં પણ ન સમજનારા, કામ ન કરનારા અને કૃતઘ્નનું જીવન જીવનારા આ અકર્મી લોકો છે, સ્વાર્થી છે, ઢોંગી છે, નબળા છે. મંદિરોની ગિરદી જોઈ એમ ન સમજો કે ઈશ્વરવાદ વધ્યો છે. એમ માનવાનું કારણ નથી. આ નબળા, હરામખોર, ઢોંગી સ્વાર્થ માટે ભગવાનને પગે લાગવાવાળા આ લોકો જગતને સુધારશે, દૈવી બનાવશે, તેજસ્વી બનાવશે એ આશા કરવી એ વિચાર પાડો દૂધ આપે એના જેવી વાત છે. જેમના અંતઃકરણમાં પ્રભુપ્રેમ નથી તે શું કરવાના હતા ? અને તેથી બુદ્ધિવાદી લોકોના ધર્મવિષયક-ઈશ્વરવિષયક વિચારોને ધક્કો બેઠો. ઈશ્વર વિષે તેમની શ્રદ્ધા ઊડી ગઈ છે, નષ્ટ થઈ છે એ કહેતાં જરા પણ અચકાવાનું કારણ નથી. અને આવા ઢોંગી, સ્વાર્થી પ્રભુના પોતે દીકરા છે એ ભૂલી જઈ બાપા પાસે ભીખ માગતા રહ્યા છે. એ અકર્મી નહીં તો બીજું શું ? અને આવા અકર્મી શું ઉજ્જ્વલ માનવવંશ ઊભો કરવાના છે?

માનવનું જેમ આધ્યાત્મિક જીવન છે, તેમ સામાજિક જીવન પણ છે અને જ્યાં સુધી સમાજમાં પ્રેમ નિર્માણ નહીં થાય ત્યાં સુધી સમાજ સુખી થઈ શકે નહીં. સમાજને

સુખી રાખવા માટે બે વાતો જરૂરી છે: એક અંતઃકરણનું સ્વચ્છ (Purification) થવું જરૂરી છે. અને બીજું ઈશ્વર વિષે વિચાર સામાજિક થઈ સામાજિક જીવન તેવું થવું જોઈએ. અને આમ થતાં ધીમે ધીમે સમાજ ઉપર આવશે, સાત્ત્વિક બનશે, પણ જ્યારે રાજકીય અરાજકતા થાય છે ત્યારે સરમુખત્યારી (Dictatorship) થાય છે, Fascism થાય છે, તેવી રીતે સમાજમાં ધાર્મિક અને બૌદ્ધિક અરાજકતા થયા પછી વૈયક્તિક વિકાસ કરવો, પ્રભુ સાથે તાદાત્મ્ય પામવું. એ Systematic શાસ્ત્રીય ભક્તિમાર્ગ નીકળી જઈ તે ઠેકાણે બીજી ઘણી વાતો અસત્ થાય છે. કોઈ સાધુના પગ પકડવા અને તે મને મોક્ષ આપી દેશે, યા તો મારો ઉદ્ધાર કરશે એવી ભ્રાંત અને મૂર્ખાઈ ભરેલી કલ્પના સમાજમાં આવે છે અને સમાજ ભગવદ્‌ભક્તિનું વિકૃત રૂપ ધારણ કરે છે. ધર્મની વિકૃતિ કરવાવાળા આ ઈશ્વરવાદી જ લોકો છે. જ્યારે બૌદ્ધિક અરાજકતા થાય છે, ત્યારે ભણેલાઓને પણ યોગ્ય માર્ગદર્શન મળતું નથી; ઊલટું મંત્ર, તંત્ર, જપ, જાપ, સિદ્ધિ–ઢોંગી અને અજ્ઞાની લોકોના માર્ગદર્શન નીચે શરૂ થાય છે. અને વધારે પ્રમાણમાં ભણેલા જ તેના ચક્કરમાં પડેલા દેખાય છે. બૌદ્ધિક અરાજકતા થાય છે અને તે ન થવી જોઈએ; પણ તે બૌદ્ધિક અરાજકતા થાય ત્યારે अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् માનવી જીવન, માનવી સંસ્કૃતિ અને વૈયક્તિક જીવન પણ અગવડમાં આવે છે.

(૨) કુટુંબસંસ્થા: કુટુંબસંસ્થા પણ માનવી સંસ્કૃતિનું મહત્ત્વનું અંગ છે, સંસ્કૃતિની કરોડરજ્જુ છે. ઈશ્વરવિષયક વિચારોની જેમ આ કુટુંબવ્યવસ્થા પણ ઢીલી થઈ છે. આજે વિજ્ઞાન કેટલું આગળ વધ્યું છે? આજે અમને

આકાશમાં ઊડવાનું શિક્ષણ આપવામાં આવે છે. We are taught to fly in air like birds, to swim in water like fishes, but we do not know how to live in the world–how to walk on the land. અમને પક્ષીની જેમ ઊડવાનું શીખવાડવામાં આવે છે, માછલીની જેમ પાણીમાં તરતાં શીખવાડવામાં આવે છે. પણ સૃષ્ટિમાં કેમ રહેવું તેનું શિક્ષણ અમને મળતું નથી. બાપા સાથે કેમ રહેવું તે અમને શીખવાડવામાં આવતું નથી. કુટુંબ ચાર માણુસનું એક એકમ ( Unit ) છે. અને તે એકમમાં ચાર માણુસોએ સંપ અને સહિષ્ણુતાથી કેમ રહેવું તે કોઈ શીખવાડતું નથી. મહાન શિક્ષણશાસ્ત્રીઓ યા તો સમાજ-સુધારણાનું કંકણ બાંધેલા સમાજસુધારકો ( Social reformers ) તેવું શિક્ષણ આપવાની તકલીફ જ લેતા નથી. અંતર્ગત રહેલો આત્મીય પ્રેમ આપી, બીજાનો પ્રેમ જીતી શકાય તેનું શિક્ષણ કોઈ આપતું નથી. અમે માનવ થઈ માનવનું જીવન જીવવાનું ભૂલી આકાશમાં ઊડવાની અને પાણીમાં તરવાની વાતો કરતા બેઠા છીએ. જડવાદ અને ભ્રાંત ઈશ્વરવાદ વધવાને લીધે આજે વ્યક્તિસ્વાતંત્ર્ય યુગની શરૂઆત થઈ છે. વ્યક્તિસ્વાતંત્ર્ય એટલે પ્રત્યેક પોતાનું જ ફોડી લે. વિનોદમાં કહું તો–પ્રત્યેક પાડો પોતાના ઘાસનો વિચાર કરે; પ્રત્યેક પાડો, પ્રત્યેક બળદિયો પોતાનું જ જીવન જુએ. પ્રત્યેક પોતાનું ઘાસ જુએ, બીજાનું જીવન જોવાની તેને ફુરસદ નથી, જોવાની જરૂર નથી; પોતાના ઘાસની વ્યવસ્થા કરી લે. અને આ વ્યક્તિવાદ ( Individualism ) Civilization અને Culture હોય તો આ પાડા અને બળદ બે હજાર વર્ષ પહેલાં પણ હતા, સુધરેલા

જેવું જ બીજાનું જીવન છે. તેમની સાથે કેવું જીવન જીવવું જોઈએ એનો વિચાર આવે તો સામાજિક જીવન સુખી થાય. પણ કુટુંબસંસ્થા ઢીલી થતાં તે વિચાર પણ ખલાસ થયો. કુટુંબસંસ્થા ઢીલી થવાનાં ઘણાં કારણો છે; પણ તેની ચર્ચામાં અત્યારે આપણે પડીશું નહીં.

ત્રીજી બાબત એટલે અર્થકારણ : અર્થકારણ આ એક શાસ્ત્ર છે. અને તેના ઉપર ધર્મનો અંકુશ હોવો જોઈએ, નહીં તો તેનાં ઘણાં ખરાબ પરિણામ આવે છે. તેથી કૌટિલ્ય અને બીજા શાસ્ત્રોએ Accumulation of wealth–અર્થ-સંગ્રહ દૂર કેમ કરવો તે સમજાવ્યું છે. તે જબરદસ્તીથી કઢાય નહીં, કાઢો તો તે ખોટી વાત છે. તે કાઢતી વખતે માણસને માનસિક સમાધાન કેમ થશે તે જોવું જોઈએ. પણ વ્યક્તિવાદ આવતાં હું અને મારી જાગીર (Estate), હું અને મારો પૈસો, એ જ ભાવના આવી જાય છે. તેનો ખરાબ છાંયડો જેમ કુટુંબવ્યવસ્થા ઉપર પડે છે, તેમ અર્થકારણ ઉપર પણ પડે છે. This industrial age has made us the worshippers of wealth. આપણે પૈસાના પૂજક બન્યા છીએ. અરે! બાપ છોકરાના હાથમાં તિજોરીની ચાવી આપતો નથી. ગઈ પેઢીમાં બૈરાના નામે પતિ પૈસા રાખતો હતો. પણ આજે રાખે તો તો ડર રહે કે પત્ની નાસી જાય તો? જરૂર પડે અને ન આપે તો? ગઈ પેઢીનાં બૈરાં બહુ ભોળાં હતાં. સો–પાંચસો તેને આપે તો વાંધો નહીં. ચેક પર સહી કરવાની તેને ખબર જ ન હોય; તે ના પાડશે તેનો તો ડર જ ન હતો. પણ આજે બધા પૈસાના પૂજક બની ગયા છે. यस्यास्ति वित्तं स नरः कुलीनः । એ માન્યતા થઈ ગઈ છે. પૈસો

કારણ અતિ ગંદું થાય એમાં નવાઈ શી છે? અને જ્યાં સત્તા અને અધિકારની જ સાઠમારી ચાલતી હોય ત્યાં આંતરરાષ્ટ્રીય રાજકારણ તો કોને ખબર કેટલું ચોખ્ખું હશે? તે જોવાની જરૂર નહીં.

અસત્‌ની છાયા નીચે માનવી સંસ્કૃતિ ઘેરાઈ ગઈ છે. જ્યારે માનવી સંસ્કૃતિને અસત્‌નું ગ્રહણ લાગ્યું છે, ત્યારે શ્રેષ્ઠ પુરુષો જ આપણને માર્ગદર્શન કરશે, अभ्युत्थानमधर्मस्य। એ માટે પ્રભુ જરૂર પધારશે, અધર્મનું અભ્યુત્થાન થાય ત્યારે ભગવાન અવતાર લે છે. આ એક પાયો તો અત્યારે તૈયાર જ છે. ચારે બાજુ પૂરેપૂરો અધર્મ ફેલાયો છે. બીજી બાજુ હું અવતાર લઈશ એ સોગંદ ભગવાને લીધા જ છે. આપણને વચન આપેલું છે અને એ બે વચ્ચે આપણે ઊભા છીએ. પાયો તૈયાર છે; અધર્મનો ફેલાવો પૂરેપૂરો થયેલો છે. અને संभवामि युगे युगे। એ કળશ પણ તૈયાર છે અને વચમાંના આપણે, સંસ્કૃતિ માટે કેટલી ધડપડ (દોડધામ) કરીએ છીએ, કેટલી ચળવળ કરીએ છીએ તે ઉપર પ્રભુ પધારવાનો આધાર છે. આપણે સંસ્કૃતિ ટકાવવા, ભારતીય સભ્યતા–ભારતીય ગૌરવ ટકાવવા આપણું આંતરડું તોડી કેટલું કામ કરીએ છીએ, તે ઉપર આધાર છે. તે માટે આપણે કેટલી ધડપડ કરી? ભગવાનનું કાર્ય કરવાના સોગંદ લીધા? તે પ્રમાણે કાર્ય કર્યું? તો પછી ભગવાન ક્યાંથી પધારે? ભગવાન ક્યારે પધારશે? જ્યારે ધર્મ સમાજમાંથી નષ્ટ થાય, અધર્મ જ ધર્મ ગણાવા લાગે, અસત્ જ સત્ ગણાવા લાગે, તેવા કાળમાં રાતદિવસ આંતરડું તોડી લોકો પ્રભુનું કાર્ય કરતા હોય, ત્યારે તેવા લોકોને મદદ કરવા ભગવાન આવે છે. પ્રભુને ક્યારે બોલાવવા તે એવા લોકોના હાથની

દીવાલ ઊભી કરો કે જડવાદનો ગમે તેટલો પ્રચંડ પ્રવાહ આવે તોપણુ તેમાનો એક કાકરો પણુ હલાવી શકે નહીં. એ રીતે ફક્ત ઊભા થાવ અને ઊભા થતાં જ ભગવાન કલ્કી પધારવા તૈયાર જ છે, અને આવીને જગત નિષ્કલંક કરશે. તે માટે લોકો તૈયાર થવા જોઈએ. मयैवैते निहताः पूर्वमेव निमित्तमात्रं भव सव्यसाचिन् । એવો પ્રભુનો નિમિત્ત થવા છે કોઈ તૈયાર? તે માટે અવિશ્રાત મહેનત કરવાની, પ્રભુના કાર્ય માટે બળવાની છે કોઈની તૈયારી? છે કોઈ સસ્કૃતિનો પૂજક? છે કોઈ બહાદુર? હશે તો ઊભો થાય છે કોઈ ભગવાન નો લાડીલો? છે કોઈ પ્રભુનો ભક્ત, કે જેનુ પ્રભુના કાર્ય માટે આતરડું તૂટતું હોય? પ્રભુકાર્યમા આખો મીચીને ઝ પલાવવા તૈયાર હોય? ભારતીય ગૌરવ અને સસ્કૃતિ માટે છે કોઈ મરવા તૈયાર? મારું આતરડુ તૂટે છે, હુ કાઈક પ્રભુનુ કાર્ય કરતો રહ્યો છુ એમ જેને લાગે તેને ભક્ત કહેવાય, તેને સાત્વિક કહેવાય, તેને માણુસ કહેવાય, તેને અવતાર માગવાનો અને માનવાનો હક્ક છે. તેને જન્મા ષ્ટમી ઊજવવાનો હક્ક છે. તેને થતુ હોય કે રાતદિવસ હુ મહેનત કરુ છુ અને હજુ પ્રભુ પધારવાનો સમય નથી થયો? હજુ સમય ન થયો હોય તો પ્રભુ મને શક્તિ આપ આ ખોખુ બરાબર છે? ન હોય તો મને શક્તિ આપ કે જેથી આ જડવાદનો હુ સામનો કરી શકુ, તે સામે લડી શકુ

આપણી પાસે પૂર્વજોનો વારસો છે. વામન અવતારની મક્કમ સઘટના છે ભગવાન પરશુરામે બ્રાહ્મણ-ક્ષત્રિયનો મનોમિલાપ સમજાવ્યો પ્રભુ રામે મર્યાદા સમજાવી. ભગવાન શ્રીકૃષ્ણે પ્રેમ આપ્યો અને બુદ્ધે ધર્મપ્રચાર માટે ધર્મસઘની

કલ્પના આપી. આ પાંચે પંચાયતન ભેગા કરી જડવાદનો સામનો કરીશું તો તેને હમણાં જ ક્ષણમાં જ ઉડાવી શકીશું.

આપણે કેટલા ભાગ્યશાળી છીએ કે, આ કળજુગમાં જન્મ્યા છીએ. દાદાના ખભા ઉપર બેસી બધું જોવાનું છે. વામન અવતારમાં લોકો સારા હશે, પણ હું ક્યાં સારો નથી? હું ઊલટો પાંચ પાંચ અવતારના ખભા ઉપર ઊભો છું. દાદા કરતાં મને બમણું દેખાય છે. પણ આટલી વાત ચોક્કસ કે દાદાનો ખભો છૂટી જાય તો પોતાને દેખાય નહીં. તેથી દાદાને જે નથી દેખાયું તે તેના ખભા ઉપર ચડેલા પૌત્રોને દેખાય છે. તેને દાદા કરતાં બમણું દેખાય છે. પૂર્વે થઈ ગયેલા અવતારો સમજી લઈએ, તેમના અનુભવોનું ભાથું આપણા માટે તૈયાર પડ્યું છે. વામન અવતારે બનાવેલું મક્કમ સંગઠન સમજી આપણે પણ એવું સંગઠન તૈયાર કરીએ અને ઈશ્વરવાદનો શ્વાસોચ્છ્વાસ છોડીશું તો જડવાદ ક્યાંય ઊડી જશે. જડવાદ પાછો ઊભો નહીં રહે. ભગવાન પરશુરામે બ્રાહ્મણ અને ક્ષત્રિયનો મનોમિલાપ કરાવ્યો. ક્ષત્રિયોને સમજાવ્યું યાદ રાખો. બ્રાહ્મણો પણ શક્તિ છે, તેમની અવગણના ન કરો. અને બ્રાહ્મણને સમજાવ્યું, ક્ષત્રિયોને સંભાળો, નહીં તો અસુરો વધશે અને ધાર્મિક સંસ્કૃતિ માટે ખભેખભા મિલાવી જડવાદ સામે ઊભા રહો. કેવળ બુદ્ધિમાનોને ધનિક પોતાના આશ્રિત ન કરે; કાં તો કેવળ ધનિકોને બુદ્ધિમાનો હલકા ન ગણે, બંને એક ભગવાનના દીકરા છે. હાથમાં હાથ રાખી કામ કરી લે. એકબીજાનો મનોમિલાપ કરે. એકબીજાને ઓળખી લે. પ્રભુ રામની મર્યાદા ઓળખી લે. શત્રુ જોડે પણ, રાવણ જોડે પણ મર્યાદાથી તેમનું વર્તન હતું. ભાઈ તરીકે રાવણનો

અગ્નિસંસ્કાર કરવા તૈયાર થયેલા રામની શત્રુ સાથેની મર્યાદા જાણી લો. હું રાવણનો અગ્નિસંસ્કાર કરીશ એમ રામે કહ્યું હતું. એનું કારણ હું અને એ એક જ ચૈતન્યના છીએ. શક્તિ આવે એટલે ક્રાંતિ કરવાનું મન થાય અને એ ક્રાંતિના નાદમાં ખૂબ મોટું નુકસાન થાય છે. જગતનું નુકસાન થાય છે. તો તેમની પાસે શક્તિ આવી છે, તેમણે પણ પ્રભુ રામની મર્યાદા સમજવી જોઈએ; ઓળખવી જોઈએ. કૃષ્ણે સમજાવ્યું કે, પ્રેમથી જગત સુધારો. તમે જગતનું માર્ગદર્શન કરી શકો છો. પ્રેમથી જગત કેમ સુધરશે તે જોતા રહો. અંતઃકરણથી પ્રેમ કરો. ઉપર ઉપરનો બાહ્ય પ્રેમનો દંભ ન રાખો.

સદ્વિચારો અને સદ્તત્ત્વજ્ઞાનનો વૈશ્વિક પ્રચાર કરવા માટે બુદ્ધનું જીવન સમજી લો અને તેવો પ્રચાર કરવા માટે કૃષ્ણ ભગવાનના માર્ગદર્શન નીચે કામ શરૂ કરો. આજે જે પ્રચારકો છે, ધર્મના પૂજકો છે, તેમણે ઈશ્વરનું કામ કરવાનું હશે તો તે પ્રેમથી કરે. આપણે એક જ ભગવાનના દીકરા છીએ, ભાઈ ભાઈનો પ્રેમ રાખીશું, Heart to heart speaking રાખીશું.

ધર્મનો પ્રચાર કઈ રીતે થાય તે એક સવાલ છે. એક કાળ એવો હતો, अग्रतः चतुरो वेदाः पृष्ठतः सशरं धनुः । એક હાથમાં વેદ અને બીજા હાથમાં ધનુષ્ય. पृष्ठतः सशरं धनुःની કલ્પના હતી. વેદોની પાછળ ધનુષ્ય રાખી તેનો પ્રચાર કરીશું. મારો પ્રશ્ન આવી રીતનો છે કે, વેદમાં શક્તિ છે કે ધનુષ્યમાં? વેદમાં શક્તિ હોય તો ધનુષ્યની જરૂર નહીં અને જો ધનુષ્યમાં શક્તિ હોય તો વેદની જરૂર નહીં.

એક હાથમાં કુરાન અને બીજા હાથમાં તલવાર

રાખી ધર્મનો પ્રચાર થાય નહીં. એક હાથમાં બાઈબલ અને બીજા હાથમાં ક્રુસેટની બંદૂક રાખી ધર્મપ્રચાર થાય નહીં. એક હાથમા ગ્રંથસાહેબ અને બીજા હાથમાં કિરપાણ રાખી પ્રચાર થાય નહીં. કૃષ્ણે કહ્યું, વાણીમાં પ્રેમ રાખો, હૃદયમાં પ્રેમ રાખો અને એક હાથમાં ગીતા લો. सर्वभूतहिते रताः । તે સંદેશ લઈ લો. અને તત્ત્વજ્ઞાનનો પ્રચાર કરો, પૂર્વજોના અનુભવ લો. બુદ્ધ ભગવાને આપેલી ધર્મપ્રચારની કલ્પના લઈ ઊભા થાવ. પાંચે પાંચ અનુભવોની કલ્પના લઈ પ્રચાર કરો. પ્રભુનું કાર્ય કરવા ઊભા થાવ, કામ કરવાવાળાનો ભગવાન છે. આ આળસુનું કામ નથી. ઇતિહાસ ઘડવો એ આળસુઓનું કામ નથી. બીકણબાયલાનું કામ નથી. ચામડી બચાવી કામ કરવાવાળાનું એ કામ નથી. ઇતિહાસ ઘડવો તે શૂરવીરોનું કામ છે. પ્રભુના ભક્તોનું કામ છે. ચામડી ઘસવાવાળાનું કામ છે. 'હરિનો મારગ છે શૂરાનો નહીં કાયરનું કામ જો ને.' આપેલી શક્તિ વાપરી છૂટવાની હિંમત બતાવનારનું તે કામ છે. એ શૂરવીરો માટે આગળ વધવા બારણું ખુલ્લું છે.

ખરેખર આ કાળમાં જન્મ થયો છે તેથી મને ખૂબ આનંદ થાય છે. એકલો બેઠો હોઉં ત્યારે થાય કે, યાજ્ઞવલ્ક્યને પણ આ ભાગ્ય સાંપડયું નહીં હોય. सुखिनः क्षत्रियाः पार्थ लभन्ते युद्धमिदृशम् । આવી રીતનું કાર્ય કરવાનું સુખ ભાગ્યવાનને જ મળે છે.

स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात् । એમ ભગવાન પોતે કહેતા રહ્યા છે. થોડું કરશો તોપણ તેને ભગવાન ઘણું સમજશે. થોડું પણ કાર્ય કરો, પ્રભુ તમને ઉગારવા તૈયાર છે. કમાલ છે બચ્ચા તારી! તેં ચામડી ઘસી નાખી

એમ કહી પ્રભુ પીઠ થાબડશે. આજે ઈશ્વરવાદ કયા ખૂણામાં છે તે ખબર નથી. આજે આંખ સામે જડવાદ નાચતો રહ્યો છે. ચામડી ઘસવાની તૈયારી જોઈએ.

આજે ઈશ્વરવાદને લોકો Policy તરીકે—સાધન તરીકે વાપરે છે, તે માટે ચીડ ચડવી જોઈએ. સાંસ્કૃતિક જીવન કેમ વધે, સમાજમાં સુસંસ્કારિતા આવે, ઈશ્વર પ્રત્યે પ્રેમ વધે, વડીલો પ્રત્યે આદર વધે, તે માટે તન તોડીને પ્રયત્ન કરવો જોઈએ. આ બૌદ્ધિક લડાઈ છે; વાચિક લડાઈ છે. હૃદય હૃદયની લડાઈ છે. ઈશ્વરવાદી અને જડવાદીનો થવા દો સંગ્રામ! તું જડવાદી વિચારનો હશે તો હું ઈશ્વરવાદી વિચારનો હોઈશ. જુઓ તો ખરા કે, કોણ ઢીલો પડે છે? હું કે તું? આ બૌદ્ધિક લડાઈ છે. અને ઈશ્વરવાદી જેટલા મક્કમ હશે તેટલા જલદી પ્રભુ પધારશે. વાંદરાઓ જેટલા નબળા પડશે તેટલો રાવણ વધુ જોર કરશે. સમાજમાં બગાડો થયો છે માટે પ્રભુ નહીં આવે, પણ ઈશ્વરવાદી જેટલા મક્કમ હશે, સાત્ત્વિક ધર્મસંઘો આંતરડું તોડીને ધર્મનું કાર્ય કરતા રહ્યા હશે તો તેમને મદદ કરવા માટે તે આવશે. ઠેકઠેકાણે ધર્મસંઘો પ્રયત્નશીલ હશે તો તેમને મદદ કરવા તે આવશે. અને પછી परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ॥

ઈશ્વરવાદ પાછો આવવો જ જોઈએ. તે જરૂર આવશે. ભગવાન પર વિશ્વાસ રાખો, ભગવાનનું કામ કરો. તે માટે ગાંડાઘેલા થાવ. मत्कर्मकृन्मत्परमम्। થાવ. તમે સત્તર હજાર વખત માળા ફેરવતા બેસો અથવા તો 'તમે પતિતપાવન છો, દયાળુ છો,' એમ સ્તુતિનાં ચાર પુષ્પો મૂકે ભગવાન ખુશ થવાના નથી. ભગવાન કહેશે, હું કોણ છું તે મને

ખબર છે. તું શું મને કહેતો'તો ? ફોગટલાલ ગાંડો એટલે એનો ભગવાન પણ ગાંડો, એમ ન સમજો. તે ગાંડો નથી કે એની ખુશામતથી તે ફુલાઈ જાય, તો ઈશ્વર પ્રત્યેનો પ્રેમ, વડીલો પ્રત્યેનો આદર, સાત્ત્વિકતા અને સુસંસ્કારિતા : આ ચાર બાબતો વધે તે માટે અહર્નિશ ચિંતન કરો. તે માટે રાતદિવસ પ્રયત્ન કરતા રહો. પ્રભુ તમને જરૂર મદદ કરશે. પ્રભુને બોલાવવાના માનમાં યશભાગી થવાનું આપણા નસીબમાં છે કે નહીં તે આપણે જ નક્કી કરીએ. નસીબ હાથથી બને છે. થોડા દિવસ રહ્યા છે, કોને ખબર પ્રલય ક્યારે થવાનો છે ? આજે વિશ્વનું શું થશે તે કોને ખબર છે ? આખા વિશ્વને એક ક્ષણમાં ખલાસ કરવાનો દારૂગોળો તૈયાર છે. બે ચાર પોલિટિશિયનોના મગજના સ્ક્રૂ ભગવાન સંભાળી રાખે છે ત્યાં સુધી ઠીક છે. પ્રલય થશે કે નહીં તે ખબર નથી. ભગવાને આ બધા હરામખોરોને વાંદા અને કૂતરા બનાવવાના હશે તો જરૂર બનાવશે, પણ ઈશ્વરવાદી લોકો પ્રયત્ન કરે તો જરૂર ધર્મરાજ્ય સ્થપાશે.

न मे स्तेनो जनपदे न कदर्यो न मद्यपः।

થશે તો પ્રલય થશે નહીં. આપણે શું કરીએ છીએ ? દિવ્ય સમાજ, ઉજ્જ્વળ સમાજ, ઉજ્જ્વળ માનવવંશ બનાવીએ છીએ કે નહીં તે ઉપર ભગવાનના પધારવાનો આધાર છે. અધર્મનું અભ્યુત્થાન તો થઈ ગયું છે; પણ તમારો-અમારો પ્રયત્ન કેટલો છે તે ઉપર પ્રભુ પધારવાનો આધાર રહે છે. આપણે પ્રયત્ન કરીશું તો પ્રભુ આવી સત્યયુગનો પાયો નાખશે. ભવ્ય, દિવ્ય, ઉજ્જ્વળ માનવવંશ સ્થાપશે. કલ્કી ભગવાન પધારશે અને સમાજને નિષ્કલંક બનાવશે; પણ તેનો આધાર આપણે કેટલો પ્રયત્ન કરીએ છીએ તે પર છે.

સૂતકી ચહેરો કરી બેઠેલા, ચામડી અને ગજવું બચાવી પ્રભુનુ કાર્ય કરતા રહેલા અને રડતા રહેલા, ગાતા રહ્યા છેઃ 'દયાળુ પ્રભુ સૌનુ કરો કલ્યાણ.' પણ કર્મહીનો જો આવી હજારો પ્રાર્થના કરે તોપણ તે સાંભળવાની ભગવાનને ફુરસદ નથી. પણ જે કાર્યપ્રવૃત્ત છે, પસીનો પાડવાવાળા છે, પ્રભુકાર્ય માટે તૈયાર થયા છે, ચામડી ઘસવા તૈયાર છે તે ફક્ત એક શબ્દ બોલશે તોપણ તે સાંભળવા ભગવાન તૈયાર છે. અરે! ભગવાન દોડતા આવશે. કાર્યપ્રવૃત્ત ફક્ત એટલુ જ કહેશે કે પ્રભુ! હવે હું કાર્ય કરતાં થાકયો છું, અને સંભાળો અને ભગવાન દોડતા આવશે. અમારા ઋષિઓ કહે છે, ऋते श्रांतस्य न सख्याय देवाः પણ કર્મહીન, આળસુ, ચામડી સંભાળી, ગજવું સંભાળી, પોતાનો સમય સંભાળી જતા જતાં સમય મળશે તો કરીશું એમ બોલી કામ કરનાર માટે પ્રભુ નથી. ભલે તે રોજ બે કલાક પૂજા કરતો હોય; પરંતુ કર્મયોગી માટે તે આવે છે. વૈશ્વિક કલ્યાણ થાય, ભારતીય ગૌરવ, ભારતીય સંસ્કૃતિ દિવ્ય થાય તે માટે ઠેકઠેકાણે આવાં આવાં કાર્યો થવા જોઈએ. ઠેકઠેકાણે લોકો સ્વાધ્યાય કરતા થવા જોઈએ, કે જેથી બધાના મનનુ અને બુદ્ધિનું Purification થાય. અને આવા અવિશ્રાંત કર્મયોગી માટે ભગવાન દોડતા આવે છે. વસિષ્ઠનો અવિશ્રાંત કર્મયોગ જોઈને રામ આવ્યા છે. વસિષ્ઠ એટલે મેંકડો લોકોનુ પૂંજીભૂત પાવિત્ર્ય અને વસિષ્ઠના એકલા માટે જ નહીં પણ બધાના તે આંદોલન માટે ભગવાન બધાના કર્મના પૂંજીભૂત પ્રતીક એટલે વસિષ્ઠ અને તેમના માટે ભગવાન આવે છે. અમે નબળા, કર્મહીન, મૂર્ખા, માખણ-મીસરી ખાઈ બેસી રહીએ તો કયાંથી ભગવાન આવવાના? વર્ષોનાં વર્ષો

જન્માષ્ટમી ઊજવનારો તું અજ્ઞાની રહ્યો શા માટે?

અમે ખૂણામાં બેસી રહ્યા છીએ, કાર્ય કરવાની તૈયારી નથી. આપણે કહીએ, અમને ખબર ન હતી, તો તે ભગવાન સાંભળવાના નથી. આવા લોકોની દયા ખાવાની જરૂર નહીં. બે તમાચા મારો. There is no forgiveness for broken law. ચોરી કરીને કહીએ કે અમને ખબર ન હતી કે ચોરી થાય કે નહીં, તો પોલીસ ઇન્સ્પેક્ટર કહેશે કે ચોરી કરવી એ ગુનો છે એ તમને ખબર નથી ને? ઠીક છે. છ મહિના આ સળિયા પાછળ બેસી જાવ. ખબર પડી જશે. પ્રભુ પણ પૂછશે, તું અજ્ઞાની રહ્યો શા માટે? તને શક્તિ, બુદ્ધિ શા માટે આપી હતી? તને શક્તિ મળી તે સંસ્કૃતિના કાર્યમાં શા માટે ન વાપરી?

ઈશ્વરવાદી લોકો પ્રભુકાર્ય કરવા તૈયાર થાય. પોતાને ભાગ્યશાળી સમજે કે આ કાળમાં તે જન્મ્યા, તે કાર્ય કરવાની તક પ્રભુએ આપી છે. પોતાને આપેલી શક્તિ કેટલા પ્રમાણમાં પ્રભુકાર્યમાં વાપરતો રહ્યો છે તેનો વિચાર કરે. પોતાને જેટલા પ્રમાણમાં જે શક્તિ આપી હોય તેનાથી આ દૈવી આંદોલનમાં કૂદકો મારે, ઝંપલાવે અને પ્રભુના ખોળામાં બેસે, લાડીલો બને. કર્મયોગી માટે પ્રભુનો ખોળો ખુલ્લો જ છે.

અવતારવાદનું રહસ્ય આપણે જોયું કે, જ્યારે જ્યારે કર્મયોગીઓ—પ્રભુભક્તો આંતરડું તોડી પ્રયત્નો કરતા હોય; જે વખતે સાંસ્કૃતિક–નૈતિક દૈવી હિલચાલ થાય અને જડવાદ સામે લડતા હોય અને તે થાકે ત્યારે તેમને મદદ કરવા પ્રભુ આવે છે અને પછી દુષ્ટોનો સંહાર કરે છે. આ રહસ્ય સમજી આપણે કાર્ય કરવાનું છે. અને ત્યારે આ

માનવવંશ નિષ્કલંક થશે. નિષ્કલંક માનવીવંશ બનાવ્યા વગર આપણને ચેન પડવું ન જોઈએ.

તમે કહેતા હશો કે, ચાર મહિના ભગવાન ઊંઘે છે. પણ આ ચીખલમાં બેઠેલા માનવસમાજને જોઈ તેને ઊંઘ આવતી નહીં હોય. તને આટલી સારી બુદ્ધિ આપી, સૌંદર્ય આપ્યુ, શક્તિ આપી, કર્તૃત્વ આપ્યું અને ચીખલમાં તું હૂઉં હૂઉં કરતો બેઠો છે તે ભગવાનને ગમે છે શું? માનવને આટલો અધઃપતિત થયેલો જોઈ તેને ઊંઘ આવે કે? અને આવતી હશે તો તે બાપ છે કે? ચાર ક્ષણ ઊંઘ નહીં આવે અને તેને બેચેની થતી હશે. માનવસમાજને ચીખલમાંથી બહાર કાઢવાની તેમની તૈયારી છે. પણ તે માટેની ભૂમિકા તૈયાર હોવી જોઈએ. અધર્મનું ઉત્થાન થયુ છે, પણ परित्राणाय साधूनाम् જો સાત્ત્વિકતા, સાધુતા અને સંસ્કૃતિ માટે લોકોનું આંતરડું તૂટતું દેખાતું નહીં હોય, તો ભગવાનને આવવાને હજુ વાર છે. परित्राणाय साधूनाम् । એ લીટી ઉપર એકાગ્ર (Concentrate) થાવ અને કામ કરો. તમે કામ નહિ કરો તોપણ ભગવાનનું સંસ્કૃતિનું કામ તો થવાનું જ છે. ऋतेऽपि त्वां न भविष्यंति सर्वे । તો પછી સંસ્કૃતિનું કામ કરી, ભગવાન નિમિત્ત બનાવતા હશે તો ભાગ્યશાળી સમજો અને નિમિત્ત બનો. તે કાર્યમાં નિમિત્તરૂપ બની જડવાદનું રૂપાંતર ઈશ્વરવાદમાં કરો, જડવાદનું રૂપાંતર ઈશ્વરવાદમાં કરો અને તે

ગયા છીએ. અવતાર કર્મહીનો માટે નહીં, આળસુઓ માટે નહીં પણ આંતરડું તોડી કાર્ય કરવાવાળા માટે છે. પ્રભુ જડવાદ માટે પધારે છે, એ ભ્રાંત કલ્પના છે. પ્રભુ કર્મયોગીઓને મદદ કરવા પધારે છે, કર્મહીન આળસુ માટે ભગવાન નથી પણ આંતરડું તોડી કામ કરનારા માટે છે અને જ્યારે લોકો અધર્મને ધર્મ સમજતા હોય, જડવાદને રસ્તે જતા હોય, ભ્રાંત ઈશ્વરવાદ વધી જાય ત્યારે પધારે છે. તમે કયો Doctrine માનો, તમે કયો Belief કાં તો કયા ધર્મમાં શ્રદ્ધા રાખો છો? કયો ધર્મ તમે પાળો છો? આડું તિલક કરો છો યા ઊભું તિલક કરો છો? ઇસ્લામ ધર્મ પાળો છો કે ક્રિશ્ચિયન ધર્મ તે ઉપર તમારી પરીક્ષા નથી થવાની. પણ તમારી પરીક્ષા Life and character–માનવી મનનું જીવંતપણું અને પાવિત્ર્ય કેટલું છે તે ઉપર થવાની છે. Yon will not be judged by certain beliefs and doctrines but by life and character અને તેમાં આપણે પાસ થવાનું છે.

પ્રભુને કહીએ કે, ભગવાન, અમે તમારા અધ્યક્ષપણા નીચે આ અવતારનું રહસ્ય સમજી લીધું. પ્રભુ શા માટે આવે છે? કોના માટે આવે છે? કેવી રીતનો આવે છે? કયા છોકરા માટે આવે છે? કઈ તેજસ્વિતાથી આવે છે? આવી તે જડવાદને કઈ રીતે દાટી નાખે છે તે સમજી લીધું છે. અને હવે આ વાઙ્મય યજ્ઞ તમારા ચરણે ધરું છું. આ બોલતાં કેટલીયે વખત તમારી પાસે આવી બોલ્યા હોઈશું. કેટલીવાર તમારા ગળા પાસે જઈ ગળું પકડાયું હશે, પ્રમાદથી અને પ્રણયથી બોલાયું હશે.

सखेति मत्वा प्रसभं यदुक्तं हे कृष्ण हे यादव हे सखेति ।
अजानता महिमानं तवेदं मया प्रमादात्प्रणयेन वापि ॥

અર્જુન એ પણ બોલી શક્યો—આટલું પણ બોલવાની મારી યોગ્યતા નથી. અધિકારની મર્યાદાનું ઉલ્લંઘન કરી કદાચ બોલ્યો હોઉં! અવતારવાદનું રહસ્ય વિશદ કરતી વખતે કોઈ કોઈ વખત ભગવાનના હેતુઓને વિશદ કરવા પડ્યા હશે. આગળ પાછળ link સાચવવા–અનુસંધાન જાળવી રાખવા મહેણાં પણ મારવાં પડ્યાં હશે તે विहार-शय्यासनभोजनेषु । ગણીને છૂટ પણ લીધી હશે તો તે ક્ષમા કરો. આ શબ્દ પુષ્પાંજલિ-વાઙ્મય પુષ્પ તારે ચરણે ધરીએ છીએ. તો તે त्वदीय वस्तु गोविंद तुभ्यमेव समर्पये । તમારી જ વસ્તુ તમને અર્પણ કરું છું. તારી જ વાણી તને અર્પણ કરું છું, તને સમર્પણ કરું છું, તારા ચરણકમળમાં રાખી દઉં છું.

બધા લોકોના સહકારથી આ થયું છે. હું એકલો બોલું છું એમ નથી, પણ બધાના વતી આ બોલતો રહ્યો છું. આ સ્વાધ્યાયની કલ્પના છે કે, અમે બધા એક. આ જ્ઞાનયજ્ઞ અખંડ રીતે ચાલ્યો, પ્રભુ, તમે મદદ કરી તો મહિનો માસ અમે આ જ્ઞાનયજ્ઞ માટે ભેગા થઈ શક્યા. એકાદ દિવસ માથું દુખ્યું હશે, તોપણ તે તેં સંભાળી લીધું. એક પણ દિવસ ખાડો પડ્યો નથી તે કોની કૃપાથી થયું? તમારી કૃપાથી જ તે થયું છે ભગવાન. न जाने जानकीनाथ प्रभाते किं भविष्यति । કોને ખબર છે આવતી કાલ કેવી આવશે? છતાં આ બધું થયું તે તમારી કૃપાથી જ થયું છે. આટલી શાંતિથી બધા કયા આકર્ષણને લીધે બેઠા હતા?

હજારો માણસો સાંભળતા રહ્યા છે, પણ નીરવ શાંતિ

( Pindrop silence ) છે. આ ભગવદ્‌શક્તિનું પરિણામ છે. એક પણ માણસ વચમાંથી ઊઠતો નથી; બધા જ શાંતિથી બેસી સાંભળે છે તે પ્રભુકૃપાને લીધે જ શક્ય છે. ઉપર અમે જેટલા બેઠા છીએ તેટલા જ લોકો નીચે પણ બેઠા છે. कृष्णं वंदे जगद्गुरुम् સુધી પૂરું પારાયણ થાય છે ત્યાં સુધી વચમાં કોઈ ઊઠતું નથી. હું નીચે જઈ શકતો નથી, પણ ખરેખર તેમને હું નમસ્કાર કરું છું, અંતઃકરણપૂર્વક ધન્યવાદ આપું છું. આ કાર્યમાં પ્રત્યેક વ્યક્તિએ સહકાર આપ્યો છે તેની નોંધ પ્રભુ જરૂર લેશે. પ્રેમથી બધા ભેગા થયા છે, શાંતિથી બેઠા છે, અગવડ કોઈ પણ જાતની નથી. તમારા મનમાં શાંતિ રહે તે માટે તમારી બધી વ્યવસ્થા ભગવાને પોતે ઉપાડી લીધી છે. આ કૃતિશીલ ભગવાનો કામ કરતા રહ્યા છે. તમે શાંતિથી નિશ્ચિંત મને સાંભળી શકો તે માટે તમારા જોડાની, ચંપલની, છત્રીની, સંભાળ રાખતા બેસી રહ્યા છે. તેઓ કોણ છે, શું કરે છે? તેમનાં નામ પણ ખબર નથી. કોણ કયાંથી આવે છે? તે નાનો છે કે મોટો છે તેનો વિચાર ન કરતાં પ્રત્યેકને થેલી આપે છે. જેમ પંખીઓ સમય થાય ત્યારે આવે, ડાળીઓ ઉપર બેસે અને સમય પૂરો થતાં તે ઊડી જાય; કોણ આવ્યો તેની ફિકર નહીં, તે રીતે આ તમારા જોડા અને ચંપલ સંભાળે છે. કેવળ પ્રભુનું કાર્ય સમજી કાર્ય કરતા રહ્યા છે, તો તે છોકરાઓને તમારામાંથી થોડો પુણ્યાંશ જરૂર આપો. ભગવાન તો આપશે જ, પણ તમે પણ ભગવાનને કહો, એ તમારા દિલની મોટાઈ છે.

આપણે જ્ઞાનયજ્ઞ પૂરો કર્યો છે, પ્રભુના ચરણે ધર્યો છે. અને પ્રભુને પ્રાર્થના કરીએ કે, પ્રભુ, આ દેહ અને બુદ્ધિ

તારા ચરણે ધરી છે. અવતારને ઉપયોગી એવા કાર્યમાં એનો જે ઉપયોગ કરવો હોય તે કરી લો. આજે બધે ભ્રાંત ઈશ્વરવાદ ફેલાયો છે; ઢગલાબંધ લોકો મંદિરમાં દર્શને જાય છે; પણ પ્રભુના કાર્ય માટે એક કલાક આપવાની કોઈની તૈયારી નથી. બે હાથ અને ત્રીજું માથું નીચું કરી નમસ્કાર કરતા રહ્યા છે અને ઘણું થાય તો એક ચાર આનાનું નાળિયેર, બસ, આનાથી વિશેષ કાંઈ નહિ. આ સ્થિતિમાં અમે આવ્યા છીએ. અને આ ટોળાંબંધ ગિરદી થતી રહી છે. પણ અધઃપતન સિવાય બીજું કાંઈ દેખાતું નથી. આજે જડવાદની સંસ્કૃતિ આથમતી રહી છે. જડવાદ ડૂબ્યો છે, પણ બીજી કોઈ સંસ્કૃતિ ઊગી નથી. કઈ સંસ્કૃતિ જગ્યા લે છે તે સવાલ છે. કૃષ્ણભગવાન ચાલ્યા ગયા, પણ ઉપરથી પ્રત્યેકને પૂછતા રહ્યા છે, જન્માષ્ટમીને દિવસે બધા દર્શને જાય છે ને તેમને ભગવાન પૂછતા રહ્યા છે. મારું કાર્ય કરવાની કોઈની તૈયારી છે? પ્રત્યેક માથું ખંજવાળી, હાથ ખંખેરી દૂર રહે છે. સૂર્ય આથમતો રહ્યો છે, તે પૂછતો રહ્યો છે, હું બાર કલાક ગેરહાજર રહું છું. મારું કાર્ય કરવાની કોઈની તૈયારી છે? તેમણે પંડિતોને, શૂરવીરોને, ધનિકોને, સત્તાધીશોને, બધાને બોલાવ્યા. પંડિતોને પૂછ્યું, 'તમે મારું કાર્ય કરશો?' તે કહે 'તમે ક્યાં, અને અમે ક્યાં? તમારા પ્રકાશથી અમે કાર્ય કરીએ છીએ.' તેમણે ના પાડી. શૂરવીરોએ ના પાડી, ધનિકો કહે, 'અમને તો ફક્ત પૈસો જ સંભાળવાનું આવડે છે. પૈસો સંભાળવો અને પ્રકાશ આપવો બે કામ ક્યાંથી થાય?' સત્તાધીશો કહે, 'સત્તાની ખુરશી ટકાવવી એ કેટલું કઠણ છે? (Uneasy lies the head that wears the cr- [illegible] જ પડ્યા છીએ.

એ અમારું કામ નહિ; તમે સત્તા લીધી નથી તેથી તમને ખબર નથી, પણ તમે સત્તા લીધી હોત તો તમને ખબર પડત કે તે ટકાવવી કેટલી મુશ્કેલ છે? અમારી ખુરશી નીચેની રેતી સતત સરતી રહી છે. તે કેમ ટકાવવી તેનો વિચાર કરું કે તમારું કામ કરું!' સૂર્ય ભગવાન હતાશ થઈ ગયા. તેમને થયું કે, 'મારા પ્રકાશનો ઉપયોગ કરવાવાળા બધા હરામખોર છે.' એટલામાં એક ઝૂંપડીમાં માટીનું બે પૈસાનું કોડિયું બળતું હતું તે કહે, 'પ્રભુ! તમે નિશંતે આથમી જાવ, તમે વિશ્રાંતિ લો. હું બળીશ. મારું જીવન બાળી હું જગતને પ્રકાશિત કરીશ. તમારી પાસેથી શક્તિ લઈ જીવન છે ત્યાં સુધી હું બળતો રહીશ.' આપણે પણ આ કોડિયાની ભૂમિકા લઈ કાર્ય કરવાનું છે. વિદ્વાનો ભાગશે, ધનિકો ભાગશે, સત્તાધિકારીઓ ભાગશે, બધા જ ભાગશે. પણ તમે ભગવાનના સાચા ઉપાસક હો તો કહો, 'હે પ્રભુ! હું બળીશ, તમારી પાસેથી શક્તિ લઈને તમારી ભૂમિકા ભજવીશ અને આવાં અનંત કોડિયાં જે દિવસે બળશે તે દિવસે દીપોત્સવી થશે ને કૃષ્ણનું સુંદર કામ થશે.'

બે પૈસાના કોડિયાની ભૂમિકા લઈ પ્રભુનું કાર્ય કરો અને યશના ભાગી થાવ.

અવતારનું રહસ્ય ધ્યાનમાં લઈ સમાજની પુનર્ઘટના, પુનર્રચના અને પુનર્નિર્માણમાં બધા નિમિત્ત બનવા ભાગ્યશાળી થાવ એ જ પ્રભુને પ્રાર્થના.

सर्वेऽत्र सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद् दुःखमाप्नुयात् ॥
ॐ शांतिः शांतिः शांतिः ।

★

'સસ્તું' સાહિત્ય એટલે ઊંચામાં ઊંચું સાહિત્ય'

# ઉપયોગી પુસ્તકો

## ધર્મગ્રંથો

### રામાયણો

| | |
|---|---|
| તુલસીકૃત રામાયણ-૧,૨ | ૧૦-૦૦ |
| વાલ્મીકિ રામાયણ-૧,૨ | ૧૨-૦૦ |
| આત્મરામાયણ ... | ૧-૫૦ |
| ગિરધરકૃત રામાયણ | ૫-૦૦ |
| શ્રીરામચરિતમાનસ | ૬-૫૦ |
| શ્રીરામચરિતમાનસકોશ | ૦-૫૦ |
| તુલસીરામાયણનાં મહાવાક્યો ... | ૦-૫૦ |

### ઉપનિષદો

| | |
|---|---|
| ઈશ ને કેન ઉપનિષદ | ૧-૨૫ |
| કઠોપનિષદ ... | ૧-૨૫ |
| પ્રશ્નોપનિષદ ... | ૧-૦૦ |
| મુણ્ડકોપનિષદ ... | ૧-૦૦ |
| માણ્ડૂક્ય ઉપનિષદ | ૩-૦૦ |
| બૃહદારણ્યક ઉપનિષદ | ૨-૦૦ |
| ઐતરેય ઉપનિષદ ... | ૦-૭૫ |
| સો ઉપનિષદો ... | ૫-૦૦ |
| મહાવાક્યરત્નાવલી ... | ૧-૦૦ |

### પુરાણો

| | |
|---|---|
| મહાભારત-ભાષાંતર | ૧૪-૦૦ |
| શાંતિપર્વ-મહાભારતનું | ૧૦-૦૦ |
| વિષ્ણુપુરાણ ... | ૪-૫૦ |
| શ્રીશિવમહાપુરાણ-૧,૨ | ૧૨-૦૦ |
| શ્રીમદ્ ભાગવત-૧,૨ | ૧૦-૫૦ |
| એકાદશ સ્કંધ- (એકનાથી ટીકા) | ૬-૦૦ |
| એકાદશ સ્કંધ- (શ્રીમદ્ ભાગવતનો) | ૨-૫૦ |
| શ્રીમદ્ ભગવતી (દેવી) ભાગવત | ૭-૫૦ |

## સાંપ્રદાયિક પુસ્તકો

| | |
|---|---|
| ષોડશ ગ્રંથો ... | ૧-૫૦ |
| ધમ્મપદ-ધર્મનાં પદો | ૧-૨૫ |
| મોક્ષમાળા ... | ૧-૨૫ |
| મહાવીરવાણી ... | ૦-૭૫ |
| જપજી ... ... | ૦-૬૨ |
| શિક્ષાપત્રી ... | ૦-૩૭ |
| ગોરખનાથ ... | ૦-૩૭ |

## ભક્તિવિષયક

| | |
|---|---|
| વિવેકાનંદસાર .. | ૨–૧૦ |
| ધર્મજ્યોતિ ... | ૧–૫૦ |
| આપણો ધર્મ ... | ૨–૦૦ |
| સંતગુરુનો પરિચય | ૨–૦૦ |
| સ્વામીશ્રી રામદાસનો ઉપદેશ | ૧–૦૦ |
| સદ્‌બોધસરિતા ... | ૧–૫૦ |
| સંતની વાતો ... | ૧–૫૦ |
| સુગંધી પુષ્પો ... | ૧–૨૫ |
| બોધદાયક કથાઓ ... | ૧–૫૦ |
| ઉપદેશસારસંગ્રહ ... | ૧–૫૦ |
| મનોબોધ (મનાચે શ્લોક) | ૦–૫૦ |
| મેનાવતી અને ગોપીચંદ તથા ભર્તૃહરિ ને વિક્રમ | ૦–૨૫ |
| જેસલ–તોરલ તથા જાલંધર–ગોપીચંદ | ૦–૨૫ |
| રામકૃષ્ણ વાર્તાલાપ–પુ. ૧ | ૨–૫૦ |
| રામકૃષ્ણ વાર્તાલાપ–પુ. ૨ | ૨–૦૦ |
| પ્રભુમય જીવન ... | ૧–૦૦ |
| શ્રી રામકૃષ્ણ વાર્તાલાપ–૧ | ૦–૫૦ |
| ભક્તિયોગ– (સ્વામી વિવેકાનંદ) | ૨–૦૦ |
| હરિરેવ જગત ... | ૨–૫૦ |
| પરમહંસ શ્રીરામકૃષ્ણ દેવનાં વચનામૃતો ... | ૦–૩૭ |
| શ્રી રામકૃષ્ણ ઉપદેશ | ૦–૩૭ |
| સ્વામી વિવેકાનંદનાં વચનામૃતો ... | ૦–૫૦ |
| સ્વામી રામતીર્થનાં વચનામૃત .. | ૦–૬૨ |
| સત્સંગમાળા ... | ૦–૪૦ |
| પરવાળાં ... ... | ૦–૨૫ |
| બોધમાળા ... | ૦–૨૫ |
| ગીતાંજલિ .. | ૦–૩૭ |
| પુરોગામી ... | ૦–૨૫ |
| પ્રવાસી ... ... | ૦–૩૭ |
| જ્ઞાનેશ્વર ને ચાંગદેવ | ૦–૩૭ |
| તંત્રની સાધના ... | ૦–૨૫ |
| દત્તાત્રેય (અવધૂત) | ૦–૨૫ |
| જ્ઞાન ને કર્મ ... | ૦–૨૫ |

## દૃષ્ટાંતકથાઓ

| | |
|---|---|
| આદર્શ દૃષ્ટાંતમાળા–ભા. ૨ | ૨–૫૦ |
| શ્રી સુબોધરત્નાકર ... | ૧–૫૦ |
| સુબોધ કથાસાગર | ૨–૦૦ |
| ધર્મકથાઓ ... | ૧–૫૦ |
| સુબોધક કથાવાર્તાઓ | ૧–૫૦ |
| દૃષ્ટાંતશતક ... | ૧–૨૫ |
| બોધક વાર્તાઓ ... | ૧–૫૦ |
| મહાપુરુષોના પ્રેરક જીવનપ્રસંગો | ૧–૫૦ |
| સંતોની ફૂલવાડી ... | ૦–૫૦ |

## સ્તોત્રો–પ્રાર્થના–માહાત્મ્ય

મોહમુદ્‌ગર અને બીજાં દશ રત્નો ... ૧–૦૦
શતશ્લોકી અને બીજાં ચાર રત્નો .. ૦–૭૫
સ્તોત્રસંગ્રહ .. ૧–૦૦
સર્વવેદાંતસિદ્ધાંત–સારસંગ્રહ .. ૧–૨૫
શ્રી દક્ષિણામૂર્તિસ્તોત્ર ૧–૫૦
વિવેકચૂડામણિ ... ૧–૦૦
હસ્તામલકસ્તોત્ર ને વાક્યસુધા ... ૦–૧૨
પ્રશ્નોત્તરમાળા ને જીવન્મુક્ત-આનંદલહરી ... ૦–૧૯
મણિરત્નમાળા ... ૧–૫૦
સૌંદર્યલહરી .. ૦–૪૦
શ્રીવિષ્ણુસહસ્રનામ . ૦–૨૫
પ્રબોધસુધાકર ને તત્ત્વબોધ ૦–૫૦
શિવમહિમ્નસ્તોત્ર . ૦–૫૦
ઈશ્વરપ્રાર્થનામાળા ૩–૦૦
ભીષ્મસ્તવરાજ ... ૦–૧૫
ગજેન્દ્રમોક્ષ .. ૦–૩૭
હરિપાઠ ... .. ૦–૧૫
પ્રાતઃ અને સાયંકાળની પ્રાર્થનાઓ ... ૦–૫૦
નારાયણકવચ .. ૦–૫૦
કણ્ઠાભરણમ્ ... ૦–૨૫
ભગવત્પ્રસાદ . ૦–૨૫
હનુમાનચાલીસા . ૦–૦૬
શ્રીચંડીપાઠ .. ૧–૫૦
પુરુષોત્તમમાસમાહાત્મ્ય ૨–૫૦
શ્રી સત્યનારાયણની કથા ૦–૭૫
એકાદશીમાહાત્મ્ય ૧–૫૦
નિત્યપાઠ .. ૦–૭૫
જપ અને નામસ્મરણ ૧–૨૫

## નાટકો

મુક્તધારા ... ૧–૦૦
અંધારા રંગમહેલનો રાજા ૧–૦૦
ગુજરાતનાં નાટકો–ગીતોની સારીગમ ... ૨–૫૦
આસમાની ચલ્લી ... ૧–૫૦
મંગલમંદિર ... ૧–૦૦
છોરુ કછોરુ ... ૧–૦૦
કૃષ્ણચરિત્ર ... ૧–૫૦
સૌભાગ્યસુંદરી અને બીજાં નાટકોનું નવનીત ૧–૫૦
ભર્તૃહરિનિર્વેદ (નાટક) ૦–૪૦
એકલવ્ય તથા બીજી બાલનાટિકાઓ ૦–૩૧
ગુજરાતની રંગભૂમિ ૦–૩૭

## સંતવાણી-ભજનો

| | | | |
|---|---|---|---|
| તુકારામગાથા (બે ગ્રંથોમાં) | ૬-૦૦ | ભક્ત કવિ રહીમ અને જમાલ ... | ૦-૨૫ |
| ભજનસાગર ભા. ૧-૨ | ૪-૦૦ | રવિ, ભાણ અને મોરાર સાહેબની વાણી | ૦-૨૫ |
| ભજનસાગર ભા. ૨જો | ૨-૦૦ | સાંઈ દીનદરવેશ ... | ૦-૨૫ |
| ભજનસંગ્રહ ... | ૧-૦૦ | કેશવકૃતિ ... ... | ૦-૨૫ |
| મીરાંબાઈનાં ભજનો | ૦-૭૫ | કવિ દીનદયાળગિરિ | ૦-૨૫ |
| નરસિંહ મહેતાનાં ભજનો | ૦-૭૫ | કબીર સાહેબનાં ભજનો | ૦-૫૦ |
| પરિચિત પદસંગ્રહ .. | ૧-૭૫ | કબીર સાહેબની સાખીઓ | ૦-૨૫ |
| દલપતરામની કવિતા | ૦-૭૫ | સંતકવિ નઝીર ... | ૦-૫૦ |
| અખાની વાણી ... | ૩-૦૦ | વૈતાલ કહે ... | ૦-૧૯ |
| અખાના છપ્પા ... | ૧-૦૦ | ગિરિધર કવિરાય ... | ૦-૧૯ |
| શામળના છપ્પા ... | ૦-૭૫ | દોહારત્નાવલિ ... | ૦-૧૯ |
| અક્ષરમાળા ... | ૦-૩૭ | ભક્ત સુરદાસનાં પદો | ૦-૪૦ |
| શ્રીરામનામભજનાવલિ | ૦-૪૦ | ભોજા ભગતના ચાબખા | ૦-૩૭ |
| સાંખ્યસાર ને યોગસાર | ૦-૩૭ | ધીરા ભગતનાં પદો | ૦-૨૫ |
| ગોરખવાણી ... | ૦-૩૭ | કવિ ગંગ કહે ... | ૦-૨૦ |
| સો ભજનો ... | ૦-૩૭ | સંત દાદૂ ... | ૦-૨૫ |
| ઋષિરાજનાં પદો ... | ૦-૩૭ | તુલસીદાસની સાખીઓ | ૦-૨૫ |
| પ્રબોધબાવની ... | ૦-૨૫ | | |

## પ્રકીર્ણ સાહિત્ય

### પ્રવાસ-માહિતી

| | |
|---|---|
| સ્થલચિત્રો ... | ૧-૦૦ |
| બ્રહ્મદેશદર્શન ... | ૧-૦૦ |
| મારો ભારતદેશ (સચિત્ર) | ૦-૭૫ |
| રશિયા ... ... | ૧-૫૦ |
| કાશ્મીરનો પ્રવાસ ... | ૦-૭૫ |
| જગન્નાથપુરી અને ઓરિસાના પુરાતન અવશેષો (સચિત્ર) | ૦-૧૨ |

### પ્રાણી-પંખી

| | |
|---|---|
| પ્રકૃતિનાં લાડકવાયાં પંખીઓ | ૨-૦૦ |
| વનવગડામાં વસનારાં | ૧-૦૦ |

# જીવનચરિત્રો

| | |
|---|---|
| વીર દુર્ગાદાસ ... | ૧–૫૦ |
| સોરઠના સિદ્દી ... | ૧–૫૦ |
| લક્ષ્મીબાઈ ... | ૦–૭૫ |
| શિવાજી છત્રપતિ ... | ૧–૨૫ |
| અકબર ... ... | ૧–૦૦ |
| બેન્જામિન ફ્રેંકલિન | ૧–૨૫ |
| બૂકર ટી. વૉશિંગ્ટન | ૧–૫૦ |
| જોન ઑફ આર્ક ... | ૦–૭૫ |
| પિતામહ ભીષ્મ ... | ૧–૦૦ |
| મહર્ષિ દયાનંદ ... | ૧–૫૦ |
| સ્વામી ભાસ્કરાનંદ | ૧–૨૫ |
| સ્વામી વિવેકાનંદ ... | ૧–૭૫ |
| સ્વામી સહજાનંદ ... | ૧–૫૦ |
| સંત તુકારામ ... | ૩–૦૦ |
| સાક્ષાત્કારને પથે તુકારામ | ૨–૦૦ |
| સ્વામીશ્રી બ્રહ્માનંદ ને શિવાનંદ ... | ૧–૩૭ |
| મહર્ષિ દધીચિ અને બીજાં બે આખ્યાનો... | ૦–૫૦ |
| સ્વામીશ્રી નિત્યાનંદ | ૦–૫૦ |
| ભક્તચરિત્ર ... | ૨–૦૦ |
| આદર્શ ચરિત્રસંગ્રહ (૨) | ૩–૦૦ |
| યોગીશ્વર યાજ્ઞવલ્ક્ય | ૦–૬૦ |
| શ્રીરામચંદ્ર દત્ત અને નાગમહાશય ... | ૧–૦૦ |
| સંત જ્ઞાનેશ્વર અને મહાત્મા એકનાથ ... | ૦–૩૭ |
| ચૈતન્ય મહાપ્રભુ ... | ૧–૦૦ |
| મહાત્મા દાદૂ દયાળ | ૦–૫૦ |
| ગૌતમ બુદ્ધ ... | ૧–૫૦ |
| શ્રીમત્ શંકરાચાર્ય | ૧–૦૦ |
| મહાત્મા ટૉલ્સ્ટૉય ... | ૧–૨૫ |
| મીરાં દાસી જનમ જનમકી | ૦–૭૫ |
| સંતશિરોમણિ નામદેવ | ૦–૫૦ |
| ગુજરાતના ભક્તો ... | ૦–૭૫ |
| પરમભક્ત પ્રહ્લાદ ને બીજાં આખ્યાનો | ૦–૫૦ |
| શુકદેવજી અને બીજાં આખ્યાનો ... | ૦–૫૦ |
| મેકણ દાદા ... | ૦–૫૦ |
| દેવર્ષિ નારદ ... | ૦–૩૧ |
| ભક્ત પીપાજી ... | ૦–૪૦ |
| સંત મૂળદાસ ... | ૦–૩૭ |
| શ્રીશુકદેવજી ... | ૦–૩૫ |
| ગોસ્વામી તુલસીદાસ | ૦–૩૭ |
| ભક્ત પ્રહ્લાદ – | ૦–૪૦ |
| શ્રીરામકૃષ્ણ પરમહંસ | ૦–૪૦ |
| સુમુખ તથા નૃસિંહકુંવર (બે આખ્યાનો) | ૦–૨૭ |
| ધ્રુવાખ્યાન ... | ૦–૨૫ |
| શ્રીતૈલંગ સ્વામી ... | ૦ ૨૫ |

| | |
|---|---|
| બાળકોના વિવેકાનંદ | ૦–૨૫ |
| વિશ્વામિત્ર અને હરિશ્ચંદ્ર | ૦–૨૫ |
| નાનભટ્ટ બાપા ... | ૦–૨૫ |
| જડભરત ... ... | ૦–૧૯ |
| સ્વામી રામતીર્થ ... | ૦–૨૫ |
| ભક્ત જલારામ ... | ૦–૩૦ |
| ભક્ત રોહીદાસજી ... | ૦–૧૯ |
| શ્રીરામકૃષ્ણ પરમહંસ–સંક્ષિપ્ત જીવન | ૦–૨૫ |
| મહાત્મા સરતરામજી | ૦–૪૦ |
| કબીર સાહેબ ... | ૦–૩૭ |
| નાનક ... ... | ૦–૩૭ |
| સતી સાવિત્રી ... | ૦–૨૫ |
| સુદામાચરિત્ર ... | ૦–૧૯ |

## આરોગ્ય અને વૈદક

| | |
|---|---|
| ચરક–સંહિતા [ શ્લોક(સૂત્ર)સ્થાન ] | ૧૨–૦૦ |
| ભાવપ્રકાશ ભા. ૧–૨ | ૨૦–૦૦ |
| સુશ્રુત–આયુર્વેદ ૧–૨ | ૧૫–૦૦ |
| અષ્ટાંગહૃદય–વાગ્ભટ | ૧૨–૦૦ |
| માધવનિદાન ... | ૧૦–૦૦ |
| ભાવપ્રકાશ–નિઘંટુ... | ૫–૦૦ |
| શાર્ઙ્ગધરસંહિતા ... | ૬–૦૦ |
| આર્યભિષક્ ... | ૬–૫૦ |
| આયુર્વેદ યોગશતક | ૦–૭૫ |
| રસતંત્રસાર અને સિદ્ધપ્રયોગસંગ્રહ (૧) | ૧૦–૦૦ |
| „ „ ... (૨) | ૮–૦૦ |
| આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન | ૦–૭૫ |
| ઘરઘરનો વૈદ્ય ... | ૧–૫૦ |
| ઝેર ઉતારવાના તાત્કાલિક ઉપાયો ... | ૦–૬૨ |
| મલમપટ્ટા ... | ૧–૦૦ |
| અકસ્માતના તાત્કાલિક ઉપાય ... | ૦–૭૫ |
| તક્રકલ્પ (છાશસેવનવિધિ) | ૦–૬૦ |
| ખોરાકના ગુણદોષ... | ૦–૭૫ |
| આરોગ્યની બારમાસી | ૧–૫૦ |
| માંદગીમાં ઉપવાસ | ૦–૩૭ |
| માંદગીનાં કારણો ... | ૦–૫૦ |
| માંદાના આહારવિહાર | ૦–૩૦ |
| પ્રકીર્ણ–ઔષધિ ... | ૦–૩૧ |
| ચૂર્ણ–ઔષધિ ... | ૦–૩૦ |
| ક્વાથ–ઔષધિ ... | ૦–૪૦ |
| બાલબોધોદય (વૈદકના અકસીર ઉપાયો) | ૦–૩૭ |
| સોનેરી સૂચનો ... | ૦–૫૦ |
| જીવનચર્યા... ... | ૦–૪૦ |
| ખોરાકમાં ઝેર ... | ૦–૨૫ |
| હરડે (અને તેનો ઉપયોગ) | ૦–૪૦ |

# લોકસાહિત્ય

| | | | |
|---|---|---|---|
| કંકોતસંગ્રહ ... | ૪–૦૦ | સોરઠી દુહા–સંગ્રહ... | ૦–૭૫ |
| બત્રીસ પૂતળીની વાતો | ૨–૫૦ | ગજરામારુ ... | ૦–૬૨ |
| ગુજરાતનાં લોકગીતો | ૧–૨૫ | નંદબત્રીસી ... | ૦–૩૧ |
| કાઠિયાવાડની દંતકથાઓ | ૩–૦૦ | ધીરામારુની વાર્તા | ૦–૩૭ |
| મડાપચીસીની વાતો | ૧–૫૦ | ઢોલામારુ ... | ૦–૩૭ |
| પાંચ લોકકથાઓ ... | ૧–૫૦ | લોકસાહિત્યનાં રહસ્યો | ૦–૨૫ |
| સુંદર કામદારની વાર્તા | ૦–૭૫ | મદન–મોહના ... | ૦–૨૫ |

# ગીતાવિષયક

| | | | |
|---|---|---|---|
| ભગવદ્‌ગીતા– | | પંચરત્નગીતા ... | ૧–૫૦ |
| પુરુષાર્થબોધિની ટીકા | ૧૨–૫૦ | શ્રી રામગીતા ... | ૧–૭૫ |
| ભગવદ્‌ગીતા શાંકરભાષ્ય | ૪–૦૦ | જ્ઞાનસત્ર ગીતા ... | ૧–૨૫ |
| ભગવદ્‌ગીતા (નીલકંઠી) | ૩–૦૦ | ઉત્તરગીતા ... | ૦–૩૭ |
| શ્રીજ્ઞાનેશ્વરી ગીતા ... | ૪–૫૦ | ગીતાપોથી .. | ૦–૩૭ |
| શ્રીમદ્ ભગવદ્‌ગીતા ... | ૧–૦૦ | ગીતાસાર ... | ૦–૩૦ |
| ભગવદ્‌ગીતા (ગુટકો) | ૦–૪૦ | ગીતાસંકલન ... | ૦–૧૯ |
| શ્રીમદ્ ભગવદ્‌ગીતા | | અવધૂતગીતા .. | ૧–૨૫ |
| (ગુજરાતી લિપિ) | ૦–૫૦ | અષ્ટાવક્રગીતા .. | ૦–૫૦ |
| ગીતામાં જીવનની કળા | ૩–૦૦ | પાંડવગીતા ... | ૦–૨૫ |

# ગઝલો–કાવ્યો

| | | | |
|---|---|---|---|
| કાવ્યસંક્ષેપ .. | ૧–૫૦ | શ્રીમંતોનો સડો ... | ૦–૨૫ |
| ગુજરાતની ગઝલો... | ૧–૦૦ | | |
| મારાં સો કાવ્યો ... | ૦–૭૫ | મનને ... . | ૦–૧૯ |

BL-17

**BHAVAN'S LIBRARY**
BOMBAY-400 007

*N B*—This book is issued only for one week till ______
This book should be returned within a fortnight from the date last marked below

| Date | Date | Date |
|---|---|---|
| 15 MAY 1980 | 30 MAY 1988 | |
| 9 JUL 1981 | 23 AUG 1988 | |
| 12 NOV [illegible] | 12 [illegible] | |
| 24 MAY 1982 | 30 AUG 1991 | |
| 18 DEC 1982 | 18 SEP 1993 | |
| 9 MAR 1983 | 16 JUN 2008 | |
| 1 APR 1983 | 28 JUN 2008 | |
| 28 AUG 1986 | | |

BL 13 Sp. No. 3

BHAVAN'S LIBRARY

Call No. 5·૪/દશા/42339

Title દશાવતાર.

Author શાસ્ત્રી પાંડુરંગ વૈજનાથ
ભાગવડે.

This book is issued only for one week till

To be issued after

| Date of Issue | Borrower's No | Date of Issue | Borrower's No |
|---|---|---|---|
| DB SEP 1978 | | | |
| 15 | | | |

50૪
૨૭૧૬૯
42339